# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**
**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.

Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ॐ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# श्री हरिभद्रसूरि विरचित

## श्री षोडशक प्रकरणम्

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

श्री जीतहीर बुद्धि तिलक शान्ति रत्नशेखर सद्गुरुभ्यो नमः

सूरि पुरंदर हरिभद्र सूरिसंदृब्धं ઊપાધ્યાય યશોવિજય
કૃત્યોગ દીપીકા વ્યાખ્યાલંકૃતં

# શ્રી ષોડશક પ્રકરણમ્

• દિવ્યાશિષ દાતા •

**સ્વ. આચાર્ય વિજય રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.**

JAINSITE.com

• ગુર્જર ભાવાનુવાદના પ્રેરણાદાતા •

**સ્વ. આ. વિ. શ્રી રત્નશેખર સૂરિજી મ.સા. ના શિષ્ય**

**પંન્યાસ પ્રવર શ્રી રત્નેન્દુવિજયજી ગણિ**

• ગુર્જર અનુવાદકર્તા •

**મુનિ શ્રી રત્નજ્યોત વિજયજી**

• પ્રકાશક •

શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય

મુ. પો. માલવાડા. જિ.જાલોર (રાજ.) ૩૪૩૦૩૯

શ્રુત ભક્તિ :.......... શ્રી તપાગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘ
સાંચોર (સત્યપુર) સંઘે સંપૂર્ણ લાભ
જ્ઞાનખાતાની નિધિમાંથી લીધેલ છે.

વિક્રમ સંવત :........ ૨૦૫૨

નકલ...............૫૦૦

કિંમત-............ ૬૫-૦૦

મુદ્રક :..............હસમુખ સી. શાહ
તેજસ પ્રિન્ટર્સ
અમદાવાદ-૧ ફોન P.P. ૫૩૫૬૪૭૬

પ્રાપ્તિસ્થાન..........(૧) શ્રી રંજન વિજયજી જૈન પુસ્તકાલય
મુ.- માલવાડા
જી. જાલોર ૩૪૩૦૩૯ (રાજ.)
(૨) મણીલાલ યુ. શાહ
૪૦૩, એ, નંદધામ,
એલ.ટી.રોડ, બોરીવલી, વેસ્ટ
મુંબઈ-૪૦૦ ૦૯૨.
ફોન : (ઘર) ૮૦૧૧૪૬૯
(ઓ.) ૮૦૧૫૦૧૧



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સમર્પણ

સદાય સ્મિત વેરતું વદન કમલ અને વાત્સલ્યનો ધોધ વહાવતા નયનો ઉષ્માંથી ભરેલું અંતર. સહનશીલતાના પ્રતિક સમા પૂજ્યપાદ સૂરિદેવ !

જેમના જીવનમાં સ્વાધ્યાય-વાચના લેખન આદિ મુખ્ય અંગો હતા. સતત - જ્ઞાનધ્યાન પ્રવૃત્તિમાં મગ્ન બનીને અન્યને જ્ઞાન ધ્યાન માટે પ્રેરણા આપનાર એવા પૂજ્યપાદ સ્વ. આચાર્ય દેવશ્રી **રત્નશેખરસૂરીજી મ. સા.**ની ૧૪મી પુણ્ય તિથિએ આ ગ્રન્થરત્ન સમર્પણ કરતાં અનુભવાતો આનંદ અવર્ણનીય બન્યો.

• મુનિ રત્નજ્યોત.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઋણસ્વીકાર

પ. પૂજ્ય કલિકુંડ તીર્થોદ્ધારક આચાર્યદેવશ્રી રાજેન્દ્રસૂરીજી મ.સા.નું આ ગ્રંથ પ્રકાશનમાં માર્ગદર્શન, પ્રેરણા પ્રાપ્ત થયેલ છે.

પન્યાસ પ્રવર શ્રી જયસુંદર વિજયજી ગણિવર્ય તથા સરળ સ્વભાવી પ. શ્રી મુનિચન્દ્ર વિજયજી ગણિવર્યનું આ ગ્રન્થ પ્રકાશનમાં માર્ગદર્શન; સમયે સમયે પ્રેરણા આપતા ગયા તેના કારણે સરળતા અને શીઘ્રતાથી આ ગ્રંથ પરિપૂર્ણ થયેલ.

શ્રી તપાગચ્છ મૂર્તિપૂજક સાંચોર સંઘે ગ્રન્થ પ્રકાશનમાં જ્ઞાન ખાતામાંથી સુન્દર રકમ અર્પણ કરીને શ્રુત ભક્તિ કરેલ તે અનુમોદનીય. સદેવ શ્રુત ભક્તિમાં અગ્રેસર રહે તેવી શુભેચ્છા.

**શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય**

માળવાડા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ**
**ૐકારાય નમો નમઃ**

# પ્રસ્તાવના

યાકિની મહત્તરાસુનુ શ્રીમાન્ આચાર્ય પ્રવરશ્રી **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** ની રચના **"ષોડશકપ્રકરણ"** અને ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય **યશોવિજયજી ગણિવર**ની યોગદીપિકા ટીકા અને બન્નેના **મુનિશ્રીરત્નજ્યોત વિજય લિખિત** ગુજરાતી ભાવાનુવાદ સાથે પ્રસ્તુત ગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે તે ઘણા આનંદની વાત છે.

ષોડશક પ્રકરણના છેલ્લા પોણોસો વર્ષમાં ઘણા[1] સંસ્કરણો થયા છે. અને તાજેતરમાં થઈ રહ્યા છે.

ગ્રંથકારશ્રીના અને ટીકાકારશ્રીના જીવન અને કવન અંગે સ્વતંત્ર પુસ્તકો અને સંખ્યાબંધ લેખો લખાયા છે. જિજ્ઞાસુઓએ તે તે [2]સ્થળેથી વાંચી લેવું.

આ. હરિભદ્રસૂરિજીના શાસ્ત્રવાર્તાસમુચ્ચયથી સંસારદાવા૦ સુધીના અત્યારે ૬૫ જેટલા ગ્રંથો મળે છે. આ ગ્રંથોમાં આગમ-દર્શન-યોગ-અધ્યાત્મ-ચરણ કરણ-જ્યોતિષ કથા એમ એટલું બધું વિષય વૈવિધ્ય મળે છે કે આપણને એમ થાય કે તેઓશ્રીએ રચેલા ૧૪૪૪ ગ્રંથોમાં તો કોણ જાણે કેટકેટલા વિષયો-પદાર્થોનું નિરુપણ હશે ! માનો જ્ઞાનનો સાગર જ લહેરાતો હશે !

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમાન્ આનંદસાગરસૂરીશ્વરજી

---

૧. ષોડશકપ્રકરણ આ. યશોભદ્રસૂરિટીકા અને ઉપાધ્યાય યશોવિજયજી ટીકા સાથે દેવચંદ લાલભાઈ જૈનપુસ્તક ફંડ તરફથી ઈ.સ.૧૯૧૧માં, આ.યશોભદ્રસૂરિટીકા અને ઉપા. યશોવિજયજી ટીકાનો કેટલોક અંશ ઋષભદેવ કેશરીમલ સંસ્થા તરફથી વિ.સં.૧૯૯૨ માં પંચસૂત્ર ષોડશકમ્ દિવ્યદર્શન ટ્રસ્ટ તરફથી વિ.સં.૨૦૩૭ માં, ષોડશક પ્ર.ઉપા. યશોવિ. ટીકા સાથે સંપાદક માનવિજય.
આઠ ષોડશકો વિવેચન સાથે કેશવલાલ જૈન તરફથી ઈ.સ.૧૯૩૬ માં અને "ધર્મનું સર્જન કર્મનું મંજન યાને ષોડશક ભાવાનુવાદ"જૈન શ્વે.મૂ.પૂ. ટ્રસ્ટ ગાંધીનગર બેંગ્લોર તરફથી એક વર્ષ પહેલાં પ્રગટ થયેલ છે.
મુનિશ્રી યશોવિજયજી રચિત નૂતન ટીકા અને ભાવાનુવાદ સાથે ઉપા. યશોવિજયજી ટીકા યુક્ત ષોડશક મુદ્રણાધીન છે.
પં.શ્રી મિત્રાણંદસાગરજીએ ગુજરાતીમાં અને પં.ધીરેન્દ્રભાઈ બનારસવાળાએ હિન્દીમાં અનુવાદ કર્યાના સમાચાર પણ મળ્યા છે.

૨. આચાર્ય હરિભદ્રસૂરિ લે. હીરાલાલ ર. કાપડિયા, સમદર્શી આચાર્ય હરિભદ્ર લે. પં. સુખલાલ હરિભદ્રસૂરિ ચરિત્ર પં. હરગોવનદાસ. હરિભદ્રસૂરિકા સમયનિર્ણય લે. જિનવિજય. અમર ઉપાધ્યાય લે. આ. પૂર્ણચંદ્રસૂરિ યશોદોહન લે. હીરાલાલ કાપડિયા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(સાગરજી) મહારાજના કહેવા પ્રમાણે તો પૂજ્યશ્રી પૂર્વવિચ્છેદ થયો એ કાળમાં થયા હોવાથી પૂર્વગત કેટલાક પદાર્થો પણ તેઓશ્રીના ગ્રંથમાં જોવા મળે છે.

તેઓશ્રીના શબ્દોમાં "તેઓ શાસ્ત્રના ચળકતા પદાર્થોને દેખવામાં નિપુણદ્રષ્ટિવાળા હોવાથી તેમજ પૂર્વશ્રુતના વ્યવચ્છેદની નજીકમાં થયેલ હોવાથી તેઓએ પૂર્વશ્રુતમાંથી કેટલોક ભાગ પ્રકરણરૂપે ભવ્યજીવોને સમજાવ્યો છે." ( સિધ્ધચક્ર પાક્ષિક તા. ૯-૧૦-૩૮ )

વિધ્વધ્વર્ય પંન્યાસશ્રી અભયશેખર વિજય ગણિવર લખે છે કે - "૧૪૪૪ ગ્રંથના પ્રણેતા યાકિની મહત્તરા સુનુ સૂરિપુરંદર આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપલબ્ધ આગમાદિ શાસ્ત્રોમાં ન મળતી અથવા નિર્દેશ માત્ર રૂપે મળતી ઘણી બાબતો પર સ્વકીય માર્ગાનુસારી પ્રજ્ઞાના પ્રભાવે સુંદર પ્રકાશ પાડ્યો. શંકા-સમાધાન દ્વારા ઘણી બાબતોનું યથાર્થ નિર્ણયાત્મક પ્રરુપણ કર્યું. કેટલીય આગમિક બાબતોને હેતુવાદની કસોટી પર ચડાવી તર્કપૂર્ણ સિધ્ધ કરી, કેટલાય મૌલિક નિરૂપણો અને નિષ્કર્ષોથી જિજ્ઞાસુઓની જિજ્ઞાસાઓને તૃપ્ત કરી છે. એજ રીતે ઉપાધ્યાયજી મહારાજે શાસ્રીય બાબતો અંગે ઢગલાબંધ નિષ્કર્ષો, મૌલિક સુસંવાદી પ્રરૂપણાઓ, આગમિક બાબતોનું સતર્ક પ્રરૂપણ-નિર્દોષ લક્ષણો-શાસ્રવચનોના તાત્પર્ય વગેરે પ્રરૂપવા દ્વારા જિજ્ઞાસુઓને સાનંદ આશ્ચર્યના અફાટ સમુદ્રમાં ગરકાવ કરી દીધા છે. (તાંજેતરમાં પ્રકાશિત થનાર દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાની પ્રસ્તાવનામાંથી)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રસ્તુત ષોડશક પ્રકરણ ગ્રંથ આર્યાછંદમાં સોળ સોળ[1] ગાથાઓ વાળા સોળ પ્રકરણોનો બનેલો હોઈ યથાર્થ નામ ધરાવે છે.

સંસ્કૃત ભાષામાં આર્યાછંદમાં પ્રશમરતિ અને ષોડશક પ્ર. જેવા બહુ થોડા જ ગ્રંથો રચાયા છે. આચાર્ય હરિભદ્રસૂરિજીનો આર્યાછંદમાં સળંગ ગ્રંથ આ એક જ છે.

ગ્રંથમાં આવતા અધિકારોની વાત કરીએ તો તે તે ષોડશકપ્રકરણના નામ વાંચવાથી એમાં આવતાં અધિકારોનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. એટલે આ માટે વિષયાનુક્રમ જોઈ લેવો.

આ અધિકારોની આ પ્રમાણે સંકલના બાબત શ્રીમાન્ સાગરાનંદસૂરિજી મ. લખે છે કે- "સોળ અધિકારો કેવી રીતે ગોઠવ્યા છે એ વિચારવાથી પોતાની

---

૧. છેલ્લા ષોડશક પ્ર.માં ૧૭ ગાથા છે. આ ૧૭ મી ગાથા કર્તાના શિષ્યે રચ્યાનું કેટલાક કહે છે. પણ ઉપાધ્યાયજી મ.ની ટીકામાં આવો કોઈ નિર્દેશ નથી. (જુઓ હીરલાલ કાપડિયાનું પુસ્તક "હરિભદ્રસૂરિ")



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવૃત્તિ ઉપર જરૂર અંકુશ રાખી શકાશે. અને તે પ્રવૃત્તિમાં ઉપયોગી ખરેખર સુધારો પણ કરી શકાશે.

અને સાથે એમ પણ જણાય છે કે આ ગ્રંથ આચરણને પ્રાધાન્યતા આપી ગૂંથેલો છે. અને તેથી જ આ પ્રકરણમાં દેશવિરતિને પ્રતિપાદન કરેલ નથી." (સિધ્ધચક્ર તા. ૯-૧૦-૩૮)

ષોડશક પ્રકરણ ઉપર પ્રાયઃ વિક્રમના બારમાં સૈકામાં થયેલા આચાર્ય શ્રી યશોભદ્રસૂરીશ્વરજીએ પંદરસો શ્લોક પ્રમાણની અને સત્તરમાં સૈકામાં થયેલા ઉપાધ્યાય યશોવિજયજી ગણીની ટીકા વિવિધ સ્થળેથી પ્રસિધ્ધ થઇ છે. આ ઉપરાંત ઉપાધ્યાય ધર્મસાગરજીની અને એક અજ્ઞાતકર્તૃકટીકા રચાઇ હોવાના [1]નિર્દેશ મળે છે.

પ્રસ્તુત સંસ્કરણ ઉપા. યશોવિજયજી મ.ની યોગ દીપિકા ટીકા સાથે પ્રગટ થઇ રહ્યું છે. ઉપાધ્યાયજીએ ષોડશક પ્ર. ઉપરાંત આ. હરિભદ્રસૂરિજીના શાસ્રવાર્તા સમુચ્ચય અને યોગવીંશીકા ઉપર પણ ટીકાઓ રચી છે.

આ. હરિભદ્રસૂરિજીના ગ્રંથોને સૌથી વધુમાં વધુ આત્મસાત્ કરવાવાળા, એમના પદાર્થોને વધુ સ્પષ્ટ કરનારા અને પોતાના ગ્રંથોમાં એ પદાર્થોને વિશદ રીતે કે સંક્ષિપ્ત રીતે ગોઠવનારા ઉપાધ્યાય યશોવિજયજી જ છે. અને એટલે એમને **લઘુહરિભદ્ર** તરીકે પણ ઓળખવામાં આવે છે.

વિધ્વધ્વર્ય પં. અભયશેખર વિજયજી ના શબ્દોમાં-

"યાકિની મહત્તરાસુનુ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ઉપલબ્ધ આગમાદિમાં જોવા ન મળતાં જે પદાર્થોનું અન્ય દર્શનના શાસ્રમાંથી જૈનશાસ્રોમાં સમવતાર રૂપે પ્રરૂપણ કર્યું છે. તે પદાર્થોનો (જેમકે શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન, ભાવનાજ્ઞાન, પદાર્થ, વાકયાર્થ મહાવાક્યાર્થ, ઐદંપર્યાર્થ વગેરે...) તેઓના તે તે ગ્રંથના વૃત્તિકારોએ તેઓના જ ગ્રંથોની વૃત્તિમાં ઉપયોગ કર્યો દેખાય છે. પણ તેઓએ કે અન્ય કોઇ ગ્રંથકારે એ પદાર્થોનું સ્વકીયગ્રંથોમાં પ્રરૂપણ કરેલું હોય કે સાક્ષી વગેરે તરીકે ઉલ્લેખ કરેલો હોય એવું પ્રાયઃ જોવા મલ્યું નથી. સિવાય કે ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો. એટલે એમ કહી શકાય કે ઉપાધ્યાયજી મહારાજ શ્રી હરિભદ્રસૂરિ મ.ના એ પદાર્થોનું વધુ સમર્થન અને વધુ પ્રચાર પ્રસાર કર્યા છે. (દ્વાત્રિંશક દ્વાત્રિંશિકાની પ્રસ્તાવનામાંથી.)

---

૧. આ. હરિભદ્રસૂરિ લે. હીરાલાલ કાપડિયા તેમજ "ષોડશક પ્રવચન વ્યાખ્યાન સંગ્રહ" ભાગ-૧ પ્રવચનકાર આ.શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના વ્યાખ્યાન સંગ્રહની હીરાલાલ કાપડિયાની પ્રસ્તાવના.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષોડશક પ્રકરણના પદાર્થો ઉપાધ્યાયજી મ.ની દ્વાત્રિંશક દ્વાત્રિંશિકા વ.માં પ્રચૂર પણે મળી આવે છે. કેટલીક તુલના આ પ્રમાણે છે.

| ષોડશક | દ્વાત્રિંશક દ્વાત્રિશંકા |
|---|---|
| ૧ | ૨ |
| ૨ | ૨ |
| ૭ | ૫ |
| ૧૦ | ૨/૨૮ ૨૧મું અષ્ટક |
| ૧૨ | ૨૮ |
| ૧૩ | ૧૮ |
| ૧૪ | ૧૮ |

પ્રણિધિ-પ્રવૃત્તિ વગેરે પાંચ પ્રણિધાનનું નિરુપણ, ષો. ૨/૬-૧૧ વગેરે ઘણી ષોડશક પ્ર.માં આવતી બાબતો આગળના ગ્રંથમાં જોવા મળતી નથી.

આવા અગત્યના ગ્રંથ ષોડશક પ્રકરણનું સંપાદન અને ભાવાનુવાદનું કઠીન કાર્ય પ.શ્રી **રત્નેન્દુવિજયજી** ગણિના શિષ્યરત્ન સ્વાધ્યાયપ્રેમી મુનિરાજશ્રી **રત્નજ્યોત વિજયજીએ** ઘણી મહેનત લઈને કર્યું છે. એક તો આવા ગ્રંથોનો અનુવાદ કરવાનું કામ કઠીન હોય જ છે અને અનુવાદક મુનિશ્રી બિનગુજરાતી છે. આમ છતાં તેઓએ-સાહસ કર્યું છે. તેઓને લાખ લાખ ધન્યવાદ !

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આગળ પણ તેઓ એમની સાહિત્યયાત્રા ચાલુ રાખે અને ઉપયોગી ગ્રંથો તૈયાર કરે એવી ખાસ ભલામણ કરું છું.

એમનું આ સંપાદન અભ્યાસીઓને ઘણું મદદરૂપ થઈ પડશે. સહુ આનો વધુને વધુ સ્વાધ્યાય કરી આત્મકલ્યાણને વરે એજ અભિલાષા.

અષાઢ વદ-૬ તા.૧૮-૭-૯૫
ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા,
સૂરત

લી.
*પૂ.આ.ભ.શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન*
*પૂ.મુનિરાજશ્રી જિનચન્દ્રવિજયજી મ.ના શિષ્યાણુ*
*પં.મુનિચન્દ્રવિજય ગણી*



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિષય પથ પ્રકાશિકા


| ક્રમ | વિષય | પેઈજ નંબર |
|---|---|---|
| ૧ | **ધર્મ પરીક્ષા ષોડષક - (૧)** | **૧૩** |
| ૨ | બાલ મધ્યમ અને બુધનું સ્વરૂપ | ૧૩ |
| ૩ | મિથ્યાચારીનુંલક્ષણ | ૧૬ |
| ૪ | શુદ્ધ અને અશુદ્ધ સદનુષ્ઠાન | ૧૮ |
| ૫ | આગમ તત્ત્વનું સ્વરૂપ | ૧૯ |
| ૬ | પરિણામનું સ્વરૂપ | ૧૯ |
| ૭ | વિપરીત દેશના અનર્થ હેતુ | ૨૧ |
| ૮ | **દેશના ષોડશક- (૨)** | **૨૫** |
| ૯ | બાલ યોગ્ય દેશના | ૨૫ |
| ૧૦ | મધ્યમ યોગ્ય દેશના | ૨૭ |
| ૧૧ | પ્રવચન માતાનું મહત્ત્વ | ૨૯ |
| ૧૨ | બુધ યોગ્ય દેશના | ૩૦ |
| ૧૩ | જિન વચનની પ્રધાનતા | ૩૧ |
| ૧૪ | પ્રભુથી સમરસાપત્તિ | ૩૨ |
| ૧૫ | **ધર્મલક્ષણ ષોડશક-(૩)** | **૩૬** |
| ૧૬ | ધર્મનું લક્ષણ | ૩૬ |
| ૧૭ | પુષ્ટિ શુદ્ધિની માહિતી | ૩૭ |
| ૧૮ | પ્રણિધાનનુંલક્ષણ | ૩૯ |
| ૧૯ | પ્રવૃત્તિનુંલક્ષણ | ૪૦ |
| ૨૦ | વિઘ્નજયનું લક્ષણ | ૪૧ |
| ૨૧ | સિદ્ધિનું લક્ષણ | ૪૩ |
| ૨૨ | વિનિયોગનુંલક્ષણ | ૪૪ |
| ૨૩ | સમકિતીનું સ્વરૂપ | ૪૮ |
| ૨૪ | **ધર્મેચ્છુલિંગ ષોડશક-(૪)** | **૫૧** |
| ૨૫ | ધર્મના લિંગ | ૫૧ |
| ૨૬ | ઔદાર્યની ઓળખાણ | ૫૧ |
| ૨૭ | દાક્ષિણ્યનુંલક્ષણ | ૫૧ |




જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ક્રમ | વિષય | પેઈજ નંબર |
|---|---|---|
| ૨૮ | પાપ જુગુપ્સા નિર્મલબોધ લોકપ્રિયતાનું લક્ષણ | ૫૩ |
| ૨૯ | વિષય તૃષ્ણાનું લક્ષણ | ૫૫ |
| ૩૦ | દૃષ્ટિ સંમોહનું લક્ષણ | ૫૬ |
| ૩૧ | ધર્મમાં અરૂચિનું લક્ષણ | ૫૮ |
| ૩૨ | ક્રોધનું લક્ષણ | ૫૯ |
| ૩૩ | મૈત્ર્યાદિનું લક્ષણ | ૬૦ |
| ૩૪ | **લોકોત્તર તત્ત્વ પ્રાપ્તિ ષોડશક- (૫)** | **૬૩** |
| ૩૫ | લોકોત્તર તત્ત્વ પ્રાપ્તનું સ્વરૂપ | ૬૩ |
| ૩૬ | ચરમાવર્તનો હેતુ | ૬૪ |
| ૩૭ | અધિક સંસારીની વિપરિત પરિણતિ | ૬૫ |
| ૩૮ | આગમ પરિણતિ નું મહત્ત્વ | ૬૮ |
| ૩૯ | દાન મહાદાનનો ભેદ | ૭૦ |
| ૪૦ | દેવપૂજાનું સ્વરૂપ | ૭૧ |
| ૪૧ | એકક્રિયાથી અન્ય ક્રિયાનો અબાધ | ૭૨ |
| ૪૨ | **જિનમંદિર ષોડશક- (૬)** | **૭૫** |
| ૪૩ | જિનમંદિરનો અધિકારી | ૭૫ |
| ૪૪ | જિનાલય નિર્માણની વિધિ | ૭૫ |
| ૪૫ | જિનાલય ઉપયોગી કાષ્ઠ વિ. આણવાની વિધિ | ૭૮ |
| ૪૬ | સ્વાશય વૃદ્ધિનાં ઉપાય | ૮૧ |
| ૪૭ | જિનાલય સંબંધી ભલામણ | ૮૩ |
| ૪૮ | જિનાલય નિર્માણમાં અદુષ્ટનું કથન | ૮૫ |
| ૪૯ | **જિનબિંબ ષોડશક- (૭)** | **૮૮** |
| ૫૦ | જિનબિંબ ભરાવવાનું કારણ | ૮૮ |
| ૫૧ | અદુષ્ટ મનનો ફાયદો | ૮૯ |
| ૫૨ | શિલ્પીનાં મનોરથ પૂરવાની રીત | ૯૩ |
| ૫૩ | પ્રધાનને આનુષાંગિક ફળ પ્રાપ્તિ | ૯૭ |
| ૫૪ | **પ્રતિષ્ઠાવિધિ ષોડશક (૮)** | **૯૯** |
| ૫૫ | ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા | ૯૯ |
| ૫૬ | પ્રતિષ્ઠાની સમજ | ૧૦૦ |
| ૫૭ | પૂજા સંપાદન સંબંધી શંકા સમાધાન | ૧૦૧ |




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ક્રમ | વિષય | પેઈજ નંબર |
|---|---|---|
| ૫૮ | નિજભાવજ શ્રેષ્ઠ પ્રતિષ્ઠા છે તત્સંબંધી વિચારણા | ૧૦૭ |
| ૫૯ | પ્રતિષ્ઠા કરવાની રીત બીજન્યાસ તેમજ અવંચક યોગનું સ્વરૂપ | ૧૦૯ |
| ૬૦ | પ્રતિષ્ઠા સંબંધી ભાવના વિશેષણ | ૧૧૧ |
| ૬૧ | **પૂજા સ્વરૂપ ષોડશક- (૯)** | **૧૧૪** |
| ૬૨ | પૂજાનું સ્વરૂપ | ૧૧૪ |
| ૬૩ | ત્રણ પ્રકારની પૂજા | ૧૧૪ |
| ૬૪ | પૂજા કરવાની વિધિ | ૧૧૫ |
| ૬૫ | સ્તોત્ર પૂજાનું સ્વરૂપ | ૧૧૬ |
| ૬૬ | વિઘ્નોપશમની વિ. પૂજાનાં સાન્વર્થ નામો તેમજ તેમનું સ્વરૂપ | ૧૧૯ |
| ૬૭ | પૂજામાં હિંસા વિ. ની શંકા અને સમાધાન | ૧૨૧ |
| ૬૮ | **પૂજા ફળ ષોડશક - (૧૦)** | **૧૨૭** |
| ૬૯ | સદનુષ્ઠાનનું સ્વરૂપ | ૧૨૭ |
| ૭૦ | પ્રીતિ વિ. ચાર સ્થાનનું સ્વરૂપ | ૧૨૭ |
| ૭૧ | પાંચ પ્રકારની ક્ષમાનું સ્વરૂપ | ૧૩૨ |
| ૭૨ | ત્રણ જ્ઞાનનો સ્વાદ | ૧૩૫ |
| ૭૩ | જ્ઞાન માટે યોગ્ય અને અયોગ્યનું કથન | ૧૩૭ |
| ૭૪ | **શ્રુતજ્ઞાન લિંગ ષોડશક (૧૧)** | **૧૩૯** |
| ૭૫ | શુશ્રૂષાનું લિંગ | ૧૩૯ |
| ૭૬ | અપરમ શુશ્રૂષાનું સ્વરૂપ | ૧૪૦ |
| ૭૭ | શ્રુતજ્ઞાનનું લિંગ | ૧૪૧ |
| ૭૮ | ચિંતામય જ્ઞાનનું લક્ષણ | ૧૪૩ |
| ૭૯ | ભાવનામય જ્ઞાનનું સ્વરૂપ | ૧૪૪ |
| ૮૦ | ચારિચરકનુંદૃષ્ટાન્ત | ૧૪૮ |
| ૮૧ | વિપરીત જ્ઞાનનું સ્વરૂપ | ૧૪૯ |
| ૮૨ | **દીક્ષાધિકાર ષોડશક- (૧૨)** | **૧૫૩** |
| ૮૩ | દીક્ષાપદની નિરૂક્તિ | ૧૫૩ |
| ૮૪ | અજ્ઞાની છતા જ્ઞાની | ૧૫૩ |
| ૮૫ | દીક્ષા એટલે શું ? | ૧૫૬ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ક્રમ | વિષય | પેઈજ નંબર |
|---|---|---|
| ૮૬ | નામ ન્યાસની મહત્તા | ૧૫૭ |
| ૮૭ | સંપન્ન દીક્ષાનું લિંગ | ૧૫૯ |
| ૮૮ | સ્પર્શ (જ્ઞાન) નું લક્ષણ | ૧૬૨ |
| ૮૯ | **ગુરુવિનય ષોડશક- (૧૩)** | **૧૬૫** |
| ૯૦ | ગુરૂ વિનયનું સ્વરૂપ | ૧૬૫ |
| ૯૧ | સ્વાધ્યાય યોગાભ્યાસનું સ્વરૂપ | ૧૬૬ |
| ૯૨ | પરાર્થકરણનું સ્વરૂપ | ૧૬૭ |
| ૯૩ | ઈતિ કર્તવ્યતાનું સ્વરૂપ | ૧૬૮ |
| ૯૪ | મૈત્રી વિ. ચાર ભાવનાનું સ્વરૂપ | ૧૭૦ |
| ૯૫ | નિષ્પન્ન યોગીનું સ્વરૂપ | ૧૭૪ |
| ૯૬ | કુલયોગી વિગેરેનું સ્વરૂપ | ૧૭૬ |
| ૯૭ | ગુરુ વિનયનું મૂળ | ૧૭૭ |
| ૯૮ | **યોગભેદ ષોડશક - (૧૪)** | **૧૮૦** |
| ૯૯ | ત્યાજ્ય આઠ ચિત્તનું સ્વરૂપ | ૧૮૦ |
| ૧૦૦ | શુદ્ધ ચિત્તનો અધિકારી | ૧૯૦ |
| ૧૦૧ | **ધ્યેય સ્વરૂપ ષોડશક- (૧૫)** | **૧૯૩** |
| ૧૦૨ | ધ્યેયનું સ્વરૂપ | ૧૯૩ |
| ૧૦૩ | સાલમ્બન ધ્યાનનું ફળ | ૧૯૩ |
| ૧૦૪ | પરતત્વની મહત્તા | ૧૯૪ |
| ૧૦૫ | કેવલજ્ઞાનનું સ્વરૂપ | ૧૯૬ |
| ૧૦૬ | પરતત્વનું સ્વરૂપ | ૧૯૯ |
| ૧૦૭ | **સમરસ ષોડશક - (૧૬)** | **૨૦૭** |
| ૧૦૮ | પરતત્વની અન્યદર્શનમાં માન્યતા | ૨૦૭ |
| ૧૦૯ | આત્માદિ પદાર્થનું સત્ય સ્વરૂપ | ૨૧૦ |
| ૧૧૦ | પુરૂષાદ્વૈત/ જ્ઞાનાદ્વૈતની અનુપપત્તિ | ૨૧૭ |
| ૧૧૧ | તત્ત્વજ્ઞાન પ્રાપ્તિનાં મૂળ કારણ | ૨૨૦ |
| ૧૧૨ | ષોડશક પદાર્થનું ઉદ્દ્ભવ સ્થાન | ૨૨૨ |


**॥ જિનમાર્ગથી ક્યાંય વિપરીત માર્ગે મારી કલમ ગઈ હોય તો,**
**તે બદલ ક્ષમા યાચું છું ॥**



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રીષોડશક પ્રકરણમ્
## ગુર્જર ભાષાનુવાદ

श्री अर्हं नमः
श्री रत्नशेखर सूरिभ्यो नमः
ऐं नमः

## ॥ प्रथमं धर्म परीक्षा षोडशकम् ॥

ऐंद्रश्रेणिनतं वीरं नत्वास्माभिर्विधीयते ।
व्याख्या षोडशकग्रन्थे संक्षिप्तार्थावगाहिनी ॥ १ ॥

तत्रादाविदमार्यासूत्रं

प्रणिपत्य जिनं वीरं सद्धर्मपरीक्षकादिभावानाम् ॥
लिङ्गादि भेदतः खलु वक्ष्ये किञ्चित्समासेन ॥ १ ॥

प्रणिपत्य नमस्कृत्य जिनं जितरागादिदोषं वीरं वर्द्धमानस्वामिनं सद्धर्मपरीक्षको बालादिभेदेन त्रिविधस्तदादयो ये भावास्तेषां लिङ्गादिभेदतः लिङ्गादिभेदमाश्रित्य किञ्चिदल्पं स्वरूपमितिशेषः । समासेन मितशब्देन वक्ष्येऽभिधास्यामि ॥ १ ॥

### શ્રી ટીકાકાર કૃત મંગલ :

ઈન્દ્રની હારમાળાથી નમસ્કાર કરાયેલા વીર પ્રભુને નમસ્કાર કરી ષોડશકગ્રંથના વિષય ઉપર ટૂંકો અર્થ બતાવનારી વ્યાખ્યા હું કરી રહ્યો છું.

**ગાથાર્થ :-** રાગ દ્વેષ રૂપી શત્રુઓને જિતનાર વીર પ્રભુને પ્રણામ કરી સદ્-સાચા સચોટ ધર્મની પરીક્ષા કરનારા-બાળાદિ ભેદથી ત્રણ પ્રકારના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવો ઈત્યાદિ ભાવોના યત્કિંચિત્ સ્વરૂપને લિંગાદિ ભેદથી હું ટૂંકમાં કહીશ. ॥ ૧ ॥

सद्धर्मपरीक्षकस्य बालादिभेदत्रयं व्यापारद्वारा (स्वरूपं) निरूपयन्नाह ।

**बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ॥**

**आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ २ ॥**

बालो विवेकविकलो धर्मेच्छुरपि लिङ्गं बाह्यं वेषं पश्यति प्राधान्येन । मध्यमबुद्धिर्मध्यमविवेकसम्पन्नो वृत्तमाचारं विचारयति, यद्ययमाचारवान् स्यात्तदा वन्द्यः स्यादिति वितर्कारूढं करोति । बुधो विशिष्टविवेकसम्पन्नस्तु सर्वयत्नेन सर्वादरेणागमतत्त्वं सिद्धान्तपरमार्थं परीक्षते पुरस्कृत्याद्रियते । बालादीनां बाह्यदृष्ट्यादौ च स्वरुचिभेद एव हेतुः ॥ २ ॥

**ત્રણ પ્રકારના સદ્ધર્મ પરીક્ષકના વ્યાપારને બતાવવા દ્વારા તેઓનું સ્વરૂપ દર્શાવે છે....**

**ગાથાર્થ :-** બાળ બાહ્ય લિંગને જુએ છે. મધ્યમની આચાર ઉપર નજર હોય છે. પંડિત પુરુષ સર્વ યત્નથી આગમતત્ત્વને પેખનારો હોય છે...

**વિશેષાર્થ :-** બાળ એટલે વિવેક વગરનો છતાં ધર્મની ઈચ્છાવાળો હોય તે મુખ્યરૂપે બાહ્યવેષને જોતો હોય છે. મધ્યમબુદ્ધિ - સામાન્ય વિવેકવાળો હોય તે આચારને જુએ એટલે ભલે બહારનો ભપકો સારો હોય પણ એની દૃષ્ટિ તેના આચાર ઉપર હોય; સુંદર આચારવાળો હોય તો તેને વાંદવાયોગ્ય માને; નહિતર નહિ. પંડિત પુરુષો - વિશિષ્ટ વિવેકવાળો તે સર્વ આદરથી સિદ્ધાંતના પરમાર્થને આગળ કરી સાધુ વિ.ની પરીક્ષા કરે. એટલે યત્નપૂર્વક આગમના ઉત્સર્ગ અપવાદને જાણી દેશાદિને વિચારી સાધુ વિ. ધર્મિજનનો અને ધર્મનો નિર્ણય કરે કે આ યોગ્ય છે કે અયોગ્ય. બાળાદિની બાહ્ય દૃષ્ટિ વિગેરે થવામાં પોતાની રૂચિ જ કારણ છે. ॥ ૨ ॥

आचारद्वारैः तन्निरूपणमाह

**बालो ह्यसदारम्भो मध्यमबुद्धिस्तु मध्यमाचारः ॥**

**ज्ञेय इह तत्त्वमार्गे बुधस्तु मार्गानुसारी यः ॥ ३ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

बालो हि निश्चितं असदारंभो निषिद्धकार्यकारी । मध्यमबुद्धिस्तु गुरुलाघवज्ञानसाध्यकार्यानाचरणसूत्रदृष्टमात्रकार्याचरणाभ्यां मध्यमाचारः । ज्ञेय इह - प्रक्रमे तत्त्वमार्गे मोक्षाध्वनि बुधस्तु स एव यो मार्गानुसारी ज्ञानादित्रयानुसारी ॥ ३ ॥

**હવે પૂર્વે કહેલા બાળાદિનું લક્ષણ જણાવે છે...**

**ગાથાર્થ :-** બાળ બુદ્ધિવાળો ખરેખર શાસ્ત્રમાં નિષેધ કરાયેલા કાર્યને કરનારો હોય છે. મધ્યમ બુદ્ધિવાળો ગુરુલાઘવ (લાભહાનિ)નો વિચાર કર્યા વગર માત્ર ઉપરછલાં સૂત્રના વિધાનને દેખી પ્રવૃત્તિ કરનારો હોય છે. આ મોક્ષ માર્ગમાં બુદ્ધિશાળી તો તેજ છે, જે જ્ઞાન દર્શન ચારિત્ર આ ત્રણેને અનુસરનારો હોય છે. (તેજ શાસનપ્રભાવનાનો નિમિત્ત બને છે)

**વિશેષાર્થ :-** મધ્યમ - અવિરતિનુંપોષણ સાધુએ ન કરવું "તે સાંભળી ગાયને કોઈ મારતું હોય તો પણ ન બચાવે, નાશ પામેલનું ફરી આચરણ કરનાર બાળ કહેવાય. જેમ અગ્યાર અંગની પૂર્વે સાધ્વીને અનુજ્ઞા હતી પણ આર્યસુહસ્તિસૂરિએ તેનો નિષેધ કર્યો, છતાં હવે તે અગ્યાર અંગના પઠન-પાઠનની સાધ્વીને અનુજ્ઞા આપવી તે. ॥ ૩ ॥

बाह्यलिङ्गप्राधान्यदर्शिनो बालत्वे हेतुमाह...

**बाह्यमां लिङ्गमसार तत्प्रतिबद्धा न धर्म निष्पत्तिः ।**

**धारयति कार्यवशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥ ४ ॥**

बाह्यां बहिर्दृश्यं लिङ्गं वेषादिचिह्नमसारमफलं यतस्तत् प्रतिबद्धा तदविनाभाविनी धर्मनिष्पत्तिर्नास्ति । यस्माच्च कार्यवशतः स्वप्रयोजनाभिलाषाद्विडम्बकोप्येतल्लिङ्गं धारयति, ततो न तद्धारयितुः प्रणन्तुश्च (प्रणेतु र्वा) फलदमित्युभयथाप्यसारमित्यर्थः ॥ ४ ॥

**મુખ્યરૂપે બાહ્યલિંગને જોનારો બાળ કેમ કહેવાય તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** બાહ્યવેશ વિ. અસાર છે. કારણકે ધર્મસિદ્ધિ તેનાથી પ્રતિબદ્ધ નથી; તેમજ ધાર્યા મુજબની સિદ્ધિ માટે વિડંબક (વેશ વગોવનાર/બહુરૂપી) પણ આવા વેશને ધારણ કરે છે.

**વિશેષાર્થ :-** બાહ્યવેશાદિચિહ્ન તે અસાર અર્થાત્ નિષ્ફળ છે કારણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે તેઓનો ધર્મ પ્રાપ્તિ સાથે અવિનાભાવ નથી. અને માયાવી બહુરૂપી પુરુષ પણ પોતાના પ્રયોજનને સિદ્ધ કરવાની ઈચ્છાથી આ લિંગને ધારણ કરે છે. માટે તેને ધારણ કરનાર અથવા વેષધારીને નમન કરનારને (ના પ્રણેતાને) કશુંય ફળ મળતું નથી. એમ બન્ને રીતે અસાર જ છે. ॥ ૪ ॥

त्यागलक्षणत्वादिदं शोभनं भविष्यतीत्याशङ्कयाह ।

बाह्यग्रन्थत्यागान्न चारु नन्वत्र तदितरस्यापि ।

कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ॥ ५ ॥

बाह्यग्रन्थस्य धनधान्यादेस्त्यागान्न चारु न शोभनं बाह्यलिङ्गं गुणशून्यं ननु निश्चितमत्र लोके । तद्बाह्यग्रन्थाभावलक्षणमितरस्य तिर्यगादेरपि सम्भवति । एतदेव प्रतिवस्तूपमया द्रढयति । कञ्चुकमात्रस्योपरिवर्त्तित्वङ्मात्रस्य त्यागान्नहि - नैव भुजगः सर्पो निर्विषो भवति ॥ ५ ॥

**અરે આપ આને અપ્રધાન કેમ કહો છો ? આ બાહ્ય પરિગ્રહનાં ત્યાગ રૂપ હોવાથી વેષને પણ સારો કહેવો જ જોઈએ... તે શંકાનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે.**

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

**ગાથાર્થ :-** બાહ્યગ્રંથરૂપ ધન ધાન્ય વિ. ના ત્યાગથી ગુણ વગરનું બાહ્યલિંગ આ લોકમાં પણ સારું કહેવાતું નથી, કારણ કે આવો બાહ્ય ત્યાગ તો ઈતર એટલે પશુ વિ. ને પણ હોય છે. જેમ કે કાંચળી છોડી દેવા માત્રથી સાપ કાંઈ ઝેર વગરનો થઈ જતો નથી ॥

**વિશેષાર્થ :-** સ્વર્ગના સુખ માટે સંસારના વાઘા દૂર કરવા રૂપ કાંચળી છોડી પણ સંસારરાગ રૂપ ઝેર ન ગયું તેથી તે ત્યાગ અનંત સંસાર ભ્રમણનું કારણ બનતો હોવાથી પ્રશંસાપાત્ર નથી. ॥ ૫ ॥

उक्तार्थे तन्त्रान्तरसंवादमप्याह ।

मिथ्याचारफलमिदं ह्यपरैरपि गीतमशुभभावस्य ।

सूत्रेऽप्यविकलमेतत्प्रोक्तममेध्योत्करस्यापि ॥ ६ ॥

हिर्यस्मादपरैरपि तन्त्रान्तरीयैरप्यशुभभावस्य पुंस इदं केवलं बाह्यलिङ्गं



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मिथ्याचारस्य फलं गीतं । मिथ्याचारस्वरूपं चेदं - "बाह्येन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् । इंद्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यत"इति । सूत्रेऽपि स्वकीयागमेप्येतद्बाह्यलिङ्गमविकलं परिपूर्णममेध्योत्करस्याप्युच्चार-निकरकल्पस्याप्युक्तमनन्तशो द्रव्यलिङ्गग्रहणश्रवणात् ॥ ६ ॥

**આ બાબતમાં અન્ય શાસ્ત્રમાં પણ એ પ્રમાણે કહેલું છે. તે જણાવે છે.**

**ગાથાર્થ :-** બીજા ધર્મવાળાઓએ પણ શુભભાવ વગરના પુરુષના બાહ્યલિંગને કપટીનું કાર્ય કહ્યું છે. આગમમાં પણ આને વિષ્ટાના ઢગલા-ઉકરડા જેવું જણાવ્યું છે.

**વિશેષાર્થ :-** અન્યદર્શનવાળાઓએ પણ અશુભભાવવાળા પુરુષના ત્યાગને મિથ્યાચાર કપટીનું કાર્ય કહ્યું છે. 'બાહ્ય ઈન્દ્રિયોને - આંખ વિ.ને માયાવૃત્તિથી કાબુમાં રાખી મનથી તે તે ઈન્દ્રિયના વિષયોને મેળવવા ઝંખતો હોય છે,' તે મુગ્ધ માણસ મિથ્યાચાર-કપટી કહેવાય. આપણાં આગમમાં પણ આંતરિકત્યાગ વગરના પુરુષના પરિપૂર્ણ બાહ્યલિંગને વિષ્ટાના ઢગલા સરખો કીધો છે. ઉકરડા કરતા વધારે દુગુર્ણની દુર્ગંધ ફેલાવતો હોવાથી. અને તેથી જ તો અનંતીવાર બાહ્યલિંગ આ જીવે ગ્રહણ કર્યું એવું શાસ્ત્રમાં સંભળાય છે. કારણ કે દુર્ગુણો વધી જવાથી આત્મા ઉંચો આવી શકતો નથી. એટલે અનાદિકાલમાં અનંતીવાર આવા બાહ્યલિંગ ગ્રહણ કરવા છતાં આત્મા મોક્ષ નજીક પહોંચી શકતો નથી, છેડો ન આવવાથી અનંતીવાર બાહ્યલિંગની પ્રાપ્તિ સંભવે. જ્યારે શુદ્ધ ચારિત્ર દ્વારા તો છેડો આવી જવાથી માત્ર આઠવાર તેની પ્રાપ્તિ સંભવે છે. ॥ ૬ ॥

वृत्तमाश्रित्याह ।

**वृत्तं चारित्रं खल्वसदारम्भविनिवृत्तिमत्तच्च ।**

**सदनुष्ठानं प्रोक्तं कार्ये हेतूपचारेण ॥ ७ ॥**

वृत्तं-विधिप्रतिषेधरूपं वर्तनं चारित्रमेव, खलुरवधारणार्थः, तच्चेहासदारम्भादाश्रवरूपाद्विनिवृत्तिमदहिंसाद्यात्मकं सदनुष्ठानं प्रोक्तं, कार्ये



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सदनुष्ठानरूपे हेतोरान्तरचारित्रपरिणामरूपस्योपचारेणाध्यारोपेण ॥ ७ ॥

**મધ્યમબુદ્ધિવૃત્તને વિચારે છે તે વૃત્ત (આચાર) એટલે શું ? તે કહે છે.**

**ગાથાર્થ :-** વૃત્તં - વિધિપ્રતિષેધરૂપવર્તન તે જ ચારિત્ર છે. અહીં અસદ્ આરંભ રૂપ હિંસાદિ આશ્રવથી નિવૃત્તિવાળા અહિંસાદિરૂપ સદ્અનુષ્ઠાનને ચારિત્ર કહ્યું છે. આંતરચારિત્ર પરિણામરૂપ કારણનો સદ્અનુષ્ઠાનરૂપ કાર્યમાં ઉપચાર કરી સદ્અનુષ્ઠાનને ચારિત્ર કહેલ છે. ॥૭॥

एतच्च सदनुष्ठानं शुद्धाशुद्धतया द्विभेदमित्याह -

परिशुद्धमिदं नियमादान्तरपरिणामतः सुपरिशुद्धात् ।
अन्यदतोऽन्यस्मादपि बुधविज्ञेयं त्वचारुतया ॥ ८ ॥

परिशुद्धं-सर्वथा शुद्धमिदं सदनुष्ठानं नियमादान्तरपरिणामतश्चारित्रमोह-क्षयोपशमजन्या (नित्ता) त्सुष्टु सम्यक्त्वज्ञानमूलत्वेन परिशुद्धात् । अन्यदित्यपरिशुद्धमतोऽस्मादान्तरपरिणामात् योऽन्यः कश्चिद्धेतुर्लाभ-पूजाख्यात्यादि (स्तस्मादपि) ततः एतदपीतरतुल्यत्वेनैव प्रतीयते तत्राह - बुधविज्ञेयं तु-तत्त्वविद्भिरेव विज्ञेयमचारुतया असुन्दरत्वेन । त एव हि क्षीरनीरविवेचका नान्ये इति ॥ ८ ॥

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**આ સદ્ અનુષ્ઠાન શુદ્ધ અશુદ્ધ ભેદથી બે પ્રકારે છે.**

**ગાથાર્થ :-** શુદ્ધ આત્મપરિણામથી થયેલ પ્રવૃત્તિ શુદ્ધ કહેવાય. અને મેલાપરિણામથી આચરેલ અનુષ્ઠાન અશુદ્ધ છે. પણ આ અશુદ્ધિને પંડિત પુરુષો જ જાણી શકે છે.

**વિશેષાર્થ :-** સમ્યગ્જ્ઞાનના કારણે અતિનિર્મળ એવા ચારિત્રમોહના ક્ષયોપશમજન્ય આત્મપરિણામથી ઉત્પન્ન થનાર હોવાથી આ સદ્અનુષ્ઠાન સર્વથા શુદ્ધ હોય છે. શુદ્ધ આત્મપરિણામથી અન્ય જે કાંઈ પૂજા પ્રસિદ્ધિની અભિલાષા વિ. થી ઉત્પન્ન થનાર સદ્નુષ્ઠાન અન્યદ્ અશુદ્ધ કહેવાય છે.

**શંકા** - આ ઈતર અનુષ્ઠાન પણ શુદ્ધ જેવું જ દેખાય છે. તો પછી શુદ્ધ અશુદ્ધ ભેદ શા માટે પાડ્યાં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમાધાન** - તત્ત્વજ્ઞાની જ આને અશુદ્ધ રૂપે ઓળખી શકે છે. તેઓ જ દૂધપાણીનો વિવેક કરી શકે છે બીજા નહિં. માટે તમારે પણ શુદ્ધ અશુદ્ધની ઓળખાણ કરવી હોય તો તત્ત્વજ્ઞાનીનો આશ્રય લેવો ॥ ૮ ॥

यथा बुधैरिदमशुद्धं ज्ञायते तथाह ।

**गुरुदोषारम्भितया लध्वकरणयत्नतो निपुणधीभिः ॥**

**सन्निन्दादेश्च तथा ज्ञायते एतन्नियोगेन ॥ ९ ॥**

गुरून्दोषान् प्रवचनोपघातादीनारब्धुंशीलं यस्य स तथा तत्तया यो लघुषु-सूक्ष्मेषु दोषेष्वकरणयत्नः-परिहारादरस्तस्मान्निपुणधीभिः कुशलबुद्धिभिस्तथा सतां-सत्पुरुषाणां साधुश्राद्धादीनां निन्दादेर्गर्हाप्रद्वेषादेश्च ज्ञायते यदेतदपरिशुद्धानुष्ठानं नियोगेनावश्यंतया गुरूदोषारम्भादेरपरिशुद्धिकार्यत्वात् ॥ ९ ॥

**આવું શું વિશેષ છે ? જેના આધારે આ બેમાંથી આ શુદ્ધ છે એવું નક્કી કરી શકાય છે. તે વિશેષ બતાવે છે. (જે રીતે બુધ પુરુષો આને અશુદ્ધ જાણે છે તેમ બતાવે છે.)**

जैन साईट JAINSITE.com जैन जाति आराधना

**ગાથાર્થ :-** પ્રવચનનો ઉપઘાત કરનારા એવા મોટા દોષના સેવનથી અને નાના દોષોમાંથી બચવાનો પ્રયત્ન કરવાથી અને સદ્પુરુષોની નિંદા ગર્હા દ્વેષ વિ. થી આ અનુષ્ઠાન અશુદ્ધ છે, એવું કુશલ બુદ્ધિવાળા જાણી જાય છે. કારણકે ગુરુદોષનું સેવન વિગેરે અશુદ્ધિનું કાર્ય છે. ॥ ૯ ॥

आगमतत्त्वमाश्रित्याह ।

**आगमतत्त्वं ज्ञेयं तद्दृष्टेष्टाविरुद्धवाक्यतया ॥**

**उत्सर्गादिसमन्वितमलमैदंपर्यशुद्धं च ॥ १० ॥**

आगमतत्त्वं तत् प्रसिद्धं ज्ञेयं भवति, दृष्टं-प्रत्यक्षानुमाने, इष्टं-स्वाभ्युपगत आगमस्ताभ्यामविरुद्धमबाधितार्थं वाक्यं यस्य तत्तया; तथोत्सर्गादिनोत्सर्गापवादाभ्यां समन्वितं, नतु तदेकान्तवाददुष्टं, अलमत्यर्थमैदंपर्येण भावार्थेन शुद्धं च, श्रुतमात्रेणाविच्छिन्नाकाङ्क्षम् ॥ १० ॥

**ગાથાર્થ :-** દૃષ્ટ-પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી તેમજ ઈષ્ટ - પોતે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માન્ય રાખેલ આગમથી અવિરોધી વાક્યવાળું હોય. ઉત્સર્ગ અપવાદથી યુક્ત હોય એટલે કે એકાંતવાદથી અશુદ્ધ ન હોય અને ઐદંપર્ય ગ્રંથના નિચોડ (ભાવાર્થ) થી સંપૂર્ણ રીતે શુદ્ધ હોય તે આગમતત્ત્વ જાણવું.

**વિશેષાર્થ :-** આરંભ કરવો નહિં, પછી કહે કે દેરાસર વિ. બનાવવા જોઈએ આવા વાક્ય સાંભળવા માત્રથી આરંભ શા માટે ન કરવો ? ક્યારે કરવો ? ક્યારે ન કરવો ? ઈત્યાદિ આકાંક્ષાવિલય પામતી નથી. માટે નિચોટ રૂપે કહેવું પડે, કે જેમ "રાગ દ્વેષ વિલય પામે તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી." જિન પ્રતિમાના દર્શનથી રાગ દ્વેષ હળવા થવાથી વિરતિ પ્રાપ્ત થાય છે. તે દ્વારા સર્વને અભય મળે છે, માટે જિનાલય વિ. ગૃહસ્થોએ બનાવવામાં બાધ નથી. આમ આકાંક્ષાનો વિલય થઈ જાય છે. એટલે ભાવાર્થ શૂન્ય જે શાસ્ત્રમાં માત્ર વાક્યનો સમૂહ રચાયો હોય તેનું માત્ર શ્રવણ થઈ શકે પણ હાર્દનો ખ્યાલ આવી શકતો નથી. તે શાસ્ત્રના શ્રવણથી આકાંક્ષા ઉભીજ રહે છે. તે અન્ય શાસ્ત્રો છે જેમ, (૧) **नहिंस्यात् सर्वभूतानि** (૨) **स्वर्गकामो यजते....** ૧. વાક્ય દ્વારા પોતાના ઉપભોગ માટે હિંસા ન કરાય એમ કહ્યું...૨. વાક્ય દ્વારા પણ સ્વર્ગનો ઉપભોગ પોતાને માટે જ કરવાનો છે છતા હિંસા કરવાનું કહ્યું. તો મારે શું કરવું ? એવી આકાંક્ષા ઉભી જ રહેતી હોવાથી તે શાસ્ત્ર આગમતત્ત્વરૂપ નથી. ॥ ૧૦ ॥

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

तदेवागमतत्त्वमुपन्यस्यति ।

**आत्मास्ति स परिणामी बद्धः सत्कर्मणा विचित्रेण ।**

**मुक्तश्च तद्वियोगद्धिंसाहिंसादि तद्धेतुः ॥ ११ ॥**

आत्मा जीवः सोऽस्त्येतेन चार्वाकमतनिरासः । स परिणामी परिणामसहितो नतु कूटस्थनित्य, एतेन साङ्ख्यादिमतनिरासः, तथा बद्धः सता वस्तुसता नतु कल्पिताविद्यादिस्वभावेन; कर्मणा विचित्रेण नानारूपेणैतेन वेदांत्यादिमतनिरासः । मुक्तश्च तद्वियोगात्कर्मक्षयाद्धिंसाहिंसादि तयोर्बन्ध-मोक्षयोर्हेतुः, एवं यत्र प्रतिपाद्यते तदागमतत्त्वमिति योजना ॥११॥ **તે જ આગમતત્ત્વને ગ્રંથકાર દર્શાવે છે...**

**ગાથાર્થ :-** આત્મા છે, તે પરિણામી છે. વિચિત્રવિદ્યમાનકર્મથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધાયેલો છે. કર્મના વિયોગથી મુક્ત બને છે. તે બંધ અને મોક્ષના અનુક્રમે હિંસાદિ અને અહિંસાદિ હેતું છે.

**વિશેષાર્થ :- 'આત્માસ્તિ'** પદ વડે ચાર્વાકો પંચભૂતથી ચૈતન્ય ઉભું થાય છે, પણ આત્મા નામની કોઈ ચીજ નથી એવું જે માને છે, તેનો નિરાસ થાય છે. પરિણામી પદથી સાંખ્યાદિમતવાળા આત્મા સદા એક રૂપે જ રહે છે, એવું માને છે તેનો નિરાસ થયો. કારણ કે અન્ય પર્યાયરૂપ થવું તેનું નામ પરિણામ. એટલે સર્વથા એક રૂપે રહેવું તેમ નહિ અને સર્વથા નાશ પામી જવું એવું પણ નહિ, ॥ તેને વિદ્વાનો પરિણામ કહે છે.

**(ય. - परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानं/न च सर्व्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ।**

અને આવા પરિણામવાળો આત્મા હોવાથી કૂટસ્થ નિત્ય ન કહેવાય; આ આત્મા વાસ્તવિકવિદ્યમાન કાર્મણવર્ગણા રૂપ પુદ્ગલ દ્રવ્યથી બંધાયેલો છે. આનાથી વેદાંતી વિ. કાલ્પનિક અવિદ્યાવિ. થી બંધાયેલો માને છે, તે ખોટું કેમ કે કાલ્પનિક વસ્તુ કાર્ય કરવા અસમર્થ હોય છે. કર્મનો આત્યંતિક ક્ષય થવાથી મોક્ષ થાય છે. આનાથી દરેક ભવ્ય આત્મામાં મોક્ષ પામવાની યોગ્યતા બતાવી. બંધ અને મોક્ષ આ બન્ને કાર્ય હોવાથી તેનું કોઈ કારણ હોવું જોઈએ, માટે કહ્યું કે હિંસાદિ એ કર્મ બંધના કારણ છે. અને અહિંસાદિ મોક્ષના કારણ છે. જેના આસેવનથી જીવ મુક્ત બની શકે છે." એવું આશ્વાસન પ્રાપ્ત થાય છે. આવું જેમાં પ્રતિપાદન કરાય, તે આગમતત્ત્વ છે, અથવા આવું પ્રતિપાદન કરવું તે જ આગમતત્ત્વ છે ॥ ૧૧ ॥

आत्मानः परिणामित्यादिकं दृष्टेष्टाबाधितमित्यागमतत्त्वस्य दृष्टेष्टाविरुद्ध-वाक्यत्वमुपदर्शितमुत्सर्गापवादयुक्तत्वं च स्फुटमेव, तत्सूत्राणां बहूनामुपल-म्भादथैदंपर्यशुद्धिमुपदर्शयति -

**परलोकविधौ मान वचनं तदतींद्रियार्थदृग्व्यक्तं ।**

**सर्वमिदमनादि स्यादैदंपर्यस्य शुद्धिरिति ॥ १२ ॥**

परलोकविधावामुष्मिकफलोपदेशे मानं स्वतन्त्रप्रमाणं वचनमागमस्तद्-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वचनमतीन्द्रियार्थदृशा सर्वज्ञेन व्यक्तं प्रतिपादितार्थमन्यस्यादृष्टार्थाभिधान-शक्त्यभावात्सर्वमिदं वचनमनादि स्यात् सर्वक्षेत्रापेक्षप्रवाहतस्तत आपातविरुद्धेऽप्यर्थे एतदाज्ञैवप्रमाणमित्येवंप्रकारैरैदंपर्यस्य शुद्धिरवसेया ॥१२॥

**આત્માનું પરિણામીપણું વિ. પ્રમાણ અને અભિમત આગમથી અબાધિત હોવાથી આગમતત્ત્વ દૃષ્ટ ઈષ્ટથી અવિરુદ્ધ વાક્યવાળું છે એવું જણાવ્યું અને ઉત્સર્ગ અપવાદને જણાવનારા ઘણાં સૂત્રો દેખાતા હોવાથી આગમતત્ત્વ ઉત્સર્ગ અપવાદવાળું છે. એતો જણાઈ આવે છે. હવે રહી વાત ઐદંપર્યની શુદ્ધિની, તે ગ્રંથકાર ગાથા વડે દર્શાવે છે.**

**ગાથાર્થ :-** પરલોક વિધિમાં આગમ પ્રમાણ છે, તે અતીંદ્રિય દ્રષ્ટા સર્વજ્ઞ પ્રભુથી પ્રદિપાદન કરાયેલ છે. આ આગમ અનાદિકાળનો છે, આવો સ્વીકાર તે ઐદંપર્યની શુદ્ધિ કહેવાય.

**વિશેષાર્થ :-** પરલોક સંબધિફળના ઉપદેશમાં આગમ સ્વતંત્ર પ્રમાણ છે. તે સર્વજ્ઞ પ્રભુથી વ્યક્ત કરાયેલ છે, કારણ અન્ય પુરુષની નહિં દેખેલા પદાર્થની બાબતમાં કહેવાની શક્તિ નથી. સર્વક્ષેત્રની અપેક્ષાએ પ્રવાહથી આ આગમ અનાદિકાળનું છે. તેથી જ તો શરૂઆતમાં ઉપરઉપરથી પ્રથમ દૃષ્ટિએ વિરોધિ દેખાતા અર્થમાં પણ "સર્વજ્ઞની આજ્ઞાજ મારે પ્રમાણ છે," આવી દૃઢ શ્રદ્ધા તે ઐદંપર્યની શુદ્ધિ જાણવી. ॥ ૧૨ ॥

जैनशाईट JAINSITE.com जयतु ज्योति शासनम्

एवं सद्धर्मपरीक्षकाणां बालादिभेदत्रयमुक्त्वा तद्गतदेशनाविधिमाह ।

**बालादीभावमेवं सम्यग्विज्ञाय देहिनां गुरुणा ॥**

**सद्धर्मदेशनापि हि कर्त्तव्या तदनुसारेण ॥ १३ ॥**

बालादीनां भावं-रुचिविशेषमेवमुक्तरीत्या सम्यगवैपरीत्येन विज्ञायावबुद्धय देहिनां गुरूणा सद्धर्मदेशनापि हि तदनुसारेण बालादिपरिणामानुरूपेण कर्त्तव्या, तथैव तदुपकारसम्पत्तेः ॥ १३ ॥

**એમ સદ્ધર્મના પરીક્ષકોના બાલાદિ ત્રણ ભેદ કહીને તેઓને કેવી રીતે કેવી દેશના આપવી તે કહે છે...**

**ગાથાર્થ :-** બાળાદિની રૂચિ વિશેષને ઉપરોક્ત રીતીથી સારી રીતે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણીને તે પ્રાણીઓને ગુરૂએ બાળાદિભાવને અનુરૂપ જ સદ્ધર્મ દેશના આપવી જોઈએ. કારણકે તે રીતે જ તેઓનો ઉપકાર સંભવી શકે છે. ॥ ૧૩ ॥

उक्तमेवार्थं व्यतिरेकेण द्रढयति ।

यद्भाषितं मुनीन्द्रैः पापं खलु देशना परस्थाने ॥

उन्मार्गनयनमेतद्भवगहने दारूणविपाकम् ॥ १४ ॥

यद् यस्माद्भाषितं मुनीद्रैः परमज्ञानिभिः पापं खलु वर्तते देशनां परस्थाने बालादियोग्या मध्यमादिस्थाने, एतद्विपरीतदेशनाकरणमपरिणाम-स्यातिपरिणामस्य वा जननात् श्रोतुरुन्मार्गनयनं, भवगहने - संसारकानने दारुणविपाकं वा, कुशीलताया महानर्थहेतुत्वप्रतिपादनात् ॥ १४ ॥

**આજ વાતને વ્યતિરેક હેતુથી દૃઢ કરે છે...**

**ગાથાર્થ** :- જેથી જ પરમજ્ઞાનીઓએ અન્યસ્થાનમાં દેશના કરવી તેને પાપ કહ્યું છે. આ વિપરીત દેશના શ્રોતાને ઉન્માર્ગે લઈ જાય છે, તે સંસારરૂપી અટવીમાં દારૂણ ફળ આપે છે.

**વિશેષાર્થ** :- બાળાદિને યોગ્ય દેશનાને મધ્યમાદિની સભામાં કરતા શ્રોતાને અપરિણામ એટલે કે બાળને મધ્યમ યોગ્ય દેશના આપતા કહીએ કે "વેશ કાંઈ સદ્ધર્મ નથી," એમ સાંભળી થોડા ઘણાં ધર્મ પરિણામ હતાં, એ પણ વેશ ઉપર અનાદર થવાથી જતા રહે છે. અને બાળ સામે બુધ યોગ્ય અપવાદની વાતો કરતાં આધાકર્મી વિ. માં ધર્મ માનવા લાગે. એમ અતિપરિણામ જગાડનાર હોવાથી તે સાધક ધર્મ માર્ગથી ભ્રષ્ટ થાય છે. અને આવી કુશીલતા તો અનર્થના હેતુભૂત હોવાથી જીવ સંસારવનમાં ભયંકર દુઃખોને વેઠે છે. ॥ ૧૪ ॥

समयोक्तत्वेन स्वरूपतः शोभनाया अपि देशनायाः परस्थानेऽहितत्वे दृष्टान्तमाह ।

हितमपि वायोरौषधमहितं तत् श्लेष्मणो यथात्यन्तम् ॥

सद्धर्मदेशनौषधमेवं बालाद्यपेक्षमिति ॥ १५ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तत् प्रसिद्धमौषधं स्नेहपानादि वायोः शारीरवातस्य सात्म्यापादकत्वेन हितमपि यथा श्लेष्मणोऽत्यन्तमहितं भवति तत्प्रकोपहेतुत्वादेवं सद्धर्मदेशनौषधं मध्यमादियोग्यं बालाद्यपेक्षं तदवज्ञानहेतुतया स्वरूपतः सुन्दरमप्यहितं भवति, तस्मात्तदपायभीरुणा तद्भावं विज्ञाय देशना विधेयेत्युपदेशः ॥ १५ ॥

**આગમમાં ભાખેલી હોવાથી સ્વરૂપથી તો દેશના સારી હોવા છતાં પરસ્થાનમાં અહિતકારી બને છે. તેના વિષે દાખલો બતાવે છે.**

**ગાથાર્થ** :- શરીરના વાયુ માટે હિતકારી ઔષધ પણ કફ માટે અત્યંત અહિતકર બને છે. તેમ સદ્ધર્મ દેશના રૂપી ઔષધ બાળાદિની અપેક્ષાએ હિતકર અને અહિતકર બને છે. ॥

**વિશેષાર્થ** :- વાયુ માટે ઘી દૂધ વિ. હિતકારી બને છે, કારણ કે તેનાથી વાયુ શાંત પડે છે, તે જ કફ માટે અહિતકારી થાય છે, કારણકે તેનાથી કફ વધે છે. એ પ્રમાણે સ્વરૂપથી સુંદર છતાં મધ્યમાદિ યોગ્ય સદ્ધર્મ દેશના રૂપી દવા બાળાદિની અપેક્ષાએ મધ્યમની અવજ્ઞાનું કારણ બનવાથી અહિતકારી થાય છે. "તે કારણથી તેને-શ્રોતાને દુઃખ થશે." એવા અપાયથી ડરનારાએ તે સાધકના ભાવ જાણીને દેશના આપવી જોઈએ. એવો ઉપદેશ ગ્રંથકાર ઉપદેશકને આપે છે. ॥ ૧૫ ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

उक्तमर्थं निगमयन्नाह ।

**एतद्विज्ञायैवं यथार्हं (थोचितं) शुद्धभावसम्पन्नः ॥**

**विधिवदिह यः प्रयुङ्क्ते करोत्यसौ नियमतो बोधिं ॥ १६ ॥**

एतद्देशनास्वरूपमेवमुक्तप्रकारेण विज्ञाय यथोचितंयथार्हं शुद्धभावसम्पन्नो विधिवदिवधिना य इह बालादिलोके प्रयुङ्क्ते-प्रवर्तयति सद्धर्मदेशनौषधं, असौ नियमतो बोधिं जनयति ॥ १६ ॥

**કહેલા અર્થનો નિચોડ લાવતા કહે છે...**

**ગાથાર્થ** :- ઉપરોક્ત રીતે દેશના સ્વરૂપને જાણી યથાયોગ્ય વિધિપૂર્વક શુભભાવવાળા ગુરૂ બાળાદિના વિષે દેશનારૂપી દવાનો પ્રયોગ કરે છે. તે આ (ગુરૂ) ચોક્કસ તે શ્રોતાને બોધિલાભ પમાડે છે... ॥ ૧૬ ॥

***॥ ઈતિ પ્રથમ ષોડશકમ્ ॥***



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# द्वितीयं देशना षोडशकम्

गुरुर्बालादीनां विधिना देशनां दद्यादित्युक्तं तद्विधिमेवाह ॥

बालादीनामेषां यथोचितं तद्विदो विधिर्गीतः ॥
सद्धर्मदेशनायामयमिह सिद्धान्ततत्त्वज्ञैः ॥ १ ॥

बालादीनां प्रागुक्तानां तद्विदस्तत्स्वरूपविदः सद्धर्मदेशनायामयमिह वक्ष्यमाणः सिद्धान्ततत्त्वज्ञैर्विधिर्गीतः ॥ १ ॥

**ગુરૂએ બાળાદિને વિધિપૂર્વક દેશના આપવી જોઈએ એમ કહ્યું. તે વિધિને દર્શાવે છે....**

**ગાથાર્થ** :- પૂર્વે કહેલા સ્વરૂપવાળા બાળાદિને તેમના સ્વરૂપને જાણનારા ગુરુએ યથોચિત રીતે દેશના કરવી. તે સદ્ધર્મ દેશનાના વિષયે આ પ્રકરણમાં કહેવાતો આ વિધિ આગમપરમાર્થમાં નિપુણ મહર્ષિઓએ કહેલ છે. ॥ ૧ ॥

तत्र बालोचितदेशनामाह ।

बाह्यचरणप्रधाना कर्त्तव्या देशनेह बालस्य ॥
स्वयमपि च तदाचारस्तदग्रतो नियमतः सेव्यः ॥ २ ॥

इह प्रक्रमे बालस्याद्यस्य धर्मार्थिनो बाह्यचरणप्रधाना बाह्यचारमुख्योद्देश्यका[1] देशना कर्त्तव्या, स्वयमपि चात्मनापि च तदाचारो बाह्याचारस्तदग्रतो बालस्याग्रतो नियमतः सेव्यो भवति । स्वयमुपदिश्यमानाचाराकरणे वितथाशङ्कया श्रोतुर्मिथ्यात्ववृद्धिप्रसङ्गात् ॥ २ ॥

**ત્યાં પહેલા બાળોચિત દેશના દર્શાવે છે....**

**ગાથાર્થ** :- અહીં પ્રસ્તુતમાં પહેલા નંબરના ધર્માર્થી બાળને બાહ્યાચારનો મુખ્ય ઉદ્દેશ્ય હોય એવી દેશના આપવી. અને જાતે પણ તેની

---

१ - पदेश्यं



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામે નિયમથી બાહ્ય આચારને સેવે. પોતે ઉપદેશ આપે એ પ્રમાણે ન કરે તો ખોટી આશંકાના લીધે શ્રોતાનાં મિથ્યાત્વનો વધારો થવાનો પ્રસંગ આવે. ॥ ૨ ॥

तस्या एव बालदेशनाया अभिलापमाह ।

सम्यग्लोचविधानं ह्यनुपानत्कत्वमथ धरा शय्या ॥
प्रहरद्वयं रजन्याः स्वापः शीतोष्णसहनं च ॥ ३ ॥

सम्यग्यथोपदेशं लोचविधानं यतीनामावश्यकं, हिशब्दश्चार्थे सर्वत्र सम्बन्धनीयोऽनुपानत्कत्वं च पादत्राणरहितभावश्च;, अथ धरैव शय्या नान्यत्पर्यङ्कादि, रजन्याः प्रहरद्वयं-द्वितीयतृतीयौ प्रहरावेव स्वापः शयनं, प्रथमचतुर्थयोः स्वाध्याय एव प्रवृत्तेः, शीतोष्णसहनं तथानुकूलप्रतिकूलपरीषहतितिक्षा ॥ ३ ॥

**તેજ બાળદેશનાને પ્રગટ કહે છે...**

**ગાથાર્થ** :- આગમમાં કહ્યું છે તે પ્રમાણે લોચ કરવો. પગરખાં ન પહેરવા; ભૂમિ ઉપર સંથારો કરવો; રાત્રિના બે પહોર સુવું; શીત ઉષ્ણ વિ. પરિષહો સહેવા. ॥ ૩ ॥

**વિશેષાર્થ** :- શાસ્ત્રમાં કહ્યાં પ્રમાણે સાધુઓને લોચ કરવો આવશ્યક છે. અને સાધુઓને પગરખાં (બુટ-ચપ્પલ વિ.)ન પહેરાય. હિ. શબ્દ 'ચ' અર્થમાં છે તેનો સર્વપદ સાથે સંબંધ કરવાનો છે, તેથી જ અહીં અને સાધુઓને... એમ કહ્યું અને પૃથ્વીને શય્યા બનાવવી એટલે પલંગ વિ. ઉપર સંથારો ન કરતાં પૃથ્વી ઉપર એક સંથારો ને ઉત્તરપટો પાથરવો જોઈએ. અને ત્રીજા અને ચોથા પહોરમાં ઊંઘ લેવાની, કારણ કે પહેલા અને છેલ્લાં પહોરમાં સ્વાધ્યાય જ કરવાનો હોય છે. તથા અનુકૂળ પ્રતિકૂળ પરિષહોને સમભાવે સહન કરવા. ॥ ૩ ॥

षष्ठाष्टमादिरूपं चित्रं बाह्यं तपो महाकष्टं ॥
अल्पोपकरणसन्धारणं च तच्छुद्धता चैव ॥ ४ ॥

षष्ठाष्टमादिरूपं समयप्रसिद्धं चित्रं नानाप्रकारं महाकष्टमल्पसत्त्वैर्दुर्बलसंहननैश्च दुरनुचरमितिकृत्वा अल्पस्यैवोपकरणस्योपधिकादेः, सन्धारणं च तच्छुद्धता चैवोद्गमादिदोषशुद्ध्या ॥ ४ ॥



જૈન સાઈટ JAINSITE જૈન આગમ વિશાળ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- છટ્ઠ અઠ્ઠમ વિ. શાસ્ત્ર પ્રસિદ્ધ વિવિધ પ્રકારના મહાકષ્ટવાળા તપો આચરવા, થોડા ઉપકરણો રાખવા અને ઉદ્‌ગમાદિ દોષથી શુદ્ધ ઉપકરણ આહાર વિ. લેવા ॥

**વિશેષાર્થ** :- મહાકષ્ટ એટલે તપ ભારે દુઃખ આપનાર છે એવો અર્થ નથી, પણ અલ્પસત્ત્વવાળા અને નબળા માણસોને તે તપ આચરવો મહામુશ્કેલ હોવાથી મહાકષ્ટ તપનું વિશેષણ મૂક્યું છે. ॥ ૪ ॥

**गुर्वी पिंडविशुद्धिश्चित्रा द्रव्याद्यभिग्रहाश्चैव ॥**

**'विकृतीनां संत्यागस्तथैकसिक्थादिपारणकम् ॥ ५ ॥**

गुर्व्वी पिण्डविशुद्धिराधाकर्मिकादित्यागेन, द्रव्यक्षेत्रकालभावाभिग्रहाश्चैव चित्रा नानाप्रकाराः समयप्रसिद्धा, विकृतीनां क्षीरादीनां सन्त्यागः; तथैकसिक्थं यत्र तदादिपारणकमुपवासादितपोदिनानन्तरदिनभोजनमादिनैककवलादिग्रहः ॥ ५ ॥

**ગાથાર્થ** :- આધાકર્મી વિ. દોષનો ત્યાગ દ્વારા આહારાદિની મહાવિશુદ્ધિ કરવી. ભગવતી શતક-૭ ઉદ્દેશો-૧ માં શુદ્ધ ગોચરીનું વિધાન છે. દ્રવ્યાદિને આશ્રયી શાસ્ત્રમાં પ્રસિદ્ધ વિવિધ જાતનાં અભિગ્રહ ધારણ કરવા. દૂધ દહિં વિ. વિગઈનો ત્યાગ કરવો. ઉપવાસાદિના પારણે એક સિક્થ બેસિક્થ-એક બે દાણા લેવા.આદિ પદથી એક બે કોળિયા લેવા ઈત્યાદિનું ગ્રહણ થાય છે. ॥ ૫ ॥

**अनियतविहारकल्पः कायोत्सर्गादिकरणमनिशं च ॥**

**इत्यादि बाह्यमुच्चैः कथनीयं भवति बालस्य ॥ ६ ॥**

अनियतस्याप्रतिबद्धस्य विहारस्य कल्पः समाचारो नवकल्पादिनीत्या च पुनरनिशं कायोत्सर्गादिकरणमादिनातापनादिग्रहः, इत्यादि बाह्यमनुष्ठानमुच्चैरतिशयेन बालस्य कथनीयं भवति । आदिना प्रतिश्रयप्रत्युपेक्षणप्रमार्जनकालग्रहणादिग्रहणम् ॥ ६ ॥

**ગાથાર્થ** :- નવકલ્પાદિ નીતિથી અપ્રતિબદ્ધ વિહાર કરવો, હંમેશ માટે કાઉસગ્ગ કરવો, આતાપના લેવી. ઈત્યાદિ બાહ્ય અનુષ્ઠાન અતિશયથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ઘણું કરીને) બાળને કહેવાના હોય છે. ॥

**વિશેષાર્થ** :- અતિશયેન - તેને - બાળને અનુષ્ઠાનની મહત્તા દુષ્કરતા વિ. નું એવી રીતે વર્ણન કરે કે સાંભળનારને આના ઉપર બહુમાન થયા વિના રહેજ નહિ. આદિપદથી ઉપાશ્રય પાત્ર વિ. નું બરાબર દ્રષ્ટિપડિલેહણ કરવું અને રજોહરણ વિ. થી પ્રમાર્જના કરવી તેમજ પ્રાભાતિક વિ. કાલગ્રહણ લેવા ઈત્યાદિ ગ્રહણ થાય છે. ॥ ૬ ॥

मध्यमबुद्धेर्देशनाविधिमाह ।

**मध्यमबुद्धेस्त्वीर्यासमितिप्रभृति त्रिकोटिपरिशुद्धम् ॥**

**आद्यन्तमध्ययोगैर्हितदं खलु साधुसद्वृत्तम् ॥ ७ ॥**

मध्यमबुद्धिस्त्वीर्यासमितिप्रभृतिप्रवचनमातृरूपं तिसृभिः कोटिभी रागद्वेषमोहलक्षणाभिर्यद्वा कृतकारितानुमतभेदभिन्नहननपचनरक्रयणरूपाभिः प्रतिषेधव्यापारेण परिशुद्धं । यद्वा तिसृभिः कोटिभिः शास्त्रस्वर्णशोधनकारिणीभिः कषच्छेदतापलक्षणाभिः परिशुद्धं, सर्वस्य शास्त्रस्य प्रवचनमात्रन्तर्भूतत्वात्, साधुसद्वृत्तं खल्विति निश्चये आद्यन्तमध्ययोगैर्वयोवस्थात्रयगतैरध्ययनार्थश्रवणधर्मध्यानादिधर्मव्यापारैः 'आवीलए पवीलए निप्पीलए' (भगवती शतक - ६ उद्देशो - ३) इत्यागमात्तदविरोध्यल्पमध्यमविकृष्टतपोविशेषरूपैर्वा हितदं भवति ॥ ७ ॥

**મધ્યમબુદ્ધિસંબંધી દેશના વિધિ કહે છે. ....**

**ગાથાર્થ** :- મધ્યમ બુદ્ધિવાળાને ત્રણ કોટિથી શુદ્ધ, આદિઅંત મધ્ય અવસ્થામાં નિશ્ચયથી હિતકારી હોય; એવું ઈર્યાસમિતિ વિ. સાધુ સંબંધી સદ્આચરણ કહેવું જોઈએ.

**વિશેષાર્થ** :- ઈર્યાસમિતિ વિગેરે પ્રવચન માતા રૂપ છે. અને તે ત્રણ કોટિ એટલે રાગ દ્વેષ મોહ અથવા કરવું કરાવવું અને અનુમોદવું રૂપ ત્રણ ત્રણ ભેદવાળા હણવું રાંધવું વેચવું રૂપ ત્રણકોટિથી શુદ્ધ; એટલે તે દોષોનું સેવન ન કરવું અથવા શાસ્ત્ર રૂપી સોનાની કસોટી કરનાર કષ છેદ તાપ રૂપ ત્રણ કોટિથી શુદ્ધ; તથા સર્વશાસ્ત્ર પ્રવચનમાતામાં સમાઈ જતું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી સાધુસદ્વૃત્ત નિશ્ચયથી પહેલી અવસ્થામાં શાસ્ત્ર ભણવા વિ. દ્વારા બીજી ઉંમરમાં શાસ્ત્રના અર્થ સાંભળવા વિ. દ્વારા છેલ્લી અવસ્થામાં ધર્મધ્યાન વિ. દ્વારા હિતકારી બને છે.

આવીલએ આયંબિલાદિ સામાન્ય તપ સાથે સૂત્ર કંઠસ્થ કરવા.- પવીલએ બીજાને ભણાવવું. નિપ્પીલએ જર્જરિત દેહ જાણી સંલેખના કરવી (ભગવતી શતક - ૬ ઉદ્દેશો - ૩ )મેળું કપડું સામાન્ય ઘસવાથી થોડુ સાફ થાય વધારે ઘસવાથી વધારે સાફ થાય ઈત્યાદિ આગમતત્ત્વથી આગમને અવિરોધી એવા અલ્પ મધ્યમ ઉત્કૃષ્ટ રૂપ તપ વિશેષથી આત્માને સદાચાર હિતકારી થાય છે. ॥ ૭ ॥

ततश्च ।

**अष्टौ साधुभिरनिशं मातर इव मातरः प्रवचनस्य ।**
**नियमेन न मोक्तव्याः परमं कल्याणमिच्छद्भिः ॥ ८ ॥**

साधुभिरनिशं निरन्तरमष्टौ प्रवचनस्य मातर ईर्यासमित्याद्याश्चारित्रात्मनः प्रसूतिहेतुत्वेन हितकारित्वेन च मातर इव-जनन्य इव नियमेनावश्यम्भावेन न मोक्तव्याः । कीदृशैः साधुभिः ? परमं-निरुपमं कल्याणं मङ्गलमिच्छद्भिः ॥ ८ ॥

**ગાથાર્થ** :- પરમ કલ્યાણને ઈચ્છનાર સાધુઓએ માતા સમાન પ્રવચનની માતાને સતત સંભાળવી જોઈએ. તે માતાને નિશ્ચયથી ક્યારે પણ ન મૂકવી.

જૈનમ્ જયતિ શાસનમ્

**વિશેષાર્થ** :- ઈર્યાસમિતિ વિ. થી ચારિત્રરૂપ આત્માનો જન્મ થાય છે. અને તેનું પાલન થાય છે. માટે ઈર્યાસમિતિ વિ. ને પ્રવચનની માતા કહેવાય છે. ॥ ૮ ॥

**एतत्सचिवस्य सदा साधोर्नियमान्न भवभयं भवति ॥**
**भवति च हितमत्यन्तं फलदं विधिनाऽऽगमग्रहणम् ॥ ९ ॥**

एतत्सचिवस्य प्रवचनमातृसहितस्य सदा सर्वकालं साधोर्नियमान्निश्चयेन न भवभयं भवति । तद्विरोध्युत्कटनिःश्रेयसास्थानिष्पत्तेः । भवति च सम्पद्यते च प्रवचनमातृविधानसम्पन्नस्य हितं भाव्यपायपरिहारसारत्वेनात्यन्तं प्रकर्ष-वृत्या फलदं फलहेतुर्विधिना मण्डलिनिषद्यादिरूपेण सूत्रोक्तेनागमग्रहणं वाचनादिव्यापारेणाधिकारिकर्तृकत्वात्; प्रवचनमातृरहितस्य त्वतथात्वदागम-ग्रहणमत्यन्तफलदं न भवति ॥ ९ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- પ્રવચન માતાની સાથે રહેનાર સાધુને સંસાર ભય હોતો જ નથી. અને તેનું હિત થાય છે તેમજ આ માતા વિધિપૂર્વક આગમગ્રહણ કરવા રૂપ પ્રકર્ષવૃત્તિથી ફળ આપનાર બને છે.

**વિશેષાર્થ** :- પ્રવચન માતાની સાથે રહેનાર સાધુને હંમેશ માટે સંસારનો ભય ટળી જાય છે; કારણકે સંસાર (ભય)ની વિરોધિ ઉત્કૃષ્ટ કલ્યાણ સ્વરૂપ મોક્ષની દ્રઢ શ્રદ્ધા તેને જાગી ગઈ છે.

જેમ ડૉ. કહે તમે થોડા દિવસમાં સ્વસ્થ થઈ જશો,. તે વચન ઉપર દ્રઢ શ્રદ્ધા જાગી જાય તો વિદ્યમાન રોગની ફિકર રહેતી નથી. પ્રવચન માતાના આચરણવાળાને આગામી આપત્તિ ટળી જતી હોવાથી તાદૃશ આચરણવાળા સાધુને હિત થાય છે.

પ્રવચનમાતાના આચરણવાળો સાધુ માંડલીમાં બેસવાનો અધિકારી બનતો હોવાથી સૂત્રોક્ત વિધિથી ગુરુ ઉપદેશેલ વાચના વિ. દ્વારા આગમ ગ્રહણ કરી શકે. આવું પ્રકર્ષ ફળ પ્રવચન માતા આપે છે. પ્રવચન માતા વગરનો સાધુ માંડલીમાં બેસવાનો અધિકારી બનતો નથી, તેથી વિધિ પૂર્વક આગમ ગ્રહણ કરી શકે નહિ. અને અવિધિથી ગ્રહણ કરેલ આગમ પ્રકર્ષફળ આપવાં સમર્થ નથી. એટલે તે ઉત્કૃષ્ટ નિર્જરાનું સાધન બની શકતું નથી. ॥ ૯ ॥

JAINSITE
जैनम् जयति शासनम्

**गुरुपारतन्त्रमेव च तद्बहुमानात्सदाशयानुगतम् ॥**

**परमगुरुप्रातेरिह बीजं तस्माच्च मोक्ष इति ॥ १० ॥**

गुरुपारतन्त्र्यमेव च - गुर्वाज्ञावशवर्तित्वमेव च तद्बहुमानाद्गुरुविषयान्तर-प्रीतिविशेषान्न तु विष्टिमात्रज्ञानात् । सदाशयेन-भवक्षयहेतुरयं मे, गुरुरित्ये-वंभूतशोभनपरिणामेन नतु जात्यादिसम्बन्धज्ञानेनानुगतं सहितं, परमगुरु-प्राप्तेः सर्वज्ञदर्शनस्येह जगति बीजं, गुरुबहुमानात्तथाविधपुण्य- सम्पत्त्या सर्वज्ञदर्शनसम्भवात् तस्माच्च हेतोर्मोक्ष, इति हेतोर्गुरुपारतन्त्र्यं साधुनावश्यं विधेयमिति सोपस्कारं व्याख्येयं १० ॥

**આગમ ગ્રહણ ગુરુ ને અધીન હોવાથી ગુરુ સંબંધી પણ ઉપદેશ આપવો જોઈએ. એથી કહે છે..**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- ગુરુ ઉપરના બહુમાનથી ગુરુઆજ્ઞાને વશ રહેવું અને સારા આશય યુક્ત હોવું તે આ જગતમાં સર્વજ્ઞ પ્રાપ્તિનું બીજ છે. તેનાથી મોક્ષ થાય છે. માટે ગુરુનું પારતંત્ર્ય અવશ્ય સ્વીકારવું ॥ ૧૦ ॥

**વિશેષાર્થ** :- ગુરુ ઉપર આંતરિક પ્રીતિથી ગુરુ આજ્ઞા સ્વીકારવી; નહી કે વેઠ ઉતારવા પુરતી તેમની આજ્ઞાનું પાલન કરવું. "આ ગુરુ મારા સંસારનો નાશ કરવામાં કારણ છે." આવા સુંદર શુદ્ધ આશય યુક્ત થવું. પણ આ મારા કાકા છે,. આ મારા મામા છે. માટે મને બરાબર સાચવશે ઈત્યાદિ સંસારી સંબંધીજ્ઞાનવાળા ન થવું. આ સર્વજ્ઞ શાસનનું (દર્શનનું) બીજ છે. કારણકે ગુરુ બહુમાનથી તેવાં પ્રકારનું પુણ્ય ઉભું થાય છે, જેનાથી સર્વજ્ઞ દર્શનની પ્રાપ્તિ થાય છે. તેનાથી મોક્ષ મળે છે. માટે ગુરુની અધીનતા સાધુએ અવશ્ય સ્વીકારવી જોઈએ. આટલું અધ્યાહારથી લેવું ॥ ૧૦ ॥

**इत्यादि साधुवृत्तं मध्यमबुद्धेः सदा समाख्येयम् ॥**
**आगमतत्त्वं तु परं बुधस्य भावप्रधानं तु ॥ ११ ॥**

इत्याद्युक्तं साधुवृत्तं मध्यमबुद्धेः सदा निरन्तरं सामाख्येयं प्रकाशनीयम् । आगमतत्त्वं तु प्रागुक्तं परं केवलं बुधस्य 'भावप्रधानं तु' परमार्थसारमेव समाख्येयम् ॥ ११ ॥

JAINSITE .com

**ગાથાર્થ** :- ઈત્યાદિ ઉપર કહેલો સાધુનો આચાર મધ્યમ બુદ્ધિવાળાને હંમેશ ને માટે કહેવો જોઈએ. પરમાર્થ સારવાળું આગમતત્ત્વ તો માત્ર બુધની આગળ જ પ્રકાશવું. ॥ ૧૧ ॥

प्राप्तसङ्गतिकं बुधस्योपदेश्यमेव स्पष्टमाह ॥

**वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ॥**
**इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥ १२ ॥**

वचनाराधनया खल्वागमाराधनयैव, खलुशब्द एवकारार्थः । धर्मः श्रुतचारित्ररूपः सम्पद्यते, तद्बाधया तु महाकष्टकारिणोप्यधर्म इति-हेतोरिदं-विधिनिषेधरूपं वचनं धर्मगुह्यं धर्मरहस्यं सर्वस्वं सर्वसारश्चैतदेव वचनमेवास्य धर्मस्य ॥ १२ ॥

**સંગતિપ્રાપ્ત બુધને ઉપદેશવા યોગ્ય સ્પષ્ટ રીતે કહે છે....**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- આગમ આરાધનાથીજ શ્રુત ચારિત્ર રૂપ ધર્મ થાય છે. તેની - આગમની બાધાથી અધર્મ થાય. અહીં આ વિધિ નિષેધ રૂપ વચન ધર્મનું રહસ્ય છે. અને આજ વચન ધર્મનું સર્વસ્વ છે. ॥ ૧૨ ॥

**વિશેષાર્થ** :- **તદ્બાધયા** : જેમાં જિનાજ્ઞાને બાધા આવતી હોય તેવી મહાકષ્ટકારી ક્રિયા કરવાથી પણ અધર્મજ થાય છે. પંચાગ્નિ તપ ઈત્યાદિ બાલ તપ કરનાર સંસારમાં જ સપડાય છે... ॥ ૧૨ ॥

अथ किमिति सकलानुष्ठानोपसर्जनीभावापादनेन वचनस्यैव प्राधान्यं ख्याप्यत इत्याशङ्कायामाह

**यस्मात्प्रवर्त्तकं भुवि निवर्तकं चान्तरात्मानो वचनम् ॥**
**धर्मश्चैतत्संस्थो मौनीन्द्रं चैतदिह परमम् ॥ १३ ॥**

यस्मात् प्रवर्तकं भुवि भव्यलोके स्वाध्यायादौ विधेये । निवर्त्तकं च हिंसादेरन्तरात्मनो मनसो वचनम् । धर्मश्च प्रवृत्तिनिवृत्ति-फलजननव्यापारीभूत एतस्मिन् वचने ज्ञापकतासन्बन्धेन सन्दिष्ट[1] इत्येतत्संस्थः 'मौनीन्द्रं' मौनीन्द्रोक्तेनाबाधितप्रामाण्यं चैतद्वचनमिह प्रक्रमे परमं अनुष्ठानानुपजीविप्रामाण्यं, तत इदमेव प्रधानमुद्घुष्यतेऽनुष्ठानादिकं चैतदुपजीवकत्वेनोपसर्जनीक्रियत इति भावः ॥ १३ ॥

**હવે સઘલાએ અનુષ્ઠાનને ગૌણ બનાવી વચનાનુષ્ઠાનને મુખ્યરૂપે કેમ કહેવાય છે, એવી આશંકા થયે છતે ગ્રંથકાર સમાધાન આપે છે.**

**ગાથાર્થ** :- આગમવચન તે ભવ્યલોકને વિષે સ્વાધ્યાયાદિ વિધેયમાં મનને પ્રવર્તાવે છે અને હિંસાદિથી મનને પાછુ વાળે છે. અને આ વચનમાં ધર્મ રહેલો છે. તેમજ મુનિનેતા - તીર્થંકરપરમાત્માએ આ વચન ભાખેલા હોવાથી આ વચન જ શ્રેષ્ઠ છે.

**વિશેષાર્થ** :- ભવ્યલોકે - એટલે ભવ્યલોકોને જ આ આગમવચન સ્વાધ્યાદિ વિધેયમાં પ્રવૃત્તિ અને પ્રતિષિદ્ધ નિવૃત્તિ કરાવે કારણકે તેમને આગમ વચનનું બહુમાન હોય છે. પણ અભવ્યને નહિં માટે અહીં 'ભુવિપદ'થી ટીકાકારે 'ભવ્યલોકે' એવો અર્થ લીધો છે. પ્રવૃત્તિ નિવૃત્તિ ના ફળને ઉત્પન્ન કરવામાં વ્યાપારભૂત ધર્મ છે. શ્રુતચારિત્રાત્મકધર્મ વચનથી જન્ય છે અને વચન જન્ય પ્રવૃત્તિ નિવૃત્તિ નો જનક હોવાથી વ્યાપારરૂપ

१. सन्तिष्ठतं



JAINSITE.com જૈન સાઈટ જયતુ શાસન
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે. (કારણ કે સંયમથી શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ સંભવી શકે છે.)

**તે ધર્મ આગમ** - વચનમાં જ્ઞાપકતા સંબંધથી રહે છે, કારણકે વચન ધર્મને જણાવનાર હોવાથી જ્ઞાપક થયો તેમાં જ્ઞાપકતા ધર્મ રહ્યો તેજ સંબંધ બન્યો. મુનીશ્વરે ભાખેલા હોવાથી કોઈપણ પ્રમાણથી તે વચનનો બાધ થતો નથી. આ વચન અનુપજીવી-અન્ય અનુષ્ઠાનની અપેક્ષા રાખતું ન હોવાથી પ્રધાન કહેવાય છે. ત્યારે અન્ય અનુષ્ઠાનને વચનની અપેક્ષા હોવાથી તેઓ ગૌણ કહેવાય છે. ॥ ૧૩ ॥

वचनस्यैव माहात्म्यमभिष्टौति च ।

**अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ॥**

**हृदयस्थिते च तस्मिन्नियमात्सर्वार्थसंसिद्धिः ॥ १४ ॥**

अस्मिन् वचने हृदयस्थे सति हृदयस्थः स्मृतिद्वारा तत्त्वतो मुनीन्द्रः स्वतन्त्रवक्तृत्वरूपतत्सम्बन्धशालित्वात् । इतिः पादसमाप्तौ । हृदयस्थिते च तस्मिन् मुनीन्द्रे नियमान्निश्चयेन सर्वार्थसम्पत्तिर्भवति ॥ १४ ॥

**વચનના મહાત્મ્યને વખાણે છે....**

**ગાથાર્થ** :- વચનને હૃદયમાં ધારણ કર્યે છતે પરમાર્થથી સ્મૃતિ દ્વારા મુનીન્દ્ર હૃદયમાં આવી જાય છે. અને પ્રભુ હૃદયમાં પધાર્યે છતે નિયમથી સર્વ અર્થની પ્રાપ્તિ થાય છે.

**વિશેષાર્થ** :- પ્રભુ સ્વતંત્ર વક્તા હોવાથી તેમને વચન સાથે સંબંધ રહેલો છે. અને 'એક સંબંધિ જ્ઞાનં અપર સંબંધિનઃ સ્મારકં' આ ન્યાયથી વચન હૃદયમાં આવતા સ્મરણ દ્વારા પ્રભુ પણ હૃદયમાં બિરાજમાન થઈ જાય છે. ॥ ૧૪ ॥

**यतः ।**

**चिन्तामणिः परोऽसौ तेनैवं (तेनेयं) भवति समरसापत्तिः ॥**

**सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता ॥ १५ ॥**

असौ भगवान् परः प्रकृष्टः चिन्तामणिर्वर्त्तते तेनेयं सर्वत्र पुरस्क्रियमाणागमसम्बन्धोद्बोधितसंस्कारजनितभगवदहृदयस्थता समर- सापत्तिः समतापत्तिर्भवति । रसशब्दोत्र भावार्थः । भगवत्स्वरूपोपयुक्तस्य तदुप-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

योगानन्यवृत्तेः परमार्थतस्तद्रूपत्वाद्बाह्यालम्बनाकारोपरक्तत्वेन ध्यानविशेषरूपा तत्फलभूता वा मानसः समापत्तिरभिधीयते, तथोक्तं योगशास्त्रे- ''क्षीणवृत्तेरभिजात्यस्येव मणेर्ग्राह्यग्रहीतृग्रहणेषु तत्स्थतदञ्जनता समापत्तिः''। सा च 'मयि तद्रूपं' स एवाहमित्यादिध्यानोल्लिख्यमानवैज्ञानिकसम्बन्धविशेषरूपा । सैव समापत्तिर्योगिनः - सम्यक्त्वादिगुणपुरुषस्य माता - जननी निर्वाणफलप्रदा च प्रोक्ता तद्वेदिभिराचार्यैः ॥ १५ ॥

**આ પ્રમાણે પરમાત્મા સર્વ પ્રયોજનની સિદ્ધિ કરનારા છે, આ વિશેષણ દ્વારા પ્રભુની સ્તુતિ શા માટે કરો છો. એનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે.....**

**ગાથાર્થ** :- પ્રભુ ઉત્કૃષ્ટ કોટિના ચિંતામણી રત્ન છે. તેમના વડે ઉપશમ (સમ) ભાવની પ્રાપ્તિ થાય છે (પરમાત્મા સાથે એકી ભાવ થાય છે.) જે યોગી (સાધુ) ની માતા છે. અને મોક્ષ ફળ આપનારી છે. એમ તેના જ્ઞાતાઓએ કહ્યું છે.

**વિશેષાર્થ** :- આ પરમાત્મા ચિંતામણી કરતાં વધારે પ્રભાવશાલી છે. તેન-પરમાત્માના આધારે આ સમરસાપત્તિ પ્રાપ્ત થાય છે. - એટલે કે સર્વ બાબતમાં આગળ કરાતાં આગમના સંબંધથી જાગેલા સંસ્કાર દ્વારા પ્રભુને હૃદયમાં ધારવા રૂપ સમરસાપત્તિ ઉત્પન્ન થાય છે.

અહીં રસ શબ્દ ભાવ અર્થમાં છે. આગમ પ્રભુ પ્રણીત હોવાથી પ્રતિપાદ્ય પ્રતિપાદક ભાવ રૂપ સંબધથી "આ પ્રભુએ ભાખેલું છે." એવી સ્મૃતિનાં જનક સંસ્કાર જાગે છે, જે સ્મૃતિથી પ્રભુ ઉપર બહુમાન જાગવા દ્વારા પ્રભુ હૃદયમાં સ્થિર થાય છે. આમ ધ્યાતા ધ્યેય અને ધ્યાનનું એક ઠેકાણે મિલન થયુ તે જ સમભાવની પ્રાપ્તિ છે.

ભગવાનના સ્વરૂપમાં ઉપયુક્ત બનેલાની પ્રભુના ઉપયોગમાં અનન્ય વૃત્તિ પરમાર્થથી (પરમાત્મા) રૂપ હોવાથી તેમજ બાહ્ય આલંબન આકારથી રંગાયેલ હોવાથી ધ્યાન વિશેષ રૂપ છે, અથવા તેજ ધ્યાનના ફળભૂત મનની સમાપત્તિ કહેવાય છે. વળી **યોગ શાસ્ત્રમાં** કહ્યું છે કે ઉચ્ચ કોટિના સ્ફટિકમણિ પાસે જે વસ્ત્ર લઈ જવામાં આવે ત્યારે વસ્ત્રમાં જે રંગ રહેલો હોય તેવી છાયા મણિમાં ભાસે છે. એટલે **ગ્રાહ્ય** - વસ્ત્રમાં રહેલો રંગ **ગ્રહિતા** - વર્ણને પકડનાર મણિ **ગ્રહણ** - વર્ણને સ્વીકારી તન્મય બની

१. पा ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવાનો મણિનો સ્વભાવ, એમ મણિ વસ્ત્ર રંગ ત્રણે એકમેક બની જાય છે. તેમ પ્રભુ ધ્યાનમાં લીન બનેલાને તે સિવાયની સર્વ વૃત્તિ નાશ પામી જાય છે. તેવા **ધ્યાતા ને ધ્યેય** - પરમાત્મા **ધ્યાતા** - વિચાર કરનારા વ્યક્તિ **ધ્યાન** પ્રભુના સ્વરૂપનો વિચાર આ ત્રણેનો જે સમાગમ થાય છે, તે જ સમાપત્તિ છે.

"મારા માં ભગવાન નું રૂપ છે. અને હું ભગવાન રૂપ જ છું." આવા ધ્યાનથી ઉલ્લેખ કરાતું સંવેદન વિશેષ જ સમાપત્તિ છે।

તે જ સમ્યકત્વાદિ ગુણવાળા પુરુષની માતા છે, તે સમાપત્તિ ને તેના જાણકાર આચાર્યોએ નિર્વાણ ફળ આપનાર કહી છે. ॥ ૧૫ ॥

उपसंहरन्नाह ।

**इति यः कथयति धर्मं विज्ञायौचित्ययोगमनघमतिः ।**

**जनयति स एनमतुलं श्रोतृषु निर्वाणफलदमलम् ॥ १६ ॥**

इत्युक्तप्रकारेण यो गुरुर्धर्मं कथयति विज्ञायौचित्येन योगं परिणामं बालादिपरिणामौचित्यमितियावदनघमतिर्निर्दोषबुद्धिर्जनयति स गुरुरेनं धर्ममतुलमनन्यसदृशं श्रोतृषुं शुश्रूषाप्रवृत्तेषु निर्वाणफलदमलमत्यर्थम-वन्ध्यबीजवपनसामर्थ्यादिति ज्ञेयम् ॥ १६ ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ઉપસંહાર કરતા કહે છે....**

**ગાથાર્થ :-** નિર્દોષ બુદ્ધિવાળા જે ગુરુ બાળાદિ પરિણામનું ઔચિત્ય જાણી ધર્મ ઉપદેશે છે, તે ગુરુ શ્રોતાના વિશે જેની તોલે કોઈ ન આવે આવા નિર્વાણ ફળને આપનાર ધર્મને ઉત્પન્ન કરે છે. ॥

**વિશેષાર્થ :-** યોગ્યતા - બાળાદિના જેવા પરિણામ હોય તે પ્રમાણેની યોગ્યતા જાણીને નિર્દોષમતિવાળા ગુરુ (મારો ભક્ત થશે કે ચેલો થશે ઈત્યાદિ મેલા ભાવ હોય તો શ્રોતાને ઉપદેશ બરાબર ફળતો નથી.) શ્રોતાને અસાધારણ અને મોક્ષ ફળ આપનાર એવો ધર્મ પમાડે છે.

**અલં** - એટલે ધર્મમાં અવંધ્યબીજ વાવવાનું સામર્થ્ય હોવાથી **અલં** - અત્યર્થા એ ધર્મનું વિશેષણ આપ્યું છે. ॥ ૧૬ ॥

***॥ ઈતિ દ્વિતીય ષોડશકમ્ ॥***



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# तृतीयं धर्मलक्षण षोडशकम्

सद्धर्मदेशनाविधिरुक्तोऽथ धर्मस्यैव स्वलक्षणमभिधित्सुराह ।

**अस्य स्वलक्षणमिदं धर्मस्य बुधैः सदैव विज्ञेयम् ।**
**सर्वागमपरिशुद्धं यदादिमध्यान्तकल्याणम् ॥ १ ॥**

अस्य धर्मस्य लक्ष्यते तदितरव्यावृत्तं वस्त्वनेनेति लक्षणं, स्वं च तल्लक्षणं च स्वलक्षणमिदं वक्ष्यमाणं बुधैः सदैव विज्ञेयं, लक्षणस्य कदाप्यपरावृत्तेः, स्वलक्षणं कीदृशं ? सर्वैरागमैः परिशुद्धं, सामान्यतस्तस्य सार्वतन्त्रिकत्वात्, तथा यत् स्वलक्षणमादिमध्यान्तेषु कल्याणमन्तरालाप्राप्तेः सदा सुन्दर-मित्यर्थः ॥ १ ॥

**સદ્ધર્મ દેશનાનો વિધિ કહ્યો. હવે ધર્મનું પોતાનું લક્ષણ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ :-** "સર્વ આગમો વડે પરિશુદ્ધ = સંગત જે આદિ મધ્ય અને અંતમાં સદા કલ્યાણકારી હોય" આ ધર્મનું સ્વલક્ષણ પંડિત પુરુષોએ જાણવું ॥ ૧ ॥

JAINSITE.com

**વિશેષાર્થ :-** જેના વડે વસ્તુ બીજાથી અલગ પડાય તે લક્ષણ કહેવાય; કહેવાતું આ સ્વલક્ષણ બુધજ બુધજનોએ સદા ધ્યાનમાં રાખવું. કારણકે લક્ષણનો ક્યારે પણ ફેરફાર થતો નથી. આ ધર્મલક્ષણ તમામ આસ્તિક દર્શનોનાં આગમોનાં ધર્મલક્ષણો સાથે સંગત છે. એટલે 'કોઈ જીવની હિંસા નહિ કરવી' અથવા 'આત્મનિપ્રતિકૂલં યત્' ઈત્યાદિથી "આત્માને પ્રતિ જે પ્રતિકૂળ હોય તેવું આચરણ બીજાને પ્રતિ ન કરવું." તે ધર્મ છે આ રીતે અન્ય આસ્તિક દર્શનોનાં ધર્મ લક્ષણો છે; તેની સાથે ભાવતઃ (સામાન્યતઃ) ઐક્યતા જળવાઈ રહે છે. । સદૈવ - વચ્ચે ક્યાંય તકલીફ ઉપજાવનાર નથી પણ સદા કલ્યાણકારી છે. ॥ ૧ ॥

किं धर्मस्य स्वलक्षणमित्याह ।

**धर्मश्चित्तप्रभवो यतः क्रियाधिकरणाश्रयं कार्यम् ॥**
**मलविगमेनैतत्खलु पुष्ट्यादिमदेष विज्ञेयः ॥ २ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

धर्मश्चित्तप्रभवो मानसाकूतजो नतु सम्मूर्च्छनजतुल्यक्रियामात्रं, यतो धर्मात् क्रियाया विहितनिषिद्धाचरणत्यागरूपाया अधिकरणमधिकारस्तदाश्रयं कार्यं भवनिर्वेदादि भवति एष मार्गानुसारी धर्मो लक्ष्यो नत्वभव्यादिगतोपि, स च मलविगमेन पुष्ट्यादिमत्-पुष्टिशुद्धिमदेतच्चित्तं विज्ञेयो लक्षण-निर्देशोयं ॥२ ॥

**ધર્મનું સ્વલક્ષણ શુ છે ? તે કહે છે.....**

**ગાથાર્થ** :- ધર્મ મનથી પ્રભવેલો છે. જેનાથી ક્રિયારૂપ અધિકાર પેદા થાય છે, તેના આશ્રયે ભવનિર્વેદાદિ કાર્ય થાય છે. આ ધર્મ મેલ દૂર થવાથી પુષ્ટિશુદ્ધિવાળા ચિત્તરૂપે જાણવો.

**વિશેષાર્થ** :- ધર્મ માનસિક સંકલ્પથી ઉત્પન્ન થયેલો હોય છે. એટલે વિચાર્યા વગર બીજાની દેખાદેખીએ તેવી પ્રવૃત્તિ રૂપ સંમૂચ્છનની જેવી ક્રિયા માત્ર કરવી તે ધર્મ નથી. આ ધર્મથી વિહિતનું આચરણ અને નિષિદ્ધના ત્યાગરૂપ ક્રિયાનો અધિકાર પેદા થાય છે, તેના આશ્રયથી ભવનિર્વેદાદિ કાર્ય થાય છે. આ માર્ગાનુસારી ધર્મ લક્ષ્ય રૂપ જાણવો પણ અભવ્ય કે દૂરભવ્યથી આચરિત ધર્મ લક્ષ્યરૂપ નથી. અને તે ધર્મ મળ (દોષ) દૂર થવા દ્વારા પુષ્ટિશુદ્ધિવાળું બનેલ જે મન તે રૂપ જ છે. આ લક્ષ્યનો નિર્દેશ થયો. ॥ ૨ ॥

JAINSITE.com
जैनम् जयति शासनम्

(ય.) ચિત્તજ ધર્મ છે; તે ચિત્તથી વિધિ પ્રતિષેધના વિષયવાળી ક્રિયા તદ્ રૂપકાર્ય ચિત્તનું અધિકરણ જે શરીર તેના આશ્રયથી થાય છે.

मलविगमेन पुष्ट्यादिमत्त्वं चित्तेऽस्य कथं स्यादित्येतद्विवक्षुराह ।

**रागादयो मलाः खल्वागमसद्योगतो विगम एषाम् ॥**

**तदयं क्रियात एव हि पुष्टिः शुद्धिश्च चित्तस्य ॥ ३ ॥**

इह मलाश्चित्तस्य रागादयः खलु रागद्वेषमोहा एव, खलुरेवार्थे एषां रागादीनां मलानां आगमनं आगमः सम्यक्परिच्छेदः तेन सद्‌योगः सद्व्यापारः सत्क्रियात्मा ततः सत् क्रियात्मनः सकाशाद्विगमस्ततस्तस्मादयं मलविगमः, क्रियायाः कारणे कार्योपचारादत एव सत्क्रियारूपमलविगमात् पुष्टिशुद्धिश्च वक्ष्यमाणा चित्तस्य सम्भवति ॥ ३ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**"મળ દૂર થવા દ્વારા પુષ્ટયાદિપણું આના (સાધકના) ચિત્તમાં કેવી રીતે થાય" આની વિવક્ષા કરવાની ઈચ્છાથી ગ્રંથકાર કહે છે....**

**ગાથાર્થ** :- રાગાદિ મળો છે, એઓનો આગમ (સમ્યગ્જ્ઞાન)થી ઉત્પન્ન થયેલ સદ્યોગથી નાશ થાય છે. એટલે મળનો નાશ કરનારી ક્રિયાથીજ ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ સંભવે છે.

**વિશેષાર્થ** :- ચિત્તના રાગ દ્વેષ મોહ જ મળ છે. પણ બાહ્ય પદાર્થ નહિં. આગમોક્તમાર્ગનું સાચુ સચોટ જ્ઞાન થવાથી જે સુંદર આચરણ વિધિનિષેધપાલન થાય છે, તેનાથી એઓનો નાશ થાય છે. માટે આ મળનો નાશ કરવામાં કારણભૂત જે ક્રિયા છે તેમાં મળ વિગમ રૂપ કાર્યનો ઉપચાર કરવાથી - કારણમાં કાર્યનો ઉપચાર થવાથી સત્ક્રિયા રૂપ મળ વિગમથી કહેવાતી ચિત્તની પુષ્ટિ શુદ્ધિ થાય છે.

પુષ્ટિ શુદ્ધિ સાક્ષત્ તો મળના નાશથી થાય છે પણ ગ્રંથકારે ક્રિયાત એવ' એમ જે કહ્યું છે તે ઉપચારથી જાણવું ॥ ૩ ॥

पुष्टिशुद्ध्योर्लक्षणं फलं चाह ।

**पुष्टिः पुण्योपचयः, शुद्धिः पापक्षयेण निर्मलता ॥**
**अनुबन्धिनि द्वयेऽस्मिन् क्रमेण मुक्तिः परा ज्ञेया ॥ ४ ॥**

पुष्टिः पुण्योपचयः प्रवर्द्धमानपुण्ययोगः, शुद्धिः पापक्षयेण सम्यग्ज्ञानादिगुणविघातकघातिकर्मव्यपगमेन निर्मलता, यावती काचिद्देशतोऽपि निरुपाधिकताऽस्मिन् पुष्टि शुद्धि लक्षणे द्वयेऽनुबंधिन्यविच्छिन्नप्रवाहे सति क्रमेण तत्प्रकर्षप्राप्तिपरिपाट्या तस्मिन् जन्मनि भवान्तरेषु वा प्रकृष्यमाणवीर्यस्य जीवस्य मुक्तिः परा तात्त्विकी सर्वकर्मक्षयलक्षणा ज्ञेया ॥ ४ ॥

**પુષ્ટિ શુદ્ધિના લક્ષણ અને ફળને કહે છે...**

**ગાથાર્થ** :- પુણ્યનો વધારો તે પુષ્ટિ અને પાપના નાશથી સ્વચ્છતા પ્રાપ્ત થવી તે શુદ્ધિ છે. આ બંનેની અવિચ્છિન્ન પરંપરા ચાલ્યે છતે અનુક્રમે મોક્ષ મંઝીલના રહેવાસી થવાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષાર્થ** :- પુષ્ટિ એટલે પુણ્યાનુબંધી પુણ્યના યોગમાં વધારો થયા કરે. શુદ્ધિ એટલે આત્માના સમ્યગ્ જ્ઞાનાદિગુણનો ઘાત કરનારાં એવા ઘાતી કર્મો દૂર થવાથી આત્માની જેટલા અંશે સ્વચ્છતા-નિર્મળતા થાય તે શુદ્ધિ એટલે જેટલા અંશે નિરૂપાધિપણું પ્રાપ્ત થાય તે શુદ્ધિ કહેવાય. આ બંનેનો અવિચ્છિન્ન પ્રવાહ ચાલ્યે છતે અનુક્રમે તેમનો પ્રકર્ષ થવાથી તેજ ભવે કે અન્યભવમાં વધતા જતાં વીર્યોલ્લાસવાળા જીવને સર્વકર્મના ક્ષય રૂપ વાસ્તવિક મુક્તિ પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

एतदद्वयानुबन्धसामग्री कस्य न भवतीत्याह ।

**न प्रणिधानाद्याशयसंविद्व्यतिरेकतोऽनुबन्धि तत् ।**

**भिन्नग्रन्थेर्निर्म्मलबोधवतः स्यादियं च परा ॥ ५ ॥**

प्रणिधानादयो वक्ष्यमाणा आशया अध्यवसायस्थानविशेषास्तेषां संविदनुभूतिस्तस्या व्यतिरेकतोऽभावादेतत्पुष्टिशुद्धिद्वयमनुबन्धि न भवति तस्मादियमेतदनुबन्धसामग्री, इयं च भिन्नग्रन्थेरपूर्वकरणेन कृतग्रन्थिभेदस्य तन्महिम्नैव निर्मलबोधवतः परा-प्राधाना स्यात् ॥ ५ ॥

**આ બંનેનો પ્રવાહ ચાલે એવી સામગ્રી કોને નથી મળતી તે દર્શાવે છે....**

**ગાથાર્થ** :- પ્રણિધાનાદિ પાંચ આશયના જ્ઞાનના અભાવથી તે બંનેનો પ્રવાહ અટકી જાય છે. ગ્રંથી ભેદવાથી ઉત્પન્ન થયેલ નિર્મળ બોધવાળાને પુષ્ટિશુદ્ધિના અનુબંધની ઉત્કૃષ્ટસામગ્રી પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ** :- પ્રણિધાનાદિ કહેવાતા પાંચ અધ્યવસાય વિશેષ છે. તેઓની અનુભૂતિના અભાવથી પુષ્ટિ શુદ્ધિનો પ્રવાહ ચાલતો નથી. માટે આ બંનેનો અનુબંધ પાડવાની ઈચ્છાવાળાએ પ્રણિધાનાદિમાં યત્ન કરવો જોઈએ. તેથી આજ (પ્રણિધાનાદિ) અનુબંધની સામગ્રી છે. ઈયં - આ સામગ્રી અપૂર્વકરણ દ્વારા ગ્રંથિભેદનાર તેમજ ગ્રંથિ ભેદના પ્રભાવથી પેદા થયેલ નિર્મળ બોધવાળાને ઉત્તમ પ્રકારની પ્રાપ્ત થાય છે. ॥ ૫ ॥

प्रणिधानादिभेदानेवाह ।

**प्रणिधिप्रवृत्तिविघ्नजयसिद्धिविनियोगभेदतः प्रायः ।**

**धर्म्मज्ञैराख्यातः शुभाशयः पञ्चधाऽत्र विधौ ॥ ६ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रणिधिश्च प्रवृत्तिश्च विघ्नजयश्च सिद्धिश्च विनियोगश्च त एव भेदास्तानाश्रित्य प्रायः प्राचुर्येण शास्त्रेषु धर्मज्ञैः शुभाशय पञ्चधाख्यातोऽत्र पुष्टिशुद्ध्यनुबन्धप्रक्रमे विधौ विहिताचारे ॥ ६ ॥

**પ્રણિધાનાદિ ભેદોને કહે છે...**

**ગાથાર્થ** :- પુષ્ટિ શુદ્ધિના અનુબંધની વિધિમાં ધર્મ જાણનારાઓએ શાસ્ત્રમાં મોટે ભાગે આ પ્રણિધિ; પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ આ પાંચ આશયો કહ્યાં છે. ॥ ૬ ॥

तत्र प्रणिधानलक्षणमाह ।

**प्रणिधानं तत्समये स्थितिमत्तदधः कृपानुगं चैव ।**

**निरवद्यवस्तुविषयं परार्थनिष्पत्तिसारं ॥ ७ ॥**

प्रणिधानं तद् यत्तत्समये ऽधिकृतधर्मस्थानप्रतिज्ञासमये स्थितिमत्तत्सिद्धिं यावन्नियमितप्रतिष्ठं संस्कारात्मनाऽविचलितस्वभावं च, तदधः स्वप्रतिपन्न धर्मस्थानादधस्तनगुणस्थानवर्तिजीवेषु कृपानुगं - करुणानुयायि चैव, न तु हीनगुणत्वात्तेषुद्वेषान्वितं; च-पुनः परार्थनिष्पत्तिसारं - परोपकारसिद्धिप्रधानं सर्वस्या अपि सतां प्रवृत्तेरुपसर्जनीकृतस्वार्थप्रधानीकृतपरार्थत्वात्, निरवद्यं यद्वस्तु अधिकृतधर्मस्थानसिद्ध्यनुकूलप्रतिदिनकर्त्तव्यं तद्विषयं - तद्विषयध्यानम् ॥ ७ ॥

**તેમાં પ્રણિધાનના લક્ષણને કહે છે...**

**ગાથાર્થ** :- અધિકૃત ધર્મસ્થાન સંબંધી સ્વીકારેલ. પ્રતિજ્ઞાના કાળ દરમ્યાન દ્રઢ મન હોવું, પોતાનાથી નીચેની કક્ષાવાળા ઉપર કરુણા હોવી તેમજ પાપરહિત વ્યાપારથી સંબદ્ધ અને મુખ્યપણે જેનાથી પરોપકાર થાય તેવું પ્રણિધાન છે.

**વિશેષાર્થ** :- અધિકૃત ધર્મસ્થાનની પ્રતિજ્ઞામાં દૃઢ રહે એટલે કે જે બાબતની પ્રતિજ્ઞા કરી તે વિષયની જ્યાં સુધી સિદ્ધિ ન થાય ત્યાં સુધી તે પ્રતિજ્ઞાના નિમિત્તથી નિયમિત રીતે નક્કર જામેલાં સંસ્કારના કારણે કોઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ હિસાબે ડગે નહિં. જેમકે પૂજાનો નિયમ લીધો. 'પૂજા કર્યા વિના જમવું નહિં.' તે પ્રતિજ્ઞાનું બરાબર પાલન કરે. ક્યારેક મુસાફરી કરતાં પૂજાનાં સંજોગ ન મળે તેથી ભૂખ્યા રહેવાનો પ્રસંગ સાંપડે તો ભૂખ્યા રહેવાનું કબૂલ કરે, પણ પ્રતિજ્ઞા ભંગ ન જ કરે. આવી મક્કમતા પ્રતિજ્ઞાની સિદ્ધિ સુધી રાખવી.

અને પોતે સ્વીકારેલ ધર્મસ્થાનની નીચેની કક્ષામાં વર્તનારા જીવો ઉપર કરુણા દૃષ્ટિ રાખે એટલે કે એમને કેવા કર્મનો ઉદય કે જેથી પૂજા કરી શકતા નથી, પણ અરે ! આ તો જૈન છે કે કોણ ? પૂજા પણ કરતો નથી. આ રીતે દ્વેષથી ધિક્કારે; નહિં "પરાર્થનિષ્પત્તિસારં" મુખ્યતાએ બીજા નો ઉપકાર કરવો કારણ કે સજ્જનોની સર્વ પ્રવૃત્તિ પોતાના સ્વાર્થને ગૌણ બનાવી બીજાના ઉપકાર કરવાની પ્રધાનતાવાળી હોય છે.

**નિરવદ્યં** :- અધિકૃત ધર્મસ્થાનની સિદ્ધિને અનુકૂળ હોય તેવા વિષયનું દરરોજ ધ્યાન ધરવું. જેમકે પ્રભુપૂજા કરવાથી સંસારનો મોહ ઓછો થાય, સંસારીઓ માટે ઘણીજ ઉપયોગી છે ઈત્યાદિ ચિંતન કરતાં પૂજાની પ્રતિજ્ઞામાં મક્કમતા આવે. ચૂર્ણપૂરમાં શ્રેષ્ઠી પુત્રે તીર્થંકર પાસે સાધુ દ્વેષથી થયેલી જાત વિડંબના જાણી ૫૦૦ સાધુઓને વાંદીને જમવાનો અભિગ્રહ લીધો (પૂર્ણ ન થવાથી) છમહિને કાલ કરી દેવલોક ગયો પણ જમ્યો નહિ; (જે દિવસે અભિગ્રહ પૂરાય નહિં તે દિવસે જમવાનું બંધ) આ રીતે પ્રતિજ્ઞા પાળતા છેલ્લે અનશન કર્યું. આ છે પ્રણિધાન ॥ ૭ ॥

प्रवृत्तिं लक्षयति ।

तत्रैव तु प्रवृत्तिः शुभसारोपायसङ्गतात्यन्तम् ।
अधिकृतयत्नातिशयादौत्सुक्यविवर्जिता चैव ॥ ८ ॥

तत्रैवाधिकृतधर्मस्थान एवोद्देश्यत्वाख्यविषयतया या प्रवृत्तिः शुभः सुन्दरः सारो नैपुण्यान्वितो यः उपायः प्रेक्षोत्प्रेक्षादिस्तेन सङ्गता साध्यत्वाख्यविषयतया तत्संबद्धा; ऽधिकृते धर्मस्थाने यो यत्नातिशयोऽप्रमादभावनाजनितो विजातीयः प्रयत्नः तस्मादौत्सुक्यमकाले फलवाञ्छा तेन विवर्जिता चैवाकालौत्सुक्यस्य तत्त्वत आर्त्तध्यानरूपत्वाद्, स हेतुस्वरूपानु-



જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

बन्धशुद्धः प्रवृत्त्याशयो ज्ञेयः; कथंञ्चित्क्रियारूपत्वेप्यस्य कथंञ्चिदाशय-रूपत्वात् ॥ ८ ॥

**પ્રવૃત્તિની ઓળખાણ આપે છે...**

**ગાથાર્થ** :- તેમાં વળી અત્યંત સુંદર અને હોંશીયારી પૂર્વકના ઉપાય યુક્ત હોય તેમજ અધિકૃત ધર્મસ્થાનમાં અપ્રમત્તભાવજન્ય યત્નવિશેષ હોવાથી ફળ મેળવવાની અધીરતા ન હોય તે જ પ્રવૃત્તિરૂપ ધર્મસ્થાન (આશય) છે.

**વિશેષાર્થ** :- અધિકૃત ધર્મસ્થાનમાં પ્રવૃત્તિને ઉદ્દેશીને શુભસાર ઉપાયનું વિધાન કરાય છે. "પ્રવૃત્તિ સુંદર ઉપાયવાળી હોય છે." આ રીતે પ્રવૃત્તિમાં ઉદ્દેશ્યતા આવી, માટે પ્રવૃત્તિ નિષ્ઠ વિષયતા ઉદ્દેશ્યતા નામની બની અને શુભસારોપાયની અપેક્ષાએ પ્રવૃત્તિમાં સાધ્યતા આવી માટે તન્નિષ્ઠ વિષયતા સાધ્યતા નામની બની. તે પ્રવૃત્તિ સુંદર હોંશીયારી પૂર્વક ના જે પ્રેક્ષા - ઉત્પ્રેક્ષાદિ રુપ ઉપાયથી સાધ્યતાખ્યવિષયતા દ્વારા સંબદ્ધ થયેલી છે. **પ્રેક્ષાસંયમ** - અહિંસા માટે ગમનાગમનાદિમાં સમિતિ સાચવવી **ઉત્પ્રેક્ષા** = ઉત્કટ વિચારણા અહો કેટલી સુંદર ક્રિયા છે એવી કલ્પના (પૂર્વકની પ્રવૃત્તિ) ઉપેક્ષા સંયમ=બિન જરૂરી ઉપકરણોના ત્યાગરૂપ છે; તાદૃશ (A) ઉપાયથી (B) પ્રવૃત્તિ સાધ્ય છે. અને 'A' થી 'B' ને વિશિષ્ટ કરવા 'A' ની અપેક્ષાએ 'B'માં આવેલ [સાધ્યત્વ] ધર્મ સંબંધની ગરજ સારે છે. એટલે સાધ્યત્વાખ્યવિષયતા સંબંધ દ્વારા પ્રવૃત્તિ પ્રેક્ષાદિથી યુક્ત બને છે. માટે અહીં "પ્રવૃત્તિ શુભસારોપાયવાળી" એમ કહેવાય છે. એવી પ્રવૃત્તિ જ ધર્મ સ્થાનમાં પ્રસ્તુત છે. (ઉપયોગી છે.)

**અધિકૃત** - ધર્મ સ્થાનમાં જે યત્નાતિશય એટલે અપ્રમત્તભાવજનિત જે વિશિષ્ટ કોટિનો યત્ન, તેવો પ્રયત્ન હોવાથી અકાળે ફળની ઝંખના ન થવી. કારણકે અકાળે ઝંખના થવી તે આર્તધ્યાન રૂપ છે. પ્રવૃત્તિનું રોકડું ફળ મેળવવાની આસક્તિ હોય તોજ અકાળે તે ફળ મળી જાય તો સારું, અથવા અરે ! હવે તો મારી આશા પૂરી થઈ જશે એવી ઈચ્છાને લીધે જલ્દી કામ પતાવી ફળ મેળવી લઉં એવી ઉતાવળ જાગે છે માટે આવી ઉત્સુકતાને ઉપાધ્યાયજીએ આર્તધ્યાનમાં ખતવી છે. જ્યારે, હકીકતમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવૃત્તિ શાંતિથી કોઈપણ જાતની અભિલાષા રાખ્યા વગર કરવી જોઈએ. હેતુ, સ્વરૂપ અનુબંધથી શુદ્ધ એવો પ્રવૃત્તિ રૂપ આશય જાણવો.

કારણ કે કથંચિત્ ક્રિયારૂપ હોવા છતાં કથંચિત્ત આ આશય રૂપ પણ છે. પ્રવૃત્તિનું લક્ષ શુદ્ધ હોવું તે હેતુશુદ્ધ વિધિ ઉચ્ચાર આદિથી જે શુદ્ધ હોય તે સ્વરૂપશુદ્ધ; ક્રિયામાં મન પરોવવું તે અનુબંધશુદ્ધ. ॥ ૮ ॥

**विघ्नजयस्त्रिविधः खलु विज्ञेयो हीनमध्यमोत्कृष्टः ।**

**मार्ग इह कण्टकज्वरमोहजयसमः प्रवृत्तिफलः ॥ ९ ॥**

विघ्नजयं लक्षयति ।

विघ्नस्य धर्मान्तरायस्य जयः खलु त्रिविधो विज्ञेयः प्रतियोगिभेदाद्धीनमध्यमाभ्यां सहित उत्कृष्टः । एको हीनो विघ्नजयोऽपरो मध्यमोऽन्यस्तूत्कृष्ट इति; त्रैविध्यमेव निदर्शनगर्भविशेषेण समर्थयति - 'मार्गे प्रवृत्तस्य पुंस इह जगति ये कण्टकज्वरमोहाः- कण्टकपाद- वेधज्वरोत्पत्तिदिग्मोहोत्पादा विघ्ना अस्खलिताविह्वलनियतदिक्प्रवृत्तिप्रति- बन्धकास्तज्जयाश्च विशिष्टप्रवृत्तिहेत-वस्तत्समोऽयं धर्मस्थानेपि कण्टककल्पानां शीतोष्णादीनां ज्वरकल्पनां शारीररोगाणां दिग्मोहकल्पस्य च मिथ्यात्वस्य जयः - परिषहतितिक्षयारोग्य-हेतुविहिताहारादिप्रवृत्ति(त्त्या)मनोविभ्रमापनायकसम्यक्त्वभावनया च जनितो यथोत्तरमधिकस्त्रिविधोऽपि समुदितः, प्रवृत्तिरधिकृतधर्मस्थानविषया फलं यस्य स तथाऽल्पस्यापि विघ्नस्य सत्त्वे कार्यासिद्धेरित्यवसेयम् ॥९ ॥

**વિઘ્નજયની ઓળખાણ આપે છે...**

**ગાથાર્થ :-** પ્રવૃત્તિરૂપ ફળવાળો માર્ગમાં કંટક, જ્વર, દિગ્મોહના જય સમાન જઘન્ય મધ્યમ એ ઉત્કૃષ્ટ એમ નિશ્ચયથી ત્રણ પ્રકારનો વિઘ્નજય જાણવો.

**વિશેષાર્થ :-** ધર્મમાં અંતરાય કરે તે વિઘ્ન, તેનો જય - વિઘ્નજય, જય અહિં ધ્વંસનો વાચક હોવાથી ધ્વંસના પ્રતિયોગી ભૂત જઘન્ય - મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના વિઘ્ન છે; માટે પ્રતિયોગિના ભેદથી વિઘ્નજય ત્રણ પ્રકારનો જાણવો. વિઘ્નજયના ત્રૈવિધ્યનું દાખલા પૂર્વક



જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમર્થન કરે છે. આ લોકમાં માર્ગમાં પ્રવૃત્ત થયેલ પુરુષ કાંટાવડે પગ વીંધાવાથી અસ્ખલિત પ્રવૃત્તિ કરી શકતો નથી. તાવ વિ. રોગથી અભિભૂત થયેલો પુરૂષ વિહ્વલ બની જાય છે, માટે તે પણ પ્રવૃત્તિ કરી શકતો નથી, પુરુષને દિગ્ભ્રમ થવાથી વિવક્ષિત દિશામાં પ્રવૃત્તિ કરી શકતો નથી. એટલે કંટક, જ્વર મોહ રૂપ વિઘ્નો અનુક્રમે અસ્ખલિત, અવિહ્વલ, નિયત દિગ્પ્રવૃત્તિના પ્રતિબંધક છે.

આ ત્રણેનો જય વિશિષ્ટ પ્રવૃત્તિનો હેતુ છે. તેની જેમ ધર્મસ્થાનમાં પણ કાંટા સરખા શીતોષ્ણાદિ પરિષહ, જ્વર સમાન શારીરિક રોગો, દિગ્મોહ સમાન મિથ્યાત્વ છે. તેમનો જય પરિષહોને શમભાવે સહેવાથી, આરોગ્યના હેતુભૂત શાસ્ત્રમાં કહેલ વિધિપૂર્વક આહારાદિ લેવાથી, મનનાં વહેમ દૂર કરનાર સાધનામાં અનન્ય ઉપાદેય બુદ્ધિ, આજ સારભૂત છે, કાષાયાદિમાં સાર નથી, આવી સમ્યક્ત્વભાવનાથી થાય છે. યથોત્તર ઉચ્ચ કોટિનો જય ત્રણ પ્રકારનો હોવા છતાં ત્રણે ભેગા મળી પ્રવૃત્તિ રૂપ કાર્યને પેદા કરે છે, માટે ત્રિવિધ વિઘ્નજય પ્રવૃત્તિફળવાળો છે, એમ ગ્રંથકારે કહ્યું છે. એટલે થોડા પણ વિઘ્નની હયાતી હોય તો કાર્યની સિદ્ધિ ન થાય. ॥ ૯ ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

सिद्धिं लक्षयति ।

**सिद्धिस्तत्तद्धर्मस्थानावाप्तिरिह तात्त्विकी ज्ञेया ।**

**अधिके विनयादियुता हीने च दयादिगुणसारा ॥ १० ॥**

सिद्धिश्चतुर्थाशयरूपेहाशयविचारे

तस्य तस्याभिप्रेतधर्मस्थानस्याहिंसादेरवाप्तिस्तात्त्विकी स्वानुषङ्गेन(ण) नित्य-वैराणामपि वैरादिविनाशकत्वेन पारमार्थिकी ज्ञेया । सा च सिद्धिरधिके पुरुषविशेष सूत्रार्थोभयनिष्णाते तीर्थकल्पे गुरौ विनयादिना युताऽऽदिना वैयावृत्त्यबहुमानादिग्रहः; हीने च स्वापेक्षया हीनगुणे निर्गुणे वा दयादिगुणे-नदयादानदुःखोद्धाराद्यभिलाषेण सारा प्रधाना । उपलक्षणान्मध्यमोपकार-फलवतीत्यप्यवसेयम् ॥ १० ॥

**સિદ્ધિને ઓળખાવે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ :-** આશય વિચારમાં તે તે ધર્મની પ્રાપ્તિ તે તાત્ત્વિકી સિદ્ધિ રૂપ આશય જાણવો. તેમાં બે શરત છે. એકતો અધિક ગુણવાળા ઉપર વિનય બહુમાનાદિ યુક્ત હોવું અને હીન ગુણવાળા ઉપર દયાદાનાદિભાવ પ્રધાનપણે હોય.

**વિશેષાર્થ :-** પોતાના જીવનમાં અહિંસા ધર્મ એવો વણાઈ ગયો હોય કે અહિંસા એ પોતાનો સહજ ભાવ બની ગયો હોય, નહિ કે હિંસા કરવાથી મારે પરલોકમાં દુઃખ વેઠવું પડશે આના ડરથી, અને જેથી પોતાની આજુબાજુના ક્ષેત્રમાં વસતા અરસ પરસ વેરવાળા નોળીયા સાપ **વિ.** પણ પોતાનું વેર છોડી દે, જેમ. બળદેવ મુનિ પાસે નોળીયા સાપ વિ. **શાંત** ચિત્તેજ બેસતાં. **વિણયમૂલોધમ્મો** - માટે અધિક ગુણ યુક્ત પ્રત્યે વિનય, વૈયાવચ્ચ, બહુમાન, પ્રશંસા યુક્ત હોય તે જ વ્યક્તિ સિદ્ધ અહિંસા વાળી/ગુણવાળી કહી શકાય.

વળી ૨ "दुःखितेषु दयामत्यन्तं." આવું સહજમળહ્રાસનું લક્ષણ **હોવાથી** નિર્ગુણ પ્રત્યે દયા, દાન, સંકટ નિવારણ કરવા વાળો હોય છે. અને **મધ્યમ**જીવો પ્રત્યે સહાય કરનાર હોય. ॥ ૧૦ ॥

**विनियोगं** लक्षयति ।

सिद्धेश्चोत्तरकार्यं विनियोगोऽवन्ध्यमेतदेतस्मिन् ।

सत्यन्वयसम्पत्त्या सुन्दरमिति तत्परं यावत् ॥ ११ ॥

सिद्धेश्चोत्तरकालभावि कार्यं विनियोगो नामाशयभेदो विज्ञेयः । एतद्विनियोगाख्यं सिद्ध्युत्तरकार्यमवन्ध्यं, न कदाचिन्निष्फलमेतस्मिन्सति सञ्जातेऽन्वयसम्पत्या भङ्गेपि सुवर्णघटन्यायेन सर्वथा फलानपगमाद्विनियोजितधर्मापगमेपि भूयो झटिति तत्संस्कारोद्बोधसम्भवादनेकजन्मान्तरसन्तानक्रमेणाविच्छेदसम्पत्त्या हेतुभूतया, इतिहेतोस्तत्सिद्ध्युत्तरकार्यं परं शैलेशीलक्षणं सर्वोत्कृष्टधर्मस्थानं यावत्सुन्दरं परोपकारगर्भक्रियाशक्त्या तीर्थंकरविभूतिपर्यन्तसुन्दरविपाकार्थकं, अयं विनियोगफलोपदेशः; लक्षणं तु स्वात्मतुल्यपरफलकर्तृत्वमित्यवसेयम् ॥ ११ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિનિયોગને જણાવે છે....**

**ગાથાર્થ :-** સિદ્ધિ પછીનું કાર્ય વિનિયોગ છે. આ ધર્મસ્થાન આવ્યે છતે પરંપરાએ સુંદર તેમજ છેક પરં - ઉત્કૃષ્ટ ધર્મસ્થાન પ્રાપ્ત થતું હોવાથી આ વિનિયોગ અવન્ધ્ય ફળવાળો કહેવાય.

**વિશેષાર્થ :-** સિદ્ધિના ઉત્તરમાં થનારું કાર્ય વિનિયોગ છે. આ ક્યારેય નિષ્ફળ નીવડતું નથી. કારણકે આવી પ્રાપ્તિ થાય છે તે 'સોનાના ઘડો ભંગાવા છતાં તેનાથી સામગ્રી પ્રાપ્ત થાય છે', આ ન્યાયના અનુસારે વિનિયોગ કરાયેલ અહિંસાદી ધર્મનો ક્ષયોપશમ સાનુબંધ બને છે માટે સ્વર્ગ વિ.માં તે છૂટી જવા છતાં પણ ફરીથી જલ્દી તેના સંસ્કારનો ઉદ્બોધ થવાથી અનેક આગામી જન્માંતરમાં પરંપરાએ અહિંસાદિ ધર્મ સ્થાનની અવિચ્છિન્ન પણે પ્રાપ્તિ થાય છે.

માટે જ તો તે ધર્મ સિદ્ધિનું જે ઉત્તર કાર્ય છે, એવું જે શ્રેષ્ઠ શૈલેશીકરણ રૂપ સર્વોત્કૃષ્ટ ધર્મસ્થાન તેમજ સુંદર એટલે પરોપકારવાળી શક્તિથી તીર્થંકર વૈભવ સુધીનો સુંદર વિપાક પ્રાપ્ત થાય છે. પોતાના સમાન બીજાને પણ તેવા ફળનો કર્તા બનાવવો એટલે તે તે ધર્મસ્થાનમાં જોડવા તેનું નામ વિનિયોગ. જેમ પ્રભુ જાતે તર્યા અને બીજાને તાર્યા એટલે 'તિન્નાણંતારયાણં' પદથી સિદ્ધિ અને વિનિયોગ દર્શાવેલ છે. ॥ ૧૧ ॥

જૈન સાહિત્ય JAINSITE .com ॥ नमो नमः श्री गुरु प्रेमसूरये ॥

एवमेतान् प्रणिधानादीनुक्त्वा एषां भावत्वसमर्थनायाह ।

**आशयभेदा एते सर्वेऽपि हि तत्त्वतोऽवगन्तव्याः ।**

**भावोयमनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा ॥ १२ ॥**

एते पूर्वोक्ताः सर्वेपि कथञ्चित् क्रियारूपत्वेऽपि तत्त्वतः परमार्थतस्तदुपलक्ष्या आशयभेदाः अवगन्तव्याः; अयं पञ्चप्रकारोप्याशयो भाव उच्यते; उपयोगस्य भावनालक्षणत्वादनेन भावेन विना चेष्टा कायवाङ्मनोव्यापाररूपा तुच्छा द्रव्यक्रियात्वेन फलाजननीत्यर्थः ॥ १२ ॥

એ પ્રમાણે પ્રણિધાનાદિ કહ્યા, તેઓ બધા ભાવરૂપ છે; તેના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમર્થન માટે ગ્રંથકાર કહે છે....

**ગાથાર્થ** :- આ પૂર્વે કહેલાં સર્વે કથંચિત્ ક્રિયારૂપ હોવા છતાં પરમાર્થથી આશય - અંતકરણના પરિણામ છે. આ પાંચ પ્રકારનો આશય ભાવ કહેવાય છે. ભાવ વિનાની ક્રિયા તે દ્રવ્ય ક્રિયા હોવાથી તુચ્છ એટલે ફળ આપનારી બનતી નથી. ॥ ૧૨ ॥

**भावाच्च** यत् स्यात्तदाह ॥

**अस्माच्च सानुबन्धाच्छुद्ध्यन्तोऽवाप्यते द्रुतं क्रमशः ।**

**एतदिह धर्मतत्त्वं परमो योगो विमुक्तिरसः ॥ १३ ॥**

अस्माच्चाशयपञ्चकरूपाद्भावात्सानुबन्धादव्यवच्छिन्नसन्तानात् क्रमशः क्रमेण तस्मिन् जन्मन्यपरस्मिन् वा द्रुतमविलम्बितं शुद्धेः कर्मक्षयस्यान्तः प्रकर्षोऽवाप्यते, एतदिह प्रस्तुतं भावस्वरूपं धर्मस्य नान्यत्, एतदित्यत्र विधेयपदलिङ्गविवक्षया नपुंसकत्वं तेन न भावस्य प्रस्तुतत्वादेष इति निर्देशप्राप्तिः । अयं भावः परमो योगो वर्त्तितेऽध्यात्मगर्भत्वात्, कीदृशो ? विशिष्टो मुक्तौ रसोऽभिलाषो यत्र स तथा, अयं भाव एव विशिष्टमुक्ते रस आस्वाद इति वा व्याख्येयम् ॥ १३ ॥

JAINSITE.com
जैनम् जयति शासनम्

**ભાવથી જે થાય તે કહે છે...**

**ગાથાર્થ** :- ઉપરોક્ત આશયના સાનુબંધથી અનુક્રમે જલ્દી કર્મક્ષય રૂપ શુદ્ધિનો પ્રકર્ષ થાય છે. આ ભાવ ધર્મનું તત્ત્વ છે, પરમ યોગ છે. અને વિશિષ્ટ મુક્તિનો આસ્વાદ છે. ॥

**વિશેષાર્થ** :- પાંચ આશયરૂપ ભાવની અવિચ્છિન્ન પરંપરાથી ક્રમથી તે ભવમાં કે અન્ય ભવમાં જલ્દીથી કર્મક્ષય રૂપ શુદ્ધિનો પ્રકર્ષ થાય છે. અહીં ભાવ પ્રસ્તુત હોવાથી એતદ્ ના બદલે 'અયં' આવવું જોઈએ, છતાં વિધેયપદના લિંગની વિવક્ષાથી નપુંસક (એતદ્)નો નિર્દેશ કર્યો છે. (ભાવ ઉદ્દેશ્ય છે તેને ઉદ્દેશીને ધર્મતત્ત્વનું વિધાન હોવાથી ધર્મતત્ત્વ વિધેય છે.) તે નપુંસક લિંગમાં છે એતદ્' ભાવ એ ધર્મનું મૂળ કે (સ્વરૂપ) છે. ભાવ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધ્યાત્મમય હોવાથી પરમયોગ છે. **ભાવનું મહત્ત્વ એટલા માટે** કે ભાવ વિનાની દ્રવ્યક્રિયા તુચ્છ અસાર છે. [સ્વફળ સાધક નહિં હોવાથી] કારણ અંતરમાં ભાવ હોય તો તે (ભાવ) તો સાનુબંધ બની શકે. એકલી દ્રવ્યક્રિયામાં સાનુબંધ કોણ બને ? કોના સંસ્કાર વર્દ્ધમાન થાય ? અને વધતાં વધતાં કોનાં અંતિમ કાર્યરૂપ થાય. ક્રિયાના નહિં કેમકે (૧) એમાં અમુક મર્યાદાની આગળ સ્વતંત્ર વધવાનું છે નહિ તેમજ (૨) અંતે સાધ્ય મોક્ષ એ ઉત્કૃષ્ટ ક્રિયા સ્વરૂપ નહિં કિન્તુ પરમશુદ્ધિનાં ભાવરૂપ છે. અનંત શુદ્ધ જ્ઞાન - દર્શન - ચારિત્રાદિમય ભાવ એ મોક્ષ છે. માટે ધર્મતત્ત્વ ભાવસ્વરૂપ છે. ભાવ એ પરમયોગ છે. વાસ્તવિક વિમુક્તિ રસ છે. [વિમુક્તિ = સર્વકર્મક્ષયે અંતિમ શુદ્ધિ રસ = પ્રીતિ વિશેષ ] મુક્તિનો પ્રેમ એટલે શુદ્ધિનો પ્રેમ એ ભાવના આશ્રયે જ બને, માત્ર બાહ્ય ક્રિયાનાં આશ્રયે નહિં. મુક્તિમાં વિશિષ્ટ પ્રીતિ કે અભિલાષા જેમાં રહેલ છે તે ભાવ છે., અથવા ભાવ એ વિશિષ્ટ મુક્તિના આસ્વાદ રૂપ છે. એટલે ભાવ વડે મોક્ષનો સ્વાદ ચાખવા મળે છે. ॥ ૧૩ ॥

ननु भावाच्छुद्ध्यन्तोऽवाप्यत इत्युक्तम् । तत्रैव चाभिलाषः कथं स्याद्भूयो भवाभ्यस्ते पाप एव विरोधिनि बहुमानसम्भवादित्यत आह ।

जैन साहित्य JAINSITE.com जनम् जयति शासनम्

**अमृतरसास्वादज्ञः कुभक्तरसलालितोऽपि बहुकालम् ।**

**त्यक्त्वा तत्क्षणमेनं वाञ्छत्युच्चैरमृतमेव ॥ १४ ॥**

अमृतरसस्यास्वादज्ञः पुरुषः कुभक्तानां कदशनानां रसेन लालितोऽप्यभिरमितोपि बहुकालं नैरन्तर्यवृत्त्या प्रभूतकालं त्यक्त्वा तत्क्षणममृतलाभोपायश्रवणक्षण एवैनं कुभक्तरसं, वाञ्छत्युच्चैरतिशयेनामृतमेव तस्य निरुपाधिस्पृहणीयत्वात् ॥ १४ ॥

**ભાવથી શુદ્ધિનો પ્રકર્ષ પમાય છે. એમ કહ્યું ભવાભ્યાસના કારણે વિરોધિ પાપમાં વારંવાર બહુમાન સંભવતું હોવાથી ભાવમાં અભિલાષ કેવી રીતે જાગે ? તેનો જવાબ આપવા ગ્રંથકાર કહે છે....**

**ગાથાર્થ** :- ઘણો કાળ કુભક્તના રસથી લાલન પામેલો (ટેવાયેલો) પણ અમૃતરસના સ્વાદને અનુભવનારો પુરૂષ તે જ ક્ષણે કુભક્તના રસને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છોડી અમૃતરસ ને જ ઈચ્છે છે.

**વિશેષાર્થ** :- ઘણો કાળ સતત હલકા ભોજનના રસથી લાલન (પુષ્ટ થયેલો) પામેલો પણ અમૃતના આસ્વાદને જાણનારો માણસ અમૃતના લાભનો ઉપાય સાંભળતા જ તુચ્છ ભોજનના રસને છોડી અમૃતને ઝંખે છે. કારણ કે તે કોઈપણ જાતની અડચણવિના ઝંખવાને યોગ્ય છે. જેમ કોઈએ અડદની વાનગીની સ્પૃહા કરી પણ તેતો ગેસ ટ્રબલ વધારે છે. એમતેની ઝંખના થવા છતા થોડીવાર પોતે અટકી જાય છે. જ્યારે અમૃતથી આવી કોઈ આડ અસર થતી નથી, તેથી તેનું નામ સાંભળતા માણસ તેને લેવા ઉત્સુક બની જાય છે. ॥ ૧૪ ॥

एवं त्वपूर्वकरणात्सम्यक्त्वामृतरसज्ञ इह जीवः ।

चिरकालासेवितमपि न जातु बहुमन्यते पापम् ॥ १५ ॥

**एवं** त्वेवमेवापूर्वकरणादपूर्वपरिणामात् सम्यक्त्वामृतरसज्ञ इह जगति जीवः **चिरकालं** प्रभूतभवान् यावदासेवितमभ्यस्तमपि न जातु-कदाचिद्बहुमन्यते-उत्कटेच्छाविषयीकरोति पापं-मिथ्यात्वमोहनीयं तत्कार्यं वा प्रवचनोपघातादि । इह कुभक्तरसकल्पं पापं मिथ्यात्वादि । अमृतरसास्वादकल्पो भावः सम्यक्त्वादिरवसेयः ॥ १५ ॥

**ગાથાર્થ** :- અપૂર્વકરણથી સમકિત રૂપ અમૃતરસને અનુભવનારો જીવ આ સંસારમાં ઘણા ભવો સુધી સેવેલા પાપની પણ ક્યારેય ઉત્કટ ઈચ્છા કરતો નથી. ॥

**વિશેષાર્થ** :- અપૂર્વકરણ - અપૂર્વભાવથી સમકિતરૂપ અમૃતરસને જાણનારો (અપૂર્વકરણથી જ સમકિત પ્રાપ્ત થતુ હોવાથી) જીવ જે પાપો લાંબાકાળ સુધી આસેવન કરેલા છે છતા પણ તેવા મિથ્યાત્વ મોહનીય અથવા તેનું કાર્ય શાસનની હીલના વિ. ની જોરદાર ઈચ્છા કરતો નથી. અહીં કુભક્ત રસ સમાન પાપ મિથ્યાત્વાદિ, અમૃતરસાસ્વાદ સમાન ભાવ-સમ્યક્ત્વાદિ જાણવા. ॥ ૧૫ ॥

अविरतसम्यग्दृष्टेरपि पापक्रिया दृश्यत एवेति कथं न तद्बहुमान इत्यत आह ।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यद्यपिकर्मनियोगात् करोति तत्तदपि भावशून्यमलम् ।
अत एव धर्मयोगात् क्षिप्रं तत्सिद्धिमाप्नोति ॥ १६ ॥

यद्यपि कर्मणो निकाचितचारित्रमोहस्य नियोगाद्व्यापारात्करोति तत् पापं तदपि-तथाप्यलमत्यर्थं भावेन क्लिष्टाध्यवसायेन शून्यं करोति, ततः सम्यग्दृष्टेस्तप्तलोहपदन्यासतुल्या पापे प्रवृत्तिरस्वारसिकीति न तद्बहुमान इत्यर्थः । अत एवेदं न साध्विति पापाबहुमानादेव धर्मयोगात्तीव्रधर्मोत्साहात् शीघ्रं तस्य धर्मस्य सिद्धिमाप्नोति सम्यग्दृष्टिः ॥ १६ ॥ ॥ ३ ॥

**અવિરત સમ્યગદષ્ટિની પણ પાપ ક્રિયાતો દેખાય જ છે. તો પછી તેને તેનું બહુમાન કેવી રીતે ન હોય ? એથી ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- જો કે સમકિતી કર્મસંયોગે તે તે પાપને કરે છે. પણ ભાવ વિના કરે તેનાં લીધે પાપના અનાદરથી ધર્મનો યોગ પ્રાપ્ત થવાથી જલ્દીથી તે ધર્મની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ** :- સમકિતી નિકાચિત ચારિત્ર મોહનીયના ઉદયથી સંકિલષ્ટ ભાવવિના પાપ કરે છે. પણ તપેલા લોઢા ઉપર કોઈ સ્વરૂચિથી પગ મૂક્તું નથી. તેમ તેણે પાપપ્રવૃત્તિમાં રસ હોતો નથી. એટલે કે 'આ સારૂ નથી આવો' પાપ ઉપર ભારે અણગમો હોવાથી તેમજ ધર્મમાં તીવ્ર ઉત્સાહ હોવાથી તેને જલ્દીથી ધર્મ સિદ્ધિ થાય છે. ॥ ૧૬ ॥

*॥ ઈતિ તૃતીયં ષોડશકમ્ ॥*



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# चतुर्थं धर्मेच्छुलिङ्ग षोडशकम्

धर्मस्य स्वलक्षणमुक्तमथास्य विस्तरेण लिङ्गान्याह ।

सिद्धस्य चास्य सम्यग्लिङ्गान्येतानि धर्मतत्त्वस्य ।
विहितानि तत्त्वविद्भिः सुखावबोधाय भव्यानाम् ॥ १ ॥

सिद्धस्य-निष्पन्नस्य चास्य धर्मतत्त्वस्य धर्मस्वरूपस्य सम्यगवैपरीत्येन लिङ्गानि-लक्षणानि तत्त्वविद्भिः परमार्थज्ञैर्विहितानि शास्त्रेऽभिहितानि भव्यानां-योग्यानां सुखावबोधाय-सुखप्रतिपत्तये ॥ १ ॥

**ધર્મનું સ્વલક્ષણ કહ્યું હવે ધર્મના વિસ્તારથી લિંગો કહે છે...**

**ગાથાર્થ** :- પરમાર્થને જાણનારાએ ભવ્યોને સુખથી બોધ પમાડવા માટે સિદ્ધ થયેલા ધર્મસ્વરૂપના યથાર્થ પ્રશસ્ત લિંગો કહેલા છે. ॥ ૧ ॥

तान्येव लिङ्गानि सङ्ख्याविशिष्टान्याह ।

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

औदार्यं दाक्षिण्यं पापजुगुप्साथ निर्मलो बोधः ।
लिङ्गानि धर्मसिद्धेः प्रायेण जनप्रियत्वं च ॥ २ ॥

औदार्यं लक्षयति । स्पष्टम् ॥ २ ॥

**તે લિંગો કહે છે...**

**ગાથાર્થ** :- ઔદાર્ય - દાક્ષિણ્ય પાપજુગુપ્સા નિર્મલબોધ અને ઘણું કરીને લોકો ને પ્રિય લોકપ્રિયતા આ ધર્મ સિદ્ધિના લિંગો છે. ॥ ૨ ॥

औदार्यं कार्पण्यत्यागाद्विज्ञेयमाशयमहत्त्वम् ।
गुरुदीनादिष्वौचित्यवृत्ति कार्ये तदत्यन्तम् ॥ ३ ॥

औदार्यं- कार्पण्यस्य दानादिपरिणामसङ्कोचलक्षणस्य त्यागादाशयस्य चित्तस्य महत्त्वं असङ्कुचितदानादिपरिणामशालित्वं विज्ञेयं तदौदार्यमत्यन्तमतिशयेन गुर्वादयो मातृपितृकलाचार्यतज्ज्ञातिवृद्धधर्मोपदेष्टारो दीनादयश्च दीनान्धकृपणप्रभृतयस्तेषु यत् कार्यं दानादि तस्मिन् विषये औचित्येन वृत्तिर्यस्य तत्तथा ॥ ३ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઔદાર્યની ઓળખાણ આપે છે...**

**ગાથાર્થ :-** કાર્પણ્ય - દાનાદિ ભાવના સંકોચનો ત્યાગ થવાથી મનની અસંકુચિત વૃત્તિ થવી, ગુરુ વિ. પૂજ્યો અને દીન અનાથ વિ. તેઓને વિષે જે કરવા યોગ્ય હોય તે બાબતમાં અત્યંત ઔચિત્યપૂર્વક વર્તવું તે ઉદારતા છે.

**વિશેષાર્થ :-** ઔદાર્ય : કૃપણભાવ (કંજૂસાઈ)-દાનાદિ કરતા મન ખચવાય તેવા તુચ્છ ભાવનો ત્યાગ કરવાથી હૃદયની વિશાલતા પ્રગટે તેમજ ગુરુ આદિ એટલે માતાપિતા કલાચાર્ય પોતાની જ્ઞાતિમાંનો જે વડેરો, ધર્મ ઉપદેશ આપનાર, દીનાદય-દીન, અંધ અનાથ તેઓને વિષે જે કરવા યોગ્ય હોય તે બાબતમાં ઔચિત્યથી વર્તવું, તે ઉદારતા જાણવી ॥ ૩ ॥

दाक्षिण्यं लक्षयति ।

**दाक्षिण्यं परकृत्येष्वपि योगपरः शुभाशयो ज्ञेयः ।**

**गाम्भीर्यधैर्यसचिवो मात्सर्यविघातकृत्परमः ॥ ४ ॥**

जैन साईट JAINSITE.com जनम् ज्योति शासनम्

दाक्षिण्यं परेषां कृत्येषु कार्येष्वपि योगपर उत्साहप्रगुणः शुभाशयो ज्ञेयः; गाम्भीर्यं परैरलब्धमध्यत्वं, धैर्यं भयहेतूपनिपातेऽपि निर्भयत्वं, ते सचिवौ सहायौ यस्य सः; तथा मात्सर्यं परप्रशंसाऽसहिष्णुत्वं तस्य विघातकृत्परमः प्रधानः ॥ ४ ॥

**દાક્ષિણ્યનું લક્ષણ બતાવે છે...**

**ગાથાર્થ :-** પરકાર્ય કરવામાં ઉત્સાહવાળા થવું. ગાંભીર્ય અને ધૈર્ય સાથે વર્તવું તેમજ મત્સરનો નાશ કરનાર જે પ્રધાન શુભાશય તે દાક્ષિણ્ય ગુણ જાણવો.

**વિશેષાર્થ :-** પરકૃત્યેષુ યોગપર - એટલે બીજાનું કાર્ય કરવા ઉત્સાહ પૂર્વક તૈયાર થાય.

**ગાંભીર્ય :-** અંદર રહેલ હર્ષશોક વિ.ની લાગણીને બીજો જાણી ન શકે તે એટલે બીજાના ગુણદોષ પચાવી લેવા, નહિં તો ગુણની કદર ન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતા, દોષથી ઉકળીજતા દાક્ષિણ્ય જળવાઈ શકતું નથી. અને ચહેરા ઉપર શોકાદિથી ભાવ બદલાઈ જાય તો સામેવાળો આપણી પાસે કામ કરાવતા સંકોચ પામે, કે માંડીવાળે. ધીરતાના અભાવે ક્યારેક ભયભીત થવાથી પરકાર્ય સિદ્ધ થઈ શકતું નથી માટે બન્ને ગુણ ખાસ જરૂરી છે.

**ધૈર્ય** :- ભયના નિમિત્ત આવી પડતા પણ નિર્ભય બની રહેવું. પ્રતિકૂળતામાં આકુલ વ્યાકુલ ન થવું. દાક્ષિણ્ય માટે આ બે ગુણ સાથે હોવા જોઈએ.

**માત્સર્ય** :- બીજાની પ્રશંસાને સહન ન કરવી. તે દોષનો નાશ કરનારો એટલે કે દાક્ષિણ્ય ન હોય તો આ તો મને જ ભાળી ગયા છે, સારો દિવસ મને જ હુકમ (ઓર્ડર) ફરમાવે છે. પેલાને તો કશું જ કહેતા નથી એટલે તેનું આરામી જીવન પોતાને ખટકે આવો મત્સરભાવ જાગે. જ્યારે દાક્ષિણ્યના લીધે પોતાને ક્યારે પણ કામ કરવામાં કંટાળો ન આવતો હોવાથી મત્સરભાવ જાગવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. અથવા ઉભા થતા માત્સર્ય ને દાક્ષિણ્ય દબાવી દે છે આવો પ્રધાન જે શુભાશય છે તેનું નામ દાક્ષિણ્ય ॥ ૪ ॥

JAINSITE .com जैनम् जयति शासनम्

पापजुगुप्सालक्षणमाह ।

**पापजुगुप्सा तु तथा सम्यक्परिशुद्धचेतसा सततम् ।**

**पापोद्वेगोऽकरणं तदचिन्ता चेत्यनुक्रमतः ॥ ५ ॥**

पापजुगुप्सा तु तथा तेन प्रकारेण पापनिषेधकमुखकराद्यभिनयविशेषेणाभिव्यज्यमाना सम्यगविपरीतं परिशुद्धं यच्चेतो मनस्तेन सततमनवरतं पापस्यातीतकृतस्योद्वेगो निन्दा, अकरणं पापस्य वर्तमानकाले, तस्मिन् भाविनि पापेऽचिन्ताऽचिन्तनमित्यनुक्रमत आनुपूर्व्या कालत्रयरूपया; यद्वा पापोद्वेगः पापपरिहारः कायप्रवृत्त्याऽकरणं वाचा, तदचिन्ता पापाचिन्तनं मनसा, सर्वापीयं पापजुगुप्सा धर्मतत्त्वस्य लिङ्गम् ॥ ५ ॥

**પાપ જુગુપ્સાનું લક્ષણ કહે છે...**

**ગાથાર્થ** :- યથાર્થશુદ્ધચિત્ત વડે એટલે કે બીજાની શાબાશી લેવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે આશયથી નહિ, પરંતુ પાપ ખરેખર આત્માને બગાડનાર છે. એવા ઈરાદથી સતત કરેલા પાપની નિંદા કરવી. વર્તમાનમાં પાપો ન કરવા તેમજ ભાવી પાપોનો વિચાર માત્ર પણ ન કરવો આ રીતે આનુપૂર્વીથી ત્રણે કાળની પાપ જુગુપ્સા થાય છે. અથવા તો પાપોદ્વેગ એટલે કાયાથી પાપોનો ત્યાગ, અકરણં - વાણીથી પાપ ન કરવું, તદચિંતા - મનથી પાપનો ત્યાગ. એમ ત્રિકરણથી પાપ જુગુપ્સા થાય છે. ॥ ૫ ॥

निर्मलबोधं निरूपयति ।

निर्मलबोधोऽप्येवं शुश्रूषाभावसम्भवो ज्ञेयः ।
शमगर्भशास्त्रयोगाच्छ्रुतचिन्ताभावनासारः ॥ ६ ॥

निर्मलबोधोऽप्येवमनेन प्रकारेण शुश्रूषैव यो भावस्तत्सम्भवो ज्ञेयो, धर्मतत्त्वस्य लिङ्गं शमगर्भं यच्छास्त्रं तद्योगात्तत्परिचयात् श्रुतसारश्चिन्तासारो भावनासारश्चेति त्रिविधः । श्रुतचिन्ताभावनानां प्रतिविशेषं पुरस्ताद्वक्ष्यति ॥ ६ ॥

**નિર્મળબોધનું નિરૂપણ કરે છે...**

**ગાથાર્થ :-** આ નિર્મળ બોધ શાન્તસુધારસવાળા શાસ્ત્રના યોગથી અને શુશ્રૂષા ભાવથી ઉત્પન્ન થાય છે, તે શ્રુતસાર, ચિંતાસાર, ભાવનાસાર એમ ત્રણ પ્રકારનો હોય છે. આ ત્રણેની વિશેષવાતો આગળ કહીશું. ॥ ૬ ॥

जनप्रियत्वं प्रतिपादयति ।

युक्तं जनप्रियत्वं शुद्धं तद्धर्मसिद्धिफलदमलम् ।
धर्मप्रशंसानादेर्बीजाधानादिभावेन ॥ ७ ॥

युक्तमुचितं जनप्रियत्वं धर्मतत्त्वलिङ्गम् नत्वयुक्तं, यतस्तज्जनप्रियत्वं शुद्धं निरुपाधिकं स्वाश्रयगुणनिमित्तेन जनानां धर्मप्रशंसनादेः सकाशादादिना करणेच्छानुबन्धतदुपायान्वेषणा तत्प्रवृत्तिगुरुसंयोगसम्यक्त्वलाभग्रहणं बीजाधानं धर्मतरोर्बीजस्य पुण्यानुबन्धिपुण्यस्य न्यास आदिनाऽङ्कुरपत्रपुष्पफलविशेषपरिग्रहः तेषां भावेनोत्पादेनालमत्यर्थं धर्मसिद्धिफलदं वर्तते ।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जनप्रियस्य हि धर्मः प्रशंसास्पदं भवति, ततश्च लोकानां बीजाधानादिधर्मसिद्धिरिति तत्प्रयोजकतया जनप्रियत्वं युक्तमित्युत्तानार्थः ॥७ ॥

**જનપ્રિયત્વનું પ્રતિપાદન કરે છે...**

**ગાથાર્થ** :- લોકલાડીલા માણસે આચરેલ ધર્મની પ્રશંસા વિ. થી અન્ય જીવોને બીજાધાનાદિ થવાથી શુદ્ધ જનપ્રિયત્વ ધર્મસિદ્ધિ રૂપી ફળ આપનારા બને છે. માટે લોકપ્રિયતા એ ધર્મતત્ત્વના લિંગ તરીકે યુક્ત જ છે.

**વિશેષાર્થ** :- લોકપ્રિયતા એ ધર્મતત્ત્વના લિંગ તરીકે યુક્ત જ છે. કારણ કે રાગાદિની ઉપાધિ વગરની જે શુદ્ધ લોકપ્રિયતા તે પોતાના આશ્રયભૂત જે લોકપ્રિય પુરૂષ છે તેના ગુણના નિમિત્તે અન્ય માણસોને ધર્મની પ્રશંસા વિ. થી (આદિથી કરવાની ઈચ્છા. અનુબંધ તેનો ઉપાયની ખોજ, તે ધર્મમાં પ્રવૃત્તિ, સદ્‌ગુરુનો સંયોગ સમ્યક્ત્વનો લાભ ઈત્યાદિનું ગ્રહણ કરવું) બીજાધાન - ધર્મવૃક્ષનું બીજ (- પુણ્યાનુંબંધી પુણ્ય)નું વાવેતર થાય છે. આદિથી અંકુર પત્ર પુષ્પ ફળનો પરિગ્રહ, તેઓનો ઉત્પાદ થવાથી અતિશયે ધર્મસિદ્ધિરૂપ ફળ આપનાર બને છે. જનપ્રિય પુરૂષનો ધર્મ ખરેખર પ્રશંસા પાત્ર બને છે. તેનાથી લોકોને બીજાધાનાદિ ધર્મસિદ્ધિ થાય છે. એમ જનપ્રિયત્વ ધર્મસિદ્ધિનું પ્રયોજક હોવાથી ધર્મતત્ત્વના લિંગ તરીકે યુક્ત જ છે. ॥ ૭ ॥

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

एवं प्राथमिकगुणरूपाणि धर्मतत्त्वस्य लिङ्गान्यभिधाय दोषाभावरूपाणि तानि वक्तुमुपक्रमते ।

**आरोग्ये सति यद्वद् व्याधिविकारा भवन्ति नो पुंसाम् ।**

**तद्वद्धर्मारोग्ये पापविकारा अपि ज्ञेयाः ॥ ८ ॥**

आरोग्ये-रोगाभावे सति यद्वदिति यथा व्याधिविकाराः पुंसां नो भवन्ति, तद्वदिति तथा धर्मलक्षणे आरोग्ये सति पापविकारा अपि विज्ञेया अभवनशीला इति शेषः ॥ ८ ॥

**એ પ્રમાણે પ્રાથમિક ગુણરૂપ ધર્મતત્વના લિંગો કહીને દોષાભાવરૂપ લિંગોને**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાનો આરંભ કરે છે...

**ગાથાર્થ** :- આરોગ્ય પ્રાપ્ત થયે છતે પુરુષોને જેમ વ્યાધિ સંબંધી વિકારો ઉદ્ભવતા નથી; તેમ ધર્મરૂપ આરોગ્ય પ્રાપ્ત થયે છતે પાપવિકારો પણ ઉદ્ભવતા નથી. ॥ ૮ ॥

के ते पापविकारा ये धर्मारोग्ये सति न भवन्तीतिव्यक्त्या निर्दिशति ।

**तन्नास्य विषयतृष्णा प्रभवत्युच्चैर्न दृष्टिसम्मोहः ।**

**अरुचिर्न धर्मपथ्ये न च पापा क्रोधकण्डूतिः ॥ ९ ॥**

तदेवं स्थितेऽस्य धर्मतत्त्वयुक्तस्य विषयतृष्णा न प्रभवत्युच्चैरत्यर्थं दृष्टिसम्मोहो न प्रभवति अरुचिरभिलाषाभावो न धर्मपथ्ये नच पापा स्वरूपेण पापहेतुर्वा क्रोध एव कण्डूतिः शमघर्षणकृतहर्षा ॥ ९ ॥

**તે પાપ વિકારો કયાં છે ? જે ધર્મ આરોગ્ય મેળવ્યે છતે થતા નથી, આના સમાધાન માટે તેઓનો વ્યક્તિ દીઠ નિર્દેશ કરે છે...**

**ગાથાર્થ** :- આવી પરિસ્થિતિ હોતે છતે ધર્મતત્ત્વયુક્ત પુરુષને અત્યધિક વિષય - તૃષ્ણા જાગતી નથી, દૃષ્ટિસંમોહથી પરાભવ થતો નથી, ધર્મના પથ્યમાં અરુચિ ઉભી થતી નથી તેમજ પાપિષ્ઠ એવી ક્રોધ ખંજવાળ સળવળતી નથી.

જૈનમ્ જયતિ શાસનમ્

**વિશેષાર્થ** :- પાપા - સ્વરૂપથી પાપ રૂપે હોય અથવા પાપનો હેતુ એવો જે ક્રોધ, ક્રોધરૂપ ખંજવાળ - ઉપશમ સુખના ઘર્ષણથી પેદા કરાયેલો હર્ષ તે એટલે ઉપશમ સુખનો ભોગ આપી પ્રાપ્ત કરાતો આનંદ તે ક્રોધ છે. ॥ ૯ ॥

तत्र विषयतृष्णां लक्षयति ।

**गम्यागम्यविभागं त्यक्त्वा सर्वत्र वर्त्तते जन्तुः ।**

**विषयेष्ववितृप्तात्मा यतो भृशं विषयतृष्णेयम् ॥ १० ॥**

गम्यागम्ये लोकप्रतीते तयोर्विभाग आसेवनपरिहाररूपस्तं त्यक्त्वा यतो यस्याः सकाशाद्विषयेषु शब्दस्पर्शरसरूपगन्धेषु भृशमत्यर्थमवितृप्तात्माऽ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रशान्ताभिलाष एव सर्वत्र जन्तुः वर्त्तते-प्रवर्तते इयं विषय-तृष्णोच्यते ॥ १० ॥

**ત્યાં વિષયતૃષ્ણાની ઓળખાણ આપે છે...**

**ગાથાર્થ** :- ગમ્યાગમ્ય ના વિભાગને ત્યજી, શબ્દાદિ વિષયમાં અતૃપ્ત બનીને રહેવું તે વિષયતૃષ્ણા, અવિતૃપ્ત-શબ્દાદિ વિષયને ભોગવવા છતાં ઈચ્છા શાંત ન થવી ॥ ૧૦ ॥

दृष्टिसम्मोहं लक्षयति ।

गुणस्तुल्ये तत्त्वे सञ्ज्ञाभेदागमान्यथादृष्टिः ।

भवति यतोऽसावधमो दोषः खलु दृष्टिसम्मोहः ॥ ११ ॥

**गुण** उपकारफलं तदाश्रित्य तुल्ये-समाने तत्त्वे द्वयोर्वस्तुनोः स्वरूपे सञ्ज्ञाभेदस्य नामभेदस्यागमोऽवतारो यस्यां सा तथाऽन्यथा विपरीता दृष्टिर्मतिर्यतो दोषादसौ दोषाऽधमः खल्वधम एव दृष्टिसम्मोह, दृष्टेर्मतेः सं सामस्त्येन मोह इति कृत्वा । [1]तथा द्वयोरारम्भयोर्भोगोपभोगलक्षणं तुल्य-फलमाश्रित्य प्रवृत्त एकस्तत्फलोपभोगी तमारम्भं सावद्यं मन्यतेऽपरस्तु प्रवृत्ति[2]नाम्ना निरवद्यं, तत्रापरस्य दृष्टिसम्मोहः । यद्वा, गुणो भावाख्यस्त-माश्रित्य तुल्ये तत्त्वे आरम्भद्वयादिगते आगमे - शास्त्रेऽन्यथादृष्टिर्यस्येति बहुव्रीहिस्ततः सञ्ज्ञाभेदेनागमान्यथादृष्टिरिति तत्पुरुष, एतादृशः पुरुषो यतो दोषाद्भवति स दृष्टिसम्मोहः । यथा यादृच्छिक्यां यागीयायां च हिंसायां स्वोपभोगमात्रफलभूतिकामना- लक्षणक्लिष्टभावाविशेषेपि तद्विशेषाश्रयणं वैदिकानां दृष्टिसम्मोहः ।

**દૃષ્ટિ સંમોહને બતાવે છે...**

**ગાથાર્થ** :- ઉપકાર ફળને આશ્રયીને બે વસ્તુનું તત્ત્વ અર્થાત્ સ્વરૂપ એક સરખુ હોય ત્યારે (ભિન્ન ભિન્ન) આગમને વિશે નામભેદ પકડીને વિપરીત બુદ્ધિ કરાવનાર દોષ તે દૃષ્ટિસંમોહ.

---

१. यथा   २. प्रवृत्तिं



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષાર્થ** :- જે દોષથી ઉપકાર ફળને આશ્રયી સમાન સ્વરૂપ વાળી બે વસ્તુમાં સંજ્ઞાભેદનો અવતાર જેમાં હોય તેમજ વિપરીત મતિ થાય. તે આ અધમ દોષ જ દૃષ્ટિસંમોહ છે.

દૃષ્ટિ એટલે મતિ તેનું સામસ્ત્યથી - સંપૂર્ણ રીતે મુગ્ધ બની જવું. (તથા દ્વયોરારંભયો...) ભોગોપભોગરૂપ સરખા ફળવાળા બે પ્રકારના આરંભને વિશે બેમાંથી એક વ્યક્તિ આરંભ ફળોપભોગ કરવા છતાં તેમાં પાપ માને છે... જ્યારે બીજો આતો જીવોની સહજ પ્રવૃત્તિ છે. 'પ્રવૃત્તિ રેષાભૂતાનાં'- આ રીતે પ્રવૃત્તિના નામે (ચરી ખાઈને) તે આરંભને નિર્દોષ માને છે. આ બીજી વ્યક્તિમાં દૃષ્ટિસંમોહ દોષ સ્પષ્ટ છે.

यत्र तु गुणतो भावाख्यान्न तुल्यं तत्त्वं द्वयोरारम्भात्मनोर्व्यक्तिभेदेन-वस्तुनोस्तत्र चैत्यायतनादिविषय (ये) क्षेत्रहिरण्यग्रामादौ शास्त्रीयाध्यवसाय-भेदेनप्रवृत्तत्वात् स्वयं च तत्फलस्यानुपभोगात्केवलमागमानुसारितया तत्रो-पेक्षापरित्यागेन ग्रामक्षेत्राद्यारम्भपरिहरतोऽपि स्वपरयोर्भावापद्विनिवारणाध्य-वसायप्रवृद्धया न दृष्टिसंमोहाख्यो दोषो, दर्शनमागमः तत्र सम्मोहः सम्मूढ-तेत्यर्थाभावात्तत्त्वतः तस्यारम्भपरिवर्जकत्वेनाऽसम्मूढत्वात् । यद्वा, गुणतः - शब्दार्थतस्तुल्ये तत्त्वे हिंसादीनां सञ्ज्ञाभेदेनाक रणनियममहाव्रतादिस्व-परिभाषा-भेदेनागमेषु-पातंजलजैना-दिशास्त्रेष्वन्यथादृष्टिः पुरुषो यतो भवति स दृष्टिसम्मोहः । 'महाव्रतादिप्रतिपादको मदीयागमः समीचीनोऽकरणनियमादिप्रतिपादकोऽन्यागमो न समीचीन' इत्यस्य दुराग्रहत्वात्सर्वस्यापि सद्वच-नस्य परसमयेऽपि स्वसमयानन्यत्वादुक्तं चोपदेशपदे "सव्वप्पवायमूलं दुवा-लसंगं जउ (ओ) जिणक्खायं । रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तम्मीत्यन्यत्र विस्तरः ॥ ११ ॥

અથવા તો ગુણ એટલે ભાવને આશ્રયી તુલ્ય સ્વરૂપવાળા જે બે આરંભ વિ. તેના વિષયવાળા આગમ શાસ્ત્રમાં વિપરીત દૃષ્ટિ તેવી દૃષ્ટિ પુરૂષને જે દોષથી થાય તે દૃષ્ટિસંમોહ, જેમ પોતાની ઈચ્છા મુજબથી કરાતી હિંસા અને વેદ વિહિત હિંસામાં પોતાનો ઉપભોગ માત્ર ફળ તથા ભૂતિ કામના રૂપ ક્લિષ્ટ ભાવ સમાન હોવા છતા પણ તે બન્ને આરંભને ભિન્ન માનનારા **વૈદિકોનો** દૃષ્ટિસંમોહ જાણવો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમાં ભાવથી તુલ્યતા નથી એવા વ્યક્તિ ભેદથી થતા બે આરંભાત્મક વસ્તુમાં દેરાસર વિ. ના નિમિત્તે ખેતર સોનું ચાંદિ ગામ વિ. માં શાસ્ત્ર અધ્યવસાયના ભેદથી પ્રવૃત્ત થયેલો હોવાથી અને પોતે તે ફળનો ભોગ કરતો ન હોવાથી માત્ર આગમાનુસારે તેમાં ઉપેક્ષાનો ત્યાગ કરી ગામ ખેતરાદિના આરંભનો ત્યાગ ન કરવા છતાં પણ સ્વપરની ભાવ આપત્તિને દૂર કરવાના ભાવથી પ્રવૃત્તિ થતી હોવાથી દૃષ્ટિસંમોહ દોષ થતો નથી. દર્શન - આગમ તેમાં સંમૂઢતા તેનો અભાવ હોવાથી હકીકતમાં તે આરંભનો છોડનાર હોવાથી અસંમોહ છે. અથવા તો ગુણતઃ એટલે શબ્દાર્થથી તુલ્ય સ્વરૂપ હોતે છતે અહિંસાદિનો સંજ્ઞાભેદથી અકરણ નિયમ - મહાવ્રતાદિ રૂપ સ્વપરિભાષાના ભેદે આગમોમાં પતંગજલજૈનાદિશાસ્ત્રોમાં વિપરીત મતિ જે દોષથી થાય તે દૃષ્ટિસંમોહ. એટલે મહાવ્રતનું પ્રતિપાદક મારું આગમ સારું છે. અકરણ નિયમાદિ પ્રતિપાદક અન્ય આગમો સારાં નથી. પરઆગમોમાં પણ દેખાતા સઘળાય સદ્વચનો સ્વશાસ્ત્રથી જુદા નથી. **ઉપદેશપદમાં** કહ્યું છે બાર અંગ સર્વ પ્રવાદનું મૂળ છે. કારણ કે જિનેશ્વરે ભાખેલા બાર અંગ રત્નાકર સમાન છે. તેથી તેમાં રહેલું બધું સુંદર જ છે. ॥ ૧૧ ॥

धर्मपथ्यारुचिं लिङ्गद्वारा लक्षयति ।

धर्मश्रवणेऽवज्ञा तत्त्वरसास्वादविमुखता चैव ।

धार्मिकसत्त्वासक्तिश्च धर्मपथ्येऽरुचेर्लिङ्गम् ॥ १२ ॥

धर्मस्य श्रवणमविपरीतार्थमाकर्णनं तत्रावज्ञानादरस्तत्त्वे परमार्थे वा रसस्तस्यास्वादोऽनुभवस्तस्मिन् विमुखता चैव, धार्मिका ये सत्त्वाः प्राणिनस्तैः सहासक्तिरसंयोगश्च धर्म एव पथ्यं पापव्याध्यपनायकत्वात्तत्रारुचेर्लिङ्गं भवेदिति प्रत्येकमभिसम्बन्धनीयम् ॥ १२ ॥

**ધર્મપથ્યની અરૂચિને લિંગ દ્વારા ઓળખાવે છે...**

**ગાથાર્થ** :- ધર્મ સાંભળવામાં અનાદર, તત્ત્વરસનો આસ્વાદ માણવાથી દૂર રહેવું અને ધાર્મિક આત્માઓ સાથે સંપર્ક ન કરવો આ ધર્મમાં અરૂચિનું લિંગ છે ॥ ૧૨ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अथ क्रोधकण्डूतिं चिह्नद्वारा लक्षयति ।

**सत्येतरदोषश्रुतिभावादन्तर्बहिश्च यत्स्फुरणम् ।**

**अविचार्य कार्यतत्त्वं तच्चिह्नं क्रोधकण्डूतेः ॥ १३ ॥**

सत्येतरदोषाणां - यथास्थितासद्भूतापराधानां श्रुतिभावादन्तःप्रज्वलनद्वारा बहिश्चाप्रसन्नताव्यञ्जकाकारद्वारा यत्स्फुरणं वृद्धिश्चलनं वाऽविचार्यानालोच्य 'कार्यतत्त्वं' स्वात्मनोऽत्यन्ताहितं दुर्गतिविपाकलक्षणं क्रोधकार्यपरिणामं तच्चिंह्न लक्षणं क्रोधकण्डूतेः क्रोधकण्ड्वाः ॥ १३ ॥

**ક્રોધ ખંજવાળને ચિહ્ન દ્વારા દર્શાવે છે.**

**ગાથાર્થ** :- સાચા કે ખોટા દોષો સાંભળી કાર્ય પરમાર્થને વિચાર્યા વિના અંદરથી બળવું અને બહારથી ભવાં વિ. ચડાવી વિકરાળ આકાર દ્વારા થરથરવું તે ક્રોધ રૂપી ખંજવાળની નિશાની છે.

**વિશેષાર્થ** :- કાર્યતત્ત્વ "આ ક્રોધ આત્માનું અત્યંત અહિત કરનાર છે. દુર્ગતિના મહેમાન બનાવનાર છે." એવું ક્રોધ કાર્યનું પરિણામ વિચાર્યા વગર ઝઝણી પેદા થવી (ઉકળી જવું) તે ક્રોધ ખંજવાળનું ચિહ્ન છે. :॥ ૧૩॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

निगमयति ।

**एते पापविकारा न प्रभवन्त्यस्य धीमतः सततं ।**

**धर्मामृतप्रभावाद्भवन्तिमैत्र्यादयश्च गुणाः ॥ १४ ॥**

एते विषयतृष्णादयः पूर्वोक्ताः पापविकारा न प्रभवन्ति न जायन्तेऽस्य पुरुषस्य धीमतो बुद्धिमतः सततमनवरतं धर्ममेव यदमृतं पापविषनाशकत्वात्तस्य प्रभावात्तथा चैतानि दोषाभावरूपाणि धर्मतत्त्वलिङ्गान्युक्तानि । अथाभ्यासिकगुणरूपाणि तल्लिङ्गान्याह । मैत्र्यादयश्चगुणा वक्ष्यमाणस्वरूपा धर्मामृतप्रभवादेव सम्पद्यन्ते ॥ १४ ॥

**હવે નીચોડ નીકાળતા કહે છે.....**

**ગાથાર્થ** :- સતત ધર્મરૂપી અમૃતના પ્રભાવથી આ બુદ્ધિશાળી પુરુષને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ આ જે વિષયતૃષ્ણાદિ પાપવિકારો છે, તે ઉદ્ભવતા નથી અને મૈત્રાદિ ગુણો પ્રગટે છે.

**વિશષાર્થ** :- આ દોષના અભાવરૂપ ધર્મતત્ત્વના લિંગો કહ્યાં. હવે અભ્યાસ કરવા યોગ્ય ગુણરૂપ મૈત્ર્યાદિ લિંગો કહે છે. તે મૈત્ર્યાદિ કહેવાતા સ્વરૂપવાળા છે. તેઓ પણ ધર્મ અમૃતના પ્રભાવથી જ પ્રગટે છે. ॥ ૧૪ ॥

मैत्र्यादिलक्षणमाह

**परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा ।**

**परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥ १५ ॥**

परेषां प्राणिनां हितचिन्ता मैत्री ज्ञेया । परेषां यद्दुःखं तद्विनाशिनी परिणतिः करुणा । परेषां यत्सुखं तेन तस्मिन् वा तुष्टिरप्रीतिपरिहारो मुदिता । परेषां दोषा अविनयादयोऽप्रतीकार्यास्तेषामुपेक्षणमवधीरणमुपेक्षा, सम्भवत्प्रतीकारेषु तु दोषेषु सापेक्षयतिना नोपेक्षा विधेया ॥ १५ ॥

**મૈત્ર્યાદિનું લક્ષણ કહે છે...**

**ગાથાર્થ** :- બીજા જીવોની હિત ચિંતા તે મૈત્રી છે. બીજાના દુઃખને નાશ કરાવાની ભાવના તે કરુણા, અન્યના સુખમાં ઈર્ષ્યા, અપ્રીતિનો અભાવ એટલે હર્ષ થાય તે મુદિતા; પ્રતિકાર ન કરી શકાય તેવા બીજાના અવિનયાદિ દોષોની કે તે દોષવાળા જીવોની પ્રત્યે ઉદાસીનતા રાખવી તે ઉપેક્ષા ॥

**વિશેષાર્થ** :- પરંતુ પ્રતિકાર સંભવી શકે તેવા દોષોને વિષે સાપેક્ષ યતિએ ઉપેક્ષા ન કરવી. ॥ ૧૫ ॥

उपसंहरन्नाह -

**एतज्जिनप्रणीतं लिङ्गं खलु धर्मसिद्धिमज्जन्तोः ।**

**पुण्यादिसिद्धिसिद्धेः सिद्धं सद्धेतुभावेन ॥ १६ ॥ ४ ॥**

एतत् पूर्वोक्तमौदार्यादि सर्वमेव जिनप्रणीतं - जिनोक्तं लिङ्गं-लक्षणं खलु-शब्दो वाक्यालङ्कारे जन्तोः - प्राणिनो धर्मसिद्धिमद्व्यञ्जकतासम्बन्धेन



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

धर्मनिष्पत्तिमत्पुण्यस्यादय उपायाः "दया भूतेषु वैराग्यं विधिदानं यथोचितम् । विशुद्धा शीलवृत्तिश्च पुण्योपायाः प्रकीर्तिता" इति श्लोकोक्ताश्चत्वारः; त एव सिद्धयः परमैश्वर्यरूपत्वात्तासां सिद्धेर्निष्पत्तेः सद्धेतुभावेनाऽवन्ध्यहेतुत्वेन सिद्धं पुण्यादीत्यादिना ज्ञानयोग- ग्रहोऽग्रिमसिद्धिशब्दश्चोपायार्थ इत्यन्ये ॥ १६ ॥ ४ ॥

**ઉપસંહાર કરતા કહે છે...**

**ગાથાર્થ** :- ધર્મસિદ્ધિવાળા આત્માનું ઔદાર્યાદિ જિનેશ્વરે ભાખેલું લિંગ છે, જે પુણ્યના ઉપાય રૂપ સિદ્ધિઓની પ્રાપ્તિનાં સદ્હેતુ = અવંધ્ય હેતુ તરીકે સિદ્ધ થયેલ છે.

**વિશેષાર્થ** :- ઉદારતા વિ. થી અમુક પુરુષમાં ધર્મ સિદ્ધ થયો છે. પરિણમ્યો છે, એવી જાણ થતી હોવાથી ઉદારતા વિ. માં વ્યંજકતા ધર્મ આવ્યો તે ધર્મ જ સંબંધ બને છે, તે વ્યંજકતા સંબંધથી ઉદારતા વિ. ધર્મસિદ્ધિવાળા કહેવાય છે. જેમ જનકતા સંબંધથી કુંભાર ઘટવાળો કહેવાય છે. પુણ્યના આદિ ઉપાયો = પ્રાણિઓને વિષે દયા, વૈરાગ્ય વિધિપૂર્વક યથાયોગ્ય દાન કરવું શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન આ બધા પુણ્યના ઉપાયો કહ્યા છે. આ ઉપાયો જેવા તેવાને પ્રાપ્ત થતા ન હોવાથી પરમ ઐશ્વર્ય રૂપ છે, માટે તેઓને ગ્રંથકારે સિદ્ધિરૂપે બિરદાવ્યાં છે. તેઓની પૂર્ણતાની પ્રાપ્તિના ઔદાર્યાદિ અવંધ્ય હેતુ છે. બીજાઓ - પુણ્યાદિ અહીં આદિ પદથી જ્ઞાનયોગનું ગ્રહણ કરે છે અને પહેલાં સિદ્ધ શબ્દનો ઉપાય અર્થ કરે છે, એટલે પુણ્યજ્ઞાનયોગના ઉપાયની નિષ્પત્તિના ઉદારતા વિ. સફળ હેતું છે. ॥ ૧૬ ॥

**॥ ઈતિ ચતુર્થ ષોડશકમ્ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# पञ्चमं लोकोत्तर तत्त्वप्राप्ति षोडशकम्

एवं सामान्येन सलिङ्गधर्मसिद्धिमुक्त्वा ततो यत्स्यात्तदाह ।

**एवं सिद्धे धर्मे सामान्येनेह लिङ्गसंयुक्ते ।**

**नियमेन भवति पुंसां लोकोत्तरतत्त्वसम्प्राप्तिः ॥ १ ॥**

एवं प्रागुक्तनीत्या सामान्येन लोकलोकोत्तराप्रविभागेनेहप्रकमे लिङ्गसंयुक्ते धर्मे सिद्धे नियमेन निश्चयेन भवति । पुंसां तत्तत्तन्त्रोक्तमुमुक्षुजन-योग्याचारप्रणेतृनानावस्थापुनर्बन्धकापेक्षया शुद्धानां स्वतन्त्रव्यवहारस्थापुन- र्बन्धकानां सम्यग्दृशां च सर्वेषामेव लोकोत्तरस्य लोकानवगतेति- कर्त्तव्यताकस्य तत्त्वस्य-परमार्थस्य सम्प्राप्तिः ॥ १ ॥

**એ પ્રમાણે સામાન્યથી લિંગ સાથે ધર્મસિદ્ધિ કહીને તેના પછી શું થાય તે કહે છે...**

**ગાથાર્થ** :- એમ ઔદાર્યાદિ લિંગયુક્ત ધર્મ સામાન્યથી (લૌકિક લોકોત્તરના વિભાગ વિના) સિદ્ધ થયે છતે પુરુષોને નિશ્ચયથી લોકોત્તરતત્ત્વની પ્રાપ્તિ થાય છે. ॥

**વિશેષાર્થ** :- એ પ્રમાણે પૂર્વે કહેલ નીતિ દ્વારા સામાન્યથી લિંગ યુક્ત ધર્મ સિદ્ધ થયે છતે ચોક્કસ પુંસાન્તે તે ગ્રંથમાં કહેલ મુમુક્ષુજન યોગ્ય આચાર પ્રણેતા અને વિવિધઅવસ્થાવાળા પુનર્બંધકની અપેક્ષાએ જે શુદ્ધ હોય, તેમજ પોતાના દર્શનમાં કહેલ આચારમાં આ "આ મોક્ષે જવાનો યોગ્ય માર્ગ છે, એમ સમજી તેમાં પ્રવૃત્તિ કરનારો, પણ પ્રણેતાની જેમ આ જ સાચું છે, આવી પક્કડવાળો ન હોય, એટલે યુક્તિયુક્ત વચન કોઈ પણ દર્શનના હોય તેને સ્વીકારવા તત્પર હોય એવા અપુનર્બંધક અને સમકિતી સર્વપુરુષોને લોકોત્તર - લોકો - જિન ધર્મથી બાહ્ય; લોકો સમજી ન શકે એવાં કર્તવ્યનું નિરૂપણ કરનાર લોકાત્તરતત્ત્વની પ્રાપ્તિ થાય છે. ॥૧॥

इयं च यद्रूपा यस्मिंश्च काले स्यात्तदेतदभिधातुमाह ।

**आद्यं भावारोग्यं बीजं चैषा परस्य तस्यैव ।**

**अधिकारिणो नियोगाच्चरम इयं पुद्गलावर्ते ॥ २ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आदौ भवमाद्यं भावरूपमारोग्यमेषा सम्यक्त्वस्पर्शाद्बीजं च परस्य प्रधानस्यतस्यैव भावारोग्यस्य मोक्षरूपस्य तस्य रागादिभावरोगाभावतः । पापाप्रसिद्धेः इयमधिकारिणः क्षीणप्रायसंसारस्य नियोगान्नियमाच्चरमे पुद्गलपरावर्ते औदारिकवैक्रियतैजसकार्मणप्राणापानभाषामनोभिरेतत्परिणामपरिणतसर्वपुद्गलग्रहणरूपे भवति; अभ्युच्चयपक्षोऽयं यावता सार्वतन्त्रिक्यप्यपुनर्बन्धक- क्रियाऽन्यपुद्गलपरावर्ते न भवति " मोक्खासओ वि न[1] तच्छ हो" इत्यादिना मोक्षाशयस्यापि तत्र प्रतिषेधादित्यन्यत्र विस्तरो द्रष्टव्यः ॥ २ ॥

**આ લોકોત્તરતત્ત્વ સંપ્રાપ્તિ જે જે સ્વરૂપવાળી હોય છે અને જે કાળે થાય છે તે દર્શાવે છે.**

**ગાથાર્થ** :- પહેલામાં પહેલી ભાવારોગ્ય - સમકિતરૂપધર્મતત્ત્વ સંપ્રાપ્તિ થાય છે અને આ પ્રધાન ભાવારોગ્ય - મોક્ષનું બીજ છે. ચરમપુદ્ગલાવર્ત્તમાં ક્ષીણ પ્રાયઃ સંસારવાળાને નિશ્ચયથી આ લોકોત્તરતત્ત્વ પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ** :- અનાદિકાલમાં પહેલીજ વાર સમકિતની પ્રાપ્તિ થતી હોવાથી આ ભાવારોગ્ય આદ્યં કહ્યું છે; સમકિતનો સ્પર્શ થતો હોવાથી આ ભાવારોગ્ય કહેવાય છે. અને પ્રધાન ભાવારોગ્યનું આ બીજ છે. એટલે મોક્ષનું મૂળ કારણ છે. અહીં મોક્ષને પ્રધાન ભાવારોગ્ય રૂપે કહ્યું છે, કારણ કે તેમાં રાગાદિ ભાવ રોગનો અભાવ હોવાથી પાપનું નામ નિશાન નથી. ઔદારિકાદિ રૂપે સર્વ પુદ્ગલોને પરિણમાવવા તે પુદ્ગપરાવર્તન, તેવા છેલ્લાં પુદ્ગલપરાવર્તનમાં ક્ષીણ પ્રાયઃ સંસાવાળાને આ લોકોત્તરતત્ત્વની સંપ્રાપ્તિ થાય છે. છેલ્લું તે વિવિક્ષિત જીવને આશ્રયી જાણવું. તે તે જીવ જ્યારે મોક્ષ જવાનો હોય તેની અપેક્ષાએ એક પુદ્ગલપરાવર્ત્તકાળ બાકી હોય તે વિવક્ષિત જીવનું ચરમ પુદ્ગલપરાવર્ત્ત કહેવાય. આ સ્વીકૃત પક્ષની વાત કહી. યાવતા સર્વતંત્ર (દર્શન) સંબંધી પણ અર્પુનબંધક યોગ્ય ક્રિયા એટલે શાન્ત, દાન્ત, જીજ્ઞાસુ, મુમુક્ષુ વગેરે ભાવો પામ્યા પછી આત્મા અર્પુનબધકપણાને પામે તે ક્રિયાઓ અચરમાવર્ત્તમાં થતી નથી. કારણકે તે કાળમાં મોક્ષ આશયનો પણ નિષેધ કરેલ છે. ॥ ૨ ॥

---

१. नन्नत्थ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कुतः पुनर्हेतोश्चरमपुद्गलपरावर्तो भवतीत्याह ।

स भवति कालादेव प्राधान्येन सुकृतादिभावेऽपि ।
ज्वरशमनौषधसमयवदिति समयविदो विदुर्निपुणम् ॥ ३ ॥

स चरमपुद्गलपरावर्त्तः कालादेव प्राधान्येनेतरहेत्वपेक्षाविलम्बाभावरूपेण भवति सुकृतादीनां भावेपि - सामग्र्यां प्रवेशेपि सुकृतपदं प्रकृता (पुण्य-प्रकृत्य) भिप्रायेणान्यथा कर्म सामान्यमात्रं ग्राह्यं, आदिना पुरुषकार-नियत्यादिग्रहः । निदर्शनमाह ज्वरस्य शमनं यदौषधं तत्समयवत् । यथाहि ज्वरशमनौषधमपि प्रथमापाते दत्तं न गुणकृत् प्रत्युत दोषोदीरक, ज्वर-जीर्णतासमये च दत्तं तद्गुणकृत्स च परिपाकाख्यपर्यायशालिकालेनैव जन्यते, तथा सद्धर्मौषधमप्यचरमावर्ते दत्तं न गुणकृत्प्रत्युत दोषोदीरकमेव, चरमे तु दत्तं गुणकृत्स च भावपरिपाकाख्यपर्याययुक्तकालादेव भवतीति समयविदः - सिद्धान्तज्ञा यथा स्यात्तथा विदुः ॥ ३ ॥

**કયા હેતુથી ચરમપુદ્ગલપરાવર્ત કાળ થાય છે, તે ગ્રંથકાર કહે છે....**

**ગાથાર્થ :-** જ્વરશમન ઔષધ જેમ તાવ નીકળવાના સમયે ગુણકારી થાય છે, તેમ સુકૃતાદિનો સદ્ભાવ હોવા છતાં પણ મુખ્યતાએ કાળનો પરિપાક થવાથી જ ચરમાવર્ત થાય છે, એમ શાસ્ત્રજ્ઞપુરુષો નિપુણરીતે જાણે છે.

**વિશેષાર્થ :-** પ્રાધાન્યને એટલે અન્ય હેતુની અપેક્ષાએ કાળ પાકતા વિલંબ વિના જ ચરમપુદ્ગલપરાવર્ત થાય છે. સુકૃત એટલે પુણ્ય પ્રકૃતિ આદિ પદથી પુરુષાર્થ નિયતિ વિ. નું ગ્રહણ થાય છે. આ બધા સામગ્રીમાં આવે છે, પણ આ સામગ્રીનો અન્ય કાળમાં પ્રયોગ કરતા ઉલ્ટો દોષનો વધારો થાય છે. જેમ તાવની શરૂઆતમાં તાવને શાન્ત કરનારી દવા પણ ગુણ કરવાને બદલે તકલીફ વધારે છે. જ્યારે ચરમ કાળમાં આપેલું ઔષધ તેમજ આચરેલ સુકૃતાદિ ગુણકારી બને છે, એટલે ભાવપરિપાકપર્યાય યુક્ત કાળથી જ સુકૃતાદિ ગુણકારી થાય છે. એમ સિદ્ધાંતના જ્ઞાતાઓ નિપુણ રીતે જાણે છે. ॥ ૩ ॥

उक्तमेव निदर्शनार्थं स्पष्टमाह -

नागमवचनं तदधः सम्यक्परिणमति नियम एषोऽत्र ।
शमनीयमिवाभिनवे ज्वरोदयेऽकाल इति कृत्वा ॥ ४ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आगमवचनं तदधश्चरमपरावर्ताधिकसंसारे न सम्यग् विषयविषयिविभागेन परिणमति; नियम एष प्रस्तुतोऽत्र प्रक्रमे शमनीयमिवौषधमि- वाभिनवज्वरोदयेऽकालोऽप्रस्ताव इतिकृत्वा ॥ ४ ॥

**પૂર્વે કહેલાનું નિદર્શન કરવા માટે સ્પષ્ટ રીતે કહે છે....**

**ગાથાર્થ :-** "ચરમ પુદ્‌ગલપરાવર્તથી અધિક સંસાર હોય તો આગમ વચન સારી રીતે પરિણમતાં નથી" આ નિયમ છે, જેમ નવા આવેલા તાવમાં તાવને શાન્ત કરનાર ઔષધ તરતજ આપવું નહિં કારણ કે તે ઔષધ આપવા માટે નો અકાળ છે એટલે કે અવસર નથી. ॥ ૪ ॥

न केवलं तदधस्तादागमवचनं न परिणमति किन्तु विपरीतं परिणमतीत्याह ।

**आगमदीपेऽध्यारोपमण्डलं तत्त्वतोऽसदेव तथा ।**

**पश्यन्त्यपवादात्मकमविषय इह मन्दधीनयनाः ॥ ५ ॥**

आगमदीपे सिद्धान्तसद्वादप्रदीपेऽध्यारोप आरोपितरूपमेव मण्डलं "मयूरचन्द्रकाकारं नीललोहितभासुरम् । प्रपश्यन्ति प्रदीपादेर्मण्डलं मन्दचक्षुष" इत्युक्तरूपमविषयेऽपवादास्थानेऽपकृष्टवादात्मकमिह लोके 'मन्दधीनयना' मन्दबुद्धिचक्षुषस्तत्त्वतो वस्तुवृत्त्याऽसदेवाविद्यमानमेव तथा तैमिरिकदृश्येन तेन प्रकारेण पश्यन्ति दृष्टिदोषात् ॥ ५ ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**અધિક સંસારવાળાને આગમવચન પરિણમતું નથી એટલું જ નહિ પણ વિપરીત પરિણમે છે તે કહે છે....**

**ગાથાર્થ :-** જેમ કોઈ તૈમિર રોગના નેત્રવાળો-આંખે મોતિયાવાળો પુરુષ દીપમાં અવિદ્યમાન મંડલને જુએ છે. તેમ મંદબુદ્ધિવાળો આગમરૂપ પ્રદીપમાં પરમાર્થથી અવિદ્યમાન અપવાદરૂપ આરોપિત મંડલને અપવાદના અવિષયમાં (અપવાદનું જે સ્થલ નથી ત્યાં) પણ જુએ છે.

**વિશેષાર્થ :-** જેમ તૈમિર રોગવાળો પ્રદીપના ચારે બાજુ નીલ રક્ત ભાસ્વર વર્ણમય મોરના પીછામાં રહેલ આંખના ચિહ્ન સરખા આકારવાળા મંડલને દેખે છે. તેમ મંદબુદ્ધિરૂપ નયનવાળા જે અપવાદનું સ્થલ નથી ત્યાં પણ અવિદ્યમાન અપવાદ રૂપ મંડલને દેખે છે. ॥ ૫ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उक्तमेवार्थं कार्यलिङ्गेन समर्थयति ।

**तत एवाविधिसेवा दानादौ तत्प्रसिद्धफल एव ।**

**तत्तत्त्वदृशामेषा पापा कथमन्यथा भवति ॥ ६ ॥**

तत एवागमदीपेऽध्यारोपमण्डलदर्शनादेवाऽविधेर्विधिविपर्ययस्य सेवादानादौ विषये तत्प्रसिद्धफल एवागमाभ्युपगतफल एव भवत्यन्यथाग- मार्थाध्या-रोपाभावे तत्तत्त्वदृशामागमप्रामाण्याभ्युपगन्तॄणामेषा दानाद्यविधिसेवा पापा - पापहेतुः कथं स्यात्फलार्थिनः फलानुपाये प्रवृत्तेरर्थभ्रमं विनाऽसम्भ- वादिति **भावः** ॥ ६ ॥

**ઉક્તઅર્થનું કાર્યલિંગ દ્વારા સમર્થન કરે છે...**

**ગાથાર્થ** :- આગમ પ્રદીપમાં ભ્રાન્તિરૂપ મંડલનો આરોપ થવાથી જ આગમ પ્રસિદ્ધ ફળવાળા દાનાદિમાં અવિધિથી સેવા અર્થાત્ અવિધિનું આચરણ થાય છે. અન્યને -આગમતત્ત્વને પરમાર્થથી ચાહનારોને આ પાપિષ્ઠ અવિધિ સેવા ક્યાંથી સંભવે ?

**વિશેષાર્થ** :- આગમાર્થના આરોપવિના આગમ પ્રમાણ્ય સ્વીકારનારને પાપહેતુવાળી અવિધિ સેવા ક્યાંથી સંભવે ? કારણકે ફલાર્થીને ફળના અનુપાયમાં - વિપરીત સાધનમાં પ્રવૃત્તિ અર્થભ્રમ વિના સંભવે નહિ. ॥ ૬ ॥

ज्ञानफलाभावलक्षणापरिणामस्याप्यविधिसेवालिङ्गमित्याह ।

**येषामेषा तेषामागमवचनं न परिणतं सम्यक् ।**

**अमृतरसास्वादज्ञः को नाम विषे प्रवर्तेत ॥ ७ ॥**

येषां जीवनामेषाविधिसेवा तेषामागमवचनं न सम्यक् फलोपधानेन परिणतं; को नामामृतरसास्वादज्ञः पुमान् विषे प्रवर्तेत - भक्षणप्रवृत्तिं विदध्याद्विषप्रवृत्तिकल्पामविधिसेवां, तत्त्वतो नागमवचनं फलतः परिणत-मितिभावः ॥ ७ ॥

**અવિધિ સેવા જ્ઞાનફળ - પરિણતિના અભાવ સ્વરૂપ અપરિણતીનું લિંગ છે; તે બતાવે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ :-** જે જીવો આ અવિધિસેવાને સેવે છે. તેઓને આગમ વચન સારી રીતે ફળ સાથે જોડવા વડે પરિણત થયેલું નથી. અમૃતરસના આસ્વાદને જાણનારો કયો પુરુષ ઝેરને ખાવા પ્રવૃત્તિ કરે ?

**વિશેષાર્થ :-** વિષપ્રવૃત્તિ સરખી અવિધિસેવાને કરનાર પુરુષને પરમાર્થથી આગમ વચન ફળથી પરિણત થયું નથી. ॥ ૭ ॥

निषेधमुखेनोक्तं विधिमुखेनाह ।

**तस्माच्चरमे नियमादागमवचनमिह पुद्गलावर्त्ते ।**
**परिणमति तत्त्वतः खलु स चाधिकारी भवत्यस्याः ॥ ८ ॥**

तस्माच्चरमे पुद्गलावर्त्ते नियमेनेह जगति आगमवचनं तत्त्वतः खलु परमार्थत एव परिणमत्युत्तरोत्तरफलमुपदधाति, स च परिणतागमवचनोऽस्या लोकोत्तरतत्त्वसम्प्राप्तेरधिकारी भवति न शेषः ॥ ८ ॥

**નિષેધ મુખથી કહ્યું હવે વિધિ મુખથી કહે છે...**

**ગાથાર્થ :-** તેથી ચરમપુદ્ગલપરાવર્તમાં વર્તમાન જીવને આગમવચન પરમાર્થથી પરિણત થાય છે, તે પરિણતઆગમવચનવાળો જ લોકોત્તર તત્ત્વસંપ્રાપ્તિનો અધિકારી બને છે. બાકીનાં નહિં. પરિણમતિ ઉત્તરોત્તર ફળને આપે છે. ॥ ૮ ॥

किमित्येवमागमवचनपरिणामोऽधिक्रियत इत्यत आह ।

**आगमवचनपरिणतिर्भवरोगसदौषधं[1] यदनपा[2]यम् ॥**
**तदिह परः सद्बोधः सदनुष्ठानस्य हेतुरिति ॥ ९ ॥**

आगमवचनस्य परिणतिरज्ञानावरणह्रासोत्थोपादेयत्वाद्यविषयबालादिज्ञान-तुल्य विषयप्रतिभासोत्तीर्णज्ञानावरणह्रासोत्थोपादेयत्वादिविषयात्मपरिणाम-वज्ज्ञानरूपा, भवरोगस्य सदौषधं तदुच्छेदकत्वेन यद् यस्मादनपायं निर्दोषं प्रतिबन्धेऽपि श्रद्धाविभावात् तत्तस्मादिहागमवचनपरिणत्यां सत्यां परः-प्रकृष्टः सज्ज्ञानावरणह्रासोत्थत्वाच्छुद्धोपादेयत्वादि विषयत्वाच्च सद्बोध-स्तत्त्वसंवेदननामा प्रकाशः सदनुष्ठानस्य-विरतिरूपस्य हेतुः फलोपहित-कारण- मितिकृत्वागमवचनपरिणामोऽधिक्रियते ॥ ९ ॥

**આગમ વચનનો પરિણામ શા માટે અધિકાર કરાય છે. ? તેનો જવાબ**

१. भवति यस्मात् इति अधिकं  २. निरपाय इति पाठान्तरं



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથકાર આપે છે...

**ગાથાર્થ** :- આગમ વચનની પરિણતિ ભવરોગનું નિર્દોષ સદ્ઔષધ છે, તેથી આગમવચન પરિણત થયે છતે પ્રકૃષ્ટ સદ્બોધ થાય છે. તે સુંદર અનુષ્ઠાન - વિરતિ રૂપ અનુષ્ઠાનનો હેતુ છે માટે આગમવચનના પરિણામનો અધિકાર કરાય છે.

**વિશેષાર્થ** :- આગમ વચનની પરિણતિ અજ્ઞાનાવરણના ક્ષયોપશમથી પેદા થયેલ શુદ્ધ ઉપાદેય વિ. નો વિષય ન હોય તેવા બાળાદિજ્ઞાન સમાન વિષય પ્રતિભાસથી પારપામેલ જ્ઞાનાવરણની હાનિથી ઉત્પન્ન હેય ઉપાદેય વિ. વિષયવાળું આત્મપરિણામવાળુ જે જ્ઞાન તદ્રુપ છે. ભવરોગનો ઉચ્છેદ કરનાર હોવાથી સદ્ઔષધરૂપ છે. અને પ્રતિરોધ થવા છતાં પણ શ્રદ્ધાદિ ટકી રહેવાથી નિર્દોષ કહેલ છે. આગમવચન પરિણત થયે છતે તજ્જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ હોવાથી અને શુદ્ધ ઉપાદેય વિ.નો વિષય હોવાથી અને શુદ્ધ ઉપાદેય વિ. નો વિષય હોવાથી એટલે કે સમકિતિ આત્માને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી "આ વિરતિ સ્વીકારવા યોગ્ય છે. પાપ વ્યાપાર ત્યાજય છે." ઈત્યાદિ પ્રશસ્ત જ્ઞાન ઉત્પન્ન થાય છે. જે જ્ઞાન વિરતિ મેળવવા માટેની તલપ જગાડે છે. એવો સદ્બોધ - (તત્ત્વસંવેદન) વિરતિરૂપ અનુષ્ઠાનનો હેતુ - ફળને નજીક લાવવાનું અવંધ્ય કારણ છે. માટે જ આગમવચન પરિણામની પરિણતિને લોકોત્તરતત્ત્વ પ્રાપ્તિના કારણ તરીકે અધિકાર કરાય છે,/સ્વીકારાય છે. ॥ ૯ ॥

कः पुनः सद्बोधपूर्वानुष्ठानस्य विशेष इत्याह ।

दशसञ्ज्ञाविष्कम्भणयोगे सत्यविकलं ह्यदो भवति ।

परहितनिरतस्य गम्भीरोदारभावस्य ॥ १० ॥

दशानां सञ्ज्ञानां विष्कम्भणं यथाशक्तिनिरोधस्तद्योगे तन्निरोधोत्साहे वा हि यतोऽदः प्रकृतानुष्ठानं भवत्यतोऽविकलं संपूर्णं भवति तद्वैकल्यापादकसञ्ज्ञाविष्कम्भणात्; परहिते निरतस्य तथा सदा सर्व्वकालं गम्भीर उदारश्च भावो स तथा तस्यात इदमविकलत्वाद्विशिष्यत इति भावः ॥१०॥

**સદ્બોધ પૂર્વકનાં અનુષ્ઠાનની શું વિશેષતા હોય છે ? તે બતાવે છે....**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- દશ સંજ્ઞાઓનો યથાશક્તિ નિરોધના યોગમાં કે નિરોધનો ઉત્સાહ જાગ્યે છતે પરહિતમાં તત્પર તેમજ હંમેશને માટે ગંભીર અને ઉદારભાવવાળાને પ્રકૃત અનુષ્ઠાન પરિપૂર્ણ બને છે.

**વિશેષાર્થ** :– પ્રકૃત અનુષ્ઠાનને હાનિ પહોંચાડનાર આહાર, ભય (નિદ્રા) મૈથુન, પરિગ્રહ, ૪ કષાય, લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા એ ૧૦ સંજ્ઞાનો રોધ થયો હોવાથી પ્રકૃત અનુષ્ઠાન પરિપૂર્ણ બને છે. ॥૧૦॥

दशसञ्ज्ञाविष्कम्भणमपि दुर्लभं कथं स्यादित्याह ।

**सर्व्वज्ञवचनमागमवचनं यत्परिणते ततस्तस्मिन् ।**

**नासुलभमिदं सर्वं ह्युभयमलपरिक्षयात्पुंसाम् ॥ ११ ॥**

यद् यस्मादागमवचनं सर्वज्ञवचनं, ततस्तस्मिन् परिणते विधिरूपाध्यात्मयोगेनोभयमलपरिक्षयात् क्रियामलभावमलोच्छेदात्पुंसां-पुरुषाणामिदं सर्व्वं दशसञ्ज्ञाविष्कंभणं हि निश्चितं नासुलभं-किन्तु सुलभमेव ॥ ११ ॥

**દશ સંજ્ઞાનોરોધ કરવો દુર્લભ છે, તેનો રોધ કેવી રીતે થાય તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- આગમવચન સર્વજ્ઞવચનરૂપ છે, તેથી આગમવચન પરિણત થયે છતે વિધિરૂપ અધ્યાત્મયોગ દ્વારા ક્રિયામળ અને ભાવમળ ક્ષય થવાથી પુરુષોને સંજ્ઞાનો નિરોધ વિ. કશુંય દુર્લભ બનતું નથી.॥૧૧॥

अध्यारोपादविधिसेवा दानादावित्युक्तं तदभावे यत् स्यात्तदाह ।

**विधिसेवा दानादौ सूत्रानुगता तु सा नियोगेन ।**

**गुरुपारतन्त्र्ययोगादौचित्याच्चैव सर्व्वत्र ॥ १२ ॥**

विधिसेवा सर्वाङ्गपरिशुद्धप्रवृत्तिर्दानादौ सूत्रानुगता त्वभ्रान्तसूत्रज्ञानानुसारिण्येव स्यात् सा-विधिसेवा, नियोगेन-नियमेन, गुरुपारतन्त्र्यस्य योगाद्भवेच्च तु यादृच्छिकज्ञानमात्रादौचित्याच्चैवानौचित्यपरिहारेण च सर्वत्र-दीनादौ ॥ १२ ॥

**અધ્યારોપથી દાનાદિમાં અવિધિ સેવા થાય છે' એમ કહ્યું. હવે અધ્યારોપના અભાવમાં જે બને તે કહે છે.**



Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- દાનાદિમાં સર્વાંગ પરિશુદ્ધિ પૂર્વકની પ્રવૃત્તિ ભ્રાન્તિ વગરના સૂત્ર જ્ઞાનને અનુસરનારી હોય છે. તે નિશ્ચયથી દીનાદિ ને વિષે ગુરુ પારતંત્ર્યના યોગથી અને ઔચિત્યથી થાય છે.

**વિશેષાર્થ** :- ગુરુપારતંત્ર્યયોગાદ્ એટલે ઈચ્છા મુજબના જ્ઞાનમાત્રથી પોતે પ્રવૃત્તિ ન કરે, તેમજ દીનાદિનું ઔચિત્ય સાચવી ને પ્રવૃત્તિ કરે. ॥ ૧૨ ॥

दानादिविधिसेवायां महादानदानयोर्विशेषमाह ।

**न्यायात्तं स्वल्पमपि हि भृत्यानुपरोधतो महादानम् ।**

**दीनतपस्व्यादौ गुर्वनुज्ञया दानमन्यत्तु ॥ १३ ॥**

**न्यायेन** ब्राह्मणक्षत्रियविट्शूद्राणं स्वजातिविहितव्यापारेणात्तं स्वीकृतं **स्वल्पमपि हि दीनतपस्व्यादौ** विषये **गुरूणां** पुत्रादिकुलवृद्धानामनुज्ञया, भृत्यपद**मितरपोष्योपलक्षणं**, यद्दानं तन्महादानमन्यत्तु एतद्विशेषणरहितं पुनर्दान**मेव** ॥ १३ ॥

जैन साईट JAINSITE

**દાનાદિની વિધિસેવામાં મહાદાન અને દાનમાં જે વિશેષ છે તે કહે છે...**

**ગાથાર્થ** :- પોતાની જાતિને યોગ્ય વ્યાપારથી પ્રાપ્ત થયેલું થોડું પણ ધન, તે ધનને દીન તપસ્વી વિ. ને વિષે વડિલોની અનુજ્ઞાથી પોષ્ય વર્ગનો વિઘાત કર્યા વગર આપવું તે મહાદાન અને આવા વિશેષણ વગરનું જે અપાય તે દાન છે.

**વિશેષાર્થ** :- ભૃત્યપદ બીજાપણ પોષ્ય-પોષવા યોગ્યનું ઉપલક્ષણ છે. તેથી સગા-સ્નેહી વિ.ની પણ દાન આપનારાઓએ કાળજી રાખવી જોઈએ ॥ ૧૩ ॥

देवार्च्चनिप्येनमतिदेशमाह ।

**देवगुणपरिज्ञानात्तद्भावानुगतमुत्तमं विधिना ।**

**स्यादादरादियुक्तं यत्तद्देवार्चनं चेष्टम् ॥ १४ ॥**

देवगुणानां - वीतरागत्वादीनां परिज्ञानात्तेषु गुणेषु यो भावो बहुमानस्तेनानु-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गतंयुक्तमुत्तमं प्रधानं, विधिना शास्त्रोपदेशेन, यदादरादिना युक्तं स्यादादिना करणप्रीत्यविघ्नसम्पदागमादिसङ्ग्रहः । तद्देवार्चनं चेष्टं अन्यत्तु देवार्चनमात्रम् ॥ १४ ॥

**દેવપૂજા વિષે પણ આ અતિદેશને કહે છે...**

**ગાથાર્થ** :- ગુણોના યથાર્થ બોધથી તે ગુણોને વિષે બહુમાન પૂર્વક આદર વિ. થી યુક્ત શાસ્ત્રોક્ત વિધિથી જે દેવની પૂજા કરીએ તે જ ઉત્તમ અને ઈષ્ટ પૂજા છે.

**વિશેષાર્થ** :- દેવના ગુણો વીતરાગત્વ, મોક્ષ માર્ગ નેતૃત્વ, તેનું યથાર્થ જ્ઞાન થવાથી જ તે ગુણોમાં બહુમાન સંભવે છે. અને બહુમાન જાગવાથી તે વ્યક્તિ ઉપર આદર ભાવ ઉભો થાય તેના કારણે વિધિપૂર્વક ઉત્તમ પ્રકારની પૂજા કરવાનું મન થાય છે. આવી પૂજા જ ઈષ્ટ છે. અને શેષ પૂજા તો નામ માત્રની છે. એટલે નામ માત્રથી બહારથી પૂજારૂપે દેખાય છે. પણ તે ફળ સાધક બનતી નથી. **આદરાદિ** - આદર એટલે વ્રતનું ગ્રહણ તપસ્યા અને વૈયાવૃત્યાદિકનો સ્વીકાર, તથા કરવામાં પ્રીતિ એટલે વિહાર, આવશ્યક વિગેરે ક્રિયા કરવામાં પ્રીતિ, તથા અવિઘ્ન એટલે ધર્મને વિષે વ્યાઘાતનો અભાવ તથા જ્ઞાનાદિક લક્ષ્મીની પ્રાપ્તિ / કાર્યને યોગ્ય / ઉપયોગી સામગ્રીની પ્રાપ્તિ આદિ પદથી આ સર્વનું ગ્રહણ થાય છે. ॥ ૧૪ ॥

जैन साइट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

अन्यत्राप्येनमतिदेशमाह ।

**एवं गुरुसेवादि च काले सद्योगविघ्नवर्जनया ।**

**इत्यादिकृत्यकरणं लोकोत्तरतत्त्वसम्प्राप्तिः ॥ १५ ॥**

एवं विधिनैव गुरूणां-धर्म्माचार्यादीनां सेवा तदादि, आदिना पूजानादिग्रहः । कालेऽवसरे सद्योगानां - शोभनधर्मव्यापाराणां स्वाध्यायध्यानादीनां, विघ्नवर्जनया-विघातत्यागेन, विधेयमिति वाक्यशेषः । इत्यादीनामेवमादीनां कृत्यानामागमोक्तानां करणं-विधिना सम्पादनं लोकोत्तरतत्त्वसम्प्राप्तिरुच्यते । विधियुक्तं हि दानादि यन्महत्पदेष्टपदसत्पदादिभिर्विशेष्यते तदेव लोकोत्तरपदाभिधेयमिति भावः ॥ १५ ॥

**બીજા ઠેકાણે પણ આ અતિદેશ (અન્યત્ર લાગુ થનારી પ્રક્રિયા)ને દર્શાવે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- એ પ્રમાણે વિધિથી ગુરુની સેવા પૂજા વિ. અવસરે સદ્‌યોગોના વિઘ્નોને દૂર કરવા પૂર્વક કરવી જોઈએ. ઈત્યાદિ આગમમોક્ત કૃત્યોને વિધિથી કરવા; તે જ લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિ કહેવાય છે.

**વિશેષાર્થ** :- ગુરૂસેવાદિ - ધર્માચાર્ય વિ. ની સેવા પૂજા વિ સદ્‌યોગ શોભન ધર્મ વ્યાપારો એટલે સ્વધ્યાય, ધ્યાન વિ. તેમાં આવતા વિઘ્નોને ગણકાર્યા વિના ગુરુ સેવાદિમાં તત્પર બનવું. ॥ ૧૫ ॥

इयं पुनरेकार्थक्रियायां सकलार्थक्रिया सापेक्षा स्यादित्याह ।

**इतरेतरसापेक्षा त्वेषा पुनराप्तवचनपरिणत्या ।**

**भवति यथोदितनीत्या पुंसां पुण्यानुभावेन ॥ १६ ॥**

एषा पुनर्लोकोत्तरतत्त्वसम्प्राप्तिराप्तवचनस्य परिणत्यैकक्रिया सकलक्रिया-सापेक्षेतिसंस्काररूपया, 'यथोदितनीत्या' यथोक्तन्यायेन, 'पुसां पुण्यानु-भावेन' सद्बुद्धिहेतुपुण्यविपाकेनेतरेतरसापेक्षा परस्परकार्या- विरोधिन्येव भवति, कायान्तरविरोधिनः सत्कार्यस्यापि लौकिकत्वादिति-भावः ॥ १६ ॥ ५ ॥

**આ લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિ એકાર્થ ક્રિયામાં સકલાર્થ ક્રિયા હોય છે. એ પ્રમાણે ગ્રંથકાર દર્શાવે છે....**

**ગાથાર્થ** :- આ વળી લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિ આપ્તવચનની પરિણતિથી (એક ક્રિયામાં સકલ ક્રિયાની અપેક્ષા રહેલી છે, એવી સંસ્કાર રૂપ પરિણતિથી) યથોક્ત રીત પ્રમાણે પુરુષોને પુણ્યાનુભાવથી પરસ્પર કાર્યને અવિરોધિ થાય છે.

**વિશેષાર્થ** :- આ લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિ એક ક્રિયા સકલ ક્રિયાને સાપેક્ષ હોય છે, એવા સંસ્કારરૂપ આપ્તવચંનની પરિણતિવડે યથોક્ત ન્યાય દ્વારા પુરુષોને પુણ્યાનુભાવથી સદ્‌બુદ્ધિના હેતુભૂત પુણ્ય વિપાકથી પરસ્પર કાર્યને અવિરોધિ બને છે. કારણકે અન્ય કાર્યને વિરોધિ સત્કાર્ય પણ લૌકિક કહેવાય છે. એટલાં માટેજ તો દાન પૂજા સેવા વિ. નું શાસ્ત્રમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ રીતે વિધાન કરેલું છે કે તે એક બીજાને નડતા નથી. એટલે કે આ સર્વ ક્રિયાઓ એક બીજાની અપેક્ષા રાખે છે. જેમકે દાનમાં ન્યાયથી વર્તવું. પોષ્યવર્ગનું ધ્યાન રાખવું, માબાપની આજ્ઞાપાલન, આશયની શુદ્ધિ ઈત્યાદિ ગુણોની અપેક્ષા હોય છે. તેજ ગુણો જિનપૂજા ગુરુસેવામાં પણ જરૂરી છે. આવી બધી અપેક્ષા ધ્યાનમાં લઈ વર્તવાનું હોવાથી જિનપૂજામાં બે કલાક કરે અને ગુરુપાસે પાંચ મિનિટ પણ ન બેસે, એવું બને નહિં પણ સમયસર પ્રવૃત્તિ થવાથી જિનાજ્ઞા પ્રમાણે સર્વક્રિયા સારી રીતે થઈ શકે છે. એટલે આગમવચનની પરિણતિથી દરેક ક્રિયામાં એવી કુશળતાથી પ્રવૃત્તિ કરે કે બીજી ક્રિયામાં બાધ આવતો નથી. ॥ ૧૬ ॥

**॥ ઈતિ પંચમ ષોડશકમ્ ॥**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# षष्टं जिनमन्दिर षोडशकम्

लोकोत्तरतत्त्वसम्प्राप्तिरुक्ता तदुत्तरं यल्लभ्यते तदाह ।

**अस्यां सत्यां नियमाद्विधिवज्जिनभवनकारणविधानम् ।**

**सिद्ध्यति परमफलमलं ह्यधिकार्यारम्भकत्वेन ॥ १ ॥**

अस्यां लोकोत्तरतत्त्वसम्प्राप्तौ सत्यां नियमाद् योग्यतानियमाद्विधिना, जिनभवनस्य कारणैः प्रयोज्यकर्त्तृभिः कृत्वा विधानं-सम्पादनं सिद्ध्यति, परमफलं प्रकृष्टफलं, ह्यलमत्यर्थमधिकारी आरम्भको यत्र तत्त्वेन तद्भावेन ॥ १ ॥

**લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિ કહી ત્યાર પછી જે પ્રાપ્ત થાય છે; તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- લોકોત્તરતત્ત્વની સંપ્રાપ્તિ થયે છતે નિયમા વિધિપૂર્વક જિનાલયનું સંપાદન અધિકારીપુરુષ દ્વારા કરાતું હોવાથી પરમફળ આપનાર બને છે.

JAINSITE.com
जैनम् जयति शासनम्

**વિશેષાર્થ** :- અધિકારી આરંભક છે જેમાં તે અધિકાર્યારંભક તેને ભાવઅર્થમાં ત્વ પ્રત્યય લાગેલ છે. ॥ ૧ ॥

कीदृग्गुणः पुनरयमधिकारीत्याह ।

**न्यायार्ज्जितवित्तेशो मतिमान् स्फीताशयः सदाचारः ।**

**गुर्वादिमतो जिनभवनकारणस्याधिकारीति ॥ २ ॥**

न्यायार्ज्जितवित्तस्येशः स्वामी, मतिमानायतिहितज्ञः, स्फीताशयः सदाचारोऽनिन्द्याचारः प्रवृद्धधर्माध्यवसायः गुर्वादीनां पितृपितामहादिराजामात्यादीनामभिमतो बहुमतः; जिनभवनकारणस्याधिकारी शास्त्राज्ञाशुद्धत्वादितिरधिकारिविशेषणसमाप्त्यर्थः ॥ २ ॥

**આ અધિકારી કેવા ગુણ વાળો હોય છે તે બતાવે છે....**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- ન્યાયથી ઉપાર્જન કરેલા પૈસાવાળો, મતિમાન, વધતા જતા ધર્મ અધ્યવસાયવાળો; સદાચારી વડિલોને માન્ય જિનભવન કરાવવાનો અધિકારી છે.

**વિશેષાર્થ** :- ન્યાયથી ઉપાર્જિત ધનનો સ્વામી, ભાવીહિતને જાણનારો, વધતા જતા ધર્મ અધ્યવસાયવાળો, અનિન્દ્ય આચારવાળો, ગુર્વાદિ-પિતા. પિતામહ વિ. રાજા મંત્રી વિ.ને માન્ય, તે શાસ્ત્રાજ્ઞાથી શુદ્ધ હોવાથી જિનમંદિર બનાવવાનો અધિકારી છે. ॥ ૨ ॥

कारणविधिगतमाह ।

**कारणविधानमेतच्छुद्धा भूमिर्दलं च दार्वादि ।**

**भृतकानतिसन्धानं स्वाशयवृद्धिः समासेन ॥ ३ ॥**

कारणे - निर्वर्त्तनप्रयोजकव्यापारे विधानमेतद्विधिद्वारराशिरेषः शुद्धा भूमिर्वक्ष्यमाणा, दलं च दार्वादि- दारुप्रभृति, भृतकानां-कर्मकराणामनतिसन्धानमवञ्चनं, स्वाशयस्य शुभपरिणामस्य वृद्धिः समासेन-सङ्क्षेपेण ॥ ३ ॥

**જિનાલય નિર્માણ અંગેની વિધિને દર્શાવે છે...**

**ગાથાર્થ** :- શુદ્ધભૂમિ, કાષ્ટ ઈંટ વિ. શુદ્ધ દળ, કારીગર અને મજૂરોને ન ઠગવા. પોતાના શુભ આશયની ઉત્તરોત્તરવૃદ્ધિ આ સંક્ષેપથી કારણે-જિનભવન બનાવવામાં કારણભૂત જે વ્યાપાર તેમાં વિધાન જાણવું ॥ ૩ ॥

तत्र शुद्धभूमिस्वरूपं तावदाह ।

**शुद्धा तु वास्तुविद्याविहिता सन्न्यायतश्च योपात्ता ।**

**न परोपतापहेतुश्च साः मुनीन्द्रैः समाख्याता ॥ ४ ॥**

शुद्धा तु - शुद्धा पुनर्भूमिर्वास्तुविषया या विद्या तया विहिता समर्थिताऽनिराकृतेतियावत् । सन्न्यायतश्च सुशोभनन्यायेन योपात्ता गृहीता नतु धनिकपराभवेन । न - नैव परस्य प्रातिवेश्मिकादेरुपतापहेतुश्च, सा मुनीन्द्रैः- परमज्ञानिभिः समाख्याता ॥ ४ ॥

**ત્યાં શુદ્ધભૂમિનું સ્વરૂપ દર્શાવે છે....**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- વાસ્તુ વિદ્યાથી સમર્પણ પામેલી, શુભ ન્યાયથી મેળવેલી, બીજા આડોશી પાડોશીના તકલીફનું નિમિત્ત ન બને એવી ભૂમિ જિનેશ્વરોએ શુદ્ધ કહી છે.

**વિશેષાર્થ** :- વાસ્તુ વિદ્યા શાસ્ત્ર પ્રમાણે અસ્થિ વિ. ને દૂર કરીને જેની શુદ્ધિ કરાયેલી હોય, શુભ ન્યાયથી એટલે કાવાદાવાથી કે દમદાટીથી લીધેલી ન હોય. જમીન લેતા બીજા કોઈને તકલીફ ઉભી ન થાય તેવી જમીન શુદ્ધ કહેવાય. ॥ ૪ ॥

किमित्येवमुपदिश्यत इत्याह ।

**शास्त्रबहुमानतः खलु सच्चेष्टतश्च धर्मनिष्पत्तिः ।**

**परपीडात्यागेन च विपर्ययात्पापसिद्धिरिव ॥ ५ ॥**

शास्त्रस्य प्रकृतविध्युपदेशकस्य वास्तुशास्त्रादेः बहुमानतः खलु बहुमानादेव, सच्चेष्टातश्चेत्यत्रपराभिभवत्यागप्रधानोद्यमाच्च, परपीडायाः परोपतापस्य त्यागेन भाविनोऽनुत्पादेन च धर्म्मनिष्पत्तिर्भवति, विपर्ययादुक्तविपरीतहेतुत्रयाच्छास्त्राबहुमानासच्चेष्टा परपीडालक्षणात्पापस्य सिद्धिरुत्पत्तिरिव, यद्विपर्ययः पापहेतुः स धर्म्महेतुरिति न्यायगतिः ॥ ५ ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**આવો ઉપદેશ શા માટે ? તેનો જવાબ ગ્રંથકાર દર્શાવે છે...**

**ગાથાર્થ** :- વાસ્તુ શાસ્ત્રના બહુમાનથી, સુંદર પ્રવૃત્તિથી, બીજાને પીડા નહીં કરવાથી ધર્મ નિષ્પત્તિ થાય છે. અને તેનાથી વિરુદ્ધ વર્તન-ઉલ્ટુ કરવાથી પાપની નિષ્પત્તિ થાય છે.

**વિશેષાર્થ** :- શાસ્ત્રસ્ય = પ્રસ્તુત વિધિને દર્શાવનાર જે વાસ્તુશાસ્ત્ર વિ. તેનું ખરેખરું બહુમાન થવાથી. **સચ્ચેષ્ટાતઃ**- (ઉત્પન્ન થયેલા) અહીં બીજાના પરાભવના ત્યાગ પ્રધાન ઉદ્યમ તેનાથી અહીં- શુદ્ધ ભૂમિને ગ્રહણમાં કોઈનો પરાભવ-તિરસ્કાર ન થાય તે પ્રમાણે પ્રયત્ન કરવાથી પરપીડાયાઃ- બીજાની તકલીફને ત્યાગેન -દૂર કરવા વડે અને ભાવિમાં તકલીફ ઉત્પન્ન નહિ કરવાથી ધર્મની નિષ્પત્તિ થાય છે.

ઉલ્ટુ કરવાથી એટલે શાસ્ત્રના અબહુમાનથી અસત્ચેષ્ટાથી પરપીડાથી પાપની પેદાશ થાય છે. “જેનો વિરોધિભાવ પાપનો હેતુ હોય છે, તે ધર્મહેતુ હોય છે.” એ પ્રમાણેનો ન્યાય છે. સત્પ્રવૃત્તિનો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિરોધિભાવ- અસત્પ્રવૃત્તિ પાપનું કારણ છે. માટે સત્પ્રવૃત્તિ ધર્મનો હેતુ બને છે.॥ ૫ ॥

अन्यदपि तदा धर्मसिद्ध्यङ्गमाह ।

**तत्रासन्नोऽपि जनोऽसम्बन्ध्यपि दानमानसत्कारैः ।**
**कुशलाशयवान् कार्यो नियमाद्बोध्यङ्गमयमस्य ॥ ६ ॥**

तत्र जिनभवनारम्भे आसन्नोऽपि यस्तद्देशवर्ती जनोऽसम्बन्ध्यपि स्वजनादिसम्बन्धरहितोऽपि, सोऽपि दानमन्नपानवस्त्रादिवितरणं, मानोऽभ्युत्थानादिक्रिया, सत्कार आसनप्रदानादिव्यापारस्तैः कृत्वा कुशलाशयवान् "धन्योऽयं जैनो धर्मो यत्रैता[1]दृशमौचित्यमिति" प्रशंसाभिव्यङ्ग्य- शुभपरिणामयुक्तः कार्यः, नियमान्निश्चयेनायं कुशलाशयोऽस्य जनस्य बोध्यङ्गं बोधिहेतुरतश्च परोपकारगुणात्कारयितुर्महाल्लाभः ॥ ६ ॥

**બીજા પણ ધર્મસિદ્ધિના કારણ છે તેને ગ્રંથકાર દર્શાવે છે....**

**ગાથાર્થ :-** જિનભવનની નજીક રહેલા અસંબંધિ માણસને પણ દાન-માન-સત્કાર વડે કુશલાશયવાળો કરવો જોઈએ. નિયમથી આ કુશલાશય એના બોધિનું કારણ બને છે.

**વિશેષાર્થ :- તત્ર :-** જિનાલય જ્યાં બની રહ્યું હોય તેની આજુબાજુમાં રહેલા આપણા સંબંધીલોકો ન હોય તો પણ તેઓને દાન - અન્નપાન વસ્ત્ર વિ. આપવા, માન - ઉભા થવું વિ. કરવું સત્કાર - આસન આપવું વિ. આ બધાના કારણે તે માણસોના મનમાં એવા શુભ આશય જાગે છે કે, "આ જૈન ધર્મને ધન્યવાદ છે, જ્યાં આવું ઔચિત્ય છે." આવી પ્રશંસાથી વ્યક્ત થતા શુભપરિણામવાળા બનાવવા. નિશ્ચયથી આ કુશલાશય માણસોને બોધીનું કારણ બને છે. એમ પરોપકારગુણથી જિનભવન કરનારાઓને મહાન લાભ થાય છે. ॥ ૬ ॥

दलं च दार्वादीत्युक्तं तत्राह ।

**दलमिष्टकादि तदपि च शुद्धं तत्कारिवर्गतः क्रीतम् ।**
**उचितक्रमेण यत्स्यादानीतं चैव विधिना तु ॥ ७ ॥**

---
१. यत्रेदृश



जैनम् जयति शासनम् JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दलं- जिनभवनोपादानमिष्टकादि, आदिना पाषाणादि, तदपि शुद्धं कीदृक् शुद्धं यत्तत्कारिणां स्वप्रयोजनसिद्ध्यर्थमेवेष्टकादिकरणशीलानां पुरुषाणां वर्गतः-समूहादुचितक्रयेणोचितमूल्येन क्रीतं -स्वीकृतं, तु पुनः विधिना लोक-शास्त्रदृष्टेन भारवाहकापरिपीडनादिलक्षणेनानीतं चैव ॥ ७ ॥

**ગાથાર્થ** :- દળ = જેમાંથી જિનાલયે બને તેવા ઉપાદન કારણભૂત ઈંટ વિ., તેને બનાવનારા પાસેથી ઉચિત મૂલ્ય આપીને ખરીદેલ હોય અને વિધિપૂર્વક લાવેલ હોય તે શુદ્ધ કહેવાય છે.

**વિશેષાર્થ** :- જેમાંથી જિનાલય બને તે ઉપાદાન કારણ કહેવાય એટલે ઈંટ પત્થર વિ. દળ થયા, તે ઈંટ વિ. ને જે પુરુષો પોતાની આજીવીકારૂપ પ્રયોજનની સિદ્ધિ માટે બનાવતા હોય તેમની પાસેથી યોગ્ય મોલ આપીને ખરીદવા. અને વિધિના - લોકશાસ્ત્રમાં જણાવેલ ભારવાહકોને તકલીફ ન પડે તે રીતે ઈંટ પત્થર વિ. આણે આવા પત્થર વિ. રૂપ દલ શુદ્ધ કહેવાય. ॥ ૭ ॥

जैन साईट JAINSITE.com

दलविशेषमाह ।

**दार्वपि च शुद्धमिह यत्नानीतं देवताद्युपवनादेः ।**

**प्रगुणं सारवदभिनवमुच्चैर्ग्रन्थ्यादिरहितं च ॥ ८ ॥**

दार्वपि चेह जिनभवनविधाने शुद्धं तद् ज्ञेयमितिगम्यम् । यत्नानीतं देवतादीनां देव्यादीनामुपवनं-समीपवर्ति वनं तदादेः, प्रथमादिपदात्तुंदेवग्रहः द्वितीयादिपदात्तिर्यङ्मनुष्यसम्बन्धिकाननग्रहः; तथा प्रगुणमवक्रं सारवत्-स्थिरं खदिरसारवत्, अभिनवं प्रत्यग्रं न जीर्णं, उच्चैरतिशयेन ग्रन्थ्यादिभिर्दोषै रहितम् ॥ ८ ॥

**દળવિશેષને કહે છે...**

**ગાથાર્થ** :- અને લાકડું પણ જે દેવતા વિ. ના ઉપવનમાંથી યત્નપૂર્વક લાવેલ હોય, તેમજ તે સીધુ સારવાળું નવું ગાંઠ વિ. દોષ વગરનું હોય તે અહિં જિનાલય બનાવવામાં શુદ્ધ કહેવાય છે. ॥ ૮ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दलं विधिनानीतमित्युक्तं तत्र विधिगतमेवाह ।

**सर्वत्र शकुनपूर्वं ग्रहणादावत्र वर्तितव्यमिति ।**

**पूर्णकलशादिरूपश्चित्तोत्साहानुगः शकुनः ॥ ९ ॥**

अत्र जिनभवनलक्षणमहाकार्यारम्भे सर्वत्रेष्टकादौ ग्रहणादौ ग्रहणानयनादौ शकुनपूर्वं-शकुनमूलं यथा स्यात्तथा प्रवृर्त्तितव्यं नान्यथा । कः पुनः शकुन इत्याहः पूर्णकलशो जलपरिपूर्णघटस्तदादिरूपः, आदिना दधिदूर्वाक्षत-भारोद्धृतमृत्तिकादिग्रहणं, अयं च बाह्य इत्यान्तरपरिग्रहार्थं विशेषणमाह । चित्तोत्साहानुगो मनःप्रत्ययानुसारी शकुनः इदमुपलक्षणं गुरुवचनानुगतत्व-स्याप्यन्यत्रात्मप्रत्ययगुरुप्रत्ययशकुनप्रत्ययैस्त्रिधा शुद्धस्य कार्यस्य सिद्ध-युन्मुखत्वप्रतिपादनादिति द्रष्टव्यम् ॥ ९ ॥

**હવે તે વિધિ જણાવે છે....**

**ગાથાર્થ :-** અહીં જિનાલયના મહાન્ કાર્યમાં લેવું લાવવું વિ. સર્વસ્થળે શુકનપૂર્વક (દેખીને) વર્તવું પૂર્ણકલશ વિ. બધા શુકન છે. મનના ઉત્સાહને અનુસરવુ તે અભ્યંતર શુકન છે.

**વિશેષાર્થ :- અત્ર :-** જિનાલય રૂપ મોટા કાર્યમાં લેવુ લાવવું વિ. સર્વ ઠેકાણે શુકન જોઈને વર્તવું. ત્યાં પાણી ભરેલો ઘડો. દહિ, દૂર્વા-ધ્રો. અક્ષત માટી વિ. શુભશુકન જાણવા; આ તો બાહ્ય શુકન છે. અભ્યંતર શુકનને ગ્રહણ કરવા માટે વિશેષણ કહે છે. મનની પ્રસન્નતાને અનુસરવું તે આંતરિક શુકન; આ ઉપલક્ષણ છે એટલે ગુરુ વચનને અનુસરવું ઈત્યાદિનું પણ ગ્રહણ થાય છે. અન્ય ઠેકાણે પણ આત્મપ્રત્યયથી ગુરુપ્રત્યયથી શુકનપ્રત્યયથી શુદ્ધ કાર્ય સિદ્ધિને પામે છે. (એટલે જે કાર્યમાં મનનો ઉત્સાહ હોય અને ગુરુની/વડીલની આજ્ઞા હોય તે કાર્યને પ્રવૃત્તિને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.) એવું પ્રતિપાદન કરેલું હોવાથી ગુરુવચનને અનુસરવું તે પણ અભ્યંતર શુકન જાણવું ॥ ૯ ॥

भृतकानतिसन्धानगतमाह ।

**भृतका अपि कर्त्तव्या य इह विशिष्टाः स्वभावतः केचित् ।**

**यूयमपि गोष्ठिका इह वचनेन सुखं तु ते स्थाप्याः ॥ १० ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'भृतकाः' कर्मकरा अपि कर्त्तव्या इह ये विशिष्टा लोकव्यवहारेण स्वभावतः स्वभावेनैव केचिद्भवन्ति, यूयमपि भवन्तोऽपि गोष्ठिकाः सहाया इह जिनभवनविधानेऽनेन वचनेन सुखं तु सुखेनैव ते स्थाप्या विशिष्टत्वादित्थं स्थापितास्ते निर्वाहका भवन्ति ॥ १० ॥

**મજૂરોને ઠગવા નહિં તે બાબતમાં ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- કારીગર અને સોમપુરા પણ જે લોક વ્યવહારથી વિશિષ્ટ હોય કેટલાંક સ્વભાવથી વિશિષ્ટ હોય; તેઓને "આપ પણ આ જિનાલય બનાવવામાં સહાયક છો." એવા વચનોથી સુખપૂર્વક સંતોષીને રાખવા. આમ કરવાથી સારી રીતે કામ પુરું કરે. ॥ ૧૦ ॥

**अतिसन्धानं चैषां कर्त्तव्य न खलु धर्म्ममित्राणां ।**

**न व्याजादिह धर्मो भवति तु शुद्धाशयादेव ॥ ११ ॥**

एषां-भृतकानामतिसन्धानं च न खलु-नैव कर्त्तव्यं धर्म्ममित्राणां - धर्म्मसुहृदां, किमिति ? इह शुभकर्मणि न व्याजाद्धर्मः किन्तु शुद्धाशयादेव निर्व्याजपरिणामादेव ॥ ११ ॥

**ગાથાર્થ** :- જિનભવન બાંધનારા આ ધર્મમિત્રોને ઠગવા ન જોઈએ, શુભકાર્યમાં (માયાપ્રપંચ) બહાનાથી ધર્મ ન થાય. પરંતુ શુભાશયથી જ ધર્મ થાય છે. ॥ ૧૧ ॥

अथ स्वाशयवृद्धिर्वाच्या तत्र कः स्वाशय इत्याह ।

**देवोद्देशेनैतद्गृहिणां कर्तव्यमित्यलं शुद्धः ।**

**अनिदानः खलु भावः स्वाशय इति गीयते तज्ज्ञैः ॥ १२ ॥**

देवोद्देशेन जिनभवनभक्त्यभिसन्धिमात्रेणैतज्जिनभवनं गृहिणां कर्त्तव्यं; नत्वैहिकादिफलाभिलाषेण इत्येषोऽलमत्यर्थं शुद्धो निर्दोषोऽनिदानः खलु-निदानरहित एव भावोऽध्यवसायः स्वाशयः शुभाशय इति गीयते तज्ज्ञैस्तद्वेदिभिः ॥ १२ ॥

**હવે સ્વાશયની વૃદ્ધિ કહેવી જોઈએ. ત્યાં સ્વાશય શું છે. તે ગ્રંથકાર દર્શાવે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ-વિશેષાર્થ** :- ગૃહસ્થે જિનભક્તિના ઉદ્દેશ્યથી જિનભવન કરાવવું જોઈએ. પણ આલોક સંબંધી કે પરલોક સંબંધી ફળની લાલસાથી નહિ; આવો એકદમ શુદ્ધ નિદાનવગરનો ભાવ જ સ્વાશય શુભાશય છે. એમ તેના જ્ઞાતા-મહર્ષિઓ કહે છે. ॥ ૧૨ ॥

एतद्वृद्धिमाह ।

**प्रतिदिवसमस्यवृद्धिःकृताकृतप्रत्युपेक्षणविधानात् ।**

**एवमिदं क्रियमाणं शस्तमिह निर्दर्शितं समये ॥ १३ ॥**

प्रतिदिवसमस्य कुशलाशयस्य वृद्धिः कार्या; कृताकृतयोरेतत्प्रतिबन्धेन निष्पन्ननिष्पाद्ययोः कार्ययोः प्रत्युपेक्षणस्यावलोकनस्य विधानात्तथाहि "एतद्दृष्ट्वार्हतं चैत्यमनेके सुगतिं गताः । यास्यन्ति बहवश्चान्ये ध्याननिर्धूत-कल्मषाः ॥१॥ यात्रास्नात्रादिकर्मेह भूतमन्यच्च भावि यत् । तत्सर्वं श्रेयसां बीजं ममार्हच्चैत्यनिर्मितौ ॥२॥ साधु जातो विधिरयं कार्योऽतः परमेष मे । अर्हच्चैत्येष्विति ध्यानं श्राद्धस्य शुभवृद्धये ॥ ३ ॥ अहंपूर्विकया भक्तिं ये च कुर्वन्ति यात्रिकाः । तेऽपि प्रवर्द्धयन्त्येव भावं श्रद्धानशालिनाम् ॥ ४ ॥

एवमुक्तद्वारशुद्ध्या क्रियमाणं जिनभवनं प्रशस्तमिह समये जैनसिद्धान्ते प्रदर्शितम् ॥ १३ ॥

**આની શુદ્ધિ કેવી રીતે થાય તે જણાવે છે.....**

**ગાથાર્થ** :- દરરોજ થઈ ગયેલા અને શેષ રહેલા કાર્યને જોવાથી કુશલાશયની વૃદ્ધિ થાય છે. એ પ્રમાણે નિર્માણ કરાતું જિનાલય જૈનસિદ્ધાંતમાં પ્રશસ્ત કહ્યું છે.

**વિશેષાર્થ** :- 'પ્રતિ દિવસંઅસ્ય' એટલે જિનભવન સંબંધી તૈયાર થયેલ અને તૈયાર થતા કાર્યોનું અવલોકન કરવાથી કુશલાશયની વૃદ્ધિ કરવી જોઈએ. તે આ પ્રમાણે અરિહંત પ્રભુનું જિનાલય દેખીને ઘણાં લોકો સુગતિને પામ્યા. અને પાપને ધ્યાનથી ભસ્મસાત્ કરનારા બીજા ઘણાં જીવાત્માઓ સુગતિને પામશે (૧) યાત્રા સ્નાત્ર વિ. કર્મો અહિં થયા તેમજ ભવિષ્યમાં જે થશે તે સર્વ કલ્યાણનું મુખ્યબીજ મારું બનાવેલું જિનાલય છે. (૨) આહાહા ! મારા હાથે આ સુંદર કામ થયું. આ પ્રકારનું



જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનાલયવિષયનું ધ્યાન શ્રાવકને શુભ પરિણામની વૃદ્ધિ માટે થાય છે. (૩) "હું પ્રભુની પહેલી પૂજા કરું" પ્રભુની આરતી કરું" આવા ઉત્સાહપૂર્વક પ્રભુના ચરણે પડતા. નાચ ગાન કરતાં યાત્રિકોના ટોળા આવી રીતે પ્રભુની ભક્તિ કરે છે. તેઓ પણ જિનાલય બંધાવનાર શ્રદ્ધાળુજનોના ભાવમાં વધારો કરે છે. (૪) આ પ્રમાણે ઉપરોક્ત રીતથી બંધાવાતું જિનાલય જૈનશાસનમાં પ્રશંસાપાત્ર દર્શાવેલ છે. ॥ ૧૩ ॥

किमिति शस्तं निदर्शितमित्याह ।

**एतदिह भावयज्ञः सद्गृहिणो जन्मफलमिदं परमं ।**

**अभ्युदयाव्युच्छित्या नियमादपवर्गबीजमिति ॥ १४ ॥**

एतज्जिनभवनविधानमिह लोके भावयज्ञो - यजेर्देवपूजार्थत्वाद्भावपूजा द्रव्यस्तवस्याप्यस्योक्तविधिशुद्धिद्वाराज्ञाराधनलक्षण भावपूजागर्भितत्वात् सद्गृहिणः-सद्गृहस्थस्य जन्मनः फलमिदं परमं-प्रधानमाजन्मार्जित- धनस्यै- तावन्मात्रसारत्वात्, अभ्युदयस्य-स्वर्गादिरव्यवच्छेदेन - सन्तत्या नियमान्निश्च- येनापवर्गतरो र्मोक्षवृक्षस्य बीजमेतत् ॥ १४ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**નિર્માણ પામતા આવા જિનાલયને શુભ તરીકે શા માટે વખાણ્યું તે ગ્રંથકાર દર્શાવે છે....**

**ગાથાર્થ :-** જિનાલયનું નિર્માણ આલોકમાં ભાવયજ્ઞ છે. સદ્ગૃહસ્થના જન્મનું આ શ્રેષ્ઠ ફળ છે. કારણકે તે કલ્યાણની અવિચ્છિન્ન પરંપરા દ્વારા નિશ્ચયથી મોક્ષ વૃક્ષનું બીજ છે... (બને)

**વિશેષાર્થ :-** જિનાલયનું નિર્માણ કરવું તે આલોકમાં ભાવયજ્ઞ ભાવપૂજા છે,(યજ્ ધાતુ દેવપૂજા અર્થમાં હોવાથી) ભાવપૂજા અર્થ થાય છે. આ દ્રવ્યસ્તવ પણ ઉપરોક્ત વિધિ દ્વારા આજ્ઞાની આરાધના રૂપ ભાવપૂજામય હોવાથી ભાવપૂજા કહેવાય છે. જન્મથી માંડી ઉપાર્જન કરેલ ધનનો આ જિનાલય નિર્માણ કરવું એટલો માત્ર જ સાર છે. માટે સદ્ગૃહસ્થના જન્મનું આ શ્રેષ્ઠ ફળ છે. અને અભ્યુદયસ્ય - સ્વર્ગ વિ. ની અવિચ્છિન્ન પરંપરાથી નિશ્ચયથી મોક્ષ રૂપ વૃક્ષનું આ બીજ છે. (બને) ॥ ૧૪ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एवं जिनभवनकारणमभिधाय तद्गतविशेषमाह ।

**देयं तु न साधुभ्यस्तिष्ठन्ति यथा च तथा कार्यम् ।**

**अक्षयनीव्या ह्येवं ज्ञेयमिदं वंशतरकाण्डम् ॥ १५ ॥**

तज्जिनभवनं कृत्वा साधुभ्यस्तु न देयं यथा युष्मदीयमेतत्तदत्र जीर्णोद्धारादि भवद्भिर्विधेयमिति । किन्तु स्वयमेव तत् प्रतिजागरणीयं, व्युत्पन्नश्रद्धाना-मात्यन्तिककारणं विना साधूनां द्रव्यस्तवनियोजनायोगात्, यथा च ते सबालवृद्धास्तत्रायतने तिष्ठन्ति तथा कार्यमक्षयनीव्या हि-निश्चितमहीयमान-चैत्यायतनसम्बन्धिमूलधनेन हेतुना कृत्वा, तद्धि मूलधनं श्राद्धैः सर्वप्रयत्नेन परिपालयद्भिः संवर्द्धयद्भिश्च तथाऽक्षयं कर्त्तव्यं यथाऽभिसन्धिविशेषशुद्धेन तेन बालकवृद्धगलानसाधुसाधर्म्मिकप्रभृतीना- मुपष्टम्भादाधाकर्मिकादि दोषरहितत्प्रतिबद्धबहिर्मण्डपादौ साधुनामवस्थानं धर्मोपदेशाय कल्पते,

**એ પ્રમાણે જિનાલય બાંધવાનું કહી તેના સંબંધી જે વિશેષ હોય તે કહે છે...**

**ગાથાર્થ** :- તે જિનાલય સાધુઓને ન સોંપવું પણ તેઓ ત્યાં રોકાઈ શકે તેવું બનાવું જોઈએ. મૂડી સાચવી રાખવાથી જીર્ણોદ્ધાર વિ. દ્વારા વંશ પરંપરામાં જે જિનાલયની પ્રાપ્તિ થવાથી તે જીનાલય ભાવિવંશને ભવસમુદ્રથી તારવા માટે નાવડી સમાન બને છે.

**વિશેષાર્થ :-** જિનાલય બંધાવી સાધુઓને ન સોંપવું (કે તમેજ હવે જીર્ણોદ્ધાર વિ. કરાવજો) પરંતુ જાતે જ સંભાળ રાખવી જોઈએ. હોંશીયાર શ્રાવકે અગાઢ કારણવિના સાધુઓને દ્રવ્યસ્તવમાં જોડવા ન જોઈએ. બાલવૃદ્ધસાધુઓ સાથે મુનિભગવંતો ત્યાં રહી શકે તેમ કરવું જોઈએ. બાળ/ગ્લાન સાધુ વગેરેના આલંબનથી (તેઓની અન્યત્ર યોગ્ય વ્યવસ્થા થઈ શકે તેમ ન હોય, તો ત્યાં સહાયક સાધુઓને પણ રહેવું કલ્પે.)

**અક્ષયનીવ્યા** :- શ્રાવકોએ બધાજ પ્રયત્ન ચૈત્ય સંબંધી મૂલધનની રક્ષા અને સંવર્ધન માટે કરવા જોઈએ. અભિસંધિ એટલે ઈરાદો = અભિપ્રાય આશય - 'આ મૂલધનનો સદુપયોગ મંદિરની સુરક્ષા, કાળજી વગેરે ઉપરાંત અહીં પધારનારા બાલાદિ તમામ સુવિહિત સાધુઓ અને સાધર્મિકોને અવસ્થાન માટે થાઓ !! આવો જે ચૈત્ય બંધાવનાર અને તે ચૈત્યમાં મૂલધનનો કોશ સ્થાપિત કરનાર વ્યકિતનો કે સંઘનો આશય તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિસંધિવિશેષ કહેવાય ( વિશેષ પ્રકારનો ઉપર લખ્યા જેવો આશય) આ પ્રકારના આશયના કારણે બાલાદિ સાધુ અને સાધર્મિકોનો યોગ્ય રીતે નિર્વાહ થવાથી આધાકર્માદિ દોષ ન રહેવાથી (કારણકે ચૈત્ય સાધુને રહેવા માટે નહિં પણ જિનભક્તિના આશયથી બંધાવ્યું છે અને મૂલધન પણ એવા આશયથી સ્થાપિત કર્યું છે કે જેથી સાધુ અહીં અવસ્થાન કરે તો અનેક મુગ્ધ ભવ્યજનોને મોક્ષમાર્ગની પ્રાપ્તિનું નિમિત્ત બને.

**क्षे**त्रेऽपि च तादृशचैत्यस्फातिगुणयुक्त एव तेषामवस्थानं कल्पते । एतद्गुणमन्तरेण तु क्षेत्रान्तरमाश्रयणीयं स्यात्तेनासौ लोकोत्तरतत्त्वसम्प्राप्तिव्यवस्थितो गृही देशकालाद्यपेक्षया साध्ववस्थानायैव सर्वमेवं विधत्ते, 'एवमुक्तान्यायेन ज्ञेयमिदं' जिनभवनं [1]शीर्णोद्धारद्वारेणानेकपुरुषसन्तानाश्रितोपकारफलस्यावन्ध्यत्वाद्वंशस्य सकलस्यैव तरकाण्डं - तरणकाष्ठं, एवं हि कुर्वता सकलोऽपि भाविपुरुषप्रवाहः संसारान्निस्तारितो भवति । पूर्वपुरुषपक्षपाता-हिततच्चैत्यभक्तिविशेषेण स्ववंशेन सद्धर्मप्रत्युपालम्भादितरचैत्येष्वपि यथाशक्ति भक्त्यत्यागेन मिथ्यात्वाद्यसिद्धेरिति द्रष्टव्यम् ॥१५॥

આ રીતે સાધુ માટે કશું ન હોવાથી) ચૈત્ય સંબદ્ધ બહિર્મંડપમાં (અર્થાત્ ચૈત્યના કમ્પાઉન્ડમાં ચૈત્યને લગોલગ કે સ્હેજ છેટે જે સાધર્મિક આદિ ઉતરી શકે એવા મંડપની રચના કરેલ હોય તે અથવા ભાયખલામાં જેવો ચૈત્યસંબંદ્ધ વ્યાખ્યાન મંડપ છે.) એવા કોઈ મંડપમાં ધર્મોપદેશ માટે સાધુઓને અવસ્થાન કરવું - ઉતરવું કલ્પે છે. તેમજ તેવા પ્રકારની જિનાલય વિ. ની ચઢતી હોય એટલે કે દર્શનપૂજા વિ. માટે સારી સંખ્યામાં લોકોની અવર જવર હોય (જેમ જ્યાં યાત્રાળુ ઘણાં આવતા હોય તો તે તીર્થની ઉન્નતિ (ચઢતી) કહેવાય) તેવાજ ક્ષેત્રમાં સાધુએ રહેવું યોગ્ય છે. આવા ગુણવગરનું સ્થાન હોય; જ્યાં એકલ દોકલ જ નજરે આવતા હોય તો બીજા ક્ષેત્રમાં જવું જોઈએ.

તેથી લોકોત્તરતત્ત્વપ્રાપ્તિવાળો ગૃહસ્થ દેશકાલાદિની અપેક્ષાએ સાધુના રહેઠાણ(રોકવા) માટે એ પ્રમાણે બધુ કરે છે.

(એટલે દેરાસર બંધાવે સાથોસાથ મંડપ વિ. બંધાવે) ઉક્ત ન્યાયથી આ જિનાલય જિર્ણ(શીર્ણ) નો ઉદ્ધાર કરવા દ્વારા અનેક પુરુષની પરંપરાને

१. जीर्णोद्धार ।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રયી ઉપકાર થતો હોવાથી સઘળાય વંશને ભવસાગરથી તારવા માટે નાવની ગરજ સારે છે. એ પ્રમાણે આખોય ભાવિપુરુષનો પ્રવાહ સંસારથી પાર પામે છે. આ મારા પૂર્વજોએ બનાવેલું છે એવા પક્ષપાતથી પેદા થયેલી ચૈત્ય ભક્તિ વિશેષથી સ્વવંશને સદ્ધર્મની પ્રાપ્તિ થવાથી સંઘ વિ. ના જિનાલયમાં પણ યથાશક્તિ ભક્તિમાં પરોવાઈ રહે છે. તેથી તેઓને મિથ્યાત્વાદિ લાગતું નથી એમ સમજવું જોઈએ. ॥ ૧૫ ॥

ननु पृथिव्याद्युपमर्दमन्तरेण जिनभवनकारणं न सम्भवति तत्र च नियमेन हिंसेति कथमतो धर्मवृद्धिरित्याशङ्क्याह

**यतनातो न च हिंसा यस्मादेषैव तन्निवृत्तिफला ।**
**तदधिकनिवृत्तिभावाद्विहितमतोऽदुष्टमेतदिति ॥ १६ ॥ ६ ॥**

यतना रागद्वेषरहितः शास्त्राज्ञाशुद्धः प्रयत्नः । "रागद्दोसविउत्तो जोगो असढस्स होइ जयणाओ" इत्यागमात् । ततो नच-नैव हिंसा जिनभवन-विधाने यतनायां सत्यां भावहिंसानुपपत्तेस्तस्या एव शास्त्रे परिहर्त्तव्यत्वेन प्रतिपादनाद्,

**નનુ....માટી વિ. છૂંદ્યા વગર જિનાલય બાંધાવી શકાતું નથી અને તેમ કરવા જતા ચોક્કસ હિંસા થાય જ તો પછી જિનાલય બંધાવાથી ધર્મવૃદ્ધિ કેવી રીતે થાય ? આવી શંકા ઉપજાવી ગ્રંથકાર તેનું સમાધાન કરે છે....**

**ગાથાર્થ :-** જયણાથી પ્રવૃતિ કરવાથી હિંસા લાગતી નથી, કારણ કે અધિક આરંભની નિવૃત્તિ થતી હોવાથી આ જયણા હિંસાની નિવૃત્તિના ફળવાળી બને છે. અને જિનાલય બાંધવાનું શાસ્ત્રમાં વિધાન હોવાથી જિનાલયનું નિર્માણ તે નિર્દોષ જ છે.

**વિશેષાર્થ :-** શાસ્ત્ર આજ્ઞાથી શુદ્ધ તેમજ રાગદ્વેષ વગરનો પ્રયત્ન તે જયણા છે. "જયણાપૂર્વક વર્તવાથી અશઠપુરુષનો યોગ રાગદ્વેષ વગરનો હોય છે." એવું આગમમાં કહેલું છે તેથી જિનાલય બાંધવામાં હિંસા નથી. કારણકે જયણા હોય ત્યાં ભાવહિંસા ન હોય અને શાસ્ત્રમાં ભાવ હિંસાને જ છોડવાનું કહ્યું છે. સંપૂર્ણપણે તો દ્રવ્યહિંસા સાધુ વિહાર વિ. માં પણ છોડી શકાય એમ નથી તેવી દ્રવ્યહિંસાથી વ્રતભંગ થાય તો કોઈ પણ સાધુ સંપૂર્ણ મહાવ્રતધારી બની શકશે નહિં માટે પ્રથમ મહાવ્રતમાં પણ આવી (અપરિહાર્ય) દ્રવ્યહિંસાને બાકાતજ રાખવાની છે, શ્રાવકને પણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવહિંસાનો જ નિષેધ જાણવો.

द्रव्यहिंसायास्तु सर्वथा साधुविहारादावपि दुष्परिहरत्वाद्; द्रव्यहिंसामप्याश्रित्याह - यस्मादेषैव यतनैव तन्निवृत्तिफला - हिंसानिवृत्तिफला, कथमिति चेत्तस्यां हिंसायामधिकनिवृत्तेरधिकारम्भत्यागस्य भावात्, तत्र हि जिनभवनादिविधाने सर्वादरेण प्रवर्तमानस्य निष्फलपरिहारेण सफलमेव कुर्वतोऽवश्यमेवास्त्यारम्भान्तरनिवृत्तिविशेषः, विहितं शास्त्रे जिनभवनमतो हेतोरदुष्टमदोषवदेतज्जिभवनविधानमिति, विहितत्वादेव न निरारम्भसामायिकादिनैतदन्यथासिद्धिरेकानुष्ठानस्य विहितान्यानपवादकत्वादन्यथा दानादीनामपि तेनान्यथासिद्ध्यापत्तेरिति दिक् ॥ १६ ॥ ६ ॥

**"તુષ્યતુ દુર્જન"** ન્યાયથી દ્રવ્યહિંસાનો નિષેધ માનીએ તો પણ આ જયણા પૂર્વકની પ્રવૃત્તિમાં રાગદ્વેષ હોતા નથી એટલે સામેના જીવને મારવાના ભાવ ન હોવાથી તે હિંસા માત્ર સ્વરૂપહિંસા રૂપજ બને છે. અને દર્શન વિ. થી સમકિત નિર્મલ થતા વિરતિધારી બનવાથી પરંપરાએ સર્વને અભયદાન આપવામાં જિનભવનનો આરંભ કારણ હોવાથી તે હિંસારૂપે ગણાતો નથી. તેજ હકીકત ટીકાકાર દર્શાવે છે....

જિનાલય બાંધવામાં સર્વ આદરથી પ્રવૃત થયેલાને નિષ્ફળ પ્રવૃત્તિનો ત્યાગ થવાથી સફળ આચરણ કરનારને અન્યઅધિક આરંભની નિવૃત્તિ થાય છે, એટલે કે સાવદ્યવ્યાપારમાં પ્રવૃત્તિ તથા પૈસાનો ખર્ચ થાય તે અટકી જાય છે. શાસ્ત્રમાં જિનાલય બાંધવાનું વિધાન હોવાથી આ નિર્દોષ જ છે. શાસ્ત્રમાં જિનાલય બાંધવાનું વિધાન હોવાના કારણે જ નિરારંભ સામાયિક વિ. થી જિનાલય બાંધવાનું અન્યથાસિદ્ધ થતું નથી.

(અન્યથાસિદ્ધ-સામાયિકથી કામ સરી જાય તો પછી જિનાલય બાંધવાની જરૂર રહેતી નથી.)

કારણકે એક અનુષ્ઠાન વિધાન કરાયેલા અન્ય અનુષ્ઠાનના અપવાદ રૂપે બનતું નથી. નહિં તો દાનાદિ પણ સામાયિકથી અન્યથાસિદ્ધ થવાની આપત્તિ આવશે. !

इति दिक्:- આ પ્રમાણે દિશાસૂચન કરવામાં આવે છે. એટલે આ રીતે આને લગતી અન્ય બાબતોનું પણ વિચારપૂર્વક સમાધાન કરવું. ॥ ૧૬ ॥

***॥ ઈતિ ષષ્ઠ ષોડશકમ્ ॥***



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# सप्तमं जिनबिम्ब षोडशकम्

एवं जिनभवनकारणविधानमभिधाय तद्बिम्बस्य कारयितव्यतां सङ्गमयति ।

**जिनभवने तद्बिम्बं कारयितव्यं द्रुतं तु बुद्धिमता ।**

**साधिष्ठानं ह्येवं तद्भवनं वृद्धिमद्भवति ॥ १ ॥**

जिनभवने तस्य जिनस्य बिम्बं कारयितव्यं द्रुतं तु-शीघ्रमेव बुद्धिमता-कार्यक्रमधीशालिना, हि-यत एवं जिनबिम्बकारणे तत् प्रस्तुतं भवनं साधिष्ठानमधिष्ठातृसहितं वृद्धिमद्भवति तज्जनितपुण्यस्य तत्प्रवर्द्धकत्वात् ॥ १ ॥

**જિનાલય બાંધવાનો વિધિ કહીને હવે પરમાત્માની પ્રતિમા ભરાવી જોઈએ. તે માટે ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- બુદ્ધિશાલીએ તરત જ જિનાલયમાં પ્રભુની પ્રતિમા ભરાવવી જોઈએ. કારણકે એ પ્રમાણે અધિષ્ઠાતાવાળું પ્રતિમા યુક્ત (નાયક યુક્ત બનેલું) જિનાલય પુણ્યની વૃદ્ધિ કરનારું બને છે.

**વિશેષાર્થ** :- બુદ્ધિમાન - આ કાર્ય પછી આ કામ કરવું જોઈએ એવા ક્રમને જાણનારો; જિનબિંબ જિનાલય બાંધવાથી ઉપાર્જિત જે પુણ્ય છે તેની વૃદ્ધિ કરનાર છે. ॥ ૧ ॥

बिम्बकारणविधिमाह ।

**जिनबिम्बकारणविधिः काले पूजापुरस्सरं कर्तुः ।**

**विभवोचितमूल्याऽर्पणमनघस्य शुभेन भावेन ॥ २ ॥**

जिनबिम्बकारणविधिरभिधियत इति वाक्यशेषः । काले शुभमुहूर्त्तादौ, पूजा भोजनपत्रपुष्पफलादिना पुरस्सरा यत्र यस्यां क्रियायां । तथा कर्तुः शिल्पिनः विभवोचितस्य स्वसम्पदनुसारिणो मूल्यस्यार्पणमनघस्य-व्यसनरहितस्य, शुभेन-प्रशस्तेन, भावेनाध्यवसायेन ॥ २ ॥

**પ્રભુ પ્રતિમા ભરાવવાની વિધિ કહે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- શુભભાવથી ભોજન પત્ર પુષ્પફળ પૂજા - સત્કાર કરવા પૂર્વક વ્યસન વિનાના શિલ્પી (સોમપુરા)ને પોતાના વૈભવ પ્રમાણે ધન આપી શુભ મુહૂર્તે જિનબિમ્બ ભરાવવું ॥ ૨ ॥

अनघस्येति विशेषणव्यवच्छेद्यं साक्षादाह ।

**नार्पणमितरस्य तथा युक्त्या वक्तव्यमेव मूल्यमिति ।**

**काले च दानमुचितं शुभभावेनैव विधिपूर्वम् ॥ ३ ॥**

इतरस्य स्त्रीमद्यद्यूतादिव्यसनवतोऽर्पणं तथा न कर्त्तव्यं यथाऽनघ**स्यानधिकारिणि** तदर्पणस्यान्याय्यत्वात्, युक्त्यैव लोकन्यायेनैवेत्येवं स्वरूपं **यथावस्थं** मूल्यं वक्तव्यं, नतु न्यूनाधिकं, काले च-प्रस्तावे च दानमुचितं **मूल्यस्येति** गम्यते शुभभावेनैव विधिपूर्व्वमविधिपरिहारेण ॥ ३ ॥

**'અનઘસ્ય' એવા વિશેષણથી જેનો વ્યવછેદ કરવાનો છે. તેનો ગ્રંથકાર સાક્ષાત્ ગાથા દ્વારા ઉલ્લેખ કરે છે...**

**ગાથાર્થ** :- વ્યસનીને નિર્વ્યસનીની જેમ આપવું નહિં પણ પહેલાંથી લોકનીતિ પ્રમાણે દાનગી નક્કી કરી લેવી. અને અવસરે શુભભાવથી વિધિપૂર્વક મૂલ્યને ઉચિત આપવું, પણ ઓછુવત્તુ ન આપવું.

**વિશેષાર્થ** :- સ્ત્રી મદિરા વિ. ના વ્યસની ને તે રીતે આપતાં અન્યાય થાય છે. માટે "કાલેચદાનમુચિતં"- ઉચિત અવસરે તેવાં શિલ્પીને મૂલ્ય દાન કરવું ઉચિત છે - પૂર્વે ઠરાવ્યું હોય કે હપ્તે હપ્તે આટલું કામ થાય. એટલે ત્રીજા કે ચોથા ભાગનું મૂલ્ય આપશું. અથવા કામ સંપૂર્ણ થયા પછી મૂલ્ય ચૂકવવું. અથવા અમુક અમારું મોટુ પર્વ આવે છે, તે દિવસે સંઘ કે સભા સમક્ષ હાર - તોરા કરીને મૂલ્ય પ્રદાન કરશું; વગેરે જે રીતે ઠરાવ્યું હોય તે રીતે તે કાળે તે મૂલ્ય ચૂકવવું ઉચિત છે. ॥ ૩ ॥

किमित्येवं सव्यसनस्यार्पणं निषिध्यत इत्यत्र हेतुमाह ।

**चित्तविनाशो नैवं प्रायः सञ्जायते द्वयोरपि हि ।**

**अस्मिन् व्यतिकर एष प्रतिषिद्धो धर्मतत्त्वज्ञैः ॥ ४ ॥**

एवमुक्तनीत्या चित्तविनाशश्चित्तकालुष्यं द्वयोरपि हि कारयितृवैज्ञानिकयोरनुशयोपालम्भाभ्यां[1] न सञ्जायते प्रायो-बाहुल्येन, अस्मिन् व्यतिकरे-

---

१. कारयितुः पश्चात्तापः वैज्ञानिकस्य उपालम्भ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रस्तुतशुभकार्यारम्भे एष चित्तविनाशः प्रतिषिद्धो विपरीतफलत्वेनोपदिष्टो धर्म्मतत्त्वज्ञैर्द्धर्म्मस्वरूपवेदिभिः ॥ ४ ॥

**વ્યસનીને એ પ્રમાણે આપવાનો નિષેધ શા માટે કરે છે. તે બાબતમાં હેતુ બતાવે છે....**

**ગાથાર્થ :-** એ પ્રમાણે કરવાથી પ્રાયઃ કરીને કરાવનાર અને કારીગરનું પણ મન દૂષિત (ખાટ્ટુ) થતુ નથી. કારણ કે આ શુભ કાર્યમાં ધર્મતત્ત્વ જાણનારાઓએ વૈમનસ્ય (મન દુઃખ) નો નિષેધ કર્યો છે.

**વિશેષાર્થ :-** અનુશય - વ્યસની વ્યસનમાં પૈસા ગુમાવવાથી વારંવાર શેઠ પાસે પૈસા માંગે તેથી શેઠને પશ્ચાતાપ થાય કે "આવો શિલ્પી કયાંથી મને ભિટકાયો" એ પ્રમાણે શેઠનું મન બગડે (ખેદ થાય) અને ખિજાઈને ઠપકો પણ આપે તેથી શિલ્પીનું મગજ જાય (માઠું લાગે), પણ જો પહેલાંથી નક્કી કરેલ હોય તો કોઈ જાતની માથા કૂટ ન થાય. વળી મન મેળું થવાથી ઉધુ ફળ (સમાધિ ને બદલે અશાંતિ) મળે છે. માટે શાસ્ત્રકારઓએ મન બગાડવાની ના કહી છે. તેનાં માટેનો આ ઉપાય દર્શાવેલ છે. ॥ ૪ ॥

अविनष्टचित्तसम्बन्धं स्तुवन्नाह ।

एष द्वयोरपि महान् विशिष्टकार्यप्रसाधकत्वेन ।
सम्बन्ध इह क्षुण्णं न मिथः सन्तः प्रशंसन्ति ॥ ५ ॥

एष परस्परमविनष्टचित्तयोगो द्वयोरपि प्रागुक्तयोर्विशिष्टकार्यस्य फलवज्जिन-बिम्बलक्षणस्य प्रसाधकत्वेन निर्विघ्ननिर्वर्तकत्वेन महान् गुरुः । इह सम्बन्धे क्षुण्णं वैकल्यं मिथः परस्परं सन्तः सत्पुरुषा न प्रशंसन्ति, स्तोकस्यापि चित्तभेदस्य फलहानिकरत्वादितिभावः ॥ ५ ॥

**અદૂષિત (સ્વચ્છ) મનની સ્તુતિ કરતા ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ :-** શિલ્પી અને શ્રાવકની પરસ્પર લાગણી ન તૂટે તે શુદ્ધ ચિત્ત વિશિષ્ટ કાર્ય રૂપ જિનપ્રતિમા નિર્માણ વિ. નું સાધક હોવાથી મહાન છે. જો આ પરસ્પર મનનો મેળાપ તૂટી જાય તો તેને સત્પુરુષો વખાણતા નથી. કારણકે મનમાં પડેલી નાની પણ તિરાડ ફળનો નાશ કરનારી હોય છે. ॥ ૫ ॥



JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जिनबिम्बकारणे भावप्राधान्यं पुरस्कुर्वन्नाह ।

**यावन्तः परितोषाः कारयितुस्तत्समुद्भवाः केचित् ।**

**तद्बिम्बकारणानीह तस्य तावन्ति तत्त्वेन ॥ ६ ॥**

यावन्तो यत्परिमाणाः परितोषाः प्रीतिविशेषाः कारयितुरधिकृतस्य तत्समुद्भवा बिम्बनिमित्तजनिताः केचित्केऽपि चिच्छब्दोप्यर्थे इह प्रक्रमे **तस्य** कारयितुस्तद्बिम्बकारणानि जिनबिम्बनिर्वर्त्तनानि तावन्ति **तत्परिमाणानि**; तत्त्वेन परमार्थेन तावत्फलसम्पत्तेः; फलस्य भावानुसारित्वात्ततः प्रीतिविशेष इह सानुबन्धः कर्त्तव्य इति हृदयम् ॥६ ॥

**જિનપ્રતિમા ભરાવવામાં ભાવની મુખ્યતા છે. તેને આગળ કરતા કહે છે...**

**ગાથાર્થ :-** જિનબિમ્બ ભરાવનારને જિનબિમ્બ નિમિત્તે ઉપજેલા જેટલા પ્રીતિ વિશેષ ભાવો છે. તેમાંથી કોઈપણ પરિણામો જિનબિમ્બની પૂર્ણાહુતિમાં કારણ બને છે, અને પ્રસ્તુતમાં તેટલાજ પરમાર્થથી તે કર્તાના = બિમ્બ ભરાવનારના પરિણામ જિનબિમ્બના કારણ બને છે.

**વિશેષાર્થ :-** જેટલા પ્રમાણમાં પરિણામ (ભાવ) હોય તેટલાં પ્રમાણમાં ફળની પ્રાપ્તિ થાય છે (નહિં કે કેટલા બિમ્બ ભરાવ્યા કે પૈસા ખર્ચ્યા, કેમકે ફળ ન નિપજાવે તે કારણ ન કહેવાય) એટલે કે ફળ ભાવને અનુસારે પ્રાપ્ત થાય છે માટે પ્રીતિ વિશેષની પરંપરા બને તેવું કરવું જોઈએ. એવો આશય છે. ॥ ૬ ॥

**चित्त**विनाशनिषेधोक्तौ पुष्टहेतुमाह ।

**अप्रीतिरपि च तस्मिन् भगवति परमार्थनीतितो ज्ञेया ।**

**सर्वापायनिमित्तं ह्येषा पापा न कर्त्तव्या ॥ ७ ॥**

अप्रीतिरपि च चित्तविनाशरूपा तस्मिन् शिल्पिनि बिम्बद्वारा क्रियमाणे भगवति जिने परमार्थनीतितः 'कारणारुचिः कार्यारुचिमूलेतिपरमार्थन्यायेन कारयितुर्ज्ञेया । हि-यतः सर्वेषामपायानां प्रत्यूहानां निमित्तमियमप्रीतिस्त-स्मादेषा पापा न कर्त्तव्या न विधेया ॥ ७ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મન ખાટા થાય તેનો અહીં નિષેધ કર્યો છે તેના વિશે પુષ્ટ હેતુ કહે છે...

**ગાથાર્થ** :- શિલ્પીના વિષે થયેલી અપ્રીતિ પરમાર્થ ન્યાયથી ભગવાનના વિષે થયેલી સમજવી. આ સર્વ આપત્તિનું નિમિત્ત છે. માટે આ પાપિષ્ઠ અપ્રીતિ ન કરવી.

**વિશેષાર્થ** :- શિલ્પી ઉપરની અરુચી બિમ્બ દ્વારા કરાઈ રહેલા (શિલ્પી જિનબિમ્બ ઘડે છે. પણ હકીકકતમાં બિમ્બના આધારે પ્રભુ જ ઘડાઈ રહ્યા છે. આપણે પણ લોકમાં કહીએ છીએ કે મેં તો ભગવાન ભરાવ્યા) ભગવાનના વિષે પરમાર્થની નીતિથી = "કારણ ઉપરની અરુચિ કાર્ય અરુચિના મૂળવાળી હોય છે." આ ન્યાયથી પ્રતિમા ભરાવનારની ( પ્રભુ ઉપર) અરુચિ ઉભી થઈ જાણવી ॥ ૭ ॥

यत एवं शिल्पिगताऽप्रीतिरयुक्ता ततस्तद्गतामा[1]हार्येच्छयापि प्रीतिमुत्पाद्य जिनबिम्बं कारयितव्यमित्यनुशास्ति ।

अधिकगुणस्थैर्नियमात् कारयितव्यं स्वदौहृदैर्युक्तम् ।
न्यायार्ज्जितवित्तेन तु जिनबिम्बं भावशुद्धेन ॥ ८ ॥

अधिकगुणः क्रियमाणबिम्बप्रतियोगी भगवांस्तत्स्थैस्तद्वर्त्तिभिः स्वदौहृदैः स्वमनोरथैः शिल्पिगतैर्युक्तं सहितं नियमान्निश्चयेन न्यायार्ज्जितवित्तेनैव भावशुद्धेनान्तःकरणनिर्मलेन जिनबिम्बं कारयितव्यम् ॥ ८ ॥

**શિલ્પીના વિષે અપ્રીતિ રાખવી યુક્ત નથી; માટે આહાર્ય (નૈમિત્તિક) [શિલ્પીગત અનાહાર્ય-અકૃત્રિમ] ઈચ્છાથી પણ કારીગરના વિશે પ્રીતિ ઉપજાવી જિન પ્રતિમા કરાવી જોઈએ. તેવી શિખામણ આપતાં ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- અધિક ગુણવાળાપ્રભુના વિશે વર્તમાન જે ઉપશમભાવ, પ્રસન્નતા, નિર્વિકારીપણું વિ. ભાવો એવા જે શિલ્પિના મનોરથો તેનાથી યુક્ત એવી જ જિનપ્રતિમા ભાવથી શુદ્ધ તેમજ ન્યાયથી મેળવેલા ધનથી કરાવવી જોઈએ.

**વિશેષાર્થ** :- અધિકગુણ - જેનું બિમ્બ કરાય તે બિમ્બના પ્રતિયોગી એટલે ભગવાન પ્રતિયોગી થાય. અહિં પ્રભુ અને બિંબ વચ્ચે

૧. तद्गतानाहार्यें ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાપ્યસ્થાપનાભાવ સંબંધ છે, સંબંધ બિંબ તરફ ઢળતો હોવાથી તે અનુયોગી બને અને તે સંબંધ પોતાના અનુયોગીમાં જેને ખેંચે તે પ્રતિયોગી, પ્રભુની પ્રતિમા એમ પ્રતિમા ભગવાનથી વિશિષ્ટ બને છે; એટલે અહિં બિંબમાં આ સંબંધથી પ્રભુ આવે છે માટે તે પ્રતિયોગી બને (અહીં પ્રતિયોગી શબ્દ સંબંધી અર્થમાં છે) ભગવાનમાં નિર્વિકારિત્વ વિ. ભાવો રહેલા છે, તે જ મનોરથો શિલ્પિમાં આવે તો તેની કલા દ્વારા પ્રતિમામાં તે ભાવો ઉપસે, તેથી દ્રષ્ટાને વીતરાગભાવનો ભાસ થાય, શાન્તસુધારસના પાન કરવાનો લહાવો મળે. પોતે (શિલ્પી) વિકારીભાવમાં રમતો હોય તો જોઈએ તેવો વીતરાગભાવ પ્રતિમામાં પ્રગટાવી ન શકે. વિકારીભાવનાં કારણે પ્રસન્નતાનો પણ અભાવ થાય. પોતાનાં મનોરથો પૂર્ણ ના થાય તો ઓછાશના અનુભવથી પ્રસન્નતા ન આવે તેથી પ્રતિમામાં પણ પૂર્ણતા; પ્રસન્નતા ખીલાવી ન શકે. માટે શિલ્પી શાન્ત અને પ્રસન્ન રહે તે માટે પ્રયત્ન કરવો જોઈએ. ॥ ૮ ॥

उक्तदौर्हृदयोगमेव विवृणोति ।

**अत्रावस्थात्रयगामिनो बुधैर्दौर्हृदाः समाख्याताः ।**
**बालाद्याश्चैत्ता यत्तत्क्रीडनकादि देयमिति ॥ ९ ॥**

अत्र जिनबिम्बकारणेऽवस्थात्रयगामिनो बालकुमारयुवलक्षणावस्थात्रयानुसारिणः दौर्हृदा मनोरथा बालाद्या बालादिशिल्प्यारोपिताश्चैत्ताश्चित्तप्रभवा बुधैः समाख्याता; यद्यस्माद्वर्त्तन्ते तत्तस्मात् क्रीडनकादि क्रीडनकं - विस्मयकृदुपभोगोपकरणजातमादिना भोगोपकरणसङ्ग्रह इत्येवंप्रकारं चैतद्बालाद्यवस्थात्रयमनोरथसम्पादकं देयं । इदमुक्तं भवति । शिल्पी बालो युवा मध्यमवया वा प्रतिमानिर्म्माणे व्याप्रियते, तस्य तदवस्थात्रयमनादृत्य प्रतिमागतावस्थात्रयभावनेन चैत्तदौर्हृदत्रयमुत्थाप्य शिल्प्यालम्बनेन तत्परिपूरणाय यतितव्यमिति ॥ ९ ॥

**ઉપરોક્ત મનોરથોનો યોગ કેવી રીતે થાય તેનું વર્ણન કરે છે...**

**ગાથાર્થ** :- અહીં જિનપ્રતિમાના નિર્માણમાં બાલાદિ શિલ્પિમાં આરોપિત મનોગત તેમજ ત્રણ અવસ્થાને અનુસરનારા મનોરથો પંડિત પુરુષોએ ઉપયોગી કહ્યા છે. બાળાદિ શિલ્પિના ચિત્તમાં તે મનોરથો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેનાથી ઉપજે તેવા રમકડા વિ. તે શિલ્પિઓને આપવા.

**વિશેષાર્થ** :- શિલ્પીઓને રમકડું - વિસ્મકારી ઉપભોગ યોગ્ય સાધન; વિગેરે ને આપી તેમના દોહલા (ઈચ્છા વિશેષ સ્વરૂપ મનોરથો) પરિપૂર્ણ કરવા જોઈએ. જેમકે ડાહ્યા માણસોએ જણાવ્યું છે કે બાલ-યુવાન-મધ્યમવયના શિલ્પિઓને (પ્રતિમા ઘડતી વખતે) ચિત્તમાં બાલ્ય યૌવન કે મધ્યમવયને આશ્રયીને એવા દોહલા જન્મે છે. કહેવું એમ છે કે શિલ્પિ નાનો હોય યુવાન હોય કે મધ્યમવયવાળો હોય તેની અવસ્થાની અહીં વાત નથી પણ જે ભગવાનની પ્રતિમાનું નિર્માણ કરી રહ્યા છે. ભગવાનની બાલ્યવસ્થા - યુવાવસ્થા - પ્રૌઢાવસ્થા વિશે શિલ્પિઓના ચિત્તમાં ભાવનાઓ જગાડીને ઉત્થાપ્ય અર્થાત્ પ્રભુની ત્રણ અવસ્થાઓનું વર્ણન તેની આગળ કરવાથી શિલ્પીના દિલમાં તે પ્રભુ (પ્રતિમા) ની ત્રણમાંથી જે અવસ્થા પ્રત્યે વધુ આકર્ષણ જાગવાથી તદ્નુસાર જે કાંઈ મનોરથો થાય. દા.ત. - આ પ્રભુની આમલકી વિ. ક્રીડામાં હોત તો હું પણ તેમની સાથે રમકડા વિ. થી રમત. વગેરે વગેરે તે મનોરથો તે લક્ષમાં લઈ તે તે અવસ્થાને અનુરૂપ રમકડા વિ. આપીને તેનાં મનોરથો પૂર્ણ કરવા ॥ ૯ ॥

JAINSITE .com

भावशुद्धेनेति यदुक्तं तद्विवरीषुराह ।

**यद्यस्य सत्कमनुचितमिह वित्ते तस्य तज्जमिह पुण्यम् ।**

**भवतु शुभाशयकरणादित्येतद्भावशुद्धं स्यात् ॥ १० ॥**

यद्यन्मात्रं यस्य सत्कं यस्य सम्बन्धि वित्तमितिगम्यतेऽनुचितं स्वीकारायोग्यमिह मदीये वित्ते कथञ्चिदनुप्रविष्टं तस्य तत्स्वामिनस्तज्जं तद्वित्तोत्पन्नमिह बिम्बकरणे पुण्ये भवत्वित्येवं शुभाशयकरणादेतन्न्या-यार्ज्जितवित्तं भावशुद्धं स्यात्परकीयवित्तेन स्ववित्तानुप्रविष्टेन पुण्यकरणान-भिलाषात्सर्वांशेन स्ववित्तशुद्धेः ॥ १० ॥

**ભાવથી શુદ્ધ એવાં ધનથી જિનબિમ્બ કરાવવું એમ કહ્યું તેનું વિવરણ કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- જિનપ્રતિમા ભરાવવામાં મારા ધન ભેગુ જેટલું જેનું અયોગ્ય ધન આવ્યું હોય તે ધનથી ઉત્પન્ન થયેલું પુણ્ય તેને મળો. આવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુભ ભાવ કરવાથી (ભાવવાથી) આ (ન્યાયથી મેળવેલું) ધન ભાવ શુદ્ધ બને છે.

**વિશેષાર્થ** :- અનુચિત એટલે પોતે ધંધો કરતાં જે કમાણી થઈ હોય તેમાં અન્યાયથી મેળવેલું ધન કોકનું તો સાચુ જ હોય છે. તે ધન પોતાને લેવુ યોગ્ય નથી - આવુ ધન જે પ્રતિમા પોતે ભરાવી તેમા વપરાયું હોય તેનો લાભ તે વ્યક્તિને થાઓ આવી ભાવના કરવાથી પોતાનું ધન અન્યાય વિ. થી મિશ્રિત બનતું નથી. ॥ ૧૦ ॥

बिम्बकारणविधिशेषमाह ।

**मन्त्रन्यासश्च तथा प्रणवनमःपूर्वकं च तन्नाम ।**

**मन्त्रः परमो ज्ञेयो मननत्राणे ह्यतो नियमात् ॥ ११ ॥**

तथा कारयितव्यतयाऽभिप्रेते जिनबिम्बे मन्त्रन्यासश्च विधेयः; कः पुनः स्वरूपेण मन्त्र इत्याह 'प्रणव' ॐकारो 'नमः' शब्दश्च तौ पूर्वावादी यस्य तत्तथा, तन्नाम-क्रियमाणबिम्बर्षभादिनाम मन्त्रः परमः प्रधानो ज्ञेयः, हि यतोऽतः प्रणवनमः पूर्वकजिननाम्नो नियमान्निश्चयामननत्राणे ज्ञानरक्षणे भक्तोमननात्त्राणाच्च मन्त्र उच्यत इति ॥ ११ ॥

JAINSITE .com जैन साईट

**પરમાત્માની પ્રતિમા ભરાવવાની શેષ વિધિ દર્શાવે છે ...**

**ગાથાર્થ** :- કરવા માટે અભિપ્રેત જિનપ્રાપ્તિમામાં મંત્ર ન્યાસ કરવો જોઈએ. તથા ૐ અને નમઃપૂર્વક જિનેશ્વરનું નામ ૐ ઋષભાયનમઃ આનાથી ( ૐ અને નમઃ પૂર્વક જિનેશ્વરના નામથી) મનન અને રક્ષણ થતું હોવાથી તે મંત્ર કહેવાય છે. ॥ ૧૧ ॥

ननु (च) किं रत्नकनकादिबिम्बकरणे विशिष्टं फलमाहोस्वित्परिणाम-विशेषादिति जिज्ञासायामाह ।

**बिम्बं महत्सुरूपं कनकादिमयं च यः खलु विशेषः ।**

**नास्मात्फलं विशिष्टं भवति तु तदिहाशयविशेषात् ॥ १२ ॥**

बिम्बं प्रतिमारूपं महत्प्रमाणतः सुरूपं विशिष्टाङ्गावयवसन्निवेशसौन्दर्यं कनकादिमयं च सुवर्णरत्नादिमयं, यः खल्वयं विशेषो बाह्यवस्तुगतो



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नास्माद्विशिष्टं फलं भवति-बाह्यवस्तुविशेषानुविधायी न फलविशेष इत्यर्थः, तु पुनस्तद्विशिष्टं फलमिह प्रक्रमे आशयविशेषाद् - यत्र भावोऽधिकस्तत्रफलमप्यधिकमिति हृदयम् । भावविशेषाधायकतया च बाह्यविशेषोऽप्याद्रियत एव, तदुक्तं व्यवहारभाष्ये "लक्खणजुत्ता पडिमा पासाईआ समत्तलंकारा । पल्हायइ जह व मणं तह णिज्जरमो वियाणाहित्ति" ॥ १२ ॥

**રત્ન સોના વિ, ના બિમ્બ કરવામાં વિશિષ્ટ ફળ મળે છે કે - પરિણામ વિશેષથી વધારે ફળ મળે ? એવી જિજ્ઞાસા થયે છતે - ગ્રંથકાર સમાધાન દર્શાવે છે....**

**ગાથાર્થ** :- પ્રમાણથી મોટી અને સૌન્દર્યવાળી એવી સોના વિ. ની જિનપ્રતિમાંમાં બાહ્ય વસ્તુની અપેક્ષાએ જે ભેદ છે. આનાથી ફળમાં ભેદ પડતો નથી. પણ આશયના ભેદથી ફળમાં ભેદ થાય છે.

**વિશેષાર્થ** :- પ્રમાણથી મોટી હોય, વિશિષ્ટ રીતે અંગ અવયવની રચના કરેલી હોય, હીરા માણેક તેમજ સુવર્ણથી બનાવેલી હોય આ પ્રતિમા અને સામાન્ય પાષાણ વિ. ની પ્રતિમામાં ભેદ છે. પણ બાહ્ય વસ્તુના ભેદથી ફળમાં ભેદ પડતો નથી. પણ અહીં પ્રસ્તુતમાં ભાવના આધિક્યથી ફળમાં વિશેષતા આવે છે. (આવો ગ્રંથકારનો કહેવાનો ભાવ છે.) અને બાહ્ય વિશિષ્ટતા ભાવવિશેષને ઉપજાવનાર હોવાથી બાહ્ય ઉત્તમ સામગ્રીનો પણ આદર કરાય જ છે. તેથી **વ્યવહાર ભાષ્યમાં** કહ્યું છે કે - લક્ષણ યુક્ત સમસ્ત અલંકારોથી શોભતી પ્રતિમા દેખતા મન જેમ જેમ આનંદ પામે તેમ તેમ નિર્જરા થાય છે એમ જાણવું ॥ ૧૨ ॥

आशयविशेषः कीदृगिष्ट इत्याह ।

**आगमतन्त्रः सततं तद्वद्भक्त्यादिलिङ्गसंसिद्धः ।**

**चेष्टयां तत्स्मृतिमान् शस्तः खल्वाशयविशेषः ॥ १३ ॥**

'आगमतन्त्र' आगमानुसारी सततमनवरतं तद्वतामागमवतां भक्त्यादीनि यानि लिङ्गानि तैः संसिद्धो निश्चितः भक्त्यादीत्यादिना विनयपूजनादिग्रहः चेष्टयां प्रवृत्तौ तत्स्मृतिमानागमस्मृतियुक्तः शस्तः प्रशस्तः खल्वाशयविशेषः परिणामभेदः ॥ १३ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**તે આશય વિશેષ કેવો હોવો જોઈએ તે જણાવે છે...**

**ગાથાર્થ :-** બિમ્બ નિર્માણ કરાવનારના આશય વિશેષથી વિશિષ્ટ ફળ થાય છે તે આશય વિશેષના ગર્ભમાં શું શું હોય તે જણાવે છે. (૧) આગમાનુસારિતા (૨) આગમધારકો ઉપર ભક્તિ - બહુમાન - વિનય - પૂજા વગેરે લિંગોથી નિશ્ચિત થયેલ અને (૩) પોતાની તમામ ધાર્મિક પ્રવૃત્તિ કરતી વખતે વારંવાર બહુમાન પૂર્વક તેનું સ્મરણ (આગમથી મને ભાન થયુ કે મારું આ કર્તવ્ય છે. - આગમ વિના આવો લાભ ન મળત ઈત્યાદી) આ ત્રણ વિશેષતાઓથી ગર્ભિત જે પરિણામ ભેદ તે આશય વિશેષ જાણવો ॥ ૧૩ ॥

ईदृग्विधिनाऽन्यथा च बिम्बकारणस्य नामभेदं फलभेदं चाभिधित्सुराह ।

**एवंविधेन यद्बिम्बकारणं तद्वदन्ति समयविदः ।**
**लोकोत्तरमन्यदतो लौकिकमभ्युदयसारं च ॥ १४ ॥**

एवंविधेनाशयेन प्रागुक्तेन यद्बिम्बकारणं तत्समयविदः शास्त्राज्ञा 'लोकोत्तरमन्यदतो लौकिकमभ्युदयसारं च' लोकोत्तरमागमिकमन्यदतो[1] लौकिकमतोऽस्मादाशयविशेषसमन्वितात् जिनबिम्बकारणादन्यल्लौकिकं वर्त्तते, अभ्युदयसारं च तद्भवति ॥ १४ ॥

**આવી વિધિથી અને અન્ય રીતે જિનબિમ્બ કરવામાં નામ ભેદ અને ફળભેદ થાય છે. તે કહેવાની ઈચ્છાથી ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ :-** આવા પ્રકારના આશયથી જે જિનબિમ્બ ભરાવવામાં આવે છે; તેને શાસ્ત્રજ્ઞ પુરુષો લોકોત્તર કાર્ય કહે છે. અને આનાથી વિપરીત રીતે જે કરાય છે. તેને લૌકિક કાર્ય કહે છે. તેનાથી લોકમાં કીર્તિ માનપાન વધે એટલું જ માત્ર ફળ મળે છે. ॥ ૧૪ ॥

लौकिकमभ्युदयसारमित्युक्तं लोकोत्तरं तु कीदृगित्याह ।

**लोकोत्तरं तु निर्वाणसाधकं परमफलमिहाश्रित्य ।**
**अभ्युदयोऽपि हि परमो भवति त्वत्रानुषङ्गेण ॥ १५ ॥**

लोकोत्तरं तु पुनर्निर्व्वाणसाधकं परमं मुख्योद्देश्यं फलमिहाश्रित्य, अभ्युदयोऽपि हि स्वर्गादिः परमः प्रधानः भवति तु

१. लोकोत्तरमागमिकं वदन्ति, अतोऽस्मादन्यद्विपरीतं लौकिंक वदन्ति अभ्युदयसारं च तद्भवति विषयविशेषात् ॥



જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भवत्येवात्रानुषङ्गणोद्देश्यसि द्धावववर्जनीयभाव व्यापारलक्षणेन ॥ १५ ॥

**લૌકિક કાર્યનું સ્વર્ગાદિસંપત્તિ તથા માન પાન ફળ છે. એમ કહ્યું તો લોકોત્તર કાર્યનો શું સાર છે ? તે દર્શાવે છે ...**

**ગાથાર્થ** :- જગતમાં મુખ્ય ફળને આશ્રયી લોકોત્તર કાર્ય નિર્વાણનું સાધક છે તેમજ આનુષંગિક પણે શ્રેષ્ઠ અભ્યુદય પણ થાય છે.

**વિશેષાર્થ** :- આનુષંગિક એટલે મુખ્ય ઉદ્દેશની સિદ્ધિમાં છોડી ન શકાય તેવો ભાવવ્યાપારવિશેષ - પરિસ્થિતિ વિશેષ ॥ ૧૫ ॥

प्रधानानुषङ्गभावे दृष्टान्तमाह ।

**कृषिकरण एव पलालं नियमादत्रानुषङ्गिकोऽभ्युदयः ।**
**फलमिह धान्यावाप्तिः परमं निर्वाणमिव बिम्बात् ॥ १६ ॥**

कृषिकरणे पलालमिव नियमादत्र जिनबिम्बकारणे आनुषङ्गिकोऽभ्युदयः स्वर्गादिः, सच्छायपथेनास्य मोक्षनयनस्वभावत्वात् । परमं मुख्यं फलमिह जगति बिम्बान्निर्व्वाणं भवति धान्यावाप्तिरिव; कृषिकरणादिति कृषिकरणशब्दः पञ्चम्यन्तोऽत्र सम्बन्ध्यते, अन्यथाऽन्वयाभवनादित्यर्थः; विपरिणतानुषज्यतेऽन्यथाऽसङ्गतेर्विधिना कृषिकरणबिम्बकारणयोः पलालाभ्युदययोर्धान्यनिर्व्वाणावाप्त्योश्च साम्यमिति सिद्धम् ॥ १६ ॥ ७ ॥

**પ્રધાન અને આનુંષંગિક ભાવમાં દાખલો બતાવે છે...**

**ગાથાર્થ** :- ખેતી કરતાં જેમ ઘાસ પ્રાપ્ત થાય તેમ જિન બિમ્બ ભરાવવામાં અભ્યુદય ચોક્કસ થાય છે. આ જગતમાં ખેતીથી મુખ્ય ફળ તો ધાન્યની પ્રાપ્તિ જ છે. તેમ બિમ્બ ભરાવવાથી મુખ્ય ફળ તો મોક્ષ જ છે.

**વિશેષાર્થ** :- આ અભ્યુદયનો (સ્વર્ગ - ઉત્તમકુલ પ્રાપ્તિ વિ.) છાયાવાળા રસ્તાથી સુખ પૂર્વક મોક્ષે પહોંચાડી દેવાનોજ સ્વભાવ છે. માટે આને આનુષંગિક કહેવાય છે. કૃષિકરણ શબ્દનો 'કૃષિકરણાદ્' એ પ્રમાણે અન્યરૂપે = પઞ્ચમી વિભક્તિ રૂપે (અનુસંધાન) સંબંધ કરાય છે. નહિં તો અન્વય બેસે નહિં વિધિપૂર્વક ખેતી કરવી તેમ પ્રતિમા ભરાવવી, ઘાસ અને અભ્યુદય પ્રાપ્ત થવો અને ધાન્યપ્રાપ્તિને મોક્ષની પ્રાપ્તિ એમ સમાનતા રહેલી છે. ॥ ૧૬ ॥

***॥ ઈતિ સપ્તમ્ ષોડશકમ્ ॥***



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# अष्टमं प्रतिष्ठाविधिः षोडशकम्

बिम्बकारणानन्तरं प्रतिष्ठा विधाप्येति तद्विधिमाह ।

**निष्पन्नस्यैवं खलु जिनबिम्बस्योदिता प्रतिष्ठाशु ।**

**दशदिवसाभ्यन्तरतः सा च त्रिविधा समासेन ॥ १ ॥**

एवमुक्तविधिना निष्पन्नस्य जिनबिम्बस्याशु शीघ्रं प्रतिष्ठोदिता दशदिवसाभ्यन्तर एव, सप्तम्यर्थे तस्प्रत्ययः, सा च प्रतिष्ठा समासेन सङ्क्षेपेण त्रिविधा त्रिभेदा ॥ १ ॥

**બિમ્બ ભરાવ્યા પછી પ્રતિષ્ઠા કરાવી જોઈએ માટે તેનો વિધિ દર્શાવે છે...**

**ગાથાર્થ** :- એ પ્રમાણે વિધિથી તૈયાર થયેલ પ્રતિમાની જલ્દી ૧૦ દિવસની અંદર પ્રતિષ્ઠા કરાવવી જોઈએ, અને પ્રતિષ્ઠા સંક્ષેપથી ત્રણ પ્રકારની છે. ॥ ૧ ॥

त्रैविध्यमेवाह

**व्यक्त्याख्या खल्वेका क्षेत्राख्या चापरा महाख्या च ।**

**यस्तीर्थकृद्यदा किल तस्य तदाद्येति समयविदः ॥ २ ॥**

क्षेत्राख्यामाह

**ऋषभाद्यानां तु तथा सर्वेषामेव मध्यमा ज्ञेया ।**

**सप्तत्यधिकशतस्य तु चरमेह महाप्रतिष्ठेति ॥ ३ ॥**

एका खलु व्यक्त्याख्याऽपरा क्षेत्राख्याऽपरा च महाख्या, तत्र व्यक्तिप्रतिष्ठास्वरूपमाह - यस्तीर्थकृद् यदा किल वर्त्तमानतीर्थाधिपतिस्तस्य तदा तत्काले आद्या व्यक्तिप्रतिष्ठेति समयविदो ब्रुवते ॥ २ ॥

**ત્રણ પ્રકાર બતાવે છે....**

**ગાથાર્થ** :- એક તો વ્યક્તિ પ્રતિષ્ઠા બીજી ક્ષેત્રપ્રતિષ્ઠા અને ત્રીજી



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાપ્રતિષ્ઠા છે. જ્યારે જે પરમાત્મા વર્તમાન તીર્થાધિપતિ હોય તે સમયે તે પરમેશ્વરની પ્રતિષ્ઠાને શાસ્ત્રજ્ઞાતાઓ **વ્યક્તિપ્રતિષ્ઠા** કહે છે. - જેમ કે - **વીર પ્રભુ** ની.

**ક્ષેત્રપ્રતિષ્ઠા :- આદિનાથ** વિ. ચોવીશ પ્રભુની તે રીતે પ્રતિષ્ઠા કરાવવી તે મધ્યમ એટલે **ક્ષેત્રપ્રતિષ્ઠા** જાણવી. અથવા એકજ પટમાં ૨૪ પ્રભુની પ્રતિષ્ઠા કરવી તે.

**મહાપ્રતિષ્ઠા** :- ઉત્કૃષ્ઠ કાળના ૧૭૦ તીર્થંકરની પ્રતિષ્ઠા તે ચરમ એટલે **મહાપ્રતિષ્ઠા** કહેવાય છે. અથવા એકજ પટમાં ૧૭૦ પ્રભુની પ્રતિષ્ઠા કરવી તે.

ऋषभाद्यानां तु सर्व्वेषामेव तीर्थकृतां तथा तेनरूपेण प्रतिष्ठा मध्यमा क्षेत्राख्या ज्ञेया स्वक्षेत्रचतुर्विंशतिविषयत्वात् इयं च भरतैरावतयोः । सप्तत्यधिकशतस्य तु महाविदेहभरतैरवतेषूत्कृष्टकालमङ्गीकृत्य चरमेह महाप्रतिष्ठेति गुणनिष्पन्नाभिधाना ॥ ३ ॥

**વિશેષાર્થ** :- વર્તમાન તીર્થાધિપતિ **વીર પ્રભુની** પ્રતિષ્ઠા. તેમ જ્યાં **સીમંધર સ્વામીનું** તીર્થ પ્રવર્તી રહ્યું છે તે વિજયમાં **સીમંધર સ્વામીની** પ્રતિષ્ઠાકરવી તે પહેલા નમ્બરની પ્રતિષ્ઠા જાણવી. પોતપોતાના ક્ષેત્રની અપેક્ષાએ જે ચોવીશી હોય તે ચોવીશીના પ્રભુની પ્રતિષ્ઠા બીજી.આ ભરતક્ષેત્ર, અને ઐરવતક્ષેત્રમાંજ હોય; વિદેહમાં તો ચોવીશી હોતી જ નથી. દરેક ચોવીશીના અવસર્પિણીમાં બીજા પ્રભુ વખતે ઉત્સર્પિણીમાં ત્રેવીસમાં પ્રભુ વખતે દરેક વિજયમાં તીર્થંકર વિચરતા હોય છે તે સર્વની પ્રતિષ્ઠા ત્રીજી. દેવજાતિ. આમ મોટી પ્રતિષ્ઠા હોવાથી એનું નામ ગુણ નિષ્પન્ન છે - સાન્વર્થ નામ છે. ॥ ૨/૩ ॥

अथ किमियं प्रतिष्ठानाम, किं मुख्यस्य देवताविशेषस्य मुक्तिगतस्य सन्निधानमुतान्यस्य तदनुजीविनः संसारस्थस्य;नाद्यः, मुक्तिगतस्य मन्त्रादिसंस्कारविशेषैरानयनासम्भवान्नापि द्वितीयः, संसारस्थस्यापि देवजात्यनुप्रविष्टस्य संस्कारविशेषै र्नियमतः सन्निधानादर्शनात्कादाचित्कस्य च तस्य प्रतिष्ठाऽप्रयोज्यत्वादिति पर्यनुयोगे सत्यात्मीय भावस्यैव विशिष्टस्य प्रतिष्ठात्वमुपपादयन्नाह ।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भवति च खलु प्रतिष्ठा निजभावस्यैव देवतोद्देशात् ।

स्वात्मन्येव परं यत्स्थापनमिह वचननीत्योच्चैः ॥ ४ ॥

**આ પ્રતિષ્ઠા એટલે શું ? શું મુક્ત થયેલ વીતરાગ દેવતા વિશેષનું સન્નિધાન કરવું તે પ્રતિષ્ઠા છે ?** तदनुजीवीन **- કે તેનાં સેવક જેવાનું મુક્તિગત વીતરાગ દેવતાના અનુજીવી સેવક જેવા જે સંસારી અને દેવજાતિ - વ્યન્તરાદિમાં અનુપ્રવિષ્ટ એટલે સમાવેશ પામેલા છે, તેઓનું સન્નિધાન કરવું તે પ્રતિષ્ઠા છે ?**

**તેમાં પહેલી વાત તો બેસે એમ નથી કારણકે મુક્ત થયેલા મંત્રાદિ સંસ્કારથી આણી શકાતા નથી. સંસારવર્તી દેવજાતીવાળાનું પણ કાયમ માટેનું સન્નિધાન દેખાતું ન હોવાથી તેની પ્રતિષ્ઠા કરવી તે અપ્રતિષ્ઠા જ છે. કારણકે સ્થિર સન્નિધાન રૂપ પ્રતિષ્ઠા છે, તેનું કાર્ય આવી પ્રતિષ્ઠાથી સિદ્ધ થતું નથી. એવો પ્રશ્ન ઉભો થયે છતે વિશિષ્ટ આત્મભાવ જ પ્રતિષ્ઠા છે, તેવું સિદ્ધ કરતા ગ્રંથકાર ગાથા વડે તે વાત જણાવે છે...**

**ગાથાર્થ** :- પોતાના ભાવોને વીતરાગદેવના ઉદ્દેશથી આત્મા વિષે પ્રધાન રૂપે સ્થાપન કરવા તે જ આગમનીતિ પ્રમાણે અહીં ખરેખર પ્રતિષ્ઠા છે.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

भवति च खलु प्रतिष्ठा शास्त्रोक्ता निजभावस्यैव कारयितृभावस्यैव देवतोद्देशान्मुख्यदेवतोद्देशेन स्वात्मन्येव स्वजीव एव परं-प्रधानं यद् यस्मात्स्थापनमिह प्रतिष्ठा नतु निजभावविषयदेवतामन्तरेणान्यस्य । वचननीत्यागमोक्तन्यायेनोच्चैरत्यर्थं । यद्यपि वचनानुष्ठानव्युत्पत्तिमहिम्ना विहितक्रियामात्र एव नियमतः स्मर्यमाणभगवद्गुणानां स्वात्मनि स्थापना सम्भवति । तथापि यदेकगुणसिद्ध्युद्देशेन यदनुष्ठानं विहितं ततस्तदेक-गुणद्वारा प्रायः परमात्मसमापत्तिर्व्युत्पन्नस्य सम्भवतीह तु स्थापनोद्देशेनैव विधिप्रवृत्तेस्तस्या भावतः सर्वगुणारोपविषयत्वात्सर्वैरेव गुणैः स एवाहमिति स्वात्मनि परमात्मा स्थापितो भवतीति महान् विशेषः, एतच्चोच्चैरिति पदेनाभिव्यज्यतेऽयं भावस्तात्त्विकप्रतिष्ठा ।

**વિશેષાર્થ** :- પોતાના ભાવનો વિષય જે દેવતા (બનતો) હોય તેના સિવાય બીજા દેવની પ્રતિષ્ઠા ન થાય. જો કે શાસ્ત્રકારની આજ્ઞા લક્ષ્યમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખી જે ક્રિયા થાય તે વચનાનુષ્ઠાન કહેવાય. **'અસ્મિન્ હૃદયસ્થે**....૨/૧૪ થી આગમને હૃદયમાં ધરતા પ્રભુ પણ હૃદયમાં આવી જાય છે. આ વ્યાખ્યા પ્રમાણે જેઓ શાસ્ત્રવિહિત પ્રત્યેક ક્રિયામાં શાસ્ત્રને જ આધાર માને છે અને પરમાત્મતત્ત્વ પ્રાપ્ત કરવાની ઝંખનાથી પ્રભુના ગુણોનું સ્મરણ કરતા તે ગુણો આત્મામાં પણ સ્થાપી શકાય છે. છતા પણ એક ગુણ સિદ્ધિના ઉદ્દેશ્યથી વીતરાગત્વ વિ. એક ગુણને અનુસરતા પરમાત્મા સાથે એકાકારતા પ્રાપ્ત થાય છે. જેમ એક જ પ્રકારની પૂજા કરતા કરતા **ગુણવર્મારાજાના** સત્તર પુત્રોએ સિદ્ધિ (એજ ભવે મોક્ષગામી બન્યા) મેળવી, અથવા અઈમુત્તા મુનિ પરમકરુણાભાવ રૂપ ગુણ સિદ્ધિના ઉદ્દેશથી ઈરિયાવહિયાનો આરંભ કર્યો (ત્યારે અહો પ્રભુ કેવા કૃપાલુ/ હું કેવો વિરાધક એ પ્રમાણે પ્રભુના એક પરમ કરુણા ગુણ દ્વારા પોતાનાં આત્માની તુલના કરતા (કેવલી બન્યા) પરમાત્મા સાથે એક્યતા સાધી; પણ તે અઈમુત્તા તો ૧૧ અંગના અભ્યાસી ઘણાં બુદ્ધિશાળી હતા. માટે સામાન્ય લોકોના ઉપકાર માટે સર્વજ્ઞતા, સર્વદર્શિતા અવ્યાબાધસુખ, વીતરાગપણું, શાશ્વત, અરુપી, અગુરુલઘુ, અનંત શક્તિ એવા અદ્ભુત અતિશયવાળા, સર્વેગુણો અંજન શલાકા દ્વારા પ્રતિમામાં આરોપિત કરાય છે. बाह्या तु जिनबिम्बादिगता स एवायमिति निजभावस्यैव मुख्यदेवताविषयस्योपचारात्मिका प्रतिष्ठितत्व- ज्ञानाहितभक्तिविशेषेण लोकानां विशिष्टपूजाफलप्रयोजिकेति द्रष्टव्यं ।

JAINSITE.com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

અને તે પ્રભુના દર્શનથી બધા ગુણો આપણી સામે તરી આવે છે. ત્યારે આત્મા પરમાત્મા સાથે તે ગુણો દ્વારા તુલના કરતો પરમાત્મા સાથે તન્મયતા-એક્યતાને સાધે છે. જેમ **'પુણ્યાઢય રાજા'** હાથીની આકૃતિ ઉપર જિનપ્રતિમા સ્થાપી દર્શન દ્વારા કેવલી બન્યા. આમ અન્ય અનુષ્ઠાન વ્યુત્પન્નમત્તિવાળાને ઉપયોગી બને છે. ત્યારે પ્રાણપ્રતિષ્ઠિત પ્રતિમા સામાન્ય જીવો ને પણ એકાકાર માટે શીઘ્ર ઉપયોગી બને છે. આ વાત ઉચ્ચૈ:પદથી વ્યક્ત થાય છે. આ ભાવ જ ખરેખરી પ્રતિષ્ઠા છે .

બાહ્યા - જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં તો "તે (પ્રભુ) જ આ છે" (આ પ્રતિમા પ્રભુજ છે) વીતરાગ પ્રભુના વિષયવાળો આવો પોતાનો ભાવ જ ઔપચારિક બાહ્ય પ્રતિષ્ઠા છે. આ પ્રતિમામાં પ્રભુ જ પ્રતિષ્ઠિત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયેલા છે આવા જ્ઞાનથી પેદા થયેલ ભક્તિ વિશેષથી લોકો વિશિષ્ટ પૂજા વિ. કરે છે. (આના વડે.) પૂર્વપક્ષ (મીમાંસક) :- પ્રતિષ્ઠા કરાવનારનું કર્મ (અદૃષ્ટ) પૂજા રૂપ ફળનું પ્રયોજક નથી, તે કર્મનો બીજા ને અભાવ હોવાથી કરાવનારનું કર્મ નાશ પામતા પ્રતિમા પૂજવા યોગ્ય રહી શકશે નહિં. અને ચંડાલ વિ. નો સ્પર્શ તો પ્રતિમામાં થાય છે. અને તે કર્મ તો પ્રતિષ્ઠા કરાવનારમાં છે. એટલે વ્યધિકરણ કારણ હોવાથી તેના દ્વારા પ્રતિષ્ઠા કરાવનારનાં કર્મનો નાશ ન થઈ શકે; માટે પ્રતિષ્ઠાથી આધાન (સંપાદન) કરાયેલી ચાણ્ડાલાદિના સ્પર્શથી નાશપામનારી શક્તિ પૂજારૂપી ફળની પ્રયોજક છે. એમ માનવું જોઈએ. एतेन प्रतिष्ठाकारयितृगतादृष्टं न पूजाफलप्रयोजकं परेषां तदभावात्तददृष्टक्षये प्रति- मापूज्यतानापत्तेश्चाण्डालादिस्पर्शेन व्यधिकरणेन तन्नाशयोगाच्चेति प्रतिष्ठा- हिता चाण्डालादिस्पर्शनाश्या शक्तिः पूजाफलप्रयोजिकेति मीमांसकमीमांसितमपास्तम् । प्रतिष्ठि- तत्वज्ञानाहितभक्तिविशेषद्वारा प्रतिष्ठायाः पूजा फल- प्रायोजकत्वादस्पृश्य- स्पर्शादिप्रतिसन्धानस्य च भक्ति विशेषव्याघातकत्वेनानुपपत्त्यभावाच्छ- क्तिपक्षे चाप्रतिष्ठितत्वभ्रमेऽपि विशिष्टपूजाफलापत्तेः एतेन प्रतिष्ठाध्वंस एवास्पृश्य स्पर्शा ऽभावविशिष्टः पूजाफलप्रयोजक इति मणिकृन्मतमप्यपास्त-मितिदिग् ।

(આવા મીમાંસક મતનો નિરાસ થયો) ઉત્તરપક્ષ (જૈન) 'આ પ્રતિમામાં પરમાત્માની પ્રતિષ્ઠા થઈ છે.' એવા માનથી પેદા થયેલી વિશેષ ભક્તિ (દ્વારા) પ્રતિષ્ઠા પૂજારૂપ ફળની પ્રયોજક બનતી હોવાથી અને "અસ્પૃશ્યનો પ્રતિમાને સ્પર્શ થયો છે." એવું જ્ઞાન વિશેષ ભક્તિનો વ્યાઘાત કરતું હોવાથી અમારી વાત યુક્તિયુક્ત છે. એટલે શક્તિ વિશેષને માનવાની જરૂર નથી. ઉલ્ટુ તેવું માનવા જતા અપ્રતિષ્ઠિતનાં ભ્રમમાં પણ = પ્રતિષ્ઠા થયેલી હોય છતાં પણ પ્રતિષ્ઠા થઈ નથી એવો ભ્રમ થાય ત્યારે પણ પ્રતિષ્ઠાથી પ્રતિમામાં તાદૃશ શક્તિનું સંપાદન તો થઈ જ ગયું છે તેથી વિશિષ્ટ પૂજારૂપ ફળની આપત્તિ આવશે. પણ હકીકતમાં આવા ભ્રમમાં કોઈ પૂજા કરતું દેખાતું નથી.

આમ કહેવા દ્વારા અસ્પૃશ્યના સ્પર્શના અભાવથી વિશિષ્ટ એવો પ્રતિષ્ઠાધ્વંસ પૂજાનો પ્રયોજક છે. એટલે જ્યારે પ્રતિષ્ઠા થઈ ત્યારે તે સંબંધી ક્રિયાપૂર્ણ થવાથી પ્રતિષ્ઠાનો ધ્વંસ થાય છે. તે ધ્વંસ છેક સુધી રહે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. પણ વચ્ચે કોઈ ચણ્ડાલાદિનો પ્રતિમાને સ્પર્શ થઈ જાય તો તે પ્રતિષ્ઠા ધ્વંસ પૂજા ફળનો પ્રયોજક બનતો નથી, એવો જે **મણિકારનો** મત છે તેનો પણ નિરાસ કર્યો, અહિં પણ પૂર્વોક્ત રીતે અપ્રતિષ્ઠિતના ભ્રમના કારણે પૂજા કરવાની ઝંખના ભક્તિ તો જાગતી નથી. પણ હકીકતમાં પ્રતિષ્ઠા વિધિ થયેલ હોવાથી પ્રતિષ્ઠા ધ્વંસ તો વિદ્યમાન જ છે. માટે પૂર્વ જેવી આપત્તિ આવે છે.

भक्तिविशेषाधायकतयैव यतः प्रतिष्ठाफलवती तत एव स्वप्रतिष्ठापितत्वादिविशेषा अपि पुरुषविशेषे भक्तिविशेषाधाय- कतयाऽऽद्रियन्ते, तथाचोक्तं ग्रन्थकृतैव पूजाविंशिकायां "सयकारियाइ एसा जयइ ठवणाइ बहुफला केई । गुरुकारियाइ अन्ने विसिट्ठविहिकारियाए अ ॥ १ ॥ थंडिल्ले वि य एसा मणठवणाए पसत्थिगा चेव । आगासगोमयाइहि एत्थमुवलेवणाइ हियं ॥ २ ॥ उवयारङ्गा इह सोवओगसाहारणाण इट्ठफला । किञ्चि विसेसेण तओ सव्वे ते विभइयव्वति ॥ ३ ॥ आसामर्थलेशो यथा - स्वयंकारितया स्थापनयैषा पूजा बहुफला जायत इति केचिन्मन्यन्ते, गुरवो मातृपितृपितामहादयस्तैः कारितयेत्यन्ये, विशिष्टविधिकारितयेत्यपरे, स्थण्डिले शुद्धस्थानमात्रेऽप्येषा मनः - स्थापनया विशिष्टविधिसामग्रीं विना पञ्चनमस्कारस्थापनामात्रेणापि प्रशस्ताभिमतात्राकाशगोमयादिभिः पवित्रोर्ध्वस्थगोमयादिभिरुपलेपनादि भूम्यादेर्हितं तावन्मात्रविधेरपि फलदत्वात् ।

એનો સાર એ આવ્યો કે.... ભક્તિ વિશેષનું આધાન કરાવા દ્વારા જ પ્રતિષ્ઠા સફળ બને છે, માટે જ જાતે પ્રતિષ્ઠા કરાવવી વિ. વિશેષ કાર્ય પણ પુરુષ વિશેષમાં ભક્તિ વિશેષનું આધાન કરનારા છે તેની અપેક્ષાએ (તેનાં આધારે) તેઓનો આદર કરાય છે. તથા ગ્રંથકારે પોતાનાં શબ્દોમાં **પૂજાવિંશિકામાં** પણ કહ્યું છે :- જાતે કરાયેલી સ્થાપનાથી આ પૂજા ઘણાં ફળવાળી બને છે, એમ કેટલાક માને છે. ગુરુ - માતા, પિતા દાદા વગેરે વડિલો પાસે કરાયેલી સ્થાપનાથી આ પૂજા ઘણાં ફળવાળી બને છે. એમ બીજા માને છે. વળી કોઈ વિશિષ્ટ વિધિથી સ્થાપના કરવાથી પૂજા ઘણાં ફળવાળી બને છે એમ માને છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુદ્ધ ભૂમિ ઉપર પણ મનની સ્થાપનાથી એટલે વિશિષ્ટ વિધિ અને વિશિષ્ટ સામગ્રી વિના પંચનમસ્કાર મહા મંત્ર (નવકાર મન્ત્ર) ત્રણવાર ગણીને જે પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તે પણ પ્રશંસાપાત્ર - આવકાર્ય છે. ક્યારેક વિસ્તૃત વિધિ વિધાન શક્ય ના હોય ત્યારે જંગલમાં દમયન્તી વગેરેની જેમ આ રીતે પણ મૂર્તિપ્રતિષ્ઠા (પ્રાણ પ્રતિષ્ઠા) થઈ શકે છે. (નવકાર મંત્ર શ્રેષ્ઠ મંત્ર છે.) કારણ કે પવિત્ર તેમજ આકાશમાં રહેલું હોય એટલે ભૂમિને અડક્યા વિનાનું પવિત્ર ગાયનું છાણ વિ. થી ભૂમિ વિ. ને લીંપવી આટલી વિધિ પણ ફળ આપનારી છે.

एते सर्वेऽपि पक्षाः स्वोपयोगसाधारणानामनुष्ठानानां 'उवयारङ्गत्ति उपकारनीति किञ्चिद्विशेषेणेष्टफलाः, कर्म हि सर्वं सर्वस्योपयोगसदृशं प्रशस्तं; न तु कस्यचित् किञ्चिज्ज्ञात्या प्रतिनियतं ततो यस्य यदुपकारकं तस्य तदिष्टमिति स्वकृतस्थापनादिपक्षाः सर्वेपि विभक्तव्याः - स्वकृतस्थापनादिबुद्ध्या भक्तिविशेषोत्पत्तौ समीचीना ममत्वकलहाद्युत्पत्तौ चासमीचीना इतिभावः । इत्थं च ये गुर्वादिप्रतिष्ठापित्वं सर्वथानुपयोगीति वदन्ति; ये च विधिप्रतिष्ठापितत्व एव निर्भरं कुर्वन्ति तेषामभिप्रायं त एव विदन्ति, इति कृतमतिविस्तरेण ॥ ४ ॥

પોતાપોતાનાં ઉપયોગવાળા અનુષ્ઠાનો ઉપકારના કારણ હોવાથી આ સર્વ પક્ષો વિશેષ રીતે ઈષ્ટ ફળ આપનારાં છે. જે પ્રકારનું કાર્ય હોય તેવો જ ઉપયોગ હોય એવું બધાનું કર્મ સારું જ કહેવાય છે. એટલે લોગસ્સ બોલતી વખતે તેનો જ ઉપયોગ હોય તો લોગસ્સ બોલવાની પ્રવૃત્તિ શુભ કહેવાય. તેમાં વચ્ચે જો નમુત્થુણં વિ. ના વિચાર આવે તો સારું ન કહેવાય .

કોઈપણ વ્યક્તિને આજ પ્રકારનું અનુષ્ઠાન કરવાનું એવો કોઈ ચોક્કસ નિયમ ઘડાયેલો નથી. એટલે જેણે જે અનુષ્ઠાન ઉપકાર કરનાર હોય તે તેનાં માટે ઈષ્ટ જ છે. માટે પોતે કરેલી સ્થાપના વિ. પક્ષો જુદા પાડવા (ભેદ પાડી સાપેક્ષ ભાવથી સમજાવવા) જોઈએ. એટલે કે પોતે કરેલી સ્થાપના બુદ્ધિથી વિશેષભક્તિની ઉત્પત્તિ થતી હોય તો સારું અને મમત્વભાવ તેમજ આ મારા દેરાસરમાં વચ્ચે પડનાર કોણ ? ઈત્યાદી અભિમાન વિ. કારણે ઝઘડો વિ. થાય તો સારું ના કહેવાય. આવી વાત


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી "જેઓ ગુરૂ વિ. કરાવેલી પ્રતિષ્ઠા સર્વ રીતે અનુપયોગી જ છે." એવું બોલે છે અને વિધિથી કરાયેલી પ્રતિષ્ઠા સારી આવો ઝંડો ધારણ કરે છે; તેઓનો અભિપ્રાય તે જ જાણે,. અમારે તેમનાથી કાંઈ લેવા દેવા નથી. અમે જે હકીકત છે તે જણાવી. ઘણું કહેવાથી સર્યું. ॥ ૪ ॥

प्रकृतमुच्यते । ननु किमिति स्वात्मन्येव परं स्थापनमुच्यते नान्यत्रेत्याशङ्क्याह ।

**बीजमिदं परमं यत्परमाया एव समरसापत्तेः ।**

**स्थाप्येन तदपि मुख्या हन्तैषैवेति विज्ञेया ॥ ५ ॥**

इदं स्वात्मनि मुख्यदेवतास्वरूपगतवीतरागत्वादिगुणस्थापनं बीजं कारणं वर्त्तते परमं प्रकृष्टं यद् यस्मात्परमाया एव प्रकृष्टाया एव समरसापत्तेर्मुख्यदेवतास्वरूपतुल्यतापत्तेः स्थाप्येनापि - बिम्बेनापि सह बहिरुपचारद्वारा तद्भावस्थापनमुक्तसमापत्तिबीजमिति योगः । इति कृत्वा मुख्या-निरुपचरिता, 'हन्त' प्रत्यवधारणे, एषैव निजभावप्रतिष्ठैव विज्ञेया नान्या ॥ ५ ॥

**પોતાના આત્મામાં કરેલી સ્થાપના જ સારી (શ્રેષ્ઠ) કહેવાય પણ બીજા સ્થળે કરેલી નહિં એનું શું કારણ ? આવી શંકાનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે....**

**ગાથાર્થ** :- આત્મામાં મુખ્યદેવતાના સ્વરૂપની સ્થાપના પરમ સમરસાપત્તિનું કારણ બને છે. માટે આજ પ્રતિષ્ઠા મુખ્ય જાણવી.

**વિશેષાર્થ** :- પોતાના આત્મામાં મુખ્ય દેવતાના સ્વરૂપભૂત વીતરાગપણું વિ. ગુણોની સ્થાપના પ્રકૃષ્ટ સમરસાપત્તિ = મુખ્ય દેવતાના તુલ્યસ્વરૂપની પ્રાપ્તિનું પ્રતિમાવડે પણ બાહ્ય ઉપચાર દ્વારા કારણ બને છે. માટે તદ્ભાવની સ્થાપના સમાપત્તિનું બીજ હોવાથી આ નિજભાવ પ્રતિષ્ઠા જ મુખ્ય ઉપચાર વિનાની જાણવી પણ બીજી નહિ ॥ ૫ ॥

ननु मुक्त्यादिव्यवस्थितस्यैव प्रतिष्ठा किं नेष्यत इत्याशङ्क्याह ।

**मुक्त्यादौ तत्त्वेन प्रतिष्ठिताया न देवतायास्तु ।**

**स्थाप्ये न च मुख्येयं तदधिष्ठानाद्यभावेन ॥ ६ ॥**



जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मुक्त्यादौ स्थाने तत्वेन परमार्थेन प्रतिष्ठिताया देवतायास्तु न नैव स्वजीवे प्रतिष्ठा विप्रकर्षात्किन्तु तद्भावस्यैव स्थाप्ये बिम्बे, नच नैव मुख्यदेवता विषयेयं प्रतिष्ठा तया मुख्यदेवतयाअधिष्ठानादेरभावेनाधिष्ठानमाश्रयणमादिनाऽहङ्कारममकारवासनारूपसन्निधानग्रहस्तच्चाधिष्ठानाद्य वीतरागसंसारिदेवतायाः कदाचित्स्यात्, वीतरागदेवतायास्तु सर्वथानुपपन्नमिति भावः ॥६॥

**મુક્તિમાં વ્યવસ્થિત થયેલાની પ્રતિષ્ઠા કેમ નથી ઈચ્છતા ? આવી શંકા ઉભી કરી તેનું સમાધાન કરતા કહે છે...**

**ગાથાર્થ** :- મુક્તિમાં પ્રતિષ્ઠિત - બિરાજમાન દેવની પોતાના આત્મામાં પ્રતિષ્ઠા સંભવી શકતી નથી. પણ તેમના ભાવની થઈ શકે છે. મુખ્ય દેવતા તરીકેના અધિષ્ઠાન વિ. નો અભાવ હોવાથી પ્રતિમામાં આ પ્રતિષ્ઠા મુખ્ય રૂપે બનતી નથી.

**વિશેષાર્થ** :- બિમ્બમાં મુખ્ય વીતરાગ દેવતા સંબંધી પ્રતિષ્ઠા નથી કારણકે મુખ્ય દેવતા તરીકે તે બિમ્બમાં આશ્રય કરવો; "આ પ્રતિમા મારી છે." "મને લોકો પૂજે છે." ઈત્યાદિ માન અને મમત્વના સંસ્કાર રૂપ સન્નિધાન તે બધુ અવીતરાગી સંસારી દેવમાં ક્યારેક સંભવી શકે, પણ વીતરાગ દેવમાં આવું ક્યારેય સંભવી શકતું નથી. ॥ ૬ ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

अत्रैवाभ्युच्चयमाह ।

**इज्यादेर्न च तस्या उपकारः कश्चिदत्र मुख्य इति ।**

**तदतत्त्वकल्पनैषा बाल क्रीडासमा भवति ॥ ७ ॥**

इज्या पूजा तदादेरादिना सत्काराभरणस्नात्रादिग्रहः नच नैव तस्याः प्रस्तुतदेवताया उपकारः सुखानुभवसम्पादनलक्षणः कश्चिदत्र मुख्यो निरुपचरित इत्युपदर्शनीयः । तत्तस्मादतत्त्वकल्पनाऽपरमार्थकल्पनैषा मुक्तिस्थदेवतोपकारविषया बाल क्रीडासमा भवति । यथा बालो नानाविधैः क्रीडनोपायैः क्रीडासुखमनुभवति तथेज्यादिभिर्देवताविशेषोपि परितोषमिति बालक्रीडातुल्यत्वमुपकारपक्षे दोषः । ये त्वात्माशया (त्मश्रेयोऽ) र्थं पूजादि कुर्व्वते न तेषामयं दोष इतिभावः ॥ ७ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ બાબતમાં ગ્રંથકાર પોતાનો નિર્ણય/ચુકાદો બતાવે છે...**

**ગાથાર્થ** :- પૂજા વિ. થી મુક્તિમહલમાં બિરાજમાન દેવતાનો કાંઈ પણ ઉપકાર સંભવી શકતો નથી માટે આ અવાસ્તવિક કલ્પના બાલકની ક્રીડા સમાન છે.

**વિશેષાર્થ** :- પૂજા, ઘરેણાંથી શોભિત કરવા. સ્નાત્ર મહોત્સવ વિ. કરવો તેનાથી પ્રસ્તુત દેવતાને કાંઈ પણ (મુખ્ય) સુખનો અનુભવ કરાવવા રૂપ ઉપકાર સંભવતો નથી. તેથી 'મુક્તિસ્થ દેવતાનો ઉપકાર થાય છે.' આવી ખોટી કલ્પના બાલકની ક્રીડા સમાન ભ્રમણાની ગણતરીમાં ગણાય છે. જેમ બાલક વિવિધ જાતના રમવાના સાધનોથી સુખ અનુભવે છે; તેમ પૂજાદિથી પ્રસ્તુત દેવતા સંતુષ્ટ થાય છે. તે પણ ભ્રમણાં જ છે. આમ "મુક્તિસ્થદેવતાનો ઉપકાર થાય છે" આ પક્ષમાં બાલક્રીડા તુલ્યત્વ રૂપ દોષ આવે છે. પરંતુ જેઓ આત્મકલ્યાણ માટે પૂજાદિ કરે છે તેઓના ગળામાં આ દોષ સર્પ બની ડંખતો નથી., કારણ આત્મ કલ્યાણ માટે તો વાસ્તવિક છે. ॥ ૭ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

निजभावपक्ष एवोपपत्तिमाह ।

**भावरसेन्द्रात्तु महोदयाज्जीवताम्रस्वरूपस्य ।**

**कालेन भवति परमाऽप्रतिबद्धा सिद्धकाञ्चनता ॥ ८ ॥**

भावो रसेन्द्र इव तस्मात्तु तत इति मुख्यदेवतास्वरूपालम्बनान्महोदयात् पुण्यानुबन्धिपुण्यसम्पल्लाभेन जीवभावरूपस्य जीवात्मस्वभावताम्रस्य कालेन कियतापि भवति परमा प्रकर्षवर्त्तिनी अप्रतिबद्धानुपहता सिद्धकाञ्चनता सिद्धभावस्वर्णता ॥ ८ ॥

**પોતાના ભાવ જ યુક્ત છે તે જ દર્શાવે છે...**

**ગાથાર્થ** :- જિનેશ્વર સ્વરૂપનાં આલંબન રૂપી રસેન્દ્ર - પારા સમાન ઉત્તમ ભાવથી પુણ્યાનુબંધીપુણ્ય રૂપ મહોદયની પ્રાપ્તિ થાય છે. જેનાથી જીવના આત્મસ્વભાવરૂપ તાંબું કેટલાંક કાલે પરમ પ્રકર્ષવાળું કોઈથી ન હણાય એવું સિદ્ધસુવર્ણ જેવું બને છે. એટલે સિદ્ધ થઈ જાય છે. ॥ ૮ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अयं केवलभावव्यापारस्तत्र शास्त्रादिव्यापारमाह ।

**वचनानलक्रियातः कर्मेन्धनदाहतो यतश्चैषा ।**

**इतिकर्त्तव्यतयाऽतः सफलैषाप्यत्र भावविधौ ॥ ९ ॥**

वचनमागम एवानलोऽग्निस्तस्य क्रिया नियत विधिव्यापाररूपा, तस्याः सकाशात् कर्मेन्धनदाहतो यतश्चैषा सिद्धिकाञ्चनता भवति नतु केवलभावरसेन्द्रादेवातोऽस्माद्धेतोरेषा बिम्बगता प्रतिष्ठाप्यत्र-प्रक्रमे भावविधौ भावसहकारितायां वचनक्रियारूपत्वेनेन्धनप्रक्षेपकल्पशुभव्यापाररूपयेति कर्त्त-व्यतया सहिता सफला ॥ ९ ॥

**આ તો માત્ર ભાવ વ્યાપાર થયો. હવે તો (સિદ્ધસુવર્ણભાવ અંગે) શાસ્ત્રાદિ વ્યાપાર દર્શાવે છે....**

**ગાથાર્થ** :- આગમરૂપ અગ્નિની ક્રિયાથી કર્મરૂપી ઈંધન બળતું હોવાથી આ સિદ્ધ સુવર્ણ રૂપતા (આત્માનું મૂળ સ્વરુપ) પ્રગટે છે, પણ માત્ર ભાવ રસેન્દ્રથી નહિં, માટે બિમ્બને વિષે થતી પ્રતિષ્ઠા પણ ભાવવિધિમાં ભાવના સહકારિપણામાં વચનક્રિયારૂપ - વચનાનુષ્ઠાનરૂપ હોવાથી બળતણ નાંખવનું કામ કરે છે. એમ શુભ વ્યાપાર રૂપ હોવાથી સફળ છે. ॥ ૯ ॥

JAINSITE.com
जैनम् जयति शासनम्

इयं प्रतिष्ठा कथं ज्ञेयेत्याह ।

**एषा च लोकसिद्धा शिष्टजनापेक्षयाऽखिलैवेति ।**

**प्रायो नानात्वं पुनरिह मन्त्रगतं बुधाः प्राहुः ॥ १० ॥**

एषा च प्रतिष्ठाऽखिलैव लोकलोकोत्तरगता सर्वैव 'शिष्टजनापेक्षया' विशिष्टभव्यापेक्षया लोकसिद्धा पुरुषपारम्पर्यप्रतीता प्रायो बाहुल्येन, नानात्वं विशेषः पुनरिह लोकोत्तरप्रतिष्ठायां 'मन्त्रगतं' मन्त्रविषयं बुधाः प्राहुः ॥ १० ॥

**આ પ્રતિષ્ઠા કેવી રીતે જાણવી તે દર્શાવે છે....**

**ગાથાર્થ** :- આ સઘળી લૌકિક, લોકોત્તર પ્રતિષ્ઠા શિષ્ટજન - વિશિષ્ટ ભવ્યજીવોની અપેક્ષાએ પ્રાયઃકરીને પુરુષ પરમ્પરાથી પ્રસિદ્ધ છે. તેમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી લોકોત્તર પ્રતિષ્ઠામાં મંત્રની બાબતમાં બુદ્ધિશાળી પુરુષો ભિન્નતા બતાવે છે. ॥ ૧૦ ॥

नानात्वमेवाह ।

**आवाहनादि सर्व्वं वायुकुमारादिगोचरं चात्र ।**

**सम्मार्जनादिसिद्ध्यै कर्त्तव्यं मन्त्रपूर्वं तु ॥ ११ ॥**

आवाहनपूजनस्वकर्मनियोगादि , 'वायुकुमारादिगोचरं च' वायुमेघकुमारादि-विषयं चात्र प्रतिष्ठायां सम्मार्जनादीनां क्षेत्रसंशोधनाभिवर्षणादीनां सिद्ध्यै निष्पत्तये कर्त्तव्यं 'मन्त्रपूर्वं तु कुलक्रमायातमन्त्रपुरस्सरमेव ॥ ११ ॥

**વિવિધ પણું જણાવે છે...**

**ગાથાર્થ** :- આ પ્રતિષ્ઠામાં કુળક્રમથી આવેલા મંત્ર પૂર્વક સંમાર્જન (ભૂમિ શુદ્ધતા) વિ. ની શુદ્ધિ માટે વાયુકુમાર વગેરેનું આવાહન પૂજન વગેરે કરવું જોઈએ. ॥ ૧૧ ॥

जैन साईट JAINSITE .com

**न्याससमये तु सम्यक्सिद्धानुस्मरणपूर्वकमसङ्गम् ।**

**सिद्धौ तत्स्थापनमिव कर्त्तव्यं स्थापनं मनसा ॥ १२ ॥**

न्याससमये तु मन्त्रन्यासकाले तु सम्यगवैपरीत्येन सिद्धानुस्मरणपूर्वकं मुक्तात्मस्मरणपूर्वं असङ्गं शारीरमानससङ्गरहितं मुक्तौ परमपदे तस्य केवलज्ञानादिचिच्छक्तिसमन्वितस्य स्थापनमिव कर्त्तव्यं स्थापनं प्रतिमाया मनसा प्रतिष्ठाविधिशुद्धेनान्तःकरणेन भावोन्नयनव्यापारोऽयमेवेति कृत्वा ॥ १२ ॥

**તે પ્રતિષ્ઠા કેવી રીતે કરવી જોઈએ તે કહે છે....**

**ગાથાર્થ** :- મંત્રન્યાસ સમયે સારી રીતે સિદ્ધભગવંતના સ્મરણ પૂર્વક શરીર અને મન સંબંધી સંગ રહિત બની પરમપદમાં કેવલજ્ઞાનાદિ ચિત્શક્તિવાળાની સ્થાપના કરાય તે જ રીતે પ્રતિમામાં કેવલજ્ઞાનાદિ ચિત્શક્તિવાળાની શુદ્ધમનથી સ્થાપના કરવી ॥ ૧૨ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सेयं प्रतिष्ठा किमुच्यत इत्याह ।

**बीजन्यासः सोऽयं मुक्तौ भावविनिवेशतः परमः ।**

**सकलावञ्चकयोगप्राप्तिफलोऽभ्युदयसचिवश्च ॥ १३ ॥**

सोऽयं बीजस्य पुण्यानुबन्धिपुण्यस्य सम्यक्त्वस्य वा न्यासो निक्षेपः येयं प्रतिष्ठनाम कुत बीजन्यासः इत्याह मुक्तौ - सिद्धौ भावविनिवेशतः कल्याणसम्पन्नैर्दर्शनादपि पावनैः । तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते ॥ १ ॥ तेषामेव प्रणामादिक्रियानियम इत्यलं । क्रियाऽवञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ॥ २ ॥ फलावञ्चकयोगस्तु सद्भ्य एव नियोगतः । सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मतेति ॥ ३ ॥ योगदृष्टिसमुच्चये (२१९/२२०/२२१) ॥ १३ ॥

આ પ્રતિષ્ઠા શું કહેવાય છે ? **માટે તેનું સમાધાન કરે છે....**

**ગાથાર્થ** :- આ શુભભાવાત્મક પ્રતિષ્ઠા તે પુણ્યાનુબંધીપુણ્ય કે સમકિત રૂપ બીજનો ન્યાસ છે. કારણ કે મુક્તિમાં ચિત્ત પ્રતિબદ્ધ થવાથી આ બીજન્યાસ પ્રધાન સર્વ અવઞ્ચક યોગની પ્રાપ્તિના ફળવાળો અને અભ્યુદયનો સહાય કરનારો છે...

**વિશેષાર્થ** :- પુણ્યાનુબંધી પુણ્યની કે સમકિતની આત્મામાં વાવણી તે બીજન્યાસ. આ નિક્ષેપ ભાવપ્રતિષ્ઠા કેવા પ્રકારનો છે તે કહે છે. પ્રધાન તથા સઘળાય અવંચક યોગની પ્રાપ્તિ કરાવી આપનાર અને આપણા અભ્યુદય = ઉત્તરોત્તર આત્માની ઉન્નતિ સદ્ગતિમાં સહાયકારી છે. ત્યાં અવંચક યોગનું સ્વરૂપ દર્શાવે છે. દર્શન માત્રથી બીજા ને પાવન કરનાર એવા કલ્યાણસંપન્ન પવિત્ર મુનિઓનાં દર્શન કરી હું પણ પાવન થાઉં, આવી ભાવનાથી મહામુનિઓનો સંપર્ક સાધવો તે **સદ્યોગાવંચક.** તે મહાત્માઓને વિશેષભાવથી વંદનાદિ નિયમસર કરવા તે **ક્રિયાવઞ્ચક** યોગ છે, તેની પ્રાપ્તિ મહાપાપનો - નીચગોત્રનો નાશ કરનારી થાય છે ! સાધુ ભગવંત પાસેથી ઉપદેશ તથા નિર્દેશથી નિયમા ઉત્તરોત્તર ફળની પ્રાપ્તિ - (એટલે અધિક અધિક અનુષ્ઠાન કરવાનો અવસર પ્રાપ્ત થાય) ફરી ફરી વંદનાદિ સાધનામાં હોશ (ઉત્સાહ) જાગવી. ધર્મ સિદ્ધિમાં આવી ફળ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિ સંતોને માન્ય છે. આ ફળાવઞ્ચક યોગ છે. એમ **યોગદૃષ્ટિસમુચ્ચયમાં** જણાવ્યું છે. ॥ ૧૩ ॥

अयं च बीजन्यास उपायेन संवर्द्धनीय इत्याह ।

**लवमात्रमयं नियमादुचितोचितभाववृद्धिकरणेन ।**
**क्षान्त्यादियुतैर्मैत्र्यादिसङ्गतैर्बृंहणीय इति ॥ १४ ॥**

लवमात्रं अपिर्गम्यः स्तोकमात्रमपि यथा स्यात्तथा किं पुनरधिकमात्रमित्यर्थः। अयं प्रतिष्ठाग्रतो भावो नियमान्निश्चयेनोचितोचिता चासौ देशकालाद्यनुरूपा भाववृद्धिश्च तत्सम्पादनेन 'क्षान्त्यादियुतैः क्षमामार्द्दवार्ज्जवसन्तोषसमन्वितैर्मैत्र्यादिसङ्गतैर्मैत्रीकरुणामुदितोपेक्षासहितैर्बृंहणीयो वर्द्धनीय इत्युक्तन्यायेन ॥ १४ ॥

**આ બીજન્યાસ ઉપાયથી વધારવો જોઈએ માટે કહે છે....**

**ગાથાર્થ** :- થોડો માત્ર પણ પ્રતિષ્ઠા સમય સંબંધીભાવ-બીજન્યાસ નિયમા સમુચિત દેશકાલાદિ ભાવને અનુરૂપ ભાવ વૃદ્ધિ કરવા દ્વારા., ક્ષમાદિ ધર્મથી યુક્ત બની, મૈત્ર્યાદિ ભાવનો સથવારો લઈ વધારવો જોઈએ. ॥ ૧૪ ॥

**વિશેષાર્થઃ**- પ્રતિષ્ઠા કાલે જે ભાવોલ્લાસ જાગ્યો હોય તેનો વધારો કરવાનો ઉપાય આ ગાથા દ્વારા ગ્રંથકારે દર્શાવેલ છે. ॥ ૧૪ ॥

अयमेव विशिष्य स्तूयते ।

**निरपायः सिद्धार्थः स्वात्मस्थो मन्त्रराडसङ्गश्च ।**
**आनन्दो ब्रह्मरसश्चिन्त्यस्तत्त्वज्ञमुष्टिरियम् ॥ १५ ॥**

अपायेभ्यो निर्गतो निरपायः, सिद्धा अर्था अस्मिन्निति सिद्धार्थः, स्वात्मनि तिष्ठतीति स्वात्मस्थः स्वाभाविकगुणरूपत्वेनाल्पस्यापि बलीयस्त्वादौपाधिकप्रबलकर्मनाशक इति भावः । मन्त्रराट्-मन्त्रराज परममननत्राणगुणवत्त्वादसङ्गश्च सङ्गरहितश्चानन्दस्तद्धेतुत्वात् 'ब्रह्म'- सत्यतपोज्ञानरूपं तस्य रस आस्वादश्चिन्त्यश्चिन्तनीयस्तत्त्वज्ञानां मुष्टिरल्पेन बहुहितसङ्ग्रहोऽयं प्रतिष्ठागतो भावः ॥ १५ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આની જ વિશેષ કરીને સ્તુતિ કરે છે....**

**ગાથાર્થ** :- આ પ્રતિષ્ઠા સંબંધી ભાવ વિઘ્ન વગરનો પોતાના આત્મામાં રહેલ, મંત્રરાજ, સંગરહિત, આનંદ સ્વરૂપ, બ્રહ્મનો આસ્વાદ રૂપ સદા ચિન્તનીય તથા તત્વજ્ઞપુરુષોની મુષ્ટિ છે.

**વિશેષાર્થ** :- નિરપાય એટલે વિઘ્ન આવતા નથી; તેમજ આવા ભાવ જાગી જતા આત્મોન્નતિમાં વિઘ્ન આવે તો ઝઝૂમી ને દૂર હડસેલવાની શક્તિ પ્રાપ્ત થાય છે; માટે નિરપાય કહેવાય. પ્રતિષ્ઠા સંબંધી ભાવમાં સઘળાએ પ્રયોજન સિદ્ધ થઈ જાય છે. આ ભાવ પણ આત્મામાં રહેલો હોય છે. એટલે આત્મસ્વરૂપ ચૈતન્યશક્તિ રૂપ છે. માટેજ તો થોડો પણ આ ભાવ બલવાન હોવાથી ઔપાધિક પ્રબલ કર્મનો નાશ કરે છે. પ્રધાન મનન અને રક્ષણ ગુણવાળો હોવાથી મંત્રરાજ છે. આનંદનો હેતુ હોવાથી આનંદ રૂપ કહેવાય છે. આવા ભાવની પ્રાપ્તિ થવાથી આત્મા સત્ય તથા જ્ઞાન રૂપ બ્રહ્મનો આસ્વાદ માણે છે માટે બ્રહ્મરસરૂપ, વારંવાર ચિંતન કરવા યોગ્ય હોવાથી ચિન્ત્ય, આવા થોડા ભાવથી પણ ઘણું હિત થતું હોવાથી તત્ત્વજ્ઞાનીની મુષ્ટિ રૂપ કહેવાય છે. ॥ ૧૫ ॥

एवं प्रतिष्ठाविधिं परिसमाप्य तच्छेषमाह ।

अष्टौ दिवसान् यावत् पूजाऽविच्छेदतोऽस्य कर्त्तव्या ।
दानं च यथाविभवं दातव्यं सर्वसत्त्वेभ्यः ॥ १६ ॥ ८ ॥

अष्टौ दिवसान् यावदविच्छेदेन नैरन्तर्येण पूजा पुष्पबलिविधानादिभिरस्य बिम्बस्य कर्त्तव्या, दानं च यथाविभवं विभवानुसारेण दातव्यं सर्वसत्त्वेभ्यः शासनोन्नतिनिमित्तम् ॥ १६ ॥

**એ પ્રમાણે પ્રતિષ્ઠા વિધિ સંપૂર્ણ કરી તેમાં બાકી હોય તે કહે છે...**

**ગાથાર્થ** :- આઠ દિવસ નિરન્તર પ્રતિમાની પૂજા કરવી જોઈએ અને વૈભવના અનુસારે શાસન પ્રભાવના નિમિત્તે સર્વ જીવોને દાન આપવું જોઈએ ॥ ૧૬ ॥

**વિશેષાર્થ** :- (એટલે અષ્ટાહ્નિકા વિ. મહોત્સવ કરવો.)

***॥ ઈતિ અષ્ટમં ષોડશકમ્ ॥***



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# नवमं पूजास्वरूप षोडशकम्

पूजाविच्छेदतोऽस्य कर्त्तव्येत्युक्तं । सैव स्वरूपतोऽभिधीयते ।

**स्नानविलेपनसुगन्धिपुष्पधूपादिभिः शुभैः कान्तम् ।**
**विभवानुसारतो यत्काले नियतं विधानेन ॥ १ ॥**
**अनुपकृतपरहितरतः शिवदस्त्रिदशेशपूजितो भगवान् ।**
**पूज्यो हितकामानामितिभक्त्या पूजनं पूजा ॥ २ ॥**

स्नानं गन्धद्रव्यसंयोजितं स्नात्रं, विलेपनं चन्दनकुङ्कुमादिभिः, सुष्ठु सुगन्धिपुष्पाणि जात्यादीनि, सुगन्धिधूपः काकतुण्डादेस्तदादिभिरपरैरपि शुभैर्गन्धद्रव्यविशेषैः कान्तं मनोहारि विभवानुसारतः सम्पदनुसारेण यत्पूजनमित्यग्रे सम्बन्धः काले त्रिसन्ध्यं स्ववृत्त्यविरुद्धे वा काले, नियतं सदा, विधानेन शास्त्रोक्तेन ॥ १ ॥ न विद्यते उपकृतमुपकारो येभ्यस्ते च ते परे च तेभ्यो हितं तस्मिन् रतः; अनुपकृतउपकारफलाभागी सन् परहितरत इति वा, निष्कारणवत्सल इत्यर्थः । शिवदो मोक्षार्पकः त्रिदशेशैरिन्द्रैः पूजितो भगवान् समग्रैश्वर्यादिसम्पन्नः; पूज्यः पूजनीयो, हितकामानां हितार्थिनां प्राणिनामित्येवंविधकुशलपरिणामरूपया भक्त्या यत्पूजनं सा पूजोच्यते ॥ २ ॥

**દિવસનું આંતરું પાડ્યા વગર પ્રભુ પ્રતિમા પૂજવાની વાત કરી હવે તે પૂજાનું સ્વરૂપ કહે છે...**

**ગાથાર્થ :**"- ઉપકાર નહિં કરનાર એવા બીજા પ્રાણીઓનું પણ હિત કરવામાં તત્પર, મોક્ષ સુખને આપનારા, ઈન્દ્રોથી પૂજાયેલા ઐશ્વર્યાદિથી સંપન્ન પ્રભુ પૂજનીય છે. આવી ભક્તિથી (આવા કુશળભાવથી) હિતની કામનાવાળા પ્રાણીઓ સુંદર રીતે પ્રક્ષાલ; ચંદનાદિથી વિલેપન; સારા સુગંધી પુષ્પ, ધૂપ વિ. થી વૈભવને અનુસારે મનને હરનારી સમયસર નિયત વિધિ પ્રમાણે પૂજા કરે છે; તેને પૂજા કહેવાય છે. ॥ ૧ ॥ ૨ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષાર્થ** :- યત્કાલે ત્રણે સંધ્યાએ જે જે પૂજાનું વિધાન છે; તે પૂજા કરવી અથવા તો પોતાની આજીવીકાને વાંધો ન આવે તેમ સમય મળે ત્યારે પૂજા કરવી. ॥ ૧ / ૨ ॥

तामेवभेदेनाह ।

**पञ्चोपचारयुक्ता काचिच्चाष्टोपचारयुक्ता स्यात् ।**

**ऋद्धिविशेषादन्या प्रोक्ता सर्वोपचारेति ॥ ३ ॥**

एका पञ्चोपचारयुक्ता पञ्चभिर्जानुद्वयकरद्वयोत्तमाङ्गलक्षणैरुपचारैर्युक्तेति-कृत्वा, पञ्चभिरुपचारैरभिगमैर्युक्तेति वा कृत्वा । काचिदष्टोपचारयुक्ताऽष्ट-भिरङ्गैः शीर्षोरउदरपृष्ठबाहुद्वयलक्षणैरुपचारोऽस्यामिति हेतोः । अन्या ऋद्धिविशेषाद्दशार्णभद्रादिन्यायेन सर्वोपचारा सर्वैः प्रकारैरन्तः पुरहस्त्यश्व-रथादिभिः "सव्वबलेणं सव्वसमुदएणं सव्वविभूइए सव्वविभूसाए सव्वा-यरेणे" त्याद्यागम विनयोऽस्यामिति कृत्वा ॥ ३ ॥

**તે પૂજાના પ્રકાર બતાવે છે...**

**ગાથાર્થ** :- પંચાંગ પ્રણિપાત કે પાંચ અભિગમયુક્ત તે પંચોપચાર યુક્તા; પૂજાનાં આઠ અંગ વડે જે પૂજામાં ઉપચાર-વિનય કરાય તે અષ્ટોપચાર યુક્તા પૂજા, ઋદ્ધિ વિશેષથી સર્વ સામગ્રી દ્વારા ઉપચાર - વિનય કરવો તે સર્વોપચારા પૂજા કહેવાય ॥ ૩ ॥

**વિશેષાર્થ** :- બે જાનુ બે હાથ અને મસ્તક એ પાંચ અંગને ભૂમિએ સ્પર્શ કરાવવા તે પંચાંગ પ્રણિપાત તે પંચોપચાર પૂજા; મસ્તક છાતી પેટ પીઠ બે હાથ બે જાનુ એ આઠ અંગને ભૂમિએ સ્પર્શ કરાવવા તે અષ્ટાંગ પ્રણિપાત અને અષ્ટોપચાર યુક્તા કહેવાય છે.

દશાર્ણભદ્રાદિની જેમ વિશેષ ઋદ્ધિથી અંતઃપુર-રાણીઓ, હાથી ઘોડા - પાલખી સર્વ સૈન્ય સર્વ સમુદાય સર્વ વિભૂતિ સર્વ આદર સાથે જે પૂજા કરાય તે સર્વોપચારા પૂજા કહેવાય. ॥ ૩ ॥

इयं च यथा येन कार्या तथाह ।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

न्यायार्ज्जितेन परिशोधितेन वित्तेन निरवशेषेयम् ।
कर्त्तव्या बुद्धिमता प्रयुक्तसत्सिद्धियोगेन ॥ ४ ॥

न्यायेनार्ज्जितेन ततः परिशोधितेन भावविशेषाद्वित्तेन धनेन निरवशेषा सकलेयं पूजा कर्त्तव्या बुद्धिमता, प्रयुक्तः सत्सिद्धियोगः सत्साधनव्यापारो येन स तथा तेन ॥ ४ ॥

**આ પૂજા જે ધનથી જે રીતે કરવાની હોય છે. (તે ધન કેવું હોવું જોઈએ તે દર્શાવે છે....)**

**ગાથાર્થ :-** નીતિથી મેળવેલ ભાવ દ્વારા પરિશુદ્ધ કરેલ ધનથી સત્સાધનવ્યાપારવાળા બુદ્ધિશાળી પુરુષોએ પૂરે પૂરી પૂજા કરવી જોઈએ.

**વિશેષાર્થ :-** અડધી સામગ્રી નીતિવાળા ધનથી લાવે અને અડધી બે નંબરના ધનથી લાવે એવું ન કરે એટલે પૂજાને લગતી બધી સામગ્રી શુદ્ધ ધનથી લાવે. આ ધનમાં કોઈનો ભાગ ભૂલમાં આવી ગયો હોય તો તેનું ફળ તે વ્યક્તિને મળો, આ ભાવથી ધનને શુદ્ધ કરવાનું હોય છે. પૂજા કરતી વખતે ઉપકરણ અને વ્યાપાર - પ્રવૃત્તિ પ્રશસ્ત હોવી જોઈએ એટલે નિંદ્ય સાધનોથી પૂજા ન કરાય ॥ ૪ ॥

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

शुचिनात्मसंयमपरं सितशुभवस्त्रेण वचनसारेण ।
आशंसारहितेन च तथा तथा भाववृद्ध्योच्चैः ॥ ५ ॥

शुचिना हस्तपादमुखप्रक्षालनशिरःस्नानरूपदेशसर्वभेदभिन्नद्रव्यस्नानेन शुद्धाध्यवसायरूपभावस्नानेन च पवित्रेणात्मनः शरीरस्य संयमः संवृताङ्गोपाङ्गेन्द्रियत्वं तत्परं तत्प्रधानं यथा भवत्येवं पूजा कर्त्तव्या, सितमुज्ज्वलं शुभं शोभनं च वस्त्रं यस्य स तथा तेन, शुभमिह सितादन्यादपि पट्टयुग्मादि रक्तपीतादिवर्णं गृह्यते, वचनसारेणागमप्रधानेनाशंसयेहपरलोकफलवाञ्छया रहितेन च, तथा-तेन पुष्पवस्त्रादिविरचनाप्रकारेण भाववृद्ध्योच्चैरतिशयेन ॥ ५ ॥

**ગાથાર્થ :-** દ્રવ્યથી દેશ અને સર્વ સ્નાનથી પવિત્ર અને ભાવથી વિશુદ્ધ અધ્યવસાયથી પવિત્ર, શરીરના અંગોપાંગ ઈન્દ્રય વિ. ને કાબુ રાખવામાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્પર બની; શ્વેત શુભ વસ્ત્રવાળા આશંસા વગરના પુરુષે આગમને આગળ રાખી પુષ્પ વસ્ત્ર વિ. થી આંગી રચવા વિ. દ્વારા અતિશય ભાવની વૃદ્ધિ થાય તેવી રીતે ભાવની વૃદ્ધિ પૂર્વક પૂજા કરવી જોઈએ.

**વિશેષાર્થ** :- રક્તપીતાદિવર્ણવાળા રેશમી વિ. વસ્ત્રો પણ પહેરી શકાય છે. આલોક ને પરલોક સંબંધી કોઈ પણ જાતની આશંસા રાખ્યા વગર પુષ્પ વસ્ત્ર અલંકાર વિ. થી સુંદર આંગી વિ. રચના દ્વારા જેમ ભાવની વૃદ્ધિ થાય તે રીતે સુંદર પૂજા કરવી. અહિં વચનસારેણ એટલે શાસ્ત્રને બાધ ન આવે તેમ; માટે આંગી રચતા મુખાકૃતિ વિ. અંગ ઢંકાઈ જાય કે મોહ પમાડે તેવી અયોગ્ય રચના ન કરવી જોઈએ. તેમજ નિષેધ્ય સામગ્રીથી = નીચે પડેલા ફૂલ વિ. થી, જેનાથી પ્રતિમાને નુકશાન પહોંચે તેવી સામગ્રીથી પૂજા ન કરવી ॥ ૫ ॥

इयमधिकृता पूजा पुष्पामिषस्तोत्रादिभेदेन बहुविधा तत्र पुष्पादिपूजामभिधाय स्तोत्रपूजां कारिकाद्वयेनाह ।

**पिण्डक्रियागुणगतैर्गम्भीरैर्विविधवर्णसंयुक्तैः ।**
**आशयविशुद्धिजनकैः संवेगपरायणैः पुण्यैः ॥ ६ ॥**
**पापनिवेदनगर्भैः प्रणिधानपुरस्सरैर्विचित्रार्थैः ।**
**अस्खलितादिगुणयुतैः स्तोत्रैश्च महामतिग्रथितैः ॥ ७ ॥**

पिण्डः शरीरमष्टोत्तरलक्षणसहस्रलक्षितं, क्रिया सर्व्वातिशायिदुर्वारपरीषहजयाद्याचाररूपा, गुणा जीवस्वभावाविनाभूताः सामान्येन ज्ञानादयो, विशेषेण केवलज्ञानादयस्तद्गतैस्तद्विषयैः गम्भीरैः सूक्ष्ममतिगम्यार्थैर्विविधाश्छन्दोऽलङ्कारभङ्ग्या विचित्रा ये वर्णास्तैः संयुक्तैराशयविशुद्धेर्नवमरसाभिव्यञ्जनया चित्तशुद्धेर्जनकैः, संवेगो भवभयं मोक्षाभिलाषो वा परमयनं गमनं येषु तानि तथा तैः पुण्यहेतुत्वात् पुण्यैः ॥ ६ ॥

**આ અધિકૃત પૂજા પુષ્પ સ્તોત્ર વિ. ભેદથી ઘણાં પ્રકારની છે ત્યાં પુષ્પાદિ પૂજા કહીને બે ગાથાથી સ્તોત્ર પૂજા દર્શાવે છે....**

**ગાથાર્થ** :- શરીરના લક્ષણ, શ્રેષ્ઠ આચાર પાલન જ્ઞાનાદિ ગુણના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષયવાળા, ગંભીર, વિવિધ વર્ણથી જોડાયેલા, આશય વિશુદ્ધિને જગાડનાર, સંવેગ રસમય, પુણ્યના હેતુભૂત, પોતાના પાપનું નિવેદન કરનારા, પ્રણિધાનની પ્રધાનતાવાળા, અનેક અર્થવાલા અસ્ખલિત વિ. ગુણવાળા ઉત્તમબુદ્ધિવાળાઓએ રચેલા સ્તોત્રથી પૂજા કરવી જોઈએ.

**વિશેષાર્થ :- પિણ્ડ** - શરીરના ૧૦૦૮ લક્ષણોને દર્શાવનાર. **ક્રિયા** - સર્વ અતિશયવાળા, દુર્વાર પરિષહને જીતવા વિ. સુંદર આચારોની પ્રરુપણા કરનારા, **ગુણ** - આત્મસ્વભાવના અવિનાભૂત જ્ઞાનાદિ ગુણોનું વર્ણન કરનારા **ગંભીર** - સૂક્ષ્મમતિથી જાણી શકાય તેવા અર્થવાળા, વિવિધવર્ણ સંયુક્ત અનેક જાતનાં છંદ અલંકાર ભંગીથી વિચિત્ર જે વર્ણો તેનાથી યુક્ત, શાંતરસની અભિવ્યક્તિ દ્વારા આશયની શુદ્ધિ કરનારા, **સંવેગ** - સંસારના ભયને કે મોક્ષની જોરદાર ઈચ્છાને દર્શાવનારા. **પુણ્ય** - જેના નિમિત્તે ઉંચા સ્થાને જવાય તેવા. **પાપનિવેદન ગર્ભ** - રાગાદિથી કરેલા પાપોનું નિવેદન કરનાર **પ્રણિધાન પુરસ્સર** - એકાગ્રતાની પ્રધાનતાવાળા. पापानां रागद्वेषमोहकृतानां, स्वयंकृतत्वेन निवेदनं गर्भोऽन्तर्गतभावो येषां तानि तथा तैः प्रणिधानमैकाग्र्यं तत्पुरस्सरैरुपयोगप्रधानैरितियावद्विचित्रार्थै-र्बहुविधार्थयुक्तैरस्खलितादयो गुणाः अस्खलितामिलिताव्यत्याम्रेडितादिल-क्षणास्तैर्युतैरभिव्याहारकाले स्तोत्रैश्च महामतिभिर्विशिष्टबुद्धिभिर्ग्रथितैरियं पूजा कर्त्तव्येति पश्चात्सम्बन्धनीयम् ॥ ७ ॥

**વિચિત્રાર્થ** - અનેક પ્રકારના અર્થવાળા અને બોલતી વખંતે **અસ્ખલિતાદિ** ગુણ યુક્ત સ્ખલના વગરના .... **અમિલિત** - વિસદૃશ પદોથી અનેક જાતના ધાન્યને મેળવનારની જેમ જે મળેલું નહિ, તે અમિલિત, અથવા વિપર્યસ્ત પદ વાક્ય જેમાં મેળવેલા ન હોય પણ યથાસ્થિત જ મેળવેલા હોય અથવા પદ વાક્યનો વિચ્છેદ જેમાં બરાબર છે. **અવ્યત્યામ્રેડિતં** - વિવિધ પ્રકારના અનેક શાસ્ત્રોના પદ વાક્ય રૂપ પલ્લવોને વિમિશ્ર કરી દીધેલો હોય તે વ્યત્યામ્રેડિત, અથવા જ્યાં ત્યાં થી જેમ તેમ પદોને કે વાક્યોને તોડી નાંખીને ગુંથી કાઢેલા હોય તે વ્યત્યામ્રેડિત આવું જે ન હોય તે અવ્યત્યામ્રેડિત આવા લક્ષણો યુક્ત તેમજ વિશિષ્ટ બુદ્ધિમાનોએ ગૂંથેલા સ્તોત્રો (સ્તવન) વડે સ્તોત્ર પૂજા કરવી જોઈએ ॥ ૬ ॥ ॥ ૭ ॥


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कथं पुनः स्तोत्रेभ्यः पूजा स्यादित्याह ॥

**शुभभावार्थं पूजा स्तोत्रेभ्यः स च परः शुभो भवति ।**

**सद्भूतगुणोत्कीर्त्तनसंवेगात्समरसापत्त्या ॥ ८ ॥**

शुभभावार्थं पूजा सर्वापि पुष्पादिभिरिष्यते, स च भावः स्तोत्रेभ्यः परः प्रकृष्टः शुभो भवति, सद्भूतानां - विद्यमानानां गुणानां ज्ञानादीनां यत्कीर्त्तनम्; तेन संवेगो मोक्षाभिलाषस्ततः समे भावे रसोऽभिलाषो यस्यां तादृश्यापत्त्या प्राप्त्या हेतभूतया परमात्मगुणोपयोगेन परमार्थतस्तदनन्यवृत्तिलक्षणया, ततश्च 'पुष्पादितः शुभतरपरिणामनिबन्धनत्वेन स्तोत्राणां विशिष्टपूजाहेतुत्वं सिद्धं भवति ॥ ८ ॥

**સ્તોત્રોથી પૂજા કેવી રીતે થાય ? તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** સઘળીએ પૂજા શુભભાવ માટે છે. અને સ્તોત્રોથી સદ્ભૂત ગુણો ગાવાથી સંવેગ પ્રગટે છે. અને તેનાથી સમરસની **(પરમાત્મભાવ)**ની પ્રાપ્તિ થતી હોવાથી પુષ્પાદિપૂજા કરતા સ્તોત્રથી ઉચ્ચકોટિના શુભભાવો પ્રગટે છે. માટે સ્તોત્ર પૂજાનો હેતુ છે એ સિદ્ધ થયું.

**વિશેષાર્થ :-** સમરસાપત્તિ - પરમાત્મના સ્વરૂપભૂત જે જ્ઞાનાદિગુણ તેનો ઉપયોગ - તન્મય બનવું. ॥ ૮ ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

अथान्यथा पूजाभेदत्रयमाह ।

**कायादियोगसारा त्रिविधा तच्छुद्ध्युपात्तवित्तेन ।**

**तदतिचाररहिता सा परमान्ये तु समयविदः ॥ ९ ॥**

कायादयो ये योगास्तत्सारा तत्प्रधाना त्रिविधा त्रिप्रकारा काययोगसारा वाग्योगसारा मनोयोगसारा च; तेषां कायादियोगानां शुद्धिः कायादिदोषपरिहारपूर्वेकाग्रप्रवृत्तिस्तयोपात्तं यद्वित्तं तेन कारणभूतेन या तदतिचारैः शुद्ध्यतिचारैः रहिता सा परमा प्रधाना पूजाऽन्ये तु समयविद आगमज्ञा इति वदन्तीति शेषः ॥ ९ ॥

**બીજી રીતે પૂજાના ત્રણ પ્રકાર બતાવે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- કાયાદિયોગની પ્રધાનતાવાળી તેઓની શુદ્ધિથી (કરાતી તેમજ) પ્રાપ્ત થયેલા ધનથી જે શુદ્ધિના અતિચારથી રહિત કરાય છે.તે ત્રણ પ્રકારની શ્રેષ્ઠ પૂજા અન્ય શાસ્ત્રજ્ઞપુરુષો કહે છે.

**વિશેષાર્થ** :- કાયયોગની પ્રધાનતાવાળી, વચનયોગની પ્રધાનતાવાળી મનયોગની પ્રધાનતાવાળી એમ ત્રણપ્રકારની પૂજા છે. આવી પૂજા જે કાયાદિ દોષને દૂર કરવા પૂર્વક એકાગ્ર ચિત્તે પ્રવૃત્તિ કરવા દ્વારા મેળવેલ ધનથી કરાય છે, અને જેનાથી શુદ્ધિમાં અતિચાર લાગે તેવા અતિચાર વિનાની પૂજાને અન્ય આગમજ્ઞાતાઓ પ્રધાન પૂજા કહે છે. ॥ ૯ ॥

तिसृणामप्येतासामन्वर्थनामभेदमाह ।

**विघ्नोपशमन्याद्या गीताभ्युदयप्रसाधनी चान्या ।**

**निर्व्वाणसाधनीति च फलदा तु यथार्थसञ्ज्ञाभिः ॥ १० ॥**

विघ्नानुपशमयतीति विघ्नोपशमन्याद्या काययोगसारा गीता कथिता;ऽभ्युदयं प्रसाधयतीत्यभ्युदयप्रसाधनी चान्याऽपरा वाग्योगप्रधाना, निर्व्वाणं साधयतीति च मनोयोगसारा; फलदातु फलदैवैकैका यथार्थसञ्ज्ञाभिरन्वर्थाभिधानैरेतासां समन्तभद्रा सर्वमङ्गला सर्व्वसिद्धिफलेत्येतान्यप्यन्वर्थनामानि गीयन्ते । तथेह प्रथमा प्रथमावञ्चकयोगात्सम्यग्दृष्टेर्भवति, द्वितीया तु द्वितीयावञ्चकयोगादुत्तरगुणधारिणस्तृतीयाकीच तृतीयावञ्चकयोगात्परमश्रावकस्यैव, प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्नस्य च धर्ममात्रफलैवेयं सदूयोगादिभावाद- नुबन्धसिद्धेश्चेत्ययं पूजाविंशिकायां विशेषः ॥ १० ॥

**આ ત્રણે પૂજાના સાર્થક નામ (દર્શાવે છે) નો ભેદ ખોલતા કહે છે...**

**ગાથાર્થ** :- કાયયોગના સારવાળી પ્રથમ પૂજા વિઘ્નને ઉપશાંત કરનારી છે. વચનયોગના સારવાળી બીજી પૂજા અભ્યુદયને સાધનારી છે. મનોયોગના સરવાવાળી ત્રીજી પૂજા નિર્વાણ સાધનારી છે. એ પ્રમાણે યથાર્થ સંજ્ઞા વડે ફળ આપનારી છે.

**વિશેષાર્થ** :- વિઘ્નોપશમની આદિ ત્રણ પૂજાના **સમન્તભદ્રા, સર્વ મંગલા, સર્વસિદ્ધિફળા** આ સાન્વર્થ નામો પણ કહેલા છે, તથા પ્રથમ અવચ્ચક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગથી સમકિતીને પહેલી પૂજા હોય છે. બીજા અવઞ્ચક યોગથી ઉત્તરગુણધારીને સામાયિક પૌષધ પ્રતિક્રમણાદિ ઉત્તરગુણને ધારણ કરનારને હોય છે. ત્રીજા અવઞ્ચક યોગથી ત્રીજી પૂજા પરમ શ્રાવકને હોય છે. પ્રથમ કરણ - યથાપ્રવૃત્તકરણથી ગ્રંથી નજીક રહેલાને અપુનર્બંધકને પણ જિનપૂજા હોઈ શકે છે. આ ધર્મ માત્ર ફળ આપનારી છે. કારણકે તેવા જીવને સદ્યોગાદિ પ્રાપ્તિ થાય છે. પણ જ્ઞાન અને પ્રણિધાનાદિ ન હોવાના કારણે અનુબંધ પડતો નથી, આનો વિસ્તાર **પૂજાવિંશિકાથી જાણવો.**

એટલે કે - યથા પ્રવૃત્તકરણથી ગ્રંથી નજીક આવેલ દૂરભવ્ય અને અભવ્ય અનંતીવાર સદ્યોગાદિ - જિન ધર્મ (દ્રવ્યથી) પામે છે. પણ અપૂર્વકરણ રૂપી તીક્ષ્ણ કુહાડીના અભાવે ગ્રંથીભેદ કરી શકતા નથી. તેથી જિનધર્મનો અનુબંધ પડતો નથી. ॥ ૧૦ ॥

तिसृष्वपि यद्भवति तदाह ॥

**प्रवरं पुष्पादि सदा चाद्यायां सेवते तु तद्दाता ।**
**आनयति चान्यतोऽपि हि नियमादेव द्वितीयायाम् ॥ ११ ॥**
**त्रैलोक्यसुन्दरं यन्मनसापादयति तत्तु चरमायाम् ।**
**अखिलगुणाधिकसद्योगसारसद्ब्रह्मयागपरः ॥ १२ ॥**

जैनम् जयति शासनम्

प्रवरं-प्रधानं पुष्पादि पुष्पगन्धमाल्यादि सदा च सर्वदैवाद्यायां प्रथमपूजायां 'सेवते तु' - सेवत एव स्वहस्तेन ददात्येवेत्यर्थः तद्दाता तत्पूजाकर्त्ता । आनयति च वचनेनान्यतोऽपि हि क्षेत्रान्तरात् प्रस्तुतं पुष्पादि नियमादेव निश्चयादेव द्वितीयायां पूजायाम् ॥ ११ । त्रैलोक्येत्यादि । त्रैलोक्ये त्रिषु लोकेषु, प्रधानं सुन्दरं यत्पारिजातकुसुमादि नन्दनवनगतं, तत्तु-तदेव मनसान्तःकरणेनापादयत्युपनयति चरमायां निर्व्वाणसाधन्यां तद्दातेत्यत्राप्य-भिसम्बन्ध्यतेऽयमेव विशिष्यतेऽखिलैर्गुणैरधिकं सद्योगानां सद्धर्मव्या-पाराणां सारं फलकल्पमजरामरत्वेन हेतुना यत् सद्ब्रह्म परमात्मस्वरूपं तस्य यागो यजनं पूजनं तत्परस्तदेकदत्तबुद्धिः; अखिलगुणाधिकस्य हि पूजाऽखिलगुणाधिकं पूजोपकरणं मनसि निधायातिशयितपरितोषाय बुद्धिमता विधेयेत्यर्थः ॥ १२ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ત્રણે પૂજામાં જે થાય તે બતાવે છે. ..**

**ગાથાર્થ** :- પ્રથમ પૂજામાં ઉચ્ચકોટિના પુષ્પ વિ. સદા પોતના હાથે જ પૂજા કરનાર મૂકે છે (પ્રતિમા ઉપર ચઢાવે છે)

બીજી પૂજામાં બીજા સ્થાનથી ફૂલ વિ. ચોક્કસ મંગાવે છે. સઘળા ગુણોથી અધિક સદ્યોગના સારભૂત જે પરમાત્મા સ્વરૂપ તેની પૂજા કરવામાં તત્પર પુરુષ ત્રીજી પૂજામાં ત્રણે લોકોમાં સુંદર કલ્પવૃક્ષાદિના પુષ્પ વિ. ને મનથી (કલ્પનાથી) આપાદાન કરે છે - (લાવીને પ્રભુને ચઢાવે છે.)

**વિશેષાર્થ** :- સદ્ધર્મના વ્યાપારનો સાર અજર અમર પદનો હેતુ હોવાથી પરમાત્મ સ્વરૂપની પૂજા કરવામાં દત્તચિત્તવાળા બની સર્વ-ગુણોથી અધિકની સર્વ ગુણોથી ચડિયાતા એવા પૂજોપરણ મનમાં લાવી અતિશય સંતોષ માટે બુદ્ધિશાળીએ પૂજા કરવી. ॥ ૧૧ ॥ ॥ ૧૨ ॥

अत्र पूजायां स्नानादिगतं पूर्वपक्षमुद्भावयति ।

**स्नानादौ कायवधो न चोपकारो जिनस्य कश्चिदपि ।**

**कृतकृत्यश्च भगवान् व्यर्था पूजेति' मुग्धमतिः ॥ १३ ॥**

स्नानादौ स्नानविलेपनसुगन्धिपुष्पादौ पूर्वोक्ते कायवधो जलवनस्पत्यादिवधः स्पष्ट एव भवति, स च प्रतिषिद्धः, न चोपकारः सुखानुभवरूपो जिनस्य वीतरागस्य मुक्तिव्यवस्थितस्य, ततः स्नानाद्यविनाभाविकायवधात् कश्चिदपि भवति । कृतकृत्यश्च निष्ठितार्थश्च स भगवान्न किञ्चित्तस्य करणीयमस्मदादिभिरस्ति, तस्माद्व्यर्था निष्प्रयोजना पूजेत्येवं मूढमतिरव्युत्पन्नबुद्धिः पर्यनुयुङ्क्ते ॥ १३ ॥

**આ પૂજા વિષે સ્નાનાદિ સંબંધી પૂર્વપક્ષ ખુલ્લો કરે છે.**

**ગાથાર્થ** :- સ્નાન વિલેપન સુગંધી પુષ્પ વિ. માં પાણી વનસ્પતિ વિ. ના જીવોનો વધ થાય છે. અને પ્રભુને કશો પણ ઉપકાર થતો નથી. તેમજ પ્રભુ કૃતકૃત્ય છે. માટે પૂજા નકામી છે. એવી મૂઢમતિવાળો કુશંકા કરે છે.

**વિશેષાર્થ** :- સ્નાનાદિમાં જીવ વધ (સ્પષ્ટ) ચોખ્ખો દેખાય જ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવવધનો શાસ્ત્રમાં નિષેધ છે. પૂજા કરવાથી પ્રભુને કશો પણ સુખનો અનુભવ થતો નથી. કારણ પોતે તો મોક્ષમાં બિરાજમાન છે. પરમાત્મા કૃતાર્થ છે માટે આપણે પ્રભુનું કશુ પણ કામ કરવાનું બાકી રહેલું નથી. આ સર્વકારણ વિચારતા પૂજા નકામી ભાસે છે. એવો એક પ્રશ્ન મૂઢમતિવાળાનો ઉભો થાય છે. ॥ ૧૩ ॥

एतद्दोषपरिहाराय कारिकाद्वयमाह ।

**कूपोदाहरणादिहकायवधोऽपि गुणवान् मतो गृहिणः ।**

**मन्त्रादेरिव च ततस्तदनुपकारेऽपि फलभावः ॥ १४ ॥**

**कृतकृत्यत्वादेव च तत्पूजा फलवती गुणोत्कर्षात् ।**

**तस्मादव्यर्थैषाऽरम्भवतोऽन्यत्र विमलधियः ॥ १५ ॥**

कूपोदाहरणात्समयप्रसिद्धादिह पूजाप्रस्तावे कायवधोऽपि जल वनस्पत्याद्युपघातोऽपि गुणवान् सगुणो मतोऽभिप्रेतो गृहिणो गृहस्थस्याल्पव्ययेन बह्वायभावात् । अनेन कायवधदोषः परिहृतः ।

जैन साईट JAINSITE .com

**આ દોષ દૂર કરવા માટે ગ્રંથકાર બે ગાથા વડે સમાધાન કરે છે...**

**ગાથાર્થ** :- કૂવાના દાખલાથી પૂજાના પ્રસંગમાં જીવવધ પણ ગૃહસ્થ માટે ગુણકારી માનેલો છે. મંત્રાદિનું સ્મરણ વિ. મંત્રાદિને અનુપકારી હોવા છતાં તેનાથી ફળ પ્રાપ્તિ થાય છે. તેમ પ્રભુપૂજામાં પણ સમજવું.

**ગાથાર્થ** :- ભગવાન કૃતકૃત્ય હોવાથી જ તેમની પૂજા ગુણનો વધારો કરતી હોવાથી સફળ થાય છે. (એટલે કે પૂજા ઉત્કૃષ્ટ ગુણવાળાનો વિષય બને છે. કૃતકૃત્ય ગુણ પણ ઉત્કૃષ્ટ ગુણ છે, તેથી તેવા ગુણવાળાની પૂજા સફળ જ બને) આનાથી આ છેલ્લો દોષ દૂર ભાગી જાય છે. માટે શરીર ઘરબાર વિગેરેના આરંભમાં પડેલા ગૃહસ્થને આ પૂજા પ્રયોજનવાળી જ છે, એમ નિર્મલબુદ્ધિ-પ્રતિભાવાળા કહે છે.

ततस्तस्या पूजायाः सकाशात्तदनुपकारेऽपि पूज्यानुपकारेऽपि मन्त्रादेरिव च मन्त्राग्निविद्यादेरिव च, फलोत्पादः यथा स्मर्यमाणमन्त्रसेव्यमानज्ज्वलनाभ्य-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

स्यमानविद्यादेरनुपकारेऽपि मन्त्रादीनां तत्स्वाभाव्याद्विषशीतापहार विद्या-सिद्ध्यादिरूपफलभावस्तथा जिनपूजनतो जिनानामनुपकारेऽपि पूजकस्य तत्स्वाभाव्याद्वि शिष्टपुण्यलाभरूपफलभावः एतेन न चोपकारो जिनस्येति-दोषः परिहृतः ॥१४॥

**વિશેષાર્થ** :- થોડા ખર્ચમાં ઘણી કમાણી થતી હોવાથી કૂવો ખોદતા મેલું થવાય પણ પાણી નીકળતા બધુ સાફ કરી શકાય; એવા કૂવાના દાખલાથી પૂજાના પ્રસ્તાવમાં વનસ્પતિ વિ. ની હિંસા પણ ગૃહસ્થ માટે ગુણકારી કહી છે. કારણકે સામાન્ય (સ્વરૂપ) હિંસા થતા તેના નિમિત્તે જાગતા આત્મ અધ્યવસાયથી આત્મા પર ચોટેલા ઘણાં કર્મો ખરી પડે છે. આ વાતથી "કાયવધ દોષકારી છે", તેનો નિરાસ થયો.

જેમ મંત્રનું સ્મરણ કરવાથી અગ્નિને સેવવાથી વિદ્યાનો અભ્યાસ કરવાથી મંત્રાદિને કશો ઉપકાર થતો નથી. પણ મન્ત્રાદિ પોતાના સ્વભાવથી જ વિષ ઠંડીને દૂર કરે છે અને વિદ્યા સિદ્ધિરૂપ ફળ આપે; તેમ જિનેશ્વરની પૂજાથી પ્રભુને કશો પણ ઉપકાર ન થવા છતાં પણ પૂજનારને તેના સ્વભાવથી વિશિષ્ટ પુણ્ય લાભ થાય છે. આનાથી બીજો દોષ દૂર કર્યો ॥ ૧૪ ॥

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

कृतकृत्यत्वादेव च सिद्धार्थत्वादेव च तत्पूजा देवपूजा फलवती सफला गुणोत्कर्षादुत्कृष्टगुणविषयत्वादनेन चरमदोषो निरस्तः ।

निगमयति-तस्मादव्यर्था सप्रयोजनैषा पूजाऽन्यत्रशरीरस्वजननिकेतनादा-वारम्भवत इति विमलधियो निर्मलबुद्धयो ब्रुवते ।

नन्वन्यत्रारम्भवतोऽत्राधिकार इति कोऽयं नियमो ? जिनपूजनस्य कूपो-दाहरणेन स्वजनितारम्भदोषविशोधनपूर्वकगुणान्तरासादकत्वेयतेरप्यधिकार-प्रसङ्गगात्, सावद्यत्वे चान्यत्रारम्भवतोऽप्यनधिकारप्रसङ्गात्, नहि कुटुम्बाद्यर्थं गृही सावद्ये प्रवर्त्तत इति धर्म्मार्थमपि तेन तत्र प्रवर्त्तितव्यं, यतो नैकं पापमाचरितमित्यन्यदप्याचरितव्यमिति ।

**વિશેષાર્થ** :- (પૂર્વપક્ષ) બીજા સ્થલે આરંભ કરનારોને જ પૂજાનો અધિકાર છે. એવો નિયમ શા માટે ? કારણકે જિનપૂજા તો કૂવાના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાહરણથી પૂજાના વિષે પેદા થયેલ આરંભ દોષને શુદ્ધ કરવા પૂર્વક અન્યગુણને અર્પણ કરનાર છે. તેથી મુનિને પણ પૂજાનો અધિકાર પ્રાપ્ત થવાનો સંભવ છે જ. અને પૂજા સાવદ્યરૂપ છે તે માટે યતિ તેમાં પ્રવૃત્તિ કરતા નથી, એમ જો કહેશો તો અન્યત્ર આરંભવાળો પણ અનધિકારી થવાનો પ્રસંગ આવશે. ગૃહસ્થ પરિવાર વિ. માટે સાવદ્યમાં પ્રવૃત્ત થતો હોય તો તેને ધર્મ માટે પાપ કરવું એવું તો છે નહિં; કારણકે જેને એક પાપ કર્યું હોય તેને બીજું પાપ કરવું જોઈએ એવું તો નથી.

**ઉપાધ્યાયજી સમાધાન કરે છે** - (ઉત્તર પક્ષ) અન્યત્ર આંરભવાળાનો અસદ્આરંભનો નાશ કરવા સારું સદ્આરંભ રૂપ જિનપૂજામાં અધિકાર છે. અનુબંધ અહિંસા રૂપ હોવાથી તે ગૃહસ્થને જિનાપૂજાથી અસદ્આરંભનો નાશ સંભવી શકે છે. યતિતો હંમેશને માટે સર્વ આરંભથી નિવૃત્ત હોવાથી ત્યાં - જિન પૂજા કરવામાં તેમને અધિકાર નથી. अत्रोच्यतेऽन्यत्रारम्भवतोऽसदारम्भस्य सतो नाशाय सदारम्भे जिनपूजादावधिकारित्त्वं, अनुबन्धाहिंसारूपात्ततस्तस्य तन्नाशसम्भवात्, यतेस्तु सदा सर्वारम्भनिवृत्तत्वान्न तत्राधिकारः 'प्रक्षालनाद्धीत्यादिन्यायात्तस्मादसदारम्भनिवृत्तिकामनावानिहाधिकारीति न कश्चिद्दोषः । कूपोदाहरणेनापि प्रवर्त्तमानस्य साधोस्तत्रावद्यमेव चित्ते स्फुरति उत्कृष्टगुणारूढत्वान्नतु गृहिणोऽतथात्वादिति कर्त्तृपरिणामवशादधिकारानधिकारौ, अत एव सामायिकस्थस्य गृहिणोऽपि तत्रानधिकारोऽन्यस्यापि पृथिव्याद्युपमर्दभीरोर्यतनावतः सावद्यसङ्क्षेपरुचेर्यतिक्रियानुरागिणो न धर्मार्थं सावद्यप्रवृत्तिर्युक्तेत्यप्याहुरिति कृतं विस्तरेण ॥ १५ ॥

"કાદવ લગાડીને સાફ કરવો તેના કરતા કાદવથી દૂર રહેવું બહેતર છે." આવો ન્યાય હોવાથી અસદ્આરંભથી નિવૃત્ત થવાની ઈચ્છાવાળો જ અધિકારી છે. એટલે આરંભરૂપી કાદવ લગાડી પૂજા દ્વારા તે કાદવ દૂર કરવો સાધુ માટે યોગ્ય નથી. કૂવાનો દાખલો લઈ સાધુપૂજામાં પ્રવૃત્ત થાય તો ત્યારે તેના ચિત્તમાં 'અરે આ પુષ્પ ચુંટવું તો પાપ છે' અરે આ તો સચિત્ત પાણી છે" ઈત્યાદિ પાપ જ સ્ફુરાયમાન થાય છે. કારણ પોતે ઉંચા ગુણ પર ચઢેલો છે. જ્યાં (સંયમમાં) પ્રાણી માત્રની હિંસાથી બચવાનું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. પ્રાણી વધના સર્વથા પચ્ચકખાણ કરેલા છે. જ્યારે ગૃહસ્થ તેવો નથી એમ કર્તાના પરિણામનાં આધારે અધિકાર અને અનધિકાર પ્રાપ્ત થાય છે. એટલા માટે જ તો સામાયિકમાં રહેલા ગૃહસ્થને પણ તેમાં અધિકાર નથી.

બીજા પણ જેઓ માટિ પુષ્પ વિ. ને પગથી કચડી નાંખવા વિ. માં ડરનાર હોય, જયણાવાળા હોય પાપપ્રવૃત્તિ દૂરકરવાની ઈચ્છાવાળા હોય, સાધુ ક્રિયાનો રસીયો હોય. તેવા ગૃહસ્થને પણ ધર્મ માટે સાવદ્ય પ્રવૃત્તિ યુક્ત નથી એમ પણ કેટલાક કહે છે. ॥ ૧૫ ॥

एवं सचोद्यपरिहारां पूजामभिधाय फलद्वारेण निगमयन्नाह ।

**इति जिनपूजां धन्यः शृण्वन् कुर्वंस्तदोचितां नियमात् ।**

**भवविरहकारणं खलु सदनुष्ठानं द्रुतं लभते ॥ १६ ॥**

इत्येवं जिनपूजां धन्यो धर्मधनः शृण्वन्नर्थतः कुर्वन् क्रियया, तदा तस्मिन्काले उचितां यो नियमान्निश्चयेन, भवविरहकारणं सदनुष्ठानं शोभनानुष्ठानं द्रुतं खलु शीघ्रमेव लभते ॥ १६ ॥

JAINSITE .com जैनम् जयति शासनम्

**એમ શંકા સમાધાન પૂર્વક પૂજા બતાવીને તેનું શું ફળ છે તે બતાવવા દ્વારા નિગમન કરતા ગ્રંથકાર કહે છે....**

**ગાથાર્થ** :- તો તે કાલને ઉચિત આવી જિનપૂજાને ધર્મધનવાળો અર્થથી સાંભળતો અને ક્રિયાથી કરતો ચોક્કસ ભવવિરહના કારણભૂત સદ્ અનુષ્ઠાનને જલ્દી મેળવે છે... ॥ ૧૬ ॥

**॥ ઈતિ નવમં ષોડશકમ્ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# दशमं पूजाफल षोडशकम्

सदनुष्ठनं लभत इत्युक्तं तत्स्वरूपमेवाह ।

**सदनुष्ठानमतः खलु बीजन्यासात्प्रशान्तवाहितया ।**

**सञ्जायते नियोगात्पुंसां पुण्योदयसहायम् ॥ १ ॥**

सदनुष्ठनमतः खलु उचितक्रमजनितादेव बीजन्यासात्पुण्यानुबन्धिपुण्य-निक्षेपात्, प्रशान्तं वोढुं शीलं यस्य तद्भावस्तया चित्तसंस्काररूपया, सञ्जायते निष्पद्यते, नियोगादभ्यासात् पुंसां मनुष्याणां पुण्योदयसहायं पुण्यानुभावसहकृतम् ॥ १ ॥

**તે સદ્દનુષ્ઠાનનું સ્વરૂપ દર્શાવે છે...**

**ગાથાર્થ** :- ઉચિત ક્રમથી ઉત્પન્ન થયેલ પુણ્યાનુબંધીપુણ્યરૂપી બીજના વાવેતરથી પ્રશમરસના સંસ્કારવાળું ચિત્ત બનાવા દ્વારા અભ્યાસથી (નિયમા) મનુષ્યોને સદનુષ્ઠાન પુણ્યોદયનું સહકારી બને છે.

**વિશેષાર્થ** :- સદનુષ્ઠાન મેળવવાથી પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય ચિત્ત તો ઉપશમ રસ ના હોજમાં તરતુ થઈ જાય અને ઉચ્ચ (ઉત્તમ) ક્રિયાનો અભ્યાસ કરવાની ટેવ પડે., અને આ પુણ્યને વધારવાનું કામ કરે છે. જેથી ઉત્તરોત્તર ધર્મ માટે સામગ્રી મળતી જાય છે. ॥ ૧ ॥

**ઉચિતક્રમ** :- તથાભવ્યતાના પરિપાકથી સદ્ગુરુ વિ.ના યોગ દ્વારા અનુક્રમે ગ્રંથી નજીક આવતા પુણ્યાનુબંધીપુણ્યનું વાવેતર થાય છે.

तदेव भेदत आह ।

**तत्प्रीतिभक्तिवचनासङ्गोपपदं चतुर्विधं गीतम् ।**

**तत्त्वाभिज्ञैः परमपदसाधनं सर्वमेवैतत् ॥ २ ॥**

तत्सदनुष्ठानं प्रीतिभक्तिवचनासङ्गा एते शब्दा उपपदानि पूर्वपदानि यस्य



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तत्तथा चतुर्विधं गीतं शब्दितं तत्वाभिज्ञैस्तत्त्वविद्भिः, परमपदस्य मोक्षस्य साधनं सर्वमेवैतच्चतुर्विधं प्रीत्यनुष्ठानं भक्त्यनुष्ठानं वचनानुष्ठानमसङ्गानुष्ठानं च ॥ २ ॥

**તે જ ભેદથી દર્શાવે છે...**

**ગાથાર્થ** :- પ્રીતિ ભક્તિ વચન અને અસંગ આ શબ્દો જેના પૂર્વ પદો છે, તે રીતે આ સદનુષ્ઠાન તત્ત્વપુરુષોએ ચાર પ્રકારનું કહ્યું છે. આ ચારેય મુક્તિ સુખના સાધન છે. ॥ ૨ ॥

तत्राद्यस्वरूपमाह ।

**यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः ।**

**शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ॥ ३ ॥**

यत्रानुष्ठाने आदरः प्रयत्नातिशयोऽस्ति प्रीतिश्चाभिरुचिरूपा हित उदयो यस्याः सा तथा भवति कर्तुरनुष्ठातुः शेषाणां प्रयोजनानां त्यागेन च तत्काले यच्च करोति तदेकमात्रनिष्ठतया तत्प्रीत्यनुष्ठानं ज्ञेयम् ॥ ३ ॥

**ગાથાર્થ** :- જે અનુષ્ઠાનમાં કર્તાનો અતિશય આદર હોય અને (કર્તાને) જોરદાર હિતોદયવાળી પ્રીતિ હોય તેમજ તે અનુષ્ઠાન કરનાર બાકીના કાર્યો છોડી સમયસર જે અનુષ્ઠાન કરે તે પ્રીતિ અનુષ્ઠાન કહેવાય.

**વિશેષાર્થ** :- જેના ઉપર પ્રીતિ વિશેષ હોય તેનું કામ આપણે બીજું કામ છોડી પહેલા કરીએ છીએ, એજ તેના પ્રત્યેની પ્રીતિ સૂચક છે. તેવો પ્રભુ ઉપર પ્રેમ હોય તો પ્રભુએ ભાખેલ કાર્યમાં ફાંફાં ન મારીએ કે વેઠ ન ઉતારીએ ॥ ૩ ॥

द्वितीयमाह ।

**गौरवविशेषयोगाद्बुद्धिमतो यद्विशुद्धतरयोगम् ।**

**क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ॥ ४ ॥**

गौरवं-गुरुत्वं-पूज्यत्वं तस्य विशेषयोगोऽधिकसम्बन्धस्ततो बुद्धिमतो



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विशेषग्राहिधीशालिनः यदनुष्ठानं विशुद्धतरयोगं विशुद्धतरव्यापारं क्रियया बाह्यकारणेनेतरतुल्यमपि प्रीत्यनुष्ठानतुल्यमपि ज्ञेयं तदेवंविधं भक्त्यनुष्ठानम् ॥ ४ ॥

**ગાથાર્થ** :- ગૌરવ વિશેષના યોગે બુદ્ધિશાળી જે વિશુદ્ધતર વ્યાપાર આચરે છે, તે બાહ્ય કારણથી પ્રીતિ અનુષ્ઠાનને સરખો હોવા છતાં આવા વ્યાપારને ભક્તિઅનુષ્ઠાન તરીકે જાણવું ॥ ૪ ॥

आह कः पुनः प्रीतिभक्त्योर्विशेष उच्यते ॥

**अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।**

**तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात्प्रीतिभक्तिगतम् ॥ ५ ॥**

अत्यन्तवल्लभा खल्वत्यन्तप्रियैव पत्नी-भार्या, तद्वत्पत्नीवदत्यन्तेष्टैव हिता च हितकारिणीति कृत्वा जननी माता, तुल्यमपि सदृशमपि कृत्यं भोजनाच्छादनाद्यनयोर्जननीपत्न्योर्ज्ञातमुदाहरणं स्यात् प्रीतिभक्तिगतं प्रीतिभक्तिविषयं, प्रीत्या-पत्न्याः क्रियते, भक्त्या मातुरितीयान् विशेष इतिभावः; प्रीतित्त्वभक्तित्वे क्रियागुणमानोरथिकहर्षगतौ जातिविशेषाविति तर्क्कानुसारिणः ॥ ५ ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રીતિ ભક્તિમાં ફેર શુ છે ? તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- પત્ની જેમ અત્યંત પ્રિય હોય તેમ માતા હિત કરનારી હોવાથી અત્યંત ઈષ્ટ જ છે. તેમનું પોતાને કરવા યોગ્ય કૃત્ય પણ સરખુજ છે. પ્રીતિ ભક્તિના વિષયમાં ભેદ તપાસવા બન્નેનું ઉદાહરણ ધ્યાનમાં લેવું.

**વિશેષાર્થ** :- એટલે પત્નિને ખાવા પીવાનું ઓઢવા બેસવાનું વિ. જીવન જરૂરીયાત સર્વ સામગ્રી પતિ પ્રીતિથી આપે છે. જ્યારે માતાને ભક્તિથી આપે છે. આટલો જ બંનેમાં ભેદ છે.

તાર્કિક વિદ્વાનોની ભાષામાં (ના અનુસારે) કહીએ તો પ્રીતિત્વ અને ભક્તિત્વ ક્રિયાગુણ એટલે પ્રવૃત્તિમાં અનુગુણ - અનુકૂલ - પ્રેરક અર્થાત્ ચિકીર્ષાજનક માનસિક ઉલ્લાસ - તેના બે પ્રકાર પ્રીતિ - ભક્તિ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં રહેલ જાતિ વિશેષ છે. એટલે પ્રીતિ અને ભક્તિ પ્રવૃત્તિમાં પ્રેરણા દાયક છે ॥ ૫ ॥

तृतीयमाह ।

**वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु ।**

**वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ॥ ६ ॥**

वचनात्मिकाऽऽगमार्थस्मरणाविनाभाविनी प्रवृत्तिः क्रियारूपा सर्वत्रसर्व्वस्मिन् धर्म्मव्यापारे क्षान्तिप्रत्युपेक्षादौ औचित्ययोगतो देशकालपुरुषव्यवहाराद्यानुकूल्येन या तु भवति, इदमेव प्रवृत्तिरूपं वचनानुष्ठानं चारित्रवतः साधोर्नियोगेन नियमेन भवति, तस्यैव भवदुर्गलङ्घनं षष्ठगुणस्थानावाप्तेस्तत्र च लोकसञ्ज्ञाभावान्नान्यस्य विपर्ययान्निश्चयनयमतमेतद्व्यवहारतस्त्वन्यस्यापि मार्गानुसारिणो वचने प्रवर्त्तमानस्य देशत इदं भवत्येवेति द्रष्टव्यम् ॥ ६ ॥

**ગાથાર્થ :-** આગમ અર્થના સ્મરણ સાથે અવિનાભાવિની સર્વ ઠેકાણે ઔચિત્ય જાળવી રાખનારી પ્રવૃત્તિ તે વચનાનુષ્ઠાન છે. ચારિત્રીને આ અનુષ્ઠાન નિશ્ચયથી હોય છે.

**વિશેષાર્થ :-** ક્ષમા પડિલેહણ પરિષહજય વિ. કોઈ પણ ધર્મ ક્રિયામાં આગમ અર્થને યાદ કરવા પૂર્વક દેશ કાળ પુરુષ વ્યવહાર વિ, ને અનુકૂલ રૂપે જે પ્રવૃત્તિ કરવી તે વચનાનુષ્ઠાન છે. સંયમી ને આ નિશ્ચયથી હોય છે. કારણ કે તેને ભવ દુર્ગને ઓલંઘવા માટે છઠ્ઠુ ગુણસ્થાન પ્રાપ્ત થયેલું છે. અને તે ગુણઠાણે લોકસંજ્ઞાનો અભાવ હોવાથી પોતે બરાબર વચનને અનુસરી શકે છે. બીજાને તેવો અટલ નિશ્ચય ન હોવાથી નિશ્ચયનયના મતે આ અનુષ્ઠાન નથી હોતું ત્યારે વ્યવહારેથી તો વચનમાં પ્રવૃત્ત થનાર માર્ગાનુસારીને પણ દેશથી આ અનુષ્ઠાન હોય છે. એમ સમજવું. ॥ ૬ ॥

तुर्यस्वरूपमाह ।

**यत्त्वभ्यासातिशयात्सात्मीभूतमिव चेष्ट्यते सद्भिः ।**

**तदसङ्गानुष्ठानं भवति त्वेतत्तदावेधात् ॥ ७ ॥**



જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यत्तु-यत्पुनरभ्यासातिशयाद्भूयो भूयस्तदासेवनेन संस्कारविशेषात् सात्मीभूतमिव चन्दनगन्धन्यायेनात्मसाद्भूतमिव चेष्ट्यते-क्रियते सद्भिः- सत्पुरुषैर्जिनकल्पिकादिभिस्तदेवंविधमसङ्गानुष्ठानं, भवतित्येतज्ञायतेपुनरेतत्तदावेधात् प्राथमिकवचनसंस्कारात् ॥ ७ ॥

**હવે ચોથા અનુષ્ઠાનનું સ્વરૂપ દર્શાવે છે....**

**ગાથાર્થ :-** અભ્યાસના અતિશયથી ધર્મ પ્રવૃત્તિ જાણે આત્મસાત્ થઈ ગઈ હોય તેમ સત્પુરુષો વડે જે સેવાય (ચેષ્ટાકરાય) તે અસંગઅનુષ્ઠાન છે તે પ્રાથમિક - પહેલાના આગમ સંસ્કારથી પેદા થાય છે.

**વિશેષાર્થ :-** વારંવાર તે અનુષ્ઠાનનું સેવન કરવાથી સંસ્કાર પેદા થાય છે., તેના લીધે ચંદનગંધની જેમ એકમેક થયેલા હોય તેમ જિનકલ્પી વિ. સત્પુરુષો જે પ્રવૃત્તિ કરે છે તે અસંગઅનુષ્ઠાન છે. આ પ્રાથમિક વચનના સંસ્કારથી થાય છે. ॥ ७ ॥

वचनासङ्गानुष्ठानयोर्विशेषमाह ॥

**चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति ।**
**वचनासङ्गानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ॥ ८ ॥**

चक्रभ्रमणं कुम्भकारचक्रपरावर्तनं दण्डाद्दण्डसंयोगात्तदभावे चैव यत्परमन्यद्भवति, वचनासङ्गानुष्ठानयोः प्रस्तुतयोस्तु तदेव ज्ञापकमुदाहरणं ज्ञेयं । यथा चक्रभ्रमणमेकं दण्डसंयोगात्प्रयत्नपूर्वकाद्भवति; एवं वचनानुष्ठानमप्यागमसंयोगात् प्रवर्त्तते, यथा चान्यच्चक्रभ्रमणं दण्डसंयोगाभावे केवलादेव संस्कारापरीक्षयात्सम्भवत्येवमागमसंस्कारमात्रेण वस्तुतो वचननिरपेक्षमेव स्वाभाविकत्वेन यत्प्रवर्त्तते तदसङ्गानुष्ठानमितीयान् भेद इतिभावः ॥ ८ ॥

**વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાનમાં તફાવત શું છે તે દર્શાવે છે....**

**ગાથાર્થ :-** દંડયોગે ચક્રભમે અને તેના વિના ચક્રભમ્યા કરે બસ આજ વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાનનું ઉદાહરણ જાણવું.

**વિશેષાર્થ :-** જેમ એક તો દંડના સંયોગથી ચક્ર ભમે તેમ પ્રયત્ન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વકની ધર્મ પ્રવૃત્તિ તે વચનઅનુષ્ઠાન અને બીજુ દંડના સંયોગ વિના માત્ર વેગ રૂપી સંસ્કારનો નાશ ન થયો હોવાથી થોડુ જે ચક્રનું ભ્રમણ ચાલે છે. તેમ આગમ સંસ્કાર માત્રથી એટલે હકીકતમાં વચનની અપેક્ષા રાખ્યા વગર પોતાનો સ્વભાવ જ એવો વણાઈ ગયો હોય કે તે ધર્મ પ્રવૃત્તિ કર્યા જ કરે. આ જ અસંગઅનુષ્ઠાન. બસ દેખાવમાં બંનેની પ્રવૃત્તિ સરખી છતાં એક વચનનો આધાર લઈ પ્રવર્તે, ત્યારે બીજાને તો તેવો સ્વભાવ જ બની ગયો હોય છે, આટલો ભેદ છે. ॥ ૮ ॥

एषामेव चतुर्णामनुष्ठानानां फलविभागमाह -

**अभ्युदयफले चाद्ये निःश्रेयससाधने तथा चरमे ।**

**एतदनुष्ठानानां विज्ञेये इह गतापाये ॥ ९ ॥**

अभ्युदयः स्वर्गस्तत्फले एवाद्ये प्रीतिभक्त्यनुष्ठाने, निःश्रेयसं मोक्षस्तत्साधने तथा चरमे वचनासङ्गानुष्ठाने, एतेषामनुष्ठानानां मध्ये विज्ञेये इह प्रक्रमे गतापाये विघ्नरहिते, अत एव पूर्वसंयमः स्वर्गहेतुरपूर्वसंयमश्च मोक्षहेतुरिति सिद्धान्तनयः[1] ॥ ९ ॥

**આ ચારેય અનુષ્ઠાન શું શું ફળ આપનાર છે તે દર્શાવે છે....**

**ગાથાર્થ** :- પહેલા બે અનુષ્ઠાન અભ્યુદય સ્વર્ગાદિ ફળ આપનારા છે. અને છેલ્લા બે મોક્ષના સાધન છે, તેમજ આ બન્ને વિઘ્ન વગરના છે.

**વિશેષાર્થ** :- છેલ્લાં બે માં વિઘ્ન નથી એટલે મોક્ષ મંજીલ પહોંચવા માટે આ બે અનુષ્ઠાન માર્ગ (સાધન) રૂપે છે. આ માર્ગે ચડેલાને મોક્ષ મંજીલ સુધી પહોંચતા કોઈ પરિષહાદિ કે કષાયાદિ બાધા કરી શકતા નથી...

એટલે જ તો રામચંદ્રજીને સીતેન્દ્ર ક્ષોભાવી ન શક્યા. માટે જ તો પૂર્વસંયમ સ્વર્ગનો અને અપૂર્વસંયમ મોક્ષનો હેતુ છે, એવો સિદ્ધાંતનો ન્યાય છે. એટલે સરાગી સંયમ સ્વર્ગનું કારણ બને છે, માટે જ તો પ્રભુ એક વચ્ચે દેવનો ભવ કરે છે. એટલે સાત ગુણઠાણા સુધી પ્રથમના બે અનુષ્ઠાન હોય છે. જ્યારે અપૂર્વકરણના છઠ્ઠા ભાગે અપૂર્વસંયમ પ્રાપ્ત

---

૧. नयेन ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. માટે જ ત્યાં ભવ પ્રાયોગ્ય પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ પ્રાપ્ત થાય છે. માટે જ આગમઆરસપહાણની તકતીમાં "સરાગ સંયમ સંયમાસંયમ કામ નિર્જરા બાલતપાંસિ દેવસ્ય" "અને સમચઉર નિમિણ જિણવન્ન અગુરુ લહુચઉછલંસિ તીસંતો" આવા સિદ્ધાંત વચનો કંડારાયા છે. બકુશ કુશીલ ચારિત્રીને પ્રમાદ બહુલતા હોવાથી સંપૂર્ણ વચનાનુષ્ઠાન કહેવું કઠીન છે. ॥ ૯ ॥

एतेष्वेव चतुर्ष्वनुष्ठानेषु पञ्चविधक्षान्तियोजनामाह ॥

**उपकार्योपकारिविपाकवचनधर्मोत्तरा मता क्षान्तिः ।**

**आद्यद्वय त्रिभेदा चरमद्वितये द्विभेदेति ॥ १० ॥**

उपकारी उपकारकृदपकारी दुःखदः, विपाकोऽदृष्टकर्मफलानुभवो दृष्टानर्थ-परम्परा वा;वचनम्-आगमः, धर्म्मः प्रशमादिरूपस्तदुत्तरा तत्पदोत्तरपदा-भिधेया क्षान्तिः क्षमा पञ्चविधा मताऽभिप्रेता, तत्राद्यद्वये प्रथमानुष्ठानयुग्मे त्रिभेदा त्रिप्रकारा, चरमद्वितये तु वचनासङ्गरूपे द्विभेदेति द्विधा, तत्रोपकार्युक्तं दुर्वचनाद्यपि सहमानस्योपकारिक्षान्तिर्मम प्रतिवचनेन मा भूदुपकारसम्बन्धक्षय इति कृत्वा ।

**આ જ ચાર અનુષ્ઠાનોમાં કયા અનુષ્ઠાનમાં કેવા પ્રકારની ક્ષમા હોય છે. તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- ઉપકારી ક્ષમા અપકારી ક્ષમા વિપાકક્ષમા વચનક્ષમા ધર્મોત્તર ક્ષમા એમ પાંચ પ્રકારની ક્ષમા છે. તેમાં પહેલા બે અનુષ્ઠાનમાં પ્રથમ ત્રણ પ્રકારની ક્ષમા હોય છે. અને છેલ્લાં બે અનુષ્ઠાનમાં છેલ્લી બે પ્રકારની ક્ષમા હોય છે.

**વિશેષાર્થ :** કોઈ ઉપકારી કડવા વેણ વિ. બોલે છતાં આ મારો ઉપકારી છે રખેને સામે બોલવાથી ઉપકારસંબંધ તૂટી જાય, એમ માની સહન કરે તે **ઉપકારી ક્ષમા.**

मम दुर्वचनाद्यसहमानस्यायमपकारी भविष्यतीति धिया क्षमां कुर्वतोऽपकारिक्षान्तिः । विपाकं नरकादिगत- कर्म्मफलानु-भवलक्षणमनुपश्यतो दुःखभीरुतया मनुष्यभव एव वाऽनर्थपरम्परामालो-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

चयतो विपाकदर्शनपुरा या क्षमा सा विपाकक्षमा । 'आसुरत्तं ण गच्छेज्ना सुच्चा णं जिणसासण' मित्याद्यागममेवालम्बनीकृत्य या प्रवर्त्तेत सा वचन-क्षमोपकारित्वादिहेतुत्रयनिरपेक्षत्वेन वचनमात्रपूर्वकत्वात् । धर्मक्षान्तिस्तु सा या चन्दनस्येव शरीरस्य छेददाहादिषु सौरभादिस्वधर्म्मकल्पा परोपकारिणो न विक्रियते किन्तु सहजभावमनुविधत्ते ।। १० ।।

કડવા વેણ હું નહિં સાભળું ને સામે બોલીશ તો આ મારો અપકાર કરશે અર્થાત મારું બગાડશે એવી બુદ્ધિથી સમતા રાખે તો તે **અપકારી ક્ષમા.**

અરે ક્રોધ કરવાથી નરકના કેવા ભયંકર દુઃખ વેઠવા પડે છે. અથવા તો મનુષ્યભવમાંજ તેને અનર્થની કેવી લંગાર લાગી જાય છે. આવુ વિચાર પૂર્વક દેખી તેવા વિપાકના ડરના મારે ક્ષમા રાખવી તે **વિપાક ક્ષમા.**

જિન શાસન સાંભળી રોષાયમાન ન થવું જોઈએ. આવા આગમ વચનનું આલંબન લઈ ક્ષમા રાખવી તે **વચન ક્ષમા.** આમાં ઉપકાર અપકાર કે વિપાક આ ત્રણેની અપેક્ષા રાખ્યા વિના માત્ર શાસ્ત્રવચન તે શિરોધાર્યા કરી ક્ષમાનું પાલન થતું હોવાથી આ વચનક્ષમા કહેવાય છે.

**ધર્મોત્તરા** - ધર્મ પ્રધાન ક્ષમા તે ચન્દનની જેમ શરીરનો છેદ થાય કે કોઈ બાળે ઈત્યાદિ ભયંકર વેદનાની સ્થિતિમાં જેમ ચંદન સુગંધીજ રેળાવે તેમ પોતાનો ક્ષમા આપવાનો સહજ ભાવ થઈ ગયો હોય ।। ૧૦ ।।

एतास्वतिचारस्वरूपमाह ।

**चरमाद्यायां सूक्ष्मा अतिचाराः प्रायशोऽतिविरलाश्च ।**

**आद्यत्रये त्वमी स्युः स्थूलाश्च तथा घनाश्चैव ।। ११ ।।**

चरमाया आद्या वचनक्षान्तिस्तस्यामतिचारा अपराधाः सूक्ष्मा लघवः प्रायशः कादाचित्कत्वेनातिविरला अतिव्यवहितसन्तानभावाश्च । आद्यत्रये तु प्रथमक्षान्तित्रिके त्वमी अतिचाराः स्थूला-बादराश्च तथा घनाश्चैव निरन्तराश्चैव स्युः ।। ११ ।।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ :-** છેલ્લામાં પહેલી અહિ પંચમીવિભક્તિ અવધિ અર્થમાં છે, એટલે છેલ્લી ક્ષમાની પહેલા જે ક્ષમા આવે તે એટલે વચનક્ષમા તેમાં પ્રાયઃ કરીને ઘણાં થોડાજ સૂક્ષ્મ અતિચારો ક્યારેક જ લાગે છે. શરુઆતની ત્રણ ક્ષમામાં સ્થૂલ અને નિરન્તર અતિચારો લાગ્યા કરે છે..... ॥ ૧૧ ॥

वचनानुष्ठानं चारित्रवतो नियोगेत्युक्तं । तत्र ज्ञानयोजनामाह ॥

**श्रुतमयमात्रापोहाच्चिन्तामयभावनामये भवतः ।**

**ज्ञाने परे यथार्हं गुरुभक्तिविधानसल्लिङ्गे ॥ १२ ॥**

श्रुतेन निर्वृत्तं श्रुतमयं; तन्मात्रापोहात्तदेकसत्तानिरासाच्चिन्तामयभावनामये ज्ञाने वक्ष्यमाणस्वरूपे इह परे प्रकृष्टे यथार्हमौचित्येन गुरुभक्तिविधानं सच्छोभनं लिङ्गं ययोस्ते तथा भवतः चारित्रिणो, नयप्रमाणसूक्ष्म-युक्तिचिन्तानिर्वृत्तं चिन्तामयं, हेतुस्वरूपफलभेदेन कालत्रयविषयं भावनामयं च ज्ञानं प्राधान्येन भवति, श्रुतमपि तत्प्रथमभावेन भवत्येव नतु तद्द्वयनिरपेक्षमितिभावः ॥ १२ ॥

**ચારિત્રીને નિયમા વચનાનુષ્ઠાન હોય છે. તેઓને કયુ જ્ઞાન સંભવે તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** માત્ર - અન્ય બે જ્ઞાનથી નિરપેક્ષ શ્રુતમય જ્ઞાનને દૂર કરવાથી સંયમીને ચિન્તામય ને ભાવનામય જ્ઞાન જાગે છે. આ બે પ્રધાન જ્ઞાનના યથાયોગ્ય ગુરુ ભક્તિ વિ. સુંદર લિંગ છે.

**વિશેષાર્થ :-** નય પ્રમાણ અને સૂક્ષ્મ યુક્તિથી ઉત્પન્ન થયેલું જ્ઞાન ચિન્તામયજ્ઞાન છે. હેતુ સ્વરૂપ ફળના ભેદે ત્રણે કાળના વિષયવાળું મુખ્ય પણે ભાવનામયજ્ઞાન હોય છે. એટલે (૧) સંસાર સ્વરૂપથી દુઃખ રૂપ છે. એમ વર્તમાનમાં પ્રત્યક્ષ દેખાય છે. એટલે વર્તમાન કાળનું જ્ઞાન થયું. (૨) સંસારથી દુઃખરૂપી ફળની પ્રાપ્તિ થાય છે આનાથી ભવિષ્યકાળનું જ્ઞાન થાય છે. કાળ અરઘટ્ટિકાની અગાઉની કુણ્ડિકાનું સંસાર સલિલજ દુઃખદ્રુમવંદનું કારણ છે, એમ ભૂતનું જ્ઞાન થાય છે, માટે તો સંસારના 'દુખ્ખરૂવે દુક્ખફળે દુક્ખાણુબંધે' આવા વિશેષણો ભાવાનામયજ્ઞાનવાળા શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. આ બન્ને જ્ઞાનની પૂર્વે શ્રુતજ્ઞાન અવશ્ય



જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી સંયમીને શ્રુતજ્ઞાન પણ હોય જ પણ તે બે જ્ઞાનથી નિરપેક્ષ નથી હોતુ. જેમ લખપતિ પાસે હજાર રૂપીયા હોય તો પણ લાખની ગણતરીમાં તે હજાર રૂપીયા લાખથી જુદા રહેતા નથી. ॥ ૧૨ ॥

ज्ञानत्रयस्य रसभेदं दृष्टान्तद्वारोपदर्शयति ।

**उदकपयोऽमृतकल्पं पुंसा सज्ज्ञानमेवमाख्यातम् ।**

**विधियत्नवत्तु गुरुभिर्विषयतृडपहारि नियमेन ॥ १३ ॥**

पुंसां विद्वत्पुरुषाणां सज्ज्ञानमेवमुक्तत्रिविधस्वरूपम् उदकपयोऽमृतकल्पमाख्यातं तु गुरुभिराचार्यैर्विधियत्नवत्तु विधियत्नवदेव नियमेनावश्यंतया विषयतृषमपहर्तुं शीलं यस्य तत्तथा, श्रुतज्ञानं स्वच्छस्वादुपथ्यसलिलास्वादतुल्यं, चिन्ताज्ञानं तु क्षीररसास्वादकल्पं, भावनाज्ञानं त्वमृतरसास्वादकल्पमुत्तरोत्तरगुणविशेषेऽपि विषयतृडपहारे सामान्यतः सर्व्वं समर्थमितिभावः ॥ १३ ॥

**ત્રણે જ્ઞાનના રસભેદને દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે....**

**ગાથાર્થ :-** વિદ્વાન પુરુષોનું સજ્જ્ઞાન પાણી, દૂધ અને અમૃતના સ્વાદ સમાન કહેલું છે. આચાર્ય ભગવંતોએ વિધિ અને યત્નવાળું આ ત્રણે પ્રકારનું જ્ઞાન નિશ્ચયથી વિષયતૃષ્ણાને દૂર કરનાર કહેલ છે.

**વિશેષાર્થ :-** શ્રુતજ્ઞાન સ્વચ્છ સ્વાદુપથ્ય પાણીના સ્વાદ સમાન છે., ચિંતાજ્ઞાનતો ખીરના સ્વાદ સમાન, ભાવનાજ્ઞાન અમૃતરસના સ્વાદ સમાન છે. ત્રણે જ્ઞાન ઉત્તરોત્તર વિશેષ ગુણવાળા હોવા છતાં સામાન્યથી દરેક જ્ઞાન વિષયતરસને દૂર કરવામાં સમર્થ છે. ॥ ૧૩ ॥

यस्य तु दुरुपशमो विषयाभिलाषः स फलाभावादज्ञान्येवेति तदयोग्यत्वप्रतिपादनायाह ।

**शृण्वन्नपि सिद्धान्तं विषयपिपासातिरेकतः पापः ।**

**प्राप्नोति न संवेगं तदापि यः सोऽचिकित्स्य इति ॥ १४ ॥**

शृण्वन्नपि सिद्धान्तमर्थतस्तीर्थकरोक्तं सूत्रतो गणधरग्रथितं, विषयपिपासाया



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

रूपरसगन्धस्पर्शशब्दाभिलाषस्यातिरेकत उद्रेकात्तापः सङ्क्लिष्टाध्यवसायस्तदापि सिद्धान्तश्रवणकालेप्यास्तामन्यदा, यः संवेगं मोक्षाभिलाषं न प्राप्नोति सोऽचिकित्स्य इति चिकित्साऽनर्हः निरुपक्रमदोषवावादितिभावः ।। १४ ।।

**જેનો વિષયાભિલાષ શાંત થતો નથી તે ફળના અભાવથી અજ્ઞાની છે. માટે તે અયોગ્ય જ છે. એવું પ્રતિપાદન કરવા સારું કહે છે....**

**ગાથાર્થ** :- પ્રભુએ ભાખેલા સિદ્ધાંતને સાંભળવા છતાં વિષય-તૃષ્ણાના અતિરેકના કારણે જે સંવેગ-મોક્ષાભિલાષને ન પામે તે ચિકિત્સા (ધર્મપામવા)ને અયોગ્ય છે. ||

**વિશેષાર્થ** :- અર્થથી પ્રભુએ પ્રરૂપેલ અને સૂત્રથી ગણધર ભગવંતે ગૂંથેલ સિદ્ધાંતને જે કાળે સાંભળતા હોય, તે સમયે પણ રૂપ રસ ગંધ સ્પર્શ અને શબ્દને મેળવવાની જોરદાર ઝંખના હોવાના કારણે સંક્લિષ્ટ અધ્યવસાયવાળા એવા તેને મોક્ષની ઈચ્છા પ્રગટતી નથી તેવી વ્યક્તિના દોષને દૂર કરવામાં કોઈ પણ જાતની કારી લાગી શકતી ન હોવાથી તે વ્યક્તિ ચિકિત્સા-ઉપાય પૂર્વક ધર્મની પ્રાપ્તિ કરાવવી રૂપ ચિકિત્સા)ને અયોગ્ય છે. || ૧૪ ||

इत्थं कर्म्मदोषवतः किं कर्त्तव्यमित्याह ।

नैवंविधस्य शस्तं मण्डल्युपवेशनप्रदानमपि ।
कुर्वन्नेतद्गुरुरपि तदधिकदोषोऽवगन्तव्यः ।। १५ ।।

एवंविधस्योक्तरूपायोग्यस्य मण्डल्यामर्थमण्डल्यां यदुपवेशनं श्रवणार्थं तत्प्रदानमपि न शस्तं नानुज्ञातं किं पुनर्दानादीत्यपिशब्दार्थः ।

एतत्तस्य मण्डल्युपवेशनप्रदानं कुर्वन् गुरूरप्यर्थाभिधातापि तस्मादयोग्यपुरुषादधिकदोषोऽवगन्तव्यः, सिद्धान्तावज्ञापादकत्वात् ।।१५।।

**આવા કર્મ દોષવાળાને શું કરવું જોઈએ તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- ઉપરોક્ત દોષવાળી અયોગ્ય વ્યક્તિને અર્થ માંડળીમાં બેસાડવી પણ સારી નહિં એટલે કે પ્રભુએ તેવી અનુજ્ઞા આપી નથી. આવી વ્યક્તિને માંડળીમાં બેસાડે તે ગુરુ તેનાથી પણ અધિક દોષવાળો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણવો.

**વિશેષાર્થ** :- અયોગ્યને માંડળીમાં બેસાડનાર એટલે અર્થની પ્રરુપણા કરનાર પણ (સિદ્ધાંતની અવજ્ઞા કરનાર હોવાથી) તેનાથી પણ અધિક દોષવાળો સમજવો. કારણકે અયોગ્યને હાથમાં સિદ્ધાંત જતા તે તેના દ્વારા જ અનેક જાતની ખોટી પ્રરૂપણા કરી શાસનની અવહેલના કરે છે. ॥ ૧૫ ॥

उक्तव्यतिरेकस्येष्टतामाह ।

**यःशृण्वन्संवेगं गच्छति तस्याद्यमिह मतं ज्ञानम् ।**

**गुरुभक्त्यादिविधानात्कारणमेतद् द्वयस्येष्टम् ॥ १६ ॥ १० ॥**

यः कश्चिद् योग्यः शृण्वन् सिद्धान्तमिति पूर्वश्लोकादनुकृष्यते, संवेगं मोक्षाभिलाषं गच्छति तस्य योग्यस्येहाद्यं प्रथमं ज्ञानं श्रुतसंज्ञं मतं, एतदस्य श्रुतज्ञानं गुरोर्भक्त्यादेर्भक्तिविनयबहुमानादेर्विधानाद्द्वयस्य चिन्तामयभाव-नामयज्ञानयुगलस्य कारणमिष्टन्तस्माज्ज्ञानत्रयेऽपि रत्नत्रयकल्पे परमादरो विधेयः ॥ १६ ॥ १० ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ઉપરોક્ત વાતથી ભિન્ન વ્યક્તિ ઈષ્ટ છે તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- જે પુરુષ સિદ્ધાંતને સાંભળતો સંવેગને પામે તેને પહેલું શ્રુતજ્ઞાન માનેલું છે. આજ શ્રુતજ્ઞાન ગુરુભક્તિ વિ. કરવાથી ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું કારણ બને છે...

**વિશેષાર્થ** :- સિદ્ધાંત સાંભળતા મોક્ષાભિલાષ જાગ્યો એટલે સમજવું કે આપણે શ્રુતજ્ઞાન તો મેળવી લીધું. બસ હવે ગુરુની ભક્તિ વિનય બહુમાન વિ. કરીએ તો તેના દ્વારાજ આપણે ચિંતામયજ્ઞાન ભાવનામયજ્ઞાન મેળવી શકીએ છીએ. એવી તકને તાજી કરાવવા સારું ગ્રંથકારે આ વાત અહીં જણાવી છે. માટે રત્નત્રય સમાન આ ત્રણે જ્ઞાન ઉપર પરમ આદર રાખવો જોઈએ.

**॥ ઈતિ દશમં ષોડશકમ્ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# एकादशं श्रुतज्ञानलिङ्गषोडशकम्

किं पुनः श्रुतज्ञानस्य प्राक्संभवि लिङ्गमित्याह ।

**शुश्रूषा चेहाद्यं लिङ्गं खलु वर्णयन्ति विद्वांसः ।**

**तदभावेऽपि श्रावणमसिरावनिकूपखननसमम् ॥ १ ॥**

शुश्रूषा च श्रोतुमिच्छा चेह श्रुतज्ञाने आद्यं प्रथमं लिङ्गं-लक्षणं, खलुशब्दो वाक्यालङ्कारे, वर्णयन्ति कथयन्ति विद्वांसो विचक्षणा तदभावेऽपि शुश्रूषाभावेपि श्रावण श्रवणप्रयोजककर्तृत्वं गुरोः शिष्यविषयमितिगम्यते, असिरायामवनौ कूपखननसमं, बोधप्रवाहोहि श्रावणस्य फलमुदकप्रवाह इव कूपखननस्य स च शुश्रूषासिराभावे न सम्भवतीति तत्समत्वेन भ्रममूलश्रममात्रफलत्वमुक्तं भवति ॥ १ ॥

**આ શ્રુતજ્ઞાન પ્રાપ્ત થવાની પૂર્વે કયા લિંગ હોય છે તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** આ શ્રુતજ્ઞાનાં વિચક્ષણો શુશ્રૂષાને પ્રથમલિંગ તરીકે વર્ણવે છે. શુશ્રૂષા વિના પણ સંભળાવવું તે પાણીના સિરા-ઝરા વગરની ભૂમિમાં કૂઓ ખણવા જેવું છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**વિશેષાર્થ :-** સાંભળવાની ઈચ્છા એ શ્રુતજ્ઞાનનું પહેલું લક્ષણ છે ; તેના અભાવે ગુરુ શિષ્યને સંભળાવાની પ્રેરણા કરે તેતો સિરા વગરની ભૂમિમાં કુઓ ખણવા જેવું છે.

કારણકે બોધનો પ્રવાહ પ્રગટ થવો આ સાંભળવાનું ફળ છે. જેમ પાણીનો પ્રવાહ ફૂટે તે કુઓ ખણવાનું ફળ છે. પણ શુશ્રૂષા રૂપી સિરાના અભાવે તે ફળ પ્રગટવું અસંભવિત છે. એમ સરખી વાત હોવાથી કુઓ ખણવો અને સંભળાવવું તે ભ્રમના કારણે ખાલી મહેનત કરવા પુરતું છે. ॥ ૧ ॥

शुश्रूषामेव भेदत आह ।

**शुश्रूषापि द्विविधा परमेतरभेदतो बुद्धैरुक्ता ।**

**परमा क्षयोपशमतः परमाच्छ्रवणादिसिद्धिफला ॥ २ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

शुश्रूषापि प्रागुक्ता द्विविधा द्विप्रकारा परमेतरभेदतः प्रकृष्टेतरभेदाभ्यां बुधैर्विद्वद्भिरुक्ता, तत्र परमादुत्कृष्टात् क्षयोपशमात् शुश्रूषावरणस्य परमा शुश्रूषा भवति, सा च श्रवणादेः श्रवणग्रहणधारणादेः सिद्धिः फलं यस्याः सा तथा ॥ २ ॥

**શુશ્રૂષાના જ ભાગ પાડે છે...**

**ગાથાર્થ** :- પૂર્વે કહેલી શુશ્રૂષા પણ બુધ પુરુષોએ પરમા અને ઈતર એમ બે પ્રકારની કહી છે. તેમાં શુશ્રૂષાવરણના ક્ષયોપશમથી પરમા શુશ્રૂષા પ્રગટે છે. તે શ્રવણાદિની સિદ્ધિ રૂપ ફળને આપનારી છે. ॥ ૨ ॥

अस्यां सम्पन्नायां यत्सम्पद्यते तदाह ।

**यूनो वैदग्ध्यवतः कान्तायुक्तस्य कामिनोऽपि दृढम् ।**
**किन्नरगेयश्रवणादधिको धर्मश्रुतौ रागः ॥ ३ ॥**

यूनस्तरुणस्य वैदग्ध्यवतश्चातुरीशालिनः कान्तया कमनीयकामिन्या युक्तस्य कामिनोऽप्यनुरक्तस्यापि दृढमत्यर्थः किन्नराणां गेयस्य सर्वातिशयिता-मृतकल्पगानस्य श्रवणादधिको विशेषवान् धर्मश्रुतौ = धर्मश्रवणे रागोऽभिलाषः परमशुश्रूषायां भवति, शुश्रूषेच्छात्मिका रागस्तु प्रशस्तवास-नात्मक इति हे[1]तुफलयोर्भेदः ॥ ३ ॥

**આ શુશ્રૂષા નિષ્પન્ન થયે છતે જે થાય છે તે ગ્રંથકાર દર્શાવે છે...**

**ગાથાર્થ** :- શ્રેષ્ઠ શુશ્રૂષા આવ્યે છતે સર્વ કલામાં કુશલ પ્રિયતમા સાથે રહેલો કામુક યુવાન પણ કિન્નર ગીત સાંભળવામાં જેટલો દ્રઢ રસ ધરાવે; તેનાથી અધિક ધર્મ સાંભળવામાં રાગ જાગે છે...

**વિશેષાર્થ** :- શુશ્રૂષા તે ઈચ્છારૂપ છે. તે રાગનો હેતુ છે. અને રાગ તે પ્રશસ્ત વાસના રૂપ છે તે શુશ્રૂષાનું ફળ છે. એમ હેતુ ફળમાં ભેદ સ્પષ્ટ છે. ॥ ૩ ॥

**गुरुभक्तिः परमास्यां विधौ प्रयत्नस्तथाऽऽदृति करणे ।**
**सद्ग्रन्थाप्तिः श्रवणं तत्त्वाभिनिवेशपरमफलम् ॥ ४ ॥**

---

१. न हेतुफलाभेदः ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गुरौ भक्तिः परमा प्रधानाऽस्यां परमशुश्रूषायां सत्यां भवति, तथा विधौ क्षेत्रशुद्धिमण्डलिनिषद्यादिविधिविषये प्रयत्नोऽप्रमादस्तथादृतिरादरः करणे आगमार्थक्रियायां सती शोभना परिस्फुटसूत्रार्थाधिगतिः सद्ग्रन्थानां रहस्यशास्त्राणामाप्तिर्वा, श्रवणमर्थस्य, तत्त्वाभिनिवेशो निश्चितप्रामाण्यकं तत्त्वज्ञानं परमं प्रकृष्टं फलं यस्य तत्तथा ॥ ४ ॥

**ગાથાર્થ** :- વળી પરમા શુશ્રૂષા પ્રાપ્ત થયે છતે ગુરુ વિષે ભક્તિ, વિધિમાં અપ્રમાદ, આગમોક્ત ક્રિયામાં આદર, સદ્‌ગ્રંથની પ્રાપ્તિ - અર્થનું શ્રવણ અને પ્રકૃષ્ટ ફળવાળુ નિશ્ચયાત્મક તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ** :- પરમા શુશ્રૂષા હોતે છતે ગુરુ પ્રત્યે ભક્તિ જાગે છે. તથા ક્ષેત્રશુદ્ધિ માંડલીમાં ગુરુનું આસન પાથરવું વિ. વિધિ સાચવવામાં અપ્રમત્ત ભાવે પ્રયત્ન (કરવો) આગમાર્થ ક્રિયામાં આદર (રાખવો) તેમજ સ્પષ્ટ રીતે સૂત્ર અને અર્થની સમજ ઈત્યાદિ પ્રાપ્ત થાય છે. અથવા ગુપ્ત શાસ્ત્રોની/ગુઢાર્થની પ્રાપ્તિ થાય છે. અને જે જ્ઞાન પ્રકૃષ્ટ ફળવાળું છે. અને જેનું પ્રમાણ નિશ્ચિત છે એવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

अपरमशुश्रूषामुपदर्शयति ॥

**विपरीता त्वितरा स्यात्प्रायोऽनर्थाय देहिनां सा तु ।**
**या सुप्तनृपकथानकशुश्रूषावत्स्थिता लोके ॥ ५ ॥**

विपरीता तूक्तविपरीतैवेतराऽपरमशुश्रूषा स्यात् प्रायो बाहुल्येनानर्थाया-नुपकाराय देहिनां सा तु सा पुनरितरशुश्रूषा श्रवणव्यावृत्ति (पृति) स्तद्वत् स्थिता, प्रसिद्धा लोके सर्व्वत्रैव यथा नृपस्य कथानकश्रवणं न महानादरोऽथ च किञ्चिच्छृणोति अनुषङ्गश्रवणमात्ररसिकत्वात्तथाऽपरम-शुश्रूषावानपि लीलया किञ्चिच्छृणोति, नतु परमादरेणेत्यर्थः ॥ ५ ॥

**અપરમા શુશ્રૂષા દર્શાવે છે...**

**ગાથાર્થ** :- ઉપરોક્તથી વિપરીત અપરમાં શુશ્રૂષા છે પ્રાયઃકરીને તે પ્રાણીઓને અનર્થ માટે જ થાય છે. શય્યાએ પોઢેલા રાજાને કઈ કથા સાંભળવામાં આદર હોતો નથી છતાં લીલાથી સુવા માટે લીલાથી કંઈક કંઈક સાંભળે; તેના જેવી અપરમા શુશ્રૂષા લોકમાં પ્રસિદ્ધ જ છે.



जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષાર્થ** :- અપરમા શુશ્રૂષા પ્રાયઃકરીને દેહધારીઓને દુઃખમાં ધકેલવામાં નિમિત્ત બને છે. પથારીએ પોઢેલો રાજા સુવા માટે કથાનકનો કાર્યક્રમ = પ્રોગ્રામ રાખે પણ તેણે કાંઈ તે કથામાં રસ હોતો નથી. પણ લીલાથી ઝોકા ખાતા કોઈક શબ્દો તેની શ્રવણેન્દ્રિયના વિષય બની જાય છે. એટલે કે કાનમાં પડી જાય છે. તેમ પોતાની મસ્તીમાં જ રહેલો કંઈક ધર્મની વાત સાંભળે ખરો પણ કંઈ તેમાં તેણે ઉચ્ચકોટિનો આદર ભાવ હોતો નથી તે અપરમા શુશ્રૂષા છે. તેથી તેણે સાભળેલું તેના માટે કાંઈ ફાયદા કારક થતું નથી ॥ ૫ ॥

शूश्रूषाजन्यानां श्रुतादिज्ञानानां विभागमुपदर्शयति ।

**ऊहादिरहितमाद्यं तद्युक्तं मध्यमं भवेज्ज्ञानम् ।**

**चरमं हितकरणफलं विपर्य्ययो मोहतोऽन्य इति ॥ ६ ॥**

ऊहादिना रहितमाद्यं ज्ञानं श्रुतज्ञानसञ्ज्ञं भवेदूहो वितर्क्कः आदिनाऽपोहादितद्युक्तमूहादियुक्तं मध्यमं चिन्तामयं भवेद् ज्ञानं द्वितीयं । चरमं भावनामयं तृतीयं हितकरणं फलं यस्य तत्तथाऽन्य एतद्ज्ञानत्रयाद्भिन्नो बोधो विपर्य्ययो विपर्य्यासो मिथ्याज्ञानमितियावत् मोहतो मिथ्यात्त्वमोहनीयोदयात् ॥ ६ ॥

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**શુશ્રૂષાજન્ય શ્રુતાદિજ્ઞાનનો વિભાગ દર્શાવે છે....**

**ગાથાર્થ** :- ઊહાદિ વગરનું પહેલું શ્રુતજ્ઞાન છે, બીજું ચિંતાજ્ઞાન ઊહાદિયુક્ત હોય છે. આત્મહિત કરવાના ફળવાળું. છેલ્લું ભાવનાજ્ઞાન છે. આ ત્રણેથી ભિન્ન જ્ઞાન મિથ્યાત્વના ઉદયવાળું હોવાથી મિથ્યાજ્ઞાન છે.... ॥ ૬ ॥

श्रुतज्ञानस्य लक्षणमाह ।

**वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसन्निभं ज्ञानम् ।**

**श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥ ७ ॥**

वाक्यार्थः प्रकृतवाक्यैकवाक्यतापन्नसकलशास्त्रवचनार्थाविरोधिवचनार्थस्तन्मात्रं प्रमाणनयाधिगमरहितं तद्विषयं तद्गोचरं, न तु परस्परविभिन्न-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विषयशास्त्रावयवभूतपदमात्रवाच्यार्थविषयं;

**શ્રુતમય જ્ઞાનનું લક્ષણ કહે છે...**

**ગાથાર્થ :-** વાક્યાર્થ માત્રના વિષયવાળું, કોઠામાં રહેલા બી સરખું શ્રુતમય જ્ઞાન હોય છે, તે બિલકુલ મિથ્યા - અસદ્ગ્રહથી રહિત હોય છે.

**વિશેષાર્થ :-** વાક્યાર્થ "તપોધ્યાનાદિ કુર્યાત" આ પ્રકૃત વાક્ય તપ સંબંધી છે. તે તપના વિષયવાળા જે તમામ ગ્રંથ છે; તેનાં વચનોનો જે અર્થ નીકળે તેની સાથે વિરોધ ન આવે તેવો અર્થ પ્રકૃત વાક્ય ઉપરથી કાઢવો તે વાક્યાર્થ કહેવાય. અહીં (બધાને તપ કરવો કલ્યાણકારી છે.) 'આ પદાર્થ થયો પણ અશક્ત બાલાદિ તપ કરે તો આર્તધ્યાન થવાથી દુર્ગતિમાં જવાની આપત્તિ આવે છે. એથી કરીને અશક્તને નવકારશી કરવાની પણ અનુજ્ઞા છે.' આવા વચનો જે તપ સંબંધી શાસ્ત્રમાં દર્શાવેલ છે તેની સાથે પદાર્થનો વિરોધ આવે. જ્યારે વાક્યાર્થજ્ઞાન આવી અનુપપત્તિનો નિરાસ કરવામાં સમર્થ હોવાથી પોતાનો યોગ ન હણાય તે રીતે તપ કરવો જોઈએ. આવા અવિરોધી અર્થને જણાવે છે.

तस्य संशयादिरूपत्वेना- ज्ञानत्वात्, कोष्ठके लोहकोष्ठकादौ गतं स्थितं यद्वीजं धान्यं तत्सन्निभमविनष्टत्वात् श्रुतमयमिह प्रक्रमे विज्ञेयं, मिथ्याभिनिवेशोऽसद्ग्रहस्तेन रहितं विप्रमुक्तमलमत्यर्थं पदार्थज्ञानोत्था- पितानुपपत्तिनिरासप्रधानत्वात् ॥ ७ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

અથવા શ્રુતજ્ઞાનના નિર્વચનમાં વિધ્યંશ અને નિષેધાંશ એમ બે વિભાગ છે. પ્રકૃત વાક્ય "મા હિંસ્યાત કશ્ચન" આ વાક્ય વિષયક સકલ આસ્તિક શાસ્ત્રોના વચનનો જે અર્થ છે તેનો અવિરોધિ અર્થ કે કોઈ ના પણ પ્રાણ નાશ ન કરવા આ પ્રમાણેનું વાચ્યાર્થનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન તો વિધ્યંશ,

હવે ન તુ....થી નિષેધાંશ નિરૂપે છે. પરન્તુ પરસ્પર જુદા શાસ્ત્રો વ્યવહારપ્રધાન અને નિશ્ચયપ્રધાન, ઉત્સર્ગ અપવાદ, દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક દૃષ્ટિકોણથી પ્રરૂપણા કરવાવાળા શાસ્ત્રોમાં અવયવ રૂપે હિંસા પદનો વાચ્યાર્થ "પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા" 'રાગાદીનામુત્પ્તિરેવ- હિંસા' 'પ્રમાદ એવ હિંસા' ઈત્યાદી બોધનો અભાવ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે પ્રમાણ-સકલાદેશ-અનેકાન્ત દ્રષ્ટિથી બોધનો અભાવ, ભિન્ન નયોની અપેક્ષાએ પદાર્થબોધનો અભાવ, તથા હિંસાના ભેદ પ્રભેદ દા.ત. સ્વરૂપ - હેતુ - અનુબંધ હિંસાદિ નો અભાવ. ચિન્તન નો અભાવ હોવાથી આ શ્રુતજ્ઞાનમાં સંશય - વિપર્યય, અનધ્યવસાય નો સંભવ હોવાના કારણે અજ્ઞાન રૂપ હોવાથી આને શ્રુતમયજ્ઞાન તરીકે લેખવામાં આવતું નથી. 'અ' નો અર્થ અલ્પવાચી કરવો અભાવવાચી નહિં. વિશેષ વિચારણાનો અભાવ હોવાથી કોઠીમાં રહેલ બીજ સમાન અકબંધ પડ્યું રહે નહિં કે ખેતરમાં વાવેલા બીજ જેવું વ્યાપક અનેકગણું વિસ્તારવાળું.

જો આ અવયવો ને પ્રમાણ નયથી વિચારવામાં આવે તો સંશયાદિ દૂર થઈ શકે પણ માત્ર શ્રુત્રમયજ્ઞાનવાળાને આવી વિચાર શક્તિ હોતી નથી.

પણ અસદ્ગ્રહ - ખોટી પક્કડ હોતી નથી કારણ કે 'કોઈપણ જીવને પીડા ન આપવી' આ વાક્યનો જે પદાર્થ (યથાશ્રુતાર્થ) છે તેનાથી તો શંકા જ થાય કે તો પછી બીજાનો લોચ વગેરે કરાય કે નહિં ? અથવા તો આ પદાર્થથી લોચાદિ વિધાનમાં અનુપપત્તિનું ઉત્થાન થાય છે, પણ 'યથાશક્તિ તપ કરવો જોઈએ" આવા વાક્યાર્થથી આ અનુપપત્તિનો નિકાલ થઈ જાય. એમ વાક્યાર્થ વિષયક શ્રુતજ્ઞાનનું પદાર્થથી ઉભી થયેલી અનુપપત્તિને દૂર કરવી એજ મુખ્ય કાર્ય છે. ॥ ૭ ॥

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

चिन्तामयज्ञानस्य लक्षणमाह ॥

यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् ।
उदक इव तैलबिन्दुर्विसर्प्पि चिन्तामयं तत्स्यात् ॥ ८ ॥

यत्तु यत्पुनर्महावाक्यार्थजमाक्षिप्तेतर सर्वधर्मात्मकवस्तुप्रतिपादकानेकान्तवादव्युत्पत्तिजनितमतिसूक्ष्मा अतिशयितसूक्ष्मबुद्धिगम्याः शोभना अविसंवादिन्यो या युक्तयः सर्वप्रमाणनयगर्भाः तच्चिन्तया तदालोचनयोपेतं सहितं, उदक इव सलिल इव तैलबिन्दुस्तैललवो विसर्पि विस्तारयुक्तं चिन्तया निर्वृत्तं चिन्तामयं तज् ज्ञानं स्याद्भवेत् ॥ ८ ॥

**ચિંતાજ્ઞાનનું લક્ષણ કહે છે...**

**ગાથાર્થ** :- મહાવાક્યર્થથી પેદા થયેલુ અતિસૂક્ષ્મ યુક્તિની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારણાથી યુક્ત અને જેમ પાણીમાં તેલ બિન્દુ વિસ્તરે તેની જેમ વિસ્તાર પામવાના સ્વભાવવાળું ચિંતામય જ્ઞાન છે.

**વિશેષાર્થ** :- મહાવાક્યાર્થથી પેદા થયેલું એટલે કે અનેકાન્તવાદની વ્યુત્પન્નતાનાં કારણે 'સ્યાત્નિત્યમેવ' ઈત્યાદિ સ્થલે સ્યાત્ વિ. પદ ચાહે પ્રગટ ઉલ્લેખિત હોય કે ના હોય તો પણ અનેકાન્તવાદની વાસનાથી ન હોય ત્યારે અધ્યાહાર રૂપે કલ્પી લેવાથી નિત્યત્વ ઉપરાંત અન્ય અનિત્યત્વાદિ યથાસંભવ વસ્તુ નિષ્ઠ તમામ ધર્મોને પણ આનુષંગિક રીતે નિત્યત્વના બોધમાં વિષય બનાવવા રૂપે ખેંચી લાવે છે. આ રીતે અનેકાન્તવાદ એકધર્મ પ્રાધાન્યેન અન્ય વસ્તુ ધર્મોનો પણ આક્ષેપક હોય છે. આવા અનેકાન્તવાદની કુશળતાથી પેદા થયેલ અતિશય સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય અવિસંવાદી યથાવસ્થિત વસ્તુને દર્શાવનારી સર્વ પ્રમાણ નયવાળી યુક્તિઓની વિચારણાથી યુક્ત, પાણીમાં તેલ બિન્દુ જલ્દી વિસ્તરી જાય છે તેમ વિસ્તાર પામવાના સ્વભાવવાળું ચિંતામય જ્ઞાન છે. ॥ ૮ ॥

भावनाज्ञान लक्षणमाह ॥

**ऐदम्पर्य्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः ।**

**एतत्तु भावनामयशुद्धसद्रत्नदीप्तिसमम् ॥ ९ ॥**

ऐदम्पर्यं तात्पर्यं सर्वज्ञेयविषये सर्वज्ञाज्ञैव प्रधानं कारणमित्येवंरूपं तद्गतं तद्विषयं यज् ज्ञानं विध्यादौ विधिद्रव्यदातृपात्रादौ उच्चैरतिशयेन यत्न-वत्परमादरयुक्तं तथैवेदम्पर्यवत्त्वयत्नवत्त्वयोः समुच्चयार्थं 'तथैवेत्यस्य ग्रहणं, एतत्तु एतत्पुनर्भावनया निर्वृतं भावनामयं ज्ञानं; अशुद्धस्य क्षारमृत्पुट-काद्यभावेपि नाऽशुद्धिमतोऽपि सद्रत्नस्य स्वभावतो या दीप्तिस्तत्समं; यथाहि जात्यरत्नं स्वभावत एवान्यरत्नेभ्योऽधिकदीप्तिमत्तथेदमपि भावना-ज्ञानमशुद्धसद्रत्नकल्पस्य भव्यजीवस्य कर्ममलिनस्यापि शेषज्ञानेभ्योऽधिक-*प्रकाशकृद्- भवति अनेन हि ज्ञातं, क्रियाप्येतत्पूर्विकैवाक्षेपेण मोक्षदेति ।*

**ગાથાર્થ** :- ઐદમ્પર્યના વિષયવાળું તેમજ વિધિમાં આદરવાળુ ભાવનાથી જાગેલું અશુદ્ધ સદ્રત્નની પ્રભા સરખુ ભાવનામય જ્ઞાન હોય છે.

**વિશેષાર્થ** :- ઐદમ્પર્ય (જે જ્ઞાન પ્રાપ્ત થતાં) આત્મા સર્વ જ્ઞેય પદાર્થની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાબતમાં સર્વજ્ઞની આજ્ઞાને જ આગળ કરે (તે વિષય વાળું) તેમજ વિધિ દ્રવ્ય દાતા અને પાત્ર ઈત્યાદિ ઉપર અતિશય ભાવ રાખે, ભાવના ભાવવાથી જાગેલું આ ભાવનામય જ્ઞાન ક્ષાર માટી પુટક વિ. (આમલી વગેરે ખાટા પદાર્થથી ઘસવું, માટી નાખવી અને શકોરામાં બંધ કરી ભટ્ટીમાં નાખી ઝાળ આપવી) થી શુદ્ધ નહિં કરેલ એવા જાત્ય રત્નની જેમ સ્વાભાવિક દીપ્તિવાળું હોય છે. તેમજ તે રત્ન જેમ અન્ય રત્નની અપેક્ષાએ અધિકપ્રકાશ કરનાર હોય; તેમ કર્મ મલિન એવાપણ ભવ્ય જીવને આ શેષ જ્ઞાનની અપેક્ષાએ અધિક પ્રકાશ આપનાર બને છે.

આ જ્ઞાનથી જાણ્યું ખરેખર જાણેલું કહેવાય. ક્રિયાપણ આ જ્ઞાન પૂર્વકની જ મોક્ષ આપનારી છે. કારણકે આ જ્ઞાન પરમાત્માને પ્રમુખ પદે સ્થાપે છે અને આત્મદોષને તેમની આગળ ખુલ્લા પાડી આપે છે. તેથી જે કોઈ પણ ક્રિયા કરીએ ત્યારે આત્મઅધ્યવસાય આત્માને શુદ્ધ કરવાના લક્ષ્યવાળા હોય છે. આવા આત્મઅધ્યવસાય અન્ય જ્ઞાનમાં જાગતા ન હોવાથી આને અધિક પ્રકાશકરવાવાળું કહ્યું છે. અહીં એકપણ વાક્ય દ્વારા વ્યુત્પત્તિ વિશેષથી વાક્યાર્થ જ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે.

अत्र चैकस्मादपि वाक्याद्व्युत्पत्तिविशेषेण जायमानानां वाक्यार्थज्ञानादीनां महावाक्यार्थशब्दज्ञानादाववान्तरव्यापारत्वमिति न विरम्यव्यापारानुपपत्तिदोष-स्तथाचाहुः तार्किकाः "सोऽयमिषोरिव दीर्घदीर्घतरो व्यापारो यत्परः शब्दः स शब्दार्थ" इत्यन्यत्र विस्तरः ॥ ९ ॥

અને મહાવાક્યાર્થ શબ્દજ્ઞાનાદિના અવાન્તર વ્યાપાર રૂપે વાક્યાર્થ જ્ઞાનાદિ બને છે એટલે વાક્યાર્થ જ્ઞાન થયા પછી મહાવાક્યાર્થ જ્ઞાન પેદા થવામાં વાક્યાર્થ જ્ઞાન વ્યાપારની ગરજ સારે; તેમ ઐદમ્પર્યજ્ઞાન = ઐદમ્પર્યના વિષયવાળુ ભાવના જ્ઞાન થવામાં વચ્ચે ના જ્ઞાન વ્યાપાર રૂપે કામ કરે છે. વિરમ્ય વ્યપાર એટલે પોતાનું કાર્ય કરીને વિરામ પામવા યોગ્ય વ્યાપાર. દણ્ડ ઘટ રૂપ કાર્ય પ્રતિ ચક્રમા ભ્રમિ ઉત્પન્ન કરવા રૂપ વ્યાપાર કરે છે. ભ્રમિ રૂપ વ્યાપાર ઘટને ઉત્પન્ન કરી વિરામ પામે છે. આ સામાન્ય સિદ્ધાંત જણાય છે. પ્રસ્તુતમાં એક વાક્ય વિષયક જ્ઞાનોપયોગ રૂપ વ્યાપાર વાક્યાર્થ બોધ કરાવીને અટક્યા વગરજ મહાવાક્યગત શબ્દાર્થ યાવત તાત્પર્યાર્થ સુધીના બોધને કરાવે છે, તો વિરમ્ય વ્યાપારનો


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે સિદ્ધાંત છે તેની અનુપત્તિ રૂપ દોષ આવે.

તે દોષના વારણ માટે મુખ્ય વ્યાપાર ભલે વિરામ પામે પરન્તુ સાથોસાથ તે વાક્યાર્થ અવાન્તર વ્યાપારને ઉત્પન્ન પણ કરે છે, જે યાવત તાત્પર્યાર્થ 'સુધીનો બોધ કરાવે છે. દૃષ્ટાન્તમાં ઈષુની ગતિ જ અવનાન્તર ગતિને ઉત્પન્ન કરે છે છતાં ઈષુની ગતિરૂપ એક દીર્ઘ વ્યાપારનો વ્યપદેશ થાય છે. તેમજ સ્થૂલતયા જ્ઞાનોપયોગ રૂપ એક વ્યાપાર ભલે દેખાય પરન્તુ તે અવાન્તર અનેક વ્યાપારવાળો હોવાથી દોષને અવકાશ નથી.

અત્રે પણ તે દીર્ઘદીર્ઘતર વ્યાપાર જે વિષયક છે તે શબ્દાર્થ યાવત તાત્પયર્થિ જાણવો. (વિશેષ બહુશ્રુતો પ્રકાશ પાડી શકે) ॥ ૯ ॥

एतेषां त्रयाणां विषयविभागमाह ।

**आद्य इह मनाक्पुंसस्तद्रागाद्दर्शनग्रहो भवति ।**

**न भवत्यसौ द्वितीये चिन्तायोगात् कदाचिदपि ॥ १० ॥**

**चारिचरकसञ्जीव (वि) न्यचरकचारणविधानतश्चरमे ।**

**सर्वत्र हिता वृत्तिर्गाम्भीर्यात्समरसापत्त्या ॥ ११ ॥**

आद्ये = श्रुतज्ञाने इह जगति मनागीषत्पुंसस्तद्वतः पुरुषस्य तद्रागात् श्रुतमयज्ञानानुरागाद्दर्शनग्रहोऽसत्यपक्षपातो भवति यथेदं मयोक्तमिदमेव च प्रमाणं नान्यदिति, असौ दर्शनग्रहोऽस्मदीयं दर्शनं शोभनमन्यदीयमशोभनमित्येवंरूपो; द्वितीये चिन्तामये ज्ञाने चिन्तायोगादतिसूक्ष्मसुयुक्तिचिन्तनसम्बन्धात्कदाचिदपि काले न भवति । दृष्टनयप्रमाणरूपसिद्धान्तसद्भावो हि विद्वान् सर्वं स्वपरतन्त्रोक्तमर्थं स्थानाविरोधेन प्रतिपद्यते, नत्वेकान्तस्तत्र विप्रतिपद्यत इति । तथाचाह सम्मतौ महामतिः ।

**હવે ત્રણે જ્ઞાનોનો વિષય વિભાગ દર્શાવે છે....**

**ગાથાર્થ :-** શ્રુતજ્ઞાનવાળા પુરુષને શ્રુતજ્ઞાનના અનુરાગથી પોતે કહેલું તે બરાબર જ છે એવી દર્શનગ્રહ રૂપ પક્કડ હોય છે. ચિંતાજ્ઞાનમાં યુક્તિ પૂર્વકની વિચારણા હોવાથી એવો દર્શનગ્રહ ક્યારેય નથી હોતો. ત્રીજું જ્ઞાન પ્રાપ્ત થતા ચારોચરે પણ સંજીવની ઔષધિ ન ચરે એવાને તે ઔષધિનો ચારો ચરાવો આવા ન્યાયના આધારે (સર્વ ઠેકાણે હિત)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમરસાપત્તિ તથા ગંભીર આશયથી સર્વ ભવ્ય જીવોને વિષે હિતકારી પ્રવૃત્તિ થાય છે.

**વિશેષાર્થ** :- શ્રુતમયજ્ઞાનના અનુરાગથી અમારું દર્શન જ સારું આવા પ્રકારનો દર્શનગ્રહ શ્રુતમયજ્ઞાનવાળા પુરુષને હોય છે. અતિસૂક્ષ્મયુક્તિના ચિંતનથી ચિંતામયજ્ઞાનવાળાને ક્યારે પણ દર્શન ગ્રહ થતો નથી. કારણકે નય પ્રમાણ રૂપથી સિદ્ધાંતના સદ્‌ભાવને જોનારો જ ખરેખર વિદ્વાન છે. તે સ્વ અને પર શાસ્ત્રમાં કહેલા સર્વ અર્થને સ્થાનના અવિરોધથી જ સ્વીકારે છે. પણ એકાન્તથી તેમાં વિરોધભાવ ઉભો કરતો નથી, તથા મહામતિશાળી સિદ્ધસેનાદિવાકરસૂરી **સમ્મતિતર્કમાં** કહે છે...

**णिययवयणिज्जसच्चासव्वणया परवियालणे मोहा ।**

**ते पुण अदिट्ठसमओ विभयइ सच्चे व अलिए वत्ति' ॥ १० ॥**

પોતાના વચનની અપેક્ષાએ સત્ય એવા શબ્દનયો બીજાની વિચારણા પ્રમાણે ખોટા હોય છે, તેમાં સિદ્ધાંતને નહિં જાણનારાઓ આ સાચું છે આ ખોટું છે આવો વિભાગ પાડે છે.

चारेश्चरको भक्षयिता सञ्जीविन्यां औषधेश्चाचरकोऽनुप- भोक्ता, तस्य चारणमभ्यवहारणं तस्य विधानतो दृष्टान्ताच्चरमे भावनामये ज्ञाने सति सर्व्वत्र सर्वजीवेषु हिता हितहेतुर्वृत्तिः प्रवृत्तिर्न तु कस्यचिदहिता; 'समरसापत्या' सर्वतन्त्रसमूहरूपस्वसमयव्युत्पत्तिकृतसर्वानुग्रहपरिणत्या - गाम्भीर्याद् गम्भीराशयात् । दृष्टान्तश्चायं काचित् स्त्री स्वपतिवशीकाराय काञ्चित्परिव्राजिकं तदुपायमपृच्छत्तया च किल कुतश्चित्सामर्थ्यात्स वृषभः कृतः; तं चारयन्ती पाययन्ती चास्तेऽन्यदा च वटवृक्षस्याधस्तान्निषण्णे तस्मिन् पुरूषगवे विद्याधरीयुग्मं विहायसस्तत्राजगाम, तत्रैकयोक्तमयं स्वाभाविको न गौर्द्वितीययोक्तं कथं तर्हि स्वाभाविकः स्यादाद्ययोक्तमस्य वटस्याधस्तात्सञ्जीवनीनामौषधिरस्ति यदि तामयं चरेत्तदा सहजपुंरूपतामा- सादयेदिति, तच्च विद्याधरीवचनं तया स्त्रिया श्रोत्रपत्राभ्यां पपे; तां चौषधिं विशेषतोऽजानानया सर्वामेव तत्प्रदेशस्थां चारिं चारितः सामान्यतः पतिगवः यावदसौ सञ्जीवनीमुपभुक्तवांस्तावदेव पुरुषः संवृत्तः । यथा



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तस्याः स्त्रियास्तस्मिन् पुंगवे हिता प्रवृत्तिरेवं भावनाज्ञानान्वितस्यापि सर्वभव्यसार्थेऽनुग्रहप्रवृत्तस्य हितैव प्रवृत्तिरिति ॥ ११ ॥

ઘાસનો ચારો ચરનારા અને સંજીવની ઔષધિ નહિં ચરનાર એવા બળદ રૂપે બનેલ પુરુષને સંજીવની ઔષધિ ચરાવવા સારુ થોડુ થોડું બધુ ઘાસ ખવડાવવું તે તે પુરુષને હિત માટે જ થાય છે. તેમ ભાવના જ્ઞાનવાળો પુરુષ સર્વ ભવ્યસમૂહને વિષે અનુગ્રહ કરવા પ્રવૃત્ત થતાં હિતકારી જ પ્રવૃત્તિ થાય છે. કારણકે ભાવના રૂપ જ્ઞાન પ્રાપ્ત થયે છતે બધા દર્શનના સમૂહ રૂપ પોતાનું દર્શન છે. આવી વ્યુત્પત્તિના આધારે સર્વનો અનુગ્રહ કરવાની પરિણતિ જાગે છે તે સમરસાપત્તિ, અને આશય ગંભીર બને છે એટલે ઉંડી વિચારધારાવાળો થાય છે એથી તોછડી વૃત્તિ મટી જાય છે.

**આ ચારિચરકનું દૃષ્ટાન્ત કહે છે....**

કોઈક સ્ત્રી પોતાના પતિને વશ કરવા સારુ કોઈક પરિવ્રાજિકાને ઉપાય પૂછ્યો. તેણીએ કાંઈક સામર્થ્યથી પતિને બળદ બનાવી દીધો. તે નારી તે બળદને ચરાવે છે ને પાણી પાય છે. એક વખત બળદ અને પોતે વડવૃક્ષ નીચે બેઠા હતાં તેટલામાં ત્યાં બે વિદ્યાધરી આવી એકે કીધુ આ સ્વભાવિક બળદ નથી. તો આ સ્વાભાવિક પુરુષ કેવી રીતે બની શકે ? એકે કીધુ આ વડ નીચે સંજીવની ઔષધિ છે તેને ચરે તો આ પુરુષ રૂપે બની જાય. વિદ્યાધરીના તે વચનને તે સ્ત્રીએ કર્ણપૂટથી પીધા. તે ઔષધિને વિશેષથી જાણતી ન હોવાથી બળદ રૂપ પતિને સામાન્યથી ત્યાંના સર્વ પ્રદેશનો ચારો ચરાવ્યો અને સંજીવની ઔષધિ ખાઈને તે તરતજ પુરુષ થઈ ગયો.... ॥ ૧૦/૧૧ ॥

उक्तं ज्ञानत्रयस्वरूपमथैतद्विपर्य्ययस्वरूपमाह ।

**गुर्वादिविनयरहितस्य यस्तु मिथ्यात्वदोषतो वचनात् ।**
**दीप इव मण्डलगतो बोधः स विपर्य्ययः पापः ॥ १२ ॥**

गुर्वादीनामुपाध्यायादीनां विनयरहितस्य यस्तु मिथ्यात्वदोषतस्तत्त्वार्था-श्रद्धानदोषाद्वचनादागमाद् दीप इव मण्डलगतो मण्डलाकारविषयो बोधस्तैमिरिकस्येव, स-बोधो वचनाद्भवन्नपि दोषजत्वाद्विपर्य्ययो मिथ्या-प्रत्ययः पदमात्रवाच्यार्थविषयः पापः पापहेतुः ॥ १२ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણે જ્ઞાનનું સ્વરૂપ કીધુ હવે તેનાથી વિપરીત મિથ્યાજ્ઞાનનું સ્વરુપ દર્શાવે છે...

**ગાથાર્થ** :- તૈમિરિક = નેત્ર દોષવાળાને દીવામાં મંડલાકાર નો બોધ થાય છે. તેમ ગુરૂ વિ. નો વિનય નહિ કરનારને મિથ્યાત્વ દોષના લીધે આગમ વચનથી પાપના હેતુભૂત ખોટો બોધ થાય છે.

**વિશેષાર્થ** :- પદ માત્રથી વાચ્ય જે અર્થ તેના વિષયવાળુ જ્ઞાન એટલે શબ્દ પરથી સીધો અર્થ કાઢી લે તેમાં આગલ-પાછલનું અનુસંધાન પણ ન વિચારે. એટલે ઉપરોક્ત વાક્યથી ભિન્ન અર્થ નીકળે એવું કંઈપણ નહિં જોવાનું. જ્યારે શ્રુતજ્ઞાનવાળો પણ શબ્દ માત્રનો અર્થ પકડે છે પણ તે આગળ પાછળના વિષયને અવિરોધિ અર્થ હોય છે. ॥ ૧૨ ॥

विपर्यय एव प्रस्तुते दृष्टान्तगर्भमुपनयमाह ॥

दण्डीखण्डनिवसनं भस्मादिविभूषितं सतां शोच्यम् ।
पश्यत्यात्मानमलं ग्रही नरेन्द्रादपि ह्यधिकम् ॥ १३ ॥

मोहविकारसमेतः पश्यत्यात्मानमेवमकृतार्थम् ।
तद्व्यत्ययलिङ्गरतं कृतार्थमिति तद्ग्रहादेव ॥ १४ ॥

दण्डीखण्डं कृतसन्धानविशेषं जीर्णवस्त्रं तन्निवसनं परिधानं यस्य स तथा तम् । भस्मादिभिर्विभूषितं विच्छुरितं सतां सत्पुरूषाणां शोच्यं शोचनीयं; पश्यत्यवलोकयत्यलमत्यर्थमात्मानं ग्रही स्वाग्रहवान्नरेन्द्रादपि हि चक्रवर्तिनोपि हि अधिकमतिशयितं यथेति गम्यते ॥ १३ ॥

मोहविकारेण मनोविभ्रमदोषेण समन्वितः पुरुष एवं ग्रहगृहीतरीत्यात्मानम-कृतार्थ सन्तं कृतार्थं पश्यति, किम्भूतं ? तस्य कृतार्थस्य व्यत्ययेन यानि लिङ्गानि तेषु रतो यः स तथा तम् । अनेन वस्तुवृत्त्याकृतार्थत्वमेवाह विपर्य्ययदर्शने को हेतुरत्राह इत्यमुना गुर्वन- धीनतादिलक्षणेन प्रकारेण तस्य मोहविकारस्य ग्रहः कर्मशक्तिरूपेणात्मन्युपादानं; तत एव कृतार्थमिति पश्यतीतियोजनायां; चेत्युक्तत्वेन प्रथमापत्तिः समाधेया ॥ १४ ॥

વિપર્યયની બાબતમાં દૃષ્ટાંત પૂર્વક ઉપનય દર્શાવે છે...



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- જેમ ભિખારી સાંધાવાળા જીર્ણ વસ્ત્રને ધારણ કરનાર; રાખ વિ. શરીરે લગાડનાર; સજ્જનોને શોચનીય; દૃઢ પક્કડવાળો પોતાને ચક્રવર્તીથી પણ અધિક ઉંચો માને છે. તેમ કૃતાર્થતાથી વિપરીત લિંગમાં રત એવા વસ્તુસ્થિતિથી અકૃતાર્થ આત્માને મોહવિકારવાળો (મિથ્યાજ્ઞાનવાળો) પુરુષ મોહવિકારના આવેશથી "હું કૃતાર્થ થઈ ગયો" એમ માને છે.

**વિશેષાર્થ** :- ગુરુને આધીન ન રહેવું ઈત્યાદી સ્વચ્છંદતાથી મોહવિકાર કર્મશક્તિરૂપે આત્મામાં આવે છે એટલે ગુરુને વશ ન રહેતા તેમજ તેમનો અવિનય કરવાથી સાચુજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. અને મારે કોઈની ગરજ નથી એવું અભિમાન ઉભુ થાય છે, એ રીતે મોહનીય-કર્મ વધારે વકરે છે. તેથી જ પોતાને સર્વેસર્વા માને. આમ કહેવા દ્વારા ઉલ્ટુ દર્શન થવામાં નિમિત્ત (કારણ) શું છે ? એવી પહેલી આપત્તિનું સમાધાન થઈ જાય છે. એટલે મોહવિકાર વિપરીત દર્શનનું કારણ છે. ॥ ૧૩/૧૪ ॥

ज्ञानविपर्यययोः स्वाम्युपदर्शनार्थमिदं कारिकाद्वयमाह ।

**सम्यग्दर्शनयोगाज् ज्ञानं तद्ग्रन्थिभेदतः परमम् ।**
**सोऽपूर्वकरणतः स्याज्ज्ञेयं लोकोत्तरं तच्च ॥ १५ ॥**
**लोकोत्तरस्य तस्मान्महानुभावस्य शान्तचित्तस्य ।**
**औचित्यवतो ज्ञानं शेषस्य विपर्य्ययो ज्ञेयः ॥ १६ ॥ ११ ॥**

सम्यग्दर्शनस्य तत्त्वार्थश्रद्धानस्य योगाज् ज्ञानं भवति, तत्सम्यग्दर्शनं परमं प्रधानं ग्रन्थिभेदतो भवति, स ग्रन्थिभेदो नियमत एवापार्द्धपुद्गलपरावर्त्ताधिकसंसारच्छेदी अपूर्वकरणतो यथाप्रवृत्तोत्तरपरिणामविशेषतः स्यात्तच्चापूर्वकरणं लोकात् सर्वस्मादप्युत्तरं प्रधानं, अनादौ संसारे सूत्रार्थग्रहणादितत्तद्धर्मस्थानसंपत्तावप्यजातपूर्वत्वात् ॥ १५ ॥

तस्माल्लोकोत्तरस्य लोकातीतचरित्रस्य, महानुभावस्याऽचिन्त्यशक्तेः 'शान्त- चित्तस्योपशान्तमनस औचित्यवत औचित्ययुक्तस्य ज्ञानं ज्ञेयं, शेषस्योक्त- गुणविपरीतस्य विपर्य्ययः पदमात्रवाच्यार्थविषयो विपर्य्यासो ज्ञेयः ॥ १६ ॥ ११ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જ્ઞાન અને વિપર્યયના સ્વામી દર્શાવારૂપ આ બે ગાથા કહે છે...**

**ગાથાર્થ :-** સમ્યગ્ દર્શનના યોગથી જ્ઞાન થાય અને તે પરમ સમકિત ગ્રંથીભેદથી પ્રાપ્ત થાય છે. તે પણ અપૂર્વકરણથી થાય છે. તે લોકોત્તર અપૂર્વકરણ જાણવું (૧૫)

માટે લોકોત્તર ચારિત્રવાળા, અચિંત્ય શક્તિવાળા. શાંતચિત્ત-વાળા તેમજ ઔચિત્યવાળાને જ્ઞાન હોય છે. શેષને તો મિથ્યાજ્ઞાન જ જાણવું. ॥ ૧૬ ॥

**વિશેષાર્થ :-** સૂત્રાર્થ ગ્રહણ વિ. તે તે ધર્મ સ્થાનોમાં અનાદિ સંસારમાં આવા પરિમામ પૂર્વે જાગ્યા ન હોય એવા પરિણામ તે અપૂર્વ પરિણામ અપૂર્વકરણ કહેવાય છે. ઉક્ત ગુણથી વિપરીત ગુણવાળાને પદમાત્રાનું જ્ઞાન (મિથ્યાજ્ઞાન) જાણવું ॥ ૧૫/૧૬ ॥

***॥ ઈતિ એકાદશં ષોડશકમ્ ॥***

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# द्वादशं दीक्षाधिकारषोडशकम्

ज्ञानत्रयं प्रागुक्तं, तद्भावाभावाभ्यां दीक्षाधिकारानधिकारौ प्रतिपिपादयिषुराह ।

**अस्मिन्सति दीक्षाया अधिकारी तत्त्वतो भवति सत्त्वः ।**

**इतरस्य पुनर्दीक्षा वसन्तनृपसन्निभा ज्ञेया ॥ १ ॥**

अस्मिन् ज्ञानत्रये सति दीक्षाया विरतिरूपाया अधिकारी अधिकारवान् तत्त्वतः-परमार्थतो भवति सत्त्वः पुमानितरस्यानधिकारिणः पुनः दीक्षा वसन्तनृपसन्निभा चैत्रमासपरिहासकृतराजतुल्या विडम्बनप्रायत्वेन ज्ञातव्या ॥ १ ॥

**પૂર્વે ત્રણ જ્ઞાન દર્શાવ્યા, તેના સદ્ભાવવાળો દીક્ષાનો અધિકારી છે જેની પાસે આ જ્ઞાન ન હોય તે દીક્ષામાં અનધિકારી છે. એવું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાલા ગ્રંથકાર કહે છે..**

**ગાથાર્થ** :- આ ત્રણે જ્ઞાન હોતે છતે જીવ પરમાર્થથી દીક્ષાનો અધિકારી બને છે. આના સિવાયની દીક્ષા વસંત ઋતુના રાજાની જેમ ઉપહાસ કરનારી જાણવી.

**વિશેષાર્થ** :- હોળી (ધૂળેટી) ના દિવસે એકને રાજા બનાવે પણ તેની મશ્કરી કરી તેને હેરાન કરે છે; તેમ અયોગ્યને દીક્ષા દુઃખદાયી બને છે અને બીજાઓ તેની મશ્કરી કરી છે. ॥ ૧ ॥

दीक्षापद निरुक्तमुपदर्शयन् ज्ञानिन एव तां नियमयन्नाह ॥

**श्रेयोदानादशिवक्षपणाच्च सतां मतेह दीक्षेति ।**

**सा ज्ञानिनो नियोगाद्यथोदितस्यैव साध्वीति ॥ २ ॥**

श्रेयसः कल्याणस्य दानादशिवस्य प्रत्यवायस्य क्षपणाच्च सतां मुनीनां मताभिप्रेतेह प्रवचने दीक्षा, इत्येवमनया निरुक्तप्रक्रियया सा दीक्षा ज्ञानिनो नियोगान्नियमाद् यथोदितस्यैवाधिकारिण एव साध्वीति निरवद्या वर्त्तते ॥ २ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દીક્ષા પદની વ્યુત્પત્તિ દર્શાવતા તે દીક્ષા જ્ઞાનીને જ હોય છે. એવો નીચોડ લાવતા ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- કલ્યાણનું દાન કરવાથી ઉપદ્રવનો ક્ષય કરવાથી મુનિઓને જ આ દીક્ષા સિદ્ધાંતમાં માનેલી છે. આ દીક્ષા નિશ્ચયથી યથોદિત અધિકારી એવા જ્ઞાનીને જ નિરવદ્યા (શુદ્ધ) હોઈ શકે છે.

**વિશેષાર્થ** :- જ્ઞાની જ દ્રવ્યાદિ જોઈને અતિચાર ન લાગે એવો માર્ગ કાઢી શકે છે. ॥ ૨ ॥

ननु यदि ज्ञानिन एव दीक्षा साध्वी तदा कथं प्रागुक्तज्ञानत्रयविकलानां माषतुषप्रभृतीनां समये सा श्रेयसी श्रूयत इत्याशङ्क्याह ॥

**यो निरनुबन्धदोषाच्छ्राद्धोऽनाभोगवान् वृजिनभीरुः ।**

**गुरुभक्तो ग्रहरहितः सोऽपि ज्ञान्येव तत्फलतः ॥ ३ ॥**

यो निरनुबन्धाद्व्यवच्छिन्नसन्तानाद्दोषाज् ज्ञानावरणादेः श्राद्धः श्रद्धावान्, यस्तु सानुबन्धदोषान्निरुपक्रमक्लिष्टकर्मलक्षणाज्ञात भावप्रतिघातः कथञ्चिच्छ्राद्धो भवति स नेह गृह्यतेऽनाभोगः सूक्ष्मधीगम्यग्रन्थार्थपरिज्ञानमात्रं, स एव यस्यास्ति सोऽनाभोगवान् वृजिनात्पापाद् भीरुर्भवविरक्तत्वात्, गुरुषु पूज्येषु भक्तस्तद्बहुमानित्वात्, ग्रहो मिथ्याभिनिवेशस्तेन रहितः सोऽपि य ईदृगुक्तविशेषणवान् ज्ञान्येव ज्ञानवानेव तत्फलतो ज्ञानफलभावाज्, ज्ञानेनापि भवविरक्तत्वादि फलं क्रियते तदस्याप्यस्तीतिकृत्वा ॥ ३ ॥

**જો જ્ઞાનીને જ દીક્ષા (શુદ્ધ) સારી હોય છે તો પછી ત્રણે જ્ઞાન રહિત માષતુષ વિ. ની દીક્ષા શાસ્ત્રમાં કેમ વખાણાય છે ? એવી આશંકા કરી સમાધાન આપે છે...**

**ગાથાર્થ** :- નિરનુબંધ દોષથી શ્રદ્ધાવાળો, અનાભોગવાળો, પાપથી ડરનારો, ગુરુ ઉપર ભક્તિભાવવાળો; પક્કડ વગરનો આવા જ્ઞાનના ફળને પ્રાપ્ત કરેલ હોવાથી તે પણ જ્ઞાની જ છે.

**વિશેષાર્થ** :- પોતાની સત્તામાં જે જ્ઞાનાવરણીય કર્મ છે. તે અત્યારે પોતાનો વિપાક દેખાડે પણ તેનાથી નવું જ્ઞાનાવરણીય કર્મ ન બંધાય એટલે તે કર્મની પરંપરા ન ચાલે, એવા કર્મથી જેણે શ્રદ્ધા જાગે, તે સાધક



જૈનમ્ જયતિ શાસનમ् JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં લેવો. પણ નિરુપક્રમ એવા ક્લિષ્ટ જ્ઞાનાવરણીય કર્મ સ્વરૂપ સાનુબંધ દોષથી જેણે ભાવનો પ્રતિઘાત થયો હોય-યત્કિંચિત કર્મનો ક્ષયોપશમ થયો હોય તેણે કાંઈક શ્રદ્ધા જાગી જાય; તે અહિં નથી લેવાનો. સૂક્ષ્મબુદ્ધિથી જાણી શકાય એવા ગ્રંથના અર્થને જાણવામાં અસમર્થ. ભવથી વિરક્ત થયેલો હોવાથી પાપભીરું ગુરુ પૂજ્યો ઉપર આદર બહુમાનભાવવાળો, મિથ્યા પક્કડવગરનો છે; એટલે આવા પ્રકારનું જ્ઞાનનું ફળ તેને પ્રાપ્ત થયેલું હોવાથી તે પણ જ્ઞાની જ છે. ॥ ૩ ॥

फलतुल्यतायामेव दृष्टान्तमाह ।

**चक्षुष्मानेकः स्यादन्धोऽन्यस्तन्मतानुवृत्तिपरः ।**

**गन्तारौ गन्तव्यं प्राप्नुत एतौ युगपदेव ॥ ४ ॥**

एकः कश्चित्पुरुषो मार्गगमनप्रवृत्तश्चक्षुष्मान्निर्मलानुपहतनेत्रः स्यादन्योन्धो दृग्विकलस्तस्य चक्षुष्मतो मतं वचनं तदनुवृत्तिपरः तदनुसारे परः प्रधानो मार्गानुसारिताप्रयोजकादृष्टेनान्यानुवृत्तिव्यावर्त्तनात्, एतौ द्वावपि चक्षुष्मत्स-दन्धौ गन्तारौ गमनशीलावनवरतप्रयाणप्रवृत्त्या गन्तव्यमभिमतनगरादि युग-पदेवैककालमेव प्राप्नुतः । तयोरग्रपृष्ठभावेन व्रजतोरेकपदन्यास एवान्तरं न महद्वा तदपि तुल्यपदन्यासयोरेकश्रेण्या बाहुलग्नयोर्व्रजतोर्नास्तीति द्वयो-र्युगपत्प्राप्तव्यप्राप्तिः । एवं ज्ञान्यज्ञानिनोरपि सन्मार्गगमनप्रवृत्तयोर्मुक्तिपुरप्राप्तौ नान्तरमिति गर्भार्थः ॥ ४ ॥

**જ્ઞાની અને જ્ઞાનીના પગે ચાલનારાને તુલ્ય ફળ થતું હોય તે જ બતાવે છે...**

**ગાથાર્થ** :- એક નિર્મલ આંખવાળો અને બીજો જે અંધ છે; તે તેના વચન અનુસરવામાં તત્પર બને. તો આગમન કરનારા બન્ને એકજ સાથે જ્યાં જવાનું છે તે સ્થાને પહોંચે છે.

**વિશેષાર્થ** :- જોવાની શક્તિ હણાઈ નથી ગયી એવી નિર્મલ આંખડીવાળો પુરુષ જવા રવાના થાય છે, ત્યારે અંધાપાથી અંધારામાં જ રહેનાર પુરુષ તે ચક્ષુવાળાના વચનને અનુસરવા તત્પર બને છે. એટલે પોતાને માર્ગમાં ચલાવવામાં પ્રયોજક એવું એનું અદૃષ્ટ (ભાગ્ય) છે કે જેના લીધે અન્યને = ઉન્માર્ગીને અનુસરવાથી તે અટકી જાય છે. આ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્ને ચક્ષુવાળો અને સદન્ધ સતત પ્રયાણની પ્રવૃત્તિથી ઈચ્છિત નગરાદિને એક જ સાથે પ્રાપ્ત કરે છે. એક આગળ અને બીજો પાછળ એવી રીતે ચાલતા હોય તો એક ડગલાનું આંતરું પડે પણ મોટું નહિં. અથવા તો એક બીજાનો હાથ પકડીને ચાલતા હોય તો એક શ્રેણીમાં પગ પડતા હોવાથી એક પગલાનું પણ અંતર પડતું નથી. એમ સન્માર્ગમાં જવા પ્રવૃત્ત થયેલા જ્ઞાની અને અજ્ઞાનીને પણ મુક્તિપુરીમાં પહોંચવામાં આંતરું પડતું નથી. ॥ ૪ ॥

इत्थं ज्ञानिवदज्ञानिनोऽप्युक्तरूपस्य तुल्यफलत्वाद् दीक्षायोग्यत्वमिति दर्शयति ।

**यस्यास्ति सत्क्रियायामित्थं सामर्थ्ययोग्यताऽविकला ।**

**गुरुभावप्रतिबन्धाद्दीक्षोचित एव सोऽपि किल ॥ ५ ॥**

यस्य विशिष्टज्ञानरहितस्याप्यस्ति सत्क्रियायां सदाचारे इत्थमनेन प्रकारेण सामर्थ्यं समानफलजननशक्तिरेव योग्यतोत्तमता गुरुषु धर्माचार्यादिषु भावप्रतिबन्धादन्तरङ्गसम्बन्धात् सोऽपि दीक्षोचित एव, किलेत्याप्तागमवादः शेषगुणवैकल्येऽपि संसारविरक्त एवात्राधिकारीतिभावः ॥ ५ ॥

**જ્ઞાનીની જેમ ઉક્ત સ્વરૂપવાલો અજ્ઞાની પણ સરખા ફળને મેળવતો હોવાથી દીક્ષા યોગ્ય છે એમ દર્શાવે છે ॥ ૫ ॥**

**ગાથાર્થ** :- અજ્ઞાનીને પણ સદાચારમાં આવી રીતે સામર્થ્યરૂપ પરિપૂર્ણ યોગ્યતા હોય છે, તે અજ્ઞાની પણ ગુરુ વિષે અંતરંગ સંબંધથી ખરેખર દીક્ષાને ઉચિત જ છે.

**વિશેષાર્થ** :- સામર્થ્ય યોગ્યતા - સમાન ફળ પેદા કરવાની શક્તિ રૂપ યોગ્યતા, ગુરુ વિષે અંતરંગ લાગણીશીલ બનેલો હોવાથી દીક્ષાને ઉચિત છે. કિલ શબ્દ આવું જિનેશ્વરનું વચન છે, એ પ્રમાણે નિશ્ચયનું સૂચક બનતું હોવાથી શેષ ગુણ ન હોવા છતાં સંસારથી વિરક્ત અહિં અધિકારી છે; એવો ભાવ નીકળે છે. ॥ ૫ ॥

इत्थं दीक्षायाः फलसाम्ये आदेयत्वं, तद्वैषम्ये चानादयेत्वमित्याह ।

**देयाऽस्मै विधिपूर्वं सम्यक्तन्त्रानुसारतो दीक्षा ।**

**निर्व्वाणबीजमेषेत्यनिष्टफलदान्यथात्यन्तम् ॥ ६ ॥**



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अस्मै योग्याय विधिपूर्वं सम्यगवैपरीत्येन तन्त्रस्य शास्त्रस्यानुसारतो दीक्षा देया, इत्यमुना प्रकारेण योग्यता दीयमाना दीक्षा निर्व्वाणस्य मोक्षस्य बीजमन्यथाऽयोग्यदानेऽत्यन्तमतिशयेनानिष्टफलदाः दुरन्तसंसारफला ॥६॥

**એ પ્રમાણે દીક્ષા ફળની સામ્યતા હોય તો ગ્રહણ કરવા (આપવા) યોગ્ય છે; ફળની વિષમતા હોય તો આપવી યોગ્ય નથી, એ દર્શાવે છે...**

**ગાથાર્થ** :- યોગ્યને વિધિપૂર્વક અવિપરીત પણે શાસ્ત્ર અનુસારે દીક્ષા આપવી જોઈએ. આ દીક્ષા તેને મોક્ષનું બીજ બને છે. પણ અયોગ્યને આપતા અત્યંત અનિષ્ટફળ આપનારી બને છે એટલે કે દુઃખે અંત કરી શકાય એવો ઘોર સંસાર વધે છે.... ॥ ૬ ॥

का पुनरियं दीक्षेत्याह ॥

देशसमग्राख्येयं विरतिर्न्यासोऽत्रतद्वति (च) सम्यक् ।

तन्नामादिस्थापनमविद्रुतं स्वगुरुयोजनतः ॥ ७ ॥

देशाख्या समग्राख्या चेयं दीक्षा विरतिरुच्यते, देशविरतिदीक्षा सर्व्वविरतिदीक्षा चेत्यर्थः । अत्र दीक्षायां न्यासो व्रतप्रतिज्ञाकालविहिताचारः तेषां प्रवचनप्रसिद्धानां नामादीनां चतुर्णां स्थापनमारोपणमविद्रुतं विद्रवरहितमनुपप्लवमितियावत् । कथं तन्नामादिस्थापनं ? स्वगुरुभिर्योजनं स्वजीतानुरोधेन विधानं ततः ॥ ७ ॥

**આ દીક્ષા શું છે તે દર્શાવે છે....**

**ગાથાર્થ** :- દેશવિરતિ દીક્ષા અને સર્વવિરતિ દીક્ષા છે. આ દીક્ષામાં ન્યાસ વ્રત પ્રતિજ્ઞા અવસરે કરાયેલ આચાર એટલે કે દીક્ષિત પુરુષને વિષે પ્રવચન પ્રસિદ્ધ નામાદિ ચારનું ઉપદ્રવરહિતપણે ગુરુએ (પૂજ્યે) પોતાના જીતવ્યવહાર અનુસારે આરોપણ કરવું યોગ્ય છે. ॥ ૭ ॥

नामन्यासस्य दीक्षानिमित्तत्वे को हेतुरित्यत आह ।

नामनिमित्तं तत्त्वं तथा तथा चोद्धृतं पुरा यदिह ।

तत्स्थापना तु दीक्षा तत्त्वेनान्यस्तदुपचारः ॥ ८ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यद् यस्मान्नामनिमित्तं नामहेतुकं तत्त्वं नामप्रतिपाद्यगुणवत्त्वं प्रशान्त-तादिजननाभिप्रायेणाप्तकृतप्रशान्तादिनाम्नः प्रशमादिरूपोपलम्भात्तत्तन्नाम्नैव तत्तदभिप्रायस्मरणात्तत्तद्गुणानुकूलप्रवृत्त्या तत्तद्गुणसिद्धेः;, ''तथा तथा च'' तेन तेन स्वरूपेणोद्धृतं कृतनिर्व्वाहमिह प्रवचने मुनिभिः । तस्मात् तत्स्थापनैव तत्त्वेन परमार्थेन दीक्षाऽन्यः क्रियाकलापस्तदुपचारो नाम-स्थापनारूपमुख्यदीक्षाकर्मणः पूर्वोत्तरभावेनाङ्गमात्ररूप इत्यर्थः ॥ ८ ॥

**નામનો ન્યાસ દીક્ષાના નિમિત્ત રૂપે છે તેમાં હેતુ શું છે. માટે સમાધાન કરવા સારુ કહે છે...**

**ગાથાર્થ** :- નામ નિમિત્તે પ્રશમાદિતત્ત્વ છે તેને સ્વરૂપે પૂર્વે પ્રવચનમાં મુનિ ભગવંતો વહન કરતા આવ્યા છે; નામની સ્થાપના જ પરમાર્થથી દીક્ષા છે; તેનાં જ ઉપચારરૂપ અન્ય ક્રિયા કલાપ છે.

**વિશેષાર્થ** :- નામથી પ્રતિપાદ્ય ગુણ પ્રશમાદિને ઉત્પન્ન કરે. એવા અભિપ્રાયથી પ્રશાન્ત વિ. નામથી પ્રશમાદિ પદનો ઉપલમ્ભ થતા પૂર્વાચાર્યના તે તે અભિપ્રાયનું સ્મરણ થાય છે. તેનાથી તે તે ગુણને અનુકૂલ પ્રવૃત્તિ થવાથી તે તે ગુણ સિદ્ધ થાય છે. માટે તે તે સ્વરૂપે નામઆરોપણને (પ્રવચનમાં) જિનશાસનમાં મુનિ ભગવંતો વહન કરતાં આવ્યા છે. માટે વાસ્તવિક રીતે નામ સ્થાપના જ દીક્ષા છે. બીજો ક્રિયાકલાપ તો નામસ્થાપનારૂપ મુખ્યદીક્ષાકર્મના પૂર્વ અને ઉત્તરમાં વિદ્યમાન હોવાથી તેના માત્ર અંગ રૂપ છે. ॥ ૮ ॥

एवं नामन्यासस्य दीक्षानिमत्तत्वं साधितं, स्थापनादिन्यासस्य तु तत्त्वेऽ-विप्रतिपत्तिरेवेति नामादिचतुष्टयन्यासस्य दीक्षात्वात्पृथक्फलप्रदर्शनपूर्वं तत्रैव यत्नोपदेशमाह ।

**कीर्त्यारोग्यध्रुवपदसम्प्राप्तेः सूचकानि नियमेन ।**

**नामादीन्याचार्या वदन्ति तत्तेषु यतितव्यम् ॥ ९ ॥**

कीर्तिः श्लाघाऽऽरोग्यं नीरुजत्वं प्राक्तनसहजौत्पातिकरोगविरहात्, ध्रुवं स्थैर्यं भावप्रधाननिर्देशात् । पदं विशिष्टपुरुषावस्थारूपमाचार्यत्वादि, तेषां सम्प्राप्तिरप्राप्तिपूर्विका प्राप्तिस्तस्याः सूचकानि गमकानि नियमेनावश्यन्तया



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नामादीनि नामस्थापनाद्रव्यभावरूपाण्याचार्याः पूज्या वदन्ति, तत्तस्मात्तेषु नामादिषु यतितव्यं तदर्थानुकूल्येनात्यादरो विधेयः ।

**એ પ્રમાણે નામ ન્યાસ દીક્ષાના નિમિત્ત રૂપે છે. એ તો સિદ્ધ કર્યું. અને સ્થાપના વેશ વિ. નો ન્યાસ તો તે સ્વરૂપે છે જ, એમાં કોઈ વિવાદ છે જ નહિં આમ નામાદિ ચારેયનો ન્યાસ દીક્ષા સ્વરૂપ હોવાથી જુદું જુદું ફળ દેખાડવા સાથે તેમાં જ યત્ન કરવો જોઈએ. એવો ઉપદેશ ગ્રંથકાર આપી રહ્યા છે...**

**ગાથાર્થ :-** કીર્તિ આરોગ્ય સ્થૈર્ય અને પદ પ્રાપ્તિના સૂચક નામાદિ છે, એમ આચાર્યો કહે તેથી તેમાં યત્ન કરવો જોઈએ.

**વિશેષાર્થ :-** પૂર્વના સહજ ઔત્પાતિક રોગોનો વિરહ થવાથી આરોગ્ય વ્રતમાં સ્થિરતા, પદ વિશિષ્ટ પુરુષની અવસ્થા રૂપ આચાર્ય પદવીત્વ વિ. ની પ્રાપ્તિના નામાદિ નિશ્ચય થી સૂચક હોવાથી નામાદિમાં તેના માટે અનુકૂલ પણે આદર કરવો જોઈએ.

अयं भावः । अन्वर्थनाम्नो हि कीर्त्तनमात्रादेव शब्दार्थप्रतीतेर्विदुषां प्राकृतजनस्य च मनःप्रसादात् बहुजनकृतगुणप्रवादरूपा कीर्तिराविर्भवति यथा सुधर्म्मभद्रबाहुप्रभृतीनां, स्थापनापि रजोहरणमुखवस्त्रिकाद्याकाररूपा धार्यमाणा भावगर्भ- प्रवृत्त्यारोग्यामुपजनयति, द्रव्यमप्याचारादिश्रुतं साधुक्रिया चाभ्यस्यमाना व्रत- स्थैर्योपपत्तये भवति, भावोऽपि सम्यग्दर्शनादिरूपः प्रागुक्तपदावाप्तये सम्पद्यते भावाचार्यादिपदस्य विशिष्टभावनिमित्तत्वादथवा सर्व्वाण्येव नामा- दीनि सामान्येन कीर्त्यारोग्यमोक्षप्राप्तेः सूचकानि ॥ ९ ॥

આનો ભાવ આ છે કે.... સાન્વર્થનામ તારામાં નામ જેવા ગુણ છે. એમ બોલવા માત્રથી વિદ્વાન અને સામાન્ય માણસો ને પણ શબ્દાર્થની પ્રતીતિ થવાથી તેમનું પણ મન પ્રસન્ન બને છે. જેથી ઘણાં માણસો વડે ગુણો ગવાય તે રૂપ કીર્તિ પ્રગટ થાય છે. જેમ કે - સુધર્મા સ્વામી. ભદ્રબાહુ પ્રશાન્ત વિ. નામો તે નામવાળી વ્યક્તિઓમાં તે તે ગુણ પ્રગટ કરી કીર્તિ ફેલાવે છે; જેમ કે પેલા સુધર્મા સ્વામી ખરેખર સુધર્મા = સુંદર ધર્મનું આચરણ કરનારા છે. સ્થાપના પણ ઓઘોમુહપત્તિ વિ. આકાર રૂપ છે તેઓને ધારણ કરવાથી ભાવ પૂર્વકની પ્રવૃત્તિ થાય છે. જેમ રામવેશ ધારવાથી રાવણમાં રામના ભાવ આવી ગયા; સંયમવેશથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંડરુદ્રાચાર્યના શિષ્યને સંયમ ભાવ જાગ્યો જે આરોગ્યને પેદા કરે છે. દ્રવ્ય આચારંગાદિ શ્રુત અને સાધુ ક્રિયા તેઓનો અભ્યાસ કરવાથી વ્રતમાં સ્થિરતા આવે છે. સમકિત વિ. રૂપ ભાવ પણ ભાવઆચાર્યાદિ પદની પ્રાપ્તિ માટે થાય છે. કારણ તે પદમાં વિશિષ્ટ ભાવ નિમિત્ત છે, અથવા તો બધા જ નામાદિ ચારેય સામાન્યથી કીર્તિ આરોગ્ય મોક્ષપદ પ્રાપ્તિના સૂચક છે. ॥ ૯ ॥

नामादिषु यत्ने कृते दीक्षायां किमागतमित्यत आह ।

**तत्संस्कारदेषा दीक्षा सम्पद्यते महापुंसः ।**

**पापविषापगमात् खलु सम्यग्गुरुधारणायोगात् ॥ १० ॥**

तेषां नामादीनां संस्कारदेषा द्विविधा दीक्षा व्रतरूपा सम्पद्यते महापुंसो दृढप्रतिज्ञस्य, पापमेव विषं तस्यापगमात् खलु अपगमादेव; विषापहारिणी दीक्षेति केषाञ्चित्प्रसिद्धिमनुरुद्ध्येदमुक्तं, सम्यगवैपरीत्येन गुरोः पापाहिगारुडिकस्याचार्यस्य धारणाऽऽयत्तत्वं तेन योगात् सम्बन्धात् ॥ १० ॥

**નામાદિમાં યત્ન કરવાથી દીક્ષામાં શું આવી જવાનું હતું ? એથી કહે છે...**

**ગાથાર્થ** :- નામાદિના સંસ્કારથી દૃઢ પ્રતિજ્ઞાવાળા મહાપુરુષને આ દીક્ષા સંપન્ન બને છે. સારી રીતે ગુરુને આધીન રહેવાથી પાપ રૂપી વિષ દૂર થવાથી દીક્ષા વિષાપહારિણી કહેવાય છે. અથવા પાપ રૂપી વિષ દૂર થવાથી દીક્ષા સંપન્ન બને છે. (પ્રાપ્ત થાય છે.)

**વિશેષાર્થ** :- પાપ રૂપી સાપને વશ કરવામાં ગારૂડિકસમા આચાર્યને અધીન થવાથી આશ્રિતના પાપ દૂર થાય છે. ॥ ૧૦ ॥

दीक्षासम्पत्तौ किं स्यादित्याह

**सम्पन्नायां चास्यां लिङ्गं व्यावर्णयन्ति समयविदः ।**

**धर्मैकनिष्ठतैव हि शेषत्यागेन विधिपूर्वम् ॥ ११ ॥**

सम्पन्नायां च सञ्जातायां चास्यां दीक्षायां लिङ्गं लक्षणं व्यावर्णयन्ति कथयन्ति समयविदः सिद्धान्तज्ञा एतदिति शेषः एतत्क्रियेत्यप्यध्याहार्यं, धर्मैकनिष्ठतैव हि धर्म्ममात्रप्रतिबद्धतैव हि शेषस्यानुपादेयस्य त्यागेन विधिपूर्वं शास्त्रनीत्या ॥ ११ ॥



JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દીક્ષા સંપન્ન થયે છતે શું થાય છે તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** દીક્ષા સંપન્ન થયે છતે સર્વનો ત્યાગ કરી વિધિપૂર્વક ધર્મમાં તત્પર બનવું તેને શાસ્ત્રજ્ઞ પુરુષો સંપન્ન દીક્ષાનાં લિંગ તરીકે વર્ણવે છે. ॥ ૧૧ ॥

अस्यामेव सर्व्वविरतिदीक्षायां क्षान्त्यादियोजनामार्याद्वयेन दर्शयति ॥

**वचनक्षान्तिरिहादौ धर्मक्षान्त्यादिसाधनं ।**

**शुद्धं च तपो नियमाद्यमश्च सत्यं च शौचं च ॥ १२ ॥**

**आकिञ्चन्यं मुख्यं ब्रह्मापि परं सदागमविशुद्धम् ।**

**सर्वं शुक्लमिदं खलु नियमात्संवत्सरादूर्ध्वम् ॥ १३ ॥**

वचनक्षान्तिरागमक्षान्तिरिह दीक्षायामादौ प्रथमं धर्मक्षान्तेरादिसाधनं प्रधानकारणं भवति, इदमुपलक्षणं तेनास्यामादौ वचनमार्द्दवादिकमपिधर्ममार्दवादिकारणं भवतीति द्रष्टव्यं, शुद्धं चाक्लिष्टं च तपो द्वादश भेदं नियमान्निश्चयेन यमश्च संयमश्च सत्यं चाविसंवादनादिरूपं शौचं च बाह्याभ्यन्तरभेदम् ॥ १२ ॥ आकिञ्चन्यं निष्किञ्चनत्वं बाह्याभ्यन्तरपरिग्रहत्यागरूपं मुख्यं निरुपचरितम्, ब्रह्मापि ब्रह्मचर्य्यमप्यष्टादशभेदशुद्धं परं प्रधानं सदागमो भगवद्वचनं तेन विशुद्धं निर्दोषं, सर्वमिदं दशविधमपि क्षान्त्यादि शुक्लं निरतिचारं, खलुशब्दो वाक्यालङ्कारे, नियमान्निश्चयात्संवत्सरादूर्ध्वं, वर्षपर्य्यायव्यतिक्रमे क्रियामलत्यागेन तदुत्तरं शुक्लीभवनस्वभावत्वात् ॥ १३ ॥

**આ સર્વવિરતિ દીક્ષામાં ક્ષાન્તિ વિ. ધર્મોની યોજના કરવા સારુ બે ગાથા દર્શાવે છે...**

**ગાથાર્થ :-** આ દીક્ષામાં વચનક્ષાન્તિ પહેલું - ધર્મક્ષાન્તિનું પ્રધાન કારણ છે. આ ઉપલક્ષણ છે તેથી આમાં વચનની મૃદતા વિ. પણ કારણ બને છે, એમ સમજવું અક્લિષ્ટ તપ, નિશ્ચયથી યમ, સત્ય બાહ્ય અભ્યંતર પ્રકારે શૌચ. નિરૂપચરિત બાહ્ય અભ્યંતર પરિગ્રહના ત્યાગ રૂપ આકિંચન્ય; ભગવાનના વચનથી નિર્દોષ (વિશુદ્ધ) તેમજ પ્રધાન એવું બ્રહ્મચર્ય, નિરતિચાર ૧૦ પ્રકારનો આ ક્ષાન્ત્યાદિ ધર્મ એક વર્ષના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાયમાં પ્રાપ્ત થઈ જાય છે. એક વર્ષમાં ક્રિયાથી મલ ત્યાગ થવાથી આ દશવિધ ધર્મની પ્રાપ્તિ થાય છે, તેના પછી તો દિવસે દિવસે ધર્મ નિર્મલ = શુક્લ બને છે. ॥ ૧૨/૧૩ ॥

अस्यैव दीक्षावतःपूर्व्वोत्तरकालभाविगुणयोगमाह

**ध्यानाध्ययनाभिरतिः प्रथमं पश्चात्तु भवति तन्मयता ।**

**सूक्ष्मार्थालोचनया संवेगः स्पर्शयोगश्च ॥ १४ ॥**

ध्यानं स्थिराध्यवसानरूपं धर्म्यं शुक्लं च, यथोक्तम् "एकालम्बनसंस्थस्य सदृशप्रत्ययस्य च । प्रत्ययान्तरनिर्मुक्तः प्रवाहो ध्यानमुच्यते" । अध्ययनं स्वाध्यायपाठस्तयोरभिरतिरनवरतप्रवृत्तिः प्रथममादौ दीक्षासम्पन्नस्य भवति, पश्चात्तु तन्मयता ध्येयगुणमयत्वं भवति, तथा सूक्ष्माणामर्थानां बन्धमोक्षादीनामालोचनया संवेगो मोक्षाभिलाषः; स्पर्शेन तत्त्वज्ञानेन योगः सम्बन्धश्च भवति ॥ १४ ॥

**આ દીક્ષાવાળાને પૂર્વે અને પછી પ્રાપ્ત થનારા ગુણોનો સંબંધ જોડતા કહે છે...**

**ગાથાર્થ** :- દીક્ષા સંપન્ન થતા પહેલાં ધ્યાન અને સ્વાધ્યાયમાં સતત પ્રવૃત્તિ કરે છે - આસક્તિ જાગે છે. પાછળથી ધ્યેયના ગુણમય બની જાય છે. પછી સૂક્ષ્મ અર્થની વિચારણાથી સંવેગ અને તત્ત્વજ્ઞાનથી સંબંધ થાય છે.

**વિશેષાર્થ** :- એક આલંબનમાં રહેલાને અને સમાન પ્રત્યયવાળાને અન્ય પ્રત્યયથી વેગળો જે પ્રવાહ ચાલે તે ધ્યાન કહેવાય છે. ધ્યાન અને સ્વાધ્યાય કરવામાં સતત રત રહે છે. આમ કરતા ધ્યેય એવા પ્રભુના ગુણમાં ખોવાઈ જવાય છે તે તન્મયતા. બંધમોક્ષ વિ. સૂક્ષ્મ પદાર્થની વિચારણાથી મોક્ષનો અભિલાષ જાગે છે. કારણકે બંધ એ દુઃખનું કારણ છે અને મોક્ષ પરમ સુખનું કારણ છે. આવી વિચારણાથી અને જીવ સુખનો અભિલાષી હોવાથી તેમાં મોક્ષની ઝંખના જાગી જાય છે. પછી ઊંડા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કારણ મોક્ષની ઝંખના જાગી જવાથી પદાર્થને સાચા તત્ત્વરૂપે પકડવાની કલા પેદા થઈ જાય છે. ॥ ૧૪ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

स्पर्शस्य लक्षणं फलातिशयं चाह ।

**स्पर्शस्तत्तत्त्वाप्तिः संवेदनमात्रविदितं त्वन्यत् ।**

**वन्ध्यमपि स्यादेतत्स्पर्शस्त्वक्षेपतत्फलदः ॥ १५ ॥**

तस्य विवक्षितस्य वस्तुनस्तत्त्वमनारोपितं रूपं तस्याप्तिरुपलम्भः स्पर्शः स्पृश्यतेऽनेन वस्तुतत्त्वमिति निरुक्तेः, अन्यत्त्वविदितं कथञ्चिद्वस्तुग्राहित्वेपि प्रमाणपरिच्छेद्यसंपूर्णार्थं (र्था) ग्राहित्वेनानिश्चितं संवेदनमात्रं तत्त्वपरामर्शशून्यमस्पर्शाख्यं ज्ञानमित्यर्थः । वन्ध्यमपि विफलमपि स्यादेतत् संवेदनमात्रं; स्पर्शस्तु स्पर्शः पुनरक्षेपेणाविलम्बेन तत् स्वकार्यं फलं ददाति यः स तथा । अयमनयो स्पर्शान्यज्ञानयोर्विशेषः ॥ १५ ॥

**સ્પર્શનું લક્ષણ અને ફળનો અતિશય બતાવે છે...**

**ગાથાર્થ :-** સ્પર્શ એટલે વસ્તુનાં આરોપ વગરનાં સ્વરૂપનો ખ્યાલ બીજું જ્ઞાન તો પ્રમાણથી અનિશ્ચિત સંવેદન માત્ર છે અને આતો નિષ્ફળ પણ નીવડે. જ્યારે સ્પર્શ તો ટૂંકા ગાળામાં જ ફળ આપનાર હોય છે.

**વિશેષાર્થ :-** વિવક્ષિત વસ્તુનું જે આરોપ વગરનું વાસ્તવિક સ્વરૂપ હોય તેની જાણ થવી તે સ્પર્શ છે. વસ્તુના અમુક સ્વરૂપનો જેના વડે સ્પર્શ થાય તે સ્પર્શ; એના સિવાયનું જ્ઞાન કોઈક પ્રકારે વસ્તુને જણાવે ખરી પણ પ્રમાણથી જાણવા યોગ્ય જે સંપૂર્ણ અર્થ તેનો નિશ્ચય જેનાથી થઈ શકે નહિં; એવું તે જ્ઞાન ખાલી સંવેદન રૂપ જ છે. તત્ત્વપરામર્શ શૂન્ય તે જ્ઞાન અસ્પર્શ નામથી ઓળખાય છે. આ ક્યારેક નિષ્ફળ પણ નીવડે છે. જ્યારે સ્પર્શ તો ટૂંક સમયમાં પોતાનાથી સાધ્ય કે પોતાનું કાર્ય જે ફળ છે તેને આપે છે. ॥ ૧૫ ॥

संवेगस्पर्शयोगेन परिणतदीक्षाभावो यत्करोति तदाह ।

**व्याध्यभिभूतो यद्वन्निर्व्विण्णस्तेन तत्क्रियां यत्नात् ।**

**सम्यक्करोति तद्वद्दीक्षित इह साधुसच्चेष्टाम् ॥ १६ ॥**

व्याधिना कुष्ठादिनाऽभिभूतो ग्रस्तो यद्वत् यथा निर्व्विण्णो निर्वेदं



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ग्राहितस्तेन व्याधिना तस्य व्याधेः क्रियां प्रतिक्रियां यत्नादादरात्करोति, तदाह सम्यगवैपरीत्येन तद्वत्तथा दीक्षित इह प्रक्रमे साधूनां सच्चेष्टां विनयादिरूपाम् ॥ १६ ॥ १२ ॥

**સંવેગ અને સ્પર્શના યોગે પરિણત દીક્ષા ભાવવાળો જે કરે તે કહે છે..**

**ગાથાર્થ :-** વ્યાધિથી ઘેરાયેલો જેમ તે વ્યાધિથી નિર્વેદ પામી તેનાં પ્રતિકાર સ્વરૂપ ક્રિયાને આદરપૂર્વક સારી રીતે કરે છે. તેમ દીક્ષિત સંસાર વ્યાધિથી નિર્વેદ પામી સાધુની વિનયાદી રૂપ ક્રિયાને સારી કીતે કરે ॥ ૧૬ ॥

***॥ ઈતિ દ્વાદશં ષોડશકમ્ ॥***

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# त्रयोदशं गुरुविनय षोडशकम्

दीक्षितः साधुः सच्चेष्टां सम्यक्करोतीत्युक्तं तामेवोपदर्शयति ।

**गुरुविनयः स्वाध्यायो योगाभ्यासः परार्थकरणं च ।**

**इतिकर्त्तव्यतया सह विज्ञेया साधुसच्चेष्टा ॥ १ ॥**

गुरुविनयादिरूपा पञ्चविधा साधूनां सच्चेष्टा शोभनबाह्यव्यापाररूपा विज्ञेया ॥ १ ॥

**સાધુ સચ્ચેષ્ટા સારી રીતે કરે છે એમ કહ્યું તે ક્રિયાઓને જ દર્શાવે છે...**

**ગાથાર્થ** :- ગુરુ વિનય, સ્વાધ્યાય, યોગાભ્યાસ, પરાર્થકરણ અને ઈતિ કર્તવ્યતા સ્વરૂપે આગલ કહેવાતી ક્રિયા સાથેની સાધુ સચ્ચેષ્ટા જાણવી.

**વિશેષાર્થ** :- સાધુ સચ્ચેષ્ટા - સાધુઓનો બાહ્ય સારો વ્યાપાર...॥૧॥

तत्र गुरुविनयस्वरूपमाह

**औचित्याद्गुरुवृत्तिर्बहुमानस्तत्कृतज्ञताचित्तम् ।**

**आज्ञायोगस्तत्सत्यकरणता चेति गुरुविनयः ॥ २ ॥**

औचित्यादूर्ध्वभूमिकापेक्षया गुरुवृत्तिर्गुरुविषयः स्वजन्यवैयावृत्त्यप्रतियोगित्वसम्बन्धेन गुरुवृत्तिर्या बहुमान आन्तरः प्रीतिविशेषो गुणरागात्मा, न महोदयात्, मोहो हि ससङ्गप्रतिपत्तिरूपः शास्त्रे निवार्यते गुरुषु गौतमस्नेहप्रतिबन्धन्यायेन तस्य मोक्षं प्रत्यनुपकारकत्वात्, मोक्षानुकूलस्य तु गुरुभावप्रतिबन्धस्यानिषेधात्ततः सकलकल्याणसिद्धेःस तथा तेषु गुरुषु कृतज्ञताचित्तं यथास्मास्वनुग्रहप्रवृत्तैर्भगवद्भिः स्वखेदमनपेक्ष्य रात्रिन्दिवं महान् प्रयासः शास्त्राध्यापनादौ कृत इति । तथाज्ञया गुरुनिर्देशेन योगः कार्यव्यापकत्वसम्बन्धः सर्वत्र कार्ये गुर्वाज्ञापुरस्कारित्वमितियावत्; सत्यं च तत्करणं च सत्यकरणं तस्याज्ञायोगस्य सत्यकरणं तत्सत्यकरणं तदेव तत्ता स्वार्थे तल् आज्ञाफलसम्पादकत्वमितियावदित्येष सर्वोऽपि गुरुविनयः गुरुप्रीत्यर्थबाह्यव्यापारत्वात् ॥ २ ॥

**ત્યાં ગુરુ વિનયનું સ્વરૂપ બતાવે છે....**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- ઔચિત્યથી ગુરુને વિષે વૈયાવૃત્ય દ્વારા વર્તવું (ગુરુની સેવા ભક્તિ કરવી); આંતર પ્રીતિ રાખવી આ મારા ઉપકારી છે એવી કૃતજ્ઞતા મનમાં રાખવી; ગુરુઆજ્ઞાને આગળ કરવી; આજ્ઞાયોગને સત્ય કરવો આ સર્વ ગુરુ વિનય છે.

**વિશેષાર્થ** :- ઔચિત્ય - ઉંચી ભૂમિકાની અપેક્ષાએ - પોતાના ગુરુ જ ઉંચા વડિલ પદસ્થ હોય તો તે રીતે વૈયાવચ્ચ વિ. કરવું અને મુનિ હોય, તેમનાથી ઉપર બીજા ઊંચા હોય તો તે રીતે વર્તવું. ગુરુ વિનય - સંબંધી - પોતે કરેલી જે સેવા તેનો પ્રતિયોગી ગુરુ એથી ગુરુમાં સ્વજન્ય વૈયાવૃત્ય નિરૂપિત પ્રતિયોગિત્વ ધર્મ આવે તે સંબંધથી ગુરુના વિશે શિષ્ય વર્તે (રહે) છે નહિં કે તેમના ઉપર ચડી બેસવું / અહીં વૈયાવૃત્યકર્મનો શિષ્ય અનુયોગી જન્ય જનક ભાવ સંબંધના આધારે બને કારણ કે તેનાં આધારે સેવા થઈ અને વૈયાવૃત્યનો લક્ષ્ય (સંબંધી) ગુરુ હોવાથી તે પ્રતિયોગી બને છે. અહીં ગુરુ અને વૈયાવૃત્ય વચ્ચે સેવ્ય સેવાભાવ સંબંધ છે, અને તે જે તરફ ઢળે તે અનુયોગી તે સંબંધ પોતાના અનુયોગીમાં જેને ખેંચી લાવે તે પ્રતિયોગી. અહીં વૈયાવૃત્યમાં આ સંબંધથી ગુરુને ખેંચવામાં આવે છે એથી ગુરુ વિશિષ્ટ વૈયાવૃત્ય બને છે; માટે ગુરુ પ્રતિયોગી બને. (કોની સેવા ? તો કહીશું ગુરુની) ગુણના રાગ સ્વરૂપ આંતરપ્રીતિ તે બહુમાન, પણ તે પ્રીતિ મોહજન્ય ન હોવી જોઈએ કારણકે "ગુરુ વિશે ગૌતમનો સ્નેહપ્રતિબંધ તેમનો મોક્ષ અટકાવનારો થયો " આ ન્યાયથી આવો સ્નેહ મોક્ષને પ્રતિઉપકારી નથી, પરંતુ મોક્ષને અનુકૂલ ગુરુભાવ પ્રતિબંધ એટલે ગુરુ પ્રત્યેનો સ્નેહ તેનો નિષેધ નથી, કારણકે તેનાથી સર્વ કલ્યાણની સિદ્ધિ થાય છે. કૃતજ્ઞતાચિત્ત એટલે અમારા ઉપર અનુગ્રહ કરવા પ્રવૃત્ત થયેલા ગુરુ ભગવંતે પોતાની તકલીફને ગણકાર્યા વિના શાસ્ત્ર ભણવા વિ. માટે રાત દિવસ ભારે મહેનત કરી છે.

**આજ્ઞાયોગ** :- જે જે કાર્ય કરે તેમાં ગુરુઆજ્ઞાને આગળ કરવી; પોતે આદરેલા કોઈ પણ કાર્યમાં ગુરુઆજ્ઞાનો અભાવ ન હોવો જોઈએ એટલે આજ્ઞા સાથે કાર્યવ્યાપકતા સંબંધ થયો, કાર્ય સમાનાધિકરણ અત્યંતા-ભાવ અન્ય ભાવનો મળશે પણ ગુરુ આજ્ઞાનો નહિ મળે માટે તે તાદૃશ અત્યંતાભાવનો અપ્રતિયોગી બનવાથી ગુરુઆજ્ઞા કાર્યવ્યાપક થઈ; તેમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાર્યવ્યાપકત્વ સંબંધ આવ્યો. આજ્ઞાયોગને સત્ય કરવો એટલે આજ્ઞા ફળને સંપાદન કરવું એટલેકે આજ્ઞા અનુસારે કાર્ય કરવું. આ સર્વ ગુરુની પ્રીતિ માટે બાહ્ય વ્યાપારરૂપ હોવાથી ગુરુ વિનય કહેવાય છે. ॥ ૨ ॥

स्वाध्यायमाह ॥

**यत्तु खलु वाचनादेरासेवनमत्र भवति विधिपूर्वम् ।**
**धर्मकथान्तं क्रमशस्तत्स्वाध्यायो विनिर्दिष्टः ॥ ३ ॥**

यत्तु-यत्पुनः खलुशब्दो वाक्यालङ्कारे वाचनादेर्वाचनाप्रश्नपरावर्त्तनादेरासेवनमभिव्याप्त्या मर्यादया वा प्रवचनोक्तया सेवनं करणमत्र प्रक्रमे भवति जायते; विधिपूर्वं विधिमूलं धर्मकथान्तं धर्मकथाऽवसानं क्रमशः क्रमेण तदासेवनं स्वाध्यायो विनिर्दिष्टः कथितः, सुष्ठु शोभनं आ = अभिव्याप्त्याऽध्ययनं स्वाध्यायः; स्वं स्वकीयमध्ययनं वा स्वाध्याय इति व्युत्पत्तेः ॥ ३ ॥

**ગાથાર્થ** :- વળી વાચનાદિનું અભિવ્યાપ્તિથી વિધિપૂર્વક સેવન કરવું; તે વાચનાથી માંડી અનુક્રમે ધર્મ કથા સુધીનો બધો સ્વાધ્યાય કહેવાય છે. "આ" અભિવ્યાપ્તિ અર્થમાં છે એટલે કે પ્રવચનમાં ભાખેલી મર્યાદાથી સ્વાધ્યાયાદિ કરવા; આનાથી અકાળે ભણવું ઈત્યાદિ જ્ઞાનાતિચારને દૂર કરવા પૂર્વક ભણવું એનું કથન થઈ જાય છે. ॥ ૩ ॥

योगाभ्यासमाह

**स्थानोर्णार्थालम्बनतदन्ययोगपरिभावनं सम्यक् ।**
**परतत्त्वयोजनमलं योगाभ्यास इति तत्त्वविदः ॥ ४ ॥**

स्थीयते अनेनेति स्थानमासनविशेषः कायोत्सर्गपर्यङ्कबन्धादिरूपः । ऊर्णः शब्दः । अर्थस्तदभिधेयं, आलम्बनं बाह्यो विषयः प्रतिमादिस्तस्मादालम्बनादन्योऽनालम्बन इति यावत्; तेषां परिभावनं सर्व्वतोऽभ्यसनं सम्यक् समीचीनं परं तत्त्वं मोक्षलक्षणं योजयति यत्तत्तथा, एतद् योगाभ्यास इति तत्त्वविदो विदन्ति योगस्य ध्यानरूपस्याभ्यास इति कृत्वा । यदि चित्तवृत्तिनिरोधो योगलक्षणं तदा स्थानादीनां योगाङ्गत्वेपि योगत्वोपचारो, यदि च मोक्षयोजकव्यापारत्वमात्रं तदा नोपचार इति ध्येयम् ॥ ४ ॥

**યોગાભ્યાસ દર્શાવે છે...**



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- સ્થાન, શબ્દ અર્થ આલંબન એટલે બાહ્ય વિષય જે પ્રતિમાદિ તેમજ, તેનાથી અન્ય અનાલંબન આ બધા યોગોની સારી રીતે પરતત્ત્વ રૂપ મોક્ષ સાથે જોડે તે પ્રમાણે પરિભાવના કરવી તેને તત્ત્વજ્ઞાનીઓ યોગાભ્યાસ કહે છે.

**વિશેષાર્થ** :- સ્થાન - કાયોત્સર્ગ પદ્માસન આદિ આસન વિશેષ, શબ્દ, શબ્દથી વાચ્ય તે અર્થ, આલબંન - બાહ્ય વિષય જે મૂર્તિ વિ. અને તેનાથી અન્ય (બાહ્ય વિષય વગરનું) અનાલંબન આ સર્વ યોગો છે, તેઓનો સર્વ પ્રકારે અભ્યાસ કરવો, આ યોગોની પરિભાવના પ્રધાનતત્ત્વ જે મોક્ષ છે તેની સાથે જોડાવનાર છે. છતાં પણ યોગ તરીકેનો ઉપચાર કરી શકાય છે. કેમકે આ પરિભાવના ધ્યાનરૂપ યોગના અભ્યાસ રૂપ છે. જો 'મનોવૃત્તિનો રોધ' તે "યોગ" એવું યોગનું લક્ષણ કરીએ ત્યારે. સ્થાન વિ. પણ મનની એકાગ્રતા માટે કારણ બને છે એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને સ્થાનાદિને યોગ કહી શકાય અને જો મોક્ષ સાથે જોડનાર વ્યાપાર વિશેષ' તે જ યોગ છે, આટલું માત્ર યોગનું લક્ષણ કરીએ ત્યારે ઉપચારની જરૂર નથી કારણ કે મોક્ષ સાથે તો બધા જોડનારાજ છે. ॥ ૪॥

जैनम् साइट JAINSITE .com जैनम् जयति शासनम्

परार्थकरणमाह

**विहितानुष्ठानपरस्य तत्त्वतो योगशुद्धिसचिवस्य ।**

**भिक्षाटनादि सर्व्वं परार्थकरणं यतेर्ज्ञेयम् ॥ ५ ॥**

विहितं शास्त्रोक्तं यदनुष्ठानं तत्परस्य तन्निष्ठस्य तत्त्वतः परमार्थेन योगशुद्धिसचिवस्य विशुद्धमनोवाक्काययोगस्य भिक्षाटनादि आहारैषणादि आदिना वस्त्रपात्रैषणादिग्रहः सर्व्वं निरवशेषमनुष्ठानं यतेः साधोः परार्थकरणं ज्ञेयं; यतिना गृह्यमाणस्याहारवस्त्रपात्रादेर्दातुः पुण्यनिबन्धनत्वेन परोपकारहेतुत्वाद्विशुद्धयोग प्रवृत्तेश्चोचितप्रवृत्तिहेतुसामायिकशक्त्या तदर्थिना नियतत्वादिति द्रष्टव्यम् ॥ ५ ॥

**પરાર્થકરણને બતાવે છે...**

**ગાથાર્થ** :- શાસ્ત્ર વિહિત અનુષ્ઠાન કરવામાં તત્પર પરમાર્થથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગની શુદ્ધિવાળા યતિના ભિક્ષાટનાદિ બધુજ પરાર્થકરણ જાણવું.

**વિશેષાર્થ** :- શાસ્ત્રમાં કહેલા જે અનુષ્ઠાન છે તેને કરવામાં તત્પર; પરમાર્થથી મન, વચન કાયા યોગની વિશુદ્ધિ સહિત એવા સાધુના જે આહારગવેષણા, આદિપદથી - વસ્ત્રપાત્રાદિની ગવેષણા ઈત્યાદિ બધા જ અનુષ્ઠાન પરાર્થકરણ રૂપે જાણવા. મુનિ વડે ગ્રહણ કરાતા આહાર વસ્ત્રપાત્રાદિ દાતાને પુણ્ય બંધનું કારણ બનતા હોવાથી એટલે ભિક્ષાટનાદિ પરોપકારના હેતુ બને છે. વિશુદ્ધ યોગની પ્રવૃત્તિ એટલે શુદ્ધ મનવચનકાયયોગનો વ્યાપાર તે પરાર્થકરણના અર્થી સાથે નિયત છે. અર્થાત્ યોગ શુદ્ધિ હોય તો તેની સાથે પરાર્થકરણ પણ હોય જ એ તાત્પર્ય છે. કારણ સામાયિક (ચારિત્ર) માં એ શક્તિ (તાકાત) છે કે જે ઉચિત પ્રવૃત્તિ કરાવે જ. ઉચિત પ્રવૃત્તિ કરાવે જ એવી સામાયિકની શક્તિ દ્વારા યોગશુદ્ધિ પરાર્થકરણ સંપાદક બને છે, એમ જાણવું... ॥ ૫ ॥

इतिकर्तव्यतामाह

**सर्वत्रानाकूलता यतिभावाव्ययपरा समासेन ।**

**कालादिग्रहणविधौ क्रियेतिकर्त्तव्यता भवति ॥ ६ ॥**

सर्वत्र सर्वस्मिन् कालादिग्रहणविधौ कालस्वाध्यायादिग्रहणाचारे कालविभागप्रतिनियते, क्रिया योगप्रवृत्तिः समासेन सङ्क्षेपेणेतिकर्त्तव्यता भवति, रात्रिन्दिवनियतक्रमशुद्धक्रियासन्तानस्येतिकर्त्तव्यतापदार्थत्वात् । कीदृशी सा ? अनाकूलतयाऽत्वरया यतिभावस्य सामायिकरूपस्याव्ययपराऽव्यपगमनिष्ठा, बहुकालसाध्यक्रियायां त्वरया ह्यप्रमत्तत्वलक्षणो यतिभावो व्येतीत्येतद्विशेषणमुक्तम् ॥ ६ ॥

**ઈતિ કર્તવ્યતાને દર્શાવે છે...**

**ગાથાર્થ** :- કાલ ગ્રહણ લેવા તેમજ સવાધ્યાયાદિ સર્વ આચારમાં ઉતાવળ કર્યા વગર; સામાયિક રૂપ યતિભાવ નાશ ન પામે તેની પૂરી કાળજી રાખવા પૂર્વક યોગની પ્રવૃત્તિ કરવી તે સંક્ષેપથી ઈતિ કર્તવ્યતા છે.

**વિશેષાર્થ** :- જે ક્રિયા કરવામાં ઘણો સમય લાગવાનો હોય તેમાં ઉતાવળ કરવાથી અપ્રમતરૂપ યતિભાવ નાશ પામે છે. માટે "યતિ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવાવ્યયપરા" આ વિશેષણ મૂક્યું છે.... ॥ ૬ ॥

उक्ता साधुसच्चेष्टाऽथ तद्वतोमैत्र्यादिसिद्धिमाह

**इति चेष्टावत उच्चैर्विशुद्धभावस्य सद्यतेः क्षिप्रम् ।**

**मैत्रीकरुणामुदितोपेक्षाः किल सिद्धिमुपयान्ति ॥ ७ ॥**

इत्युक्तप्रकारो चेष्टावतः- प्रवृत्तिमत उच्चैरत्यर्थ विशुद्धयोगस्य - विशुद्धभावस्य सद्यतेरप्रमत्तसाधोः क्षिप्रमचिरेणैव मैत्रीकरुणामुदितोपेक्षाः पूर्वोक्ताश्चतस्रो भावनाः सिद्धिमुपयान्ति सिद्धत्वाख्यं विशेषं लभन्ते किलेत्याप्तागमवादः ॥ ७ ॥

**સાધુ સચ્ચેષ્ટા કહી હવે તેની ચેષ્ટાવાળાને મૈત્રી વિ. ભાવનાથી સિદ્ધિ દર્શાવે છે...**

**ગાથાર્થ** :- ઉપરોક્ત સચ્ચેષ્ટાવાળા અત્યંત વિશુદ્ધ યોગવાળા એવા અપ્રમત્ત યોગીને ટૂંક સમયમાં મૈત્રી કરૂણા મુદિતા, ઉપેક્ષા આ ચાર ભાવના સિદ્ધ થાય છે... કિલ પદ આવું જિનેશ્વરનું વચન છે આવા નિશ્ચયનું સૂચક છે. ॥ ૭ ॥

जैन साइट JAINSITE.com

एतद्गतमेव विशेषमाह

**एताश्चतुर्विधाः खलु भवन्ति सामान्यतश्चतस्रोऽपि ।**

**एतद्भावपरिणतावन्ते मुक्तिर्न तत्रैताः ॥ ८ ॥**

एता मैत्र्याद्याश्चतुर्विधाश्चतुर्भेदाः । खलुर्वाक्यालङ्कारे, भवन्ति सामान्यत सामान्येन चतस्रोऽपि प्रस्तुताः, एतासां भावपरिणतौ विशिष्टस्वरूपलाभेऽन्ते सर्वोत्कर्षे सति मुक्तिर्निर्वृत्तिर्भवति, तत्र मुक्तावेता मैत्र्याद्या न सम्भवन्ति, मुक्तेः संसारिकभावोत्तीर्णरूपत्वात् ॥ ८ ॥

**એમના સંબંધી જે વિશેષ હોય તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- સામાન્યથી ભાવના ચાર પ્રકારની છે. તેઓની ભાવ પરિણતિ થયે છતે મુક્તિ પ્રાપ્ત થાય છે. જ્યાં આ ભાવના હોતી નથી.

**વિશેષાર્થ** :- આ ભાવનાઓ જ્યારે પરાકાષ્ઠાને પામે છે. ત્યારે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપણા હાથમાં મુક્તિ આવી જાય છે. પણ તે વખતે ચારમાંથી એકેય ભાવના નથી હોતી, કારણ કે મુક્તિ તો સાંસારિક ભાવથી પેલેપાર થવા રૂપ છે. જ્યારે આ ભાવનાઓ તો સંસારી જીવોની અપેક્ષાએ રહેલી છે. તથા તે મુક્તિના સાધન છે; સાધ્ય પ્રાપ્ત થયા પછી સાધનની જરૂર રહેતી નથી; જેમ આરોગ્ય પછી દવાની જરૂર રહેતી નથી. ॥ ૮ ॥

उक्तमेव प्रत्येकं चातुर्विध्यं विवृण्वन्नाह ।

उपकारिस्वजनेतरसामान्यगता चतुर्विधा मैत्री ।
मोहासुखसंवेगान्यहितयुता चैव करुणेति ॥ ९ ॥

उपकारी च स्वजनश्चेतरश्च सामान्यं च एतद्गता चतुर्विधा चतुर्भेदा मैत्री भवति । तत्रोपकर्तुं शीलमस्येत्युपकारी, तत्कृतमुपकारमपेक्ष्य या मैत्री लोके प्रसिद्धा सा प्रथमा । स्वकीयो जनो नालप्रतिबद्धादिस्तस्मिन्नुपकारमनपेक्ष्यापि स्वजनबुद्ध्यैव या मैत्री सा द्वितीया । इतर उपकारिस्वजनभिन्नः परिचितो गृह्यते सामान्यस्य पृथग्ग्रहणात्तत्र पूर्वपुरुषप्रतिपन्नसम्बन्धे स्वप्रतिपन्नसम्बन्धे वोक्तनिमित्तद्वयनिरपेक्षा या मैत्री सा तृतीया, सामान्ये सर्वस्मिन्नेव जने परिचितापरिचितसाधारण्येनोक्तनिमित्तत्रयनिरपेक्षा या मैत्री सा चतुर्थी ।

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**દરેક ભાવનાના ચાર પ્રકાર કહ્યા છે તેનું વિવરણ કરતાં કહે છે...**

**ગાથાર્થ** :- ઉપકારી, સ્વજન, પરજન, સામાન્ય તેના આધારે મૈત્રી ભાવના ચાર પ્રકારની છે. મોહ અસુખ સંવેગ, અન્યહિત તેઓ વડે યુક્ત કરૂણા ભાવના ચાર પ્રકારની છે.

**વિશેષાર્થ** :- (૧) **ઉપકારી મૈત્રી** - ઉપકાર કરવાના સ્વભાવવાળો જે ઉપકારી, તેણે કરેલા ઉપકારની અપેક્ષાએ જે એની સાથે મૈત્રી રાખે આવી લોકમાં જે પ્રસિદ્ધ મૈત્રી છે. તે પ્રથમ પ્રકારની જાણવી. **સ્વજન મૈત્રી** - મા બાપના આધારે જે સગાં સંબંધી હોય તેઓના ઉપકારની અપેક્ષા રાખ્યા વિના પણ આ મારા સગા છે. એવી બુદ્ધિથી તેમનો ઉદ્ધાર કરવો આદિ સ્વરૂપ મૈત્રી તે બીજી જાણવી. **પરજન (ઈતર) મૈત્રી** - ઈતર ઉપકારી અને સ્વજનથી ભિન્ન જે પરિચિત વર્ગ; સામાન્યનું અલગ ગ્રહણ કર્યું હોવાથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં ઉપકારી સ્વજન અને બેની અપેક્ષા વગર પૂર્વ પુરુષના પરિચિત કે તેમને વખાણ્યા હોય, અથવા પોતાના પરિચિત તેઓ ઉપર મૈત્રી ભાવ રાખવો તે ત્રીજી. **સામાન્ય મૈત્રી-** પરિચિત હોય કે અપરિચિત હોય બધા ઉપર ઉપકારિ સ્વજન પરિચિત આ ત્રણે નિમિત્તની અપેક્ષા વગર મૈત્રી રાખવી તે ચોથી મૈત્રી ભાવના ॥

मोहश्चासुखं च संवेगश्चान्यहितं च तैर्युता चैव करुणा भवति । मोहोऽज्ञानं तेन युता ग्लानयाचितापथ्यवस्तुप्रदाना- भिलाषसदृशी प्रथमा;ऽसुखं सुखाभावः स यस्मिन् प्राणिन्यस्ति तस्मिन् या लोकसिद्धाहारवस्त्राशयना- सनादिप्रदानलक्षणा सा द्वितीया । संवेगो मोक्षा- भिलाषस्तेन सुखितेष्वपि सत्त्वेषु सांसारिकदुःखत्याजनेच्छया छद्मस्थानां स्वभावतः प्रीतिमत्तया प्रवर्त्तते सा तृतीया । या त्वन्यहितेन प्रीतिमत्ता- सम्बन्धविकलसर्व- सत्त्वहितेन केवलिनामिव भगवतां महामुनीनां सर्वानुग्रह- परानुकम्पा सा चतुर्थी ॥ ९ ॥

**મોહયુતા** :- મોહ એટલે અજ્ઞાન તેનાથી યુક્ત બીમાર માણસ અપથ્ય વસ્તુ વારંવાર માંગતો હોય તેના ઉપર કરુણા આવવાથી (બીચારો માંગે છે તો આપોને) તે વસ્તુ આપવાની ઈચ્છા જાગે તેના જેવી આ પહેલી કરુણા છે... હકીકતમાં આ કરુણા અજ્ઞાન ભરેલી છે. કારણ કરુણા હોવા છતાં ભવિષ્યમાં વધારે નુકશાન થશે તેનો આને ખ્યાલ આવતો નથી માટે. **અસુખ યુતા** - જે પ્રાણીઓને સુખનો અભાવ છે માત્ર દુઃખમાં જ રીબાઈ રહ્યા છે, તે જીવો ઉપર કરુણા લાવી આહાર વસ્ત્ર શયનઆસનાદિ આપવા તે બીજી કરુણા.....**સંવેગ યુતા** - મોક્ષાભિલાપ તેના લીધે સુખી પ્રાણીઓ વિષે પણ સાંસારિક દુઃખ છોડાવાની ઈચ્છાથી છદ્મસ્થોના સ્વભાવથી પ્રીતિ પૂર્વક પ્રવર્તે (કેવલી થયા પછી તો કોઈ આવી પ્રીતિ સંભવતી નથી; માટે છદ્મસ્થોના સ્વભાવથી એમ કહ્યું) **અન્યહિતા યુતા** :- પ્રેમાળ સંબંધ વિના સર્વ પ્રાણીઓના હિત નિમિત્તે કેવલીને જેમ-સગી મા ઉપર પણ સ્નેહ હોતો નથી કે "આ મારી મા છે," પરંતુ બધા ઉપર સમાનભાવ જ હોય છે તેવા સ્વભાવથી મહામુનિ અનુકમ્પામાં તત્પર બને તે અન્ય હિત યુતા કરુણા, એટલે વિવક્ષિત વ્યક્તિની પરિસ્થિતિ જોઈ તેનાં ઉપર કરુણાથી ઉપકાર કરે એવું નહિં પણ તેને સર્વજીવોનો ઉપકાર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાનો સ્વભાવ જ ઘડાઈ ગયો હોય.... ॥ ૯ ॥

**सुखमात्रे सद्धेतावनुबन्धयुते परे च मुदिता तु ।**

**करुणानुबन्धनिर्वेदतत्त्वसारा ह्युपेक्षेति ॥ १० ॥**

सुखमात्रे सामान्येनैव वैषयिकेऽपथ्याहारतृप्तिजनितपरिणामासुन्दरसुखकल्पे स्वपरनिष्ठे प्रथमा मुदिता । सन्-परिणामसुन्दरसुखजननशक्तिमान् हेतुर्यस्य तादृशे हितमिताहारपरिभोगजनितरसास्वादकसुखकल्पे स्वपरगतैहिकसुख-विशेषे द्वितीयाऽनुबन्धो देवमनुजजन्मसु सुखपरम्पराविच्छेदस्तेन युते लोक-द्वयसुखे आत्मपरापेक्षया तृतीया ।

**હવે મુદિતા અને ઉપેક્ષાના પ્રકાર દર્શાવે છે...**

**ગાથાર્થ** :- સુખમાત્રમાં, સદ્હેતુમાં, અનુબન્ધયુક્ત સુખમાં પર - શાશ્વતસુખમાં આનંદ પામવો. એ પ્રમાણે ચાર પ્રકારે મુદિતા ભાવના છે. કરુણા સાર, અનુબંધસાર, તત્ત્વસાર, નિર્વેદસારવાળી એમ ચાર પ્રકારે ઉપેક્ષા ભાવના છે.

**વિશેષાર્થ : સુખમાત્ર** :- અપથ્ય આહારથી તૃપ્તિ થાય પણ તેનું સેવન પરિણામે સારું નહિં એવા સ્વસંબંધી કે પરસંબંધી વૈષયિક સુખમાં આનંદ પામવું તે પહેલી મુદિતા ભાવના એટલે તેવા વૈષયિકસુખવાળા સ્વપરને જોઈ હર્ષ પામવું.

**સદ્હેતુ** :- પરિણામે સુંદર સુખ આપનાર એવા પથ્ય આહારના રસાસ્વાદથી જે સુખ પ્રાપ્ત થાય તેવા સ્વપર સંબંધી ઐહિક સુખમાં હર્ષ તે બીજી. परं-प्रकृष्टं मोहक्षयादिसम्भवं यत्सुखं तस्मिन् चतुर्थी मुदिता । करुणा चानुबन्धश्च निर्वेदश्च तत्त्वं च एतानि सारो यस्याः सा तथेत्यमुना प्रकारेण चतुर्विधोपेक्षा । करुणा मोहयुतकरुणा तत्सारोपेक्षा प्रथमा, यथा कश्चिदातु-रस्य स्वातन्त्र्यादपथ्यं सेवमानस्याहितं जानानोऽपि तन्निवारणमवधीर्योपेक्षां करोति मा भूदनुकम्पाभङ्ग इति ।

**અનુબંધયુક્તા** :- દેવ મનુષ્ય ભવમાં સુખ પરંપરા તૂટે નહિં એવા ઉભયલોકમાં પ્રાપ્ત થતાં સ્વપર સંબંધી સુખમાં આનંદ તે ત્રીજી મુદિતા....



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પર :-** પ્રકૃષ્ટ મોહના ક્ષયાદિથી પ્રાપ્ત થયેલ સુખમાં આનંદ તે ચોથી મુદિતા....

**કરુણાસારા :-** મોહ યુક્ત કરુણા સારવાળી પહેલી ઉપેક્ષા. જેમ કોઈક બીમાર માણસ સ્વતંત્રપણે અપથ્ય ખાતો હોય અને પોતે એનાથી તેને અહિત થશે એવું જાણવા છતાં આને ખાવાની ઈચ્છા છે, એણે આમાં સુખ મળે છે તો શું કામ રોકવો અને રોકીશ તો બિચારાને દુઃખ થશે, એમ વિચારી તેને અપથ્ય સેવતા અટકાવે નહિં.....

**અનુબંધ સારા :-** ફળને સિદ્ધ કરનાર સારા કાર્ય વિષયના પ્રવાહથી પરિણામ સારૂં આવે તેના સારવાળી બીજી જેમ કોઈક આળસ વિ. ના લીધે ધનકમાવું વિ. માં પ્રવૃત્તિ કરતો ન હોય તો તેનો હિતાર્થી તેને કામમાં જોડે પરંતુ વિવક્ષિત કાળે પરિણામે સુંદર એવી કાર્ય પરંપરાને અવગણી મધ્યસ્થભાવ રાખે એટલે કે અમુક ચોક્કસ સમય કામ કરે તો સારૂં પરિણામ આવે, તે ટાણે પેલાને આળસું જાણી જો અત્યારે કહીશ તો માનશે નહિં અને નખરા કરશે; એના સુખમાં ખલેલ પડશે માટે પછી કહીશ અત્યારે રહેવા દો એવી ઉપેક્ષા તે બીજી.

अनुबन्धः फलसिध्यन्तः कार्यविषयः प्रवाहपरिणामस्तत्सारा द्वितीया, यथा कश्चित् कुतश्चिदाल- स्यादेरर्थोर्ज्जनादौ न प्रवर्त्तते तं चाऽप्रवर्त्तमानमन्यदा तद्धितार्थी प्रवर्त्तयति, विवक्षिते तु काले परिणामसुन्दरकार्यसन्तानम-वेक्षमाणो माध्यस्थ्यमवलम्बत इति । निर्वेदो भववैराग्यं तत्सारा तृतीया यथा चतसृषु गतिषु नानाविधदुःखपरम्परामनुभवतो जीवस्य कथञ्चिन्मनु-जदेवगतिषु सर्वेन्द्रियाह्लादकं सुखविशेषमनुपश्यतोऽपि तदसारताकादा-चित्कत्वाभ्यां तस्मिन्नुपेक्षा, तत्त्वं वस्तुस्वभावस्तत्सारा चतुर्थी या मनो-ज्ञामनोज्ञानां वस्तूनां परमार्थतो रागद्वेषानुत्पादकत्वेन स्वापराधमेव मोह-विकारसमुत्थं भावयतः स्वरूपव्यवस्थि- तवस्त्वपराधमपश्यतो बाह्यार्थेषु सुखदुःखहेतुतानाश्रयणान्माध्यस्थ्यमव- लम्बमानस्य भवति ॥ १० ॥

**નિર્વેદ સારા :-** વૈરાગ્યના સારવાળી ત્રીજી. જેમ ચારેગતિમાં વિવિધ જાતના દુઃખને અનુભવનારો જીવ મનુષ્ય કે દેવગતિમાં કાંઈક સર્વ ઈન્દ્રિયને આનંદ આપનાર સુખને જોઈને પણ સુખ અસાર અને થોડા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમય ટકનારા છે એવું જાણી તેવા સુખની ઉપેક્ષા કરે....

**તત્ત્વ સારા** :- વસ્તુ સ્વભાવ સારવાળી ચોથી. મનોજ્ઞ કે અમનોજ્ઞ વસ્તુઓ પરમાર્થથી રાગ દ્વેષના ઉત્પાદક ન હોવાથી મોહ વિકારથી ઉભા થયેલા પોતાના અપરાધને વિચારે છે. અને બધી વસ્તુ પોતપોતાના સ્વભાવે રહેલી છે, એમ જાણી બાહ્ય પદાર્થો ઉપર માધ્યસ્થ ભાવ રાખનારને આ ભાવના હોય છે. એટલે પદાર્થ તો બિચારા પોતાનું જેવું સ્વરૂપ હોય તેવા જ રહેને; હું ફોગટ તેના લીધે રાગ દ્વેષ કરી આત્માને બગાડું છું; જવા દે, હવે મારે આવા ખોટા રાગ દ્વેષ કરવા નથી. ॥ ૧૦ ॥

केषां पुनरेताश्चतस्रो मैत्र्याद्याः परिणमन्तीत्याह ॥

**एताः खल्वभ्यासाक्रमेण वचनानुसारिणां पुंसाम् ।**

**सद्वृत्तानां सततं श्राद्धानां परिणमन्त्युच्चैः ॥ ११ ॥**

एताः प्रागुक्ताः खलु पुनः अभ्यासात्पुनः पुनरावृत्तेः क्रमेणानुपूर्व्या वचनानुसारिणामागमपुरस्कारिणां पुंसां पुरुषाणां सद्वृत्तानां सच्चरित्राणां सततमनवरतं श्राद्धानां श्रद्धायुक्तानां परिणमन्त्यात्मसाद्भवन्त्युच्चैरत्यर्थम् ॥ ११ ॥

**આ મૈત્રી વિ. ચારે ભાવના કયા પંડિતપુરુષનાં કંઠે વરમાળા નાંખે તે બતાવે છે...**

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ગાથાર્થ** :- આ ચારે ભાવના અભ્યાસથી અનુક્રમે આગમને આગળ કરનારા સચ્ચારિત્રવાળા, સતત અખૂટ શ્રદ્ધાવાળા પુરુષોને ઉચ્ચરીતે પરિણમે છે.. ॥ ૧૧ ॥

एतच्च योगारम्भकारब्धयोगान् प्रत्युक्तं, निष्पन्नयोगानां तु चित्तं कीदृशमित्याह ।

**एतद्रहितं तु तथा तत्त्वाभ्यासात्परार्थकार्येव ।**

**सद्बोधमात्रमेव हि चित्तं निष्पन्नयोगानाम् ॥ १२ ॥**

एतद्रहितं तु निर्विकल्पसंस्कारेण मैत्र्यादिभावनानाशात्तद्रहितमेव, तथा - तेन प्रकारेणेतरासम्भविना तत्त्वाभ्यासात्परमार्थाभ्यासात्प्रकृष्टभावनाजनिततद्विप्रमुक्ततत्त्वज्ञानादितरसंस्क-रादित्यर्थः । परार्थकार्येव- परोपकारैकशील-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मेव सद्बोधो-निर्मलज्ञानं तन्मात्रमेव हि शेषदोषरहितं चित्तं निष्पन्नयोगानां, तल्लक्षणं चेदं "दोषव्यपायः परमा च वृत्तिरौचित्ययोगः समता च गुर्व्वी वैरादिनाशोऽथ ऋतम्भरा धीर्निष्पन्नयोगस्य तु चिह्नमेतत्" ॥ पूर्वलक्षणं चैतत् "अलौल्यमारोग्यमनिष्ठुरत्वं गन्धः शुभो मूत्रपूरीषमल्पम् । कान्तिः प्रसादः स्वरसौम्यता च योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ! १ । मैत्र्यादियुक्तं विषयेषु चेतः प्रभाववद्धैर्यसमन्वितं च । द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभो जनप्रियत्वं च तथापरं स्यादिति" ॥ १२ ॥

**આ વાત યોગની ભૂમિકા ને સ્પર્શનારની અપેક્ષાએ કહી પણ જેઓને યોગ નિષ્પન્ન થઈ ચૂક્યા છે. એવા જીવોનું ચિત્ત કેવું હોય તે દર્શાવે છે...**

**ગાથાર્થ :** મૈત્રી વિ. ભાવના વિનાનું તથા પરમાર્થના અભ્યાસથી પરોપકાર કરવાના સ્વભાવવાળું દોષનાં છાંટથી દૂર ફક્ત નિર્મલ જ્ઞાનવાળું સિદ્ધયોગીઓનું ચિત્ત હોય છે.

**વિશેષાર્થ :-** નિર્વિકલ્પ સંસ્કારથી મૈત્ર્યાદિ ભાવનાનો નાશ થતો હોવાથી યોગીનું ચિત્ત તેવી ભાવના વિનાનું હોય છે. અને બીજા યોગીને ન સંભવે તેવા પ્રકારના પરમાર્થના અભ્યાસથી એટલે કે પ્રકૃષ્ટ ભાવનાથી જન્ય તેમજ મૈત્ર્યાદિ ભાવના રહિત એવા તત્ત્વજ્ઞાનથી અર્થાત્ પૂર્વકરતા બીજી જાતના સંસ્કારથી યોગીનું ચિત્ત પરમાર્થકારી બને છે. દોષનાં છાંટાથી દૂર ઉત્તમ આચાર ઔચિત્ય, ઉચ્ચકોટિની સમતા વૈર વિ. નો નાશ ઋતંભરા બુદ્ધિ - વિપર્યાસવિનાની બુદ્ધિ આ નિષ્પન્ન યોગવાળાના ચિહ્ન છે. આની પૂર્વભૂમિકાવાળાનું ચિહ્ન આ છે - વૈષયિક સુખમાં લોલુપતા ન હોય આરોગ્ય. અનિષ્ઠુર, શુભગંધ મૂત્ર અને પુરીષ (વિષ્ટા) અલ્પ હોય. મુખ ઉપર કાન્તિ મનમાં પ્રસન્નતા સ્વરમાં સૌમ્યતા આ યાગે વૃત્તિની પહેલી નિશાની છે.

કોઈ પણ વિષયોમાં જેનું મન મૈત્ર્યાદિભાવના તથા પ્રભાવશાળી ધૈર્યથી યુક્ત હોય, રાગ દ્વેષ વિ. દ્વન્દ્વથી પરાસ્ત થનારું ન હોય, અને પોતાને ધાર્યો લાભ પ્રાપ્ત થતો હોય અને પોતે લોકોને પ્રિય હોય આ યોગ પ્રવૃત્તિની બીજી નિશાની છે. ॥ १२ ॥

अभ्यासक्रमेण मैत्र्यादिपरिणतिर्भवतीत्युक्तं, स कथं शुद्धः केषां च स्यादि-त्याह ।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अभ्यासोऽपि प्राय स्पष्टः प्रभूतजन्मानुगो भवति शुद्धः ।**

**कुलयोग्यादीनामिह तन्मूलाधानयुक्तानाम् ॥ १३ ॥**

अभ्यासोऽपि परिचयोऽपि प्रायो बाहुल्येन प्रभूतजन्मानुगो बहुतरभवानुवृत्तः शुद्धो-निर्दोषो भवति; शतक्षारपुटशोध्यरत्नन्यायेन कुलयोग्यादीनां गोत्रयोगिव्यतिरिक्तानां कुलयोगिप्रवृत्तचक्रप्रभृतीनामिह प्रक्रमे तासां - मैत्र्यादीनां मूलाधानं मार्गानुसारिक्रियाजनितपुण्यानुबन्धिपुण्यलक्षणबीजन्यासस्तद्युक्तानाम् । तत्र गोत्रयोगिनः "सामान्येनोत्तमा भव्याः सर्वत्राद्वेषिणः । कुलयोगिनो "ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये ।" प्रवृत्तचक्रश्च प्रवृत्तरात्रिन्दिवानुष्ठानसमूहा ज्ञेयाः ॥ १३ ॥

**અભ્યાસક્રમથી મૈત્ર્યાદિ પરિણમે છે એમ કહ્યું; તે અભ્યાસ કેવી રીતે શુદ્ધ થાય કોને હોય તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- અભ્યાસ પણ પ્રાયઃકરીને ઘણા જન્મો સુધી અનુસરેલો શુદ્ધ થાય. મૈત્ર્યાદિના મૂળભૂત પુણ્યાનુબંધી પુણ્ય રૂપ બીજના ન્યાસથી યુક્ત હોય એવા કુલયોગી વિ. ને આવો શુદ્ધ અભ્યાસ હોય છે.

**વિશેષાર્થ** :- સો વાર ક્ષારપુટથી શુદ્ધ થવાવાળું રત્ન હોય તો તેનાં ઉપર તેટલી વાર પ્રયોગ કરવો પડે. આથી અભ્યાસ શુદ્ધ કરવા ઘણાં યોગી કુલના જન્મારા લેવા પડે. પણ તે માત્ર ગોત્રયોગી ન હોય. વળી મૈત્ર્યાદિ ભાવનાનું જે મૂળ છે એવું માર્ગાનુસારી ક્રિયાથી પેદા થયેલું પુણ્યાનુંબંધીપુણ્યરૂપ બીજને જેણે પોતાના આત્મામાં વાવ્યું હોય એવા કુલયોગી પ્રવૃત્તચક્રાદિને શુદ્ધ અભ્યાસ હોય છે. ગોત્રયોગી - સામાન્યથી ઉત્તમ ભવ્ય; તેવા પ્રકારના આગ્રહનો અભાવ હોવાથી સર્વત્ર અદ્વેષી ધર્મના પ્રભાવથી ગુરુ દેવ બ્રાહ્મણને પ્રિય, સ્વભાવથી ક્લિષ્ટપાપ વગરના હોવાથી દયાળું, કુશલાનુબંધીભવ્યતાના લીધે વિનીત, ગ્રન્થીભેદનાં કારણે બોધવાળા, ચારિત્રના ભાવ હોવાથી જિતેન્દ્રિય હોય છે. જે યોગીના કુલમાં જન્મ્યા હોય તેના ધર્મને અનુસરનારા હોય તે કુલયોગી. રાત દિવસ અનુષ્ઠાન સમૂહમાં પ્રવૃત્ત જ હોય તે પ્રવૃત્તચક્ર. ॥ ૧૩ ॥

केन प्रकारेण कस्यायमभ्यासः शुद्ध्यतीत्याह ।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अविराधनया यतते यस्तस्यायमिह सिद्धिमुपयाति ।

गुरुविनयः श्रुतगर्भो मूलं चास्या अपि ज्ञेयः ॥ १४ ॥

अविराधनया अपराधपरिहारेण यः पुरुषो यतते प्रयत्नं विधत्ते तस्यायमभ्यास इह प्रक्रमे सिद्धिमुपयाति, आज्ञाभङ्गभीतिपरिणामस्य तथाविधजीववीर्यप्रवर्द्धकत्वादस्या अप्यविराधनाया मूलं-कारणं गुरुविनयः श्रुतगर्भ आगमसहितो ज्ञेयस्तेनाज्ञास्वरूपज्ञानसम्भवात् ॥ १४ ॥

**કેવી રીતે કોને આ અભ્યાસ શુદ્ધ થાય છે તે દર્શાવે છે.**

**ગાથાર્થ :-** દોષ લગાડ્યા વિના જે પુરુષ પ્રયત્ન કરે છે તેને અભ્યાસ સિદ્ધ થાય છે અને આગમ યુક્ત ગુરુ વિનય અવિરાધનાનું મૂળ જાણવું.

**વિશેષાર્થ :-** અરે આમ કરવાથી આજ્ઞાનો ભંગ થશે એવો ભયનો ભાવ (પરિણામ) તેવા પ્રકારના આત્મવીર્યને (પ્રગતિ) વૃદ્ધિ પમાડનાર બને છે અને આજ્ઞાના સ્વરૂપનું જ્ઞાન આગમ સહિત ગુરુ વિનયથી પ્રાપ્ત થાય છે. માટે વિરાધનાથી બચવાનું મૂલ કારણ આગમ સહિત ગુરુવિનય છે. ॥ ૧૪ ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

गुरुविनयस्य किं मूलमित्याह ॥

सिद्धान्तकथा सत्सङ्गमश्च मृत्युपरिभावनं चैव ।

दुष्कृतसुकृतविपाकालोचनमथ मूलमस्यापि ॥ १५ ॥

सिद्धान्तकथा स्वसमयप्रवृत्तिः सत्सङ्गमश्च सत्पुरुषसङ्गश्च मृत्योः परिभावनं चैव सर्वदा सर्वंकषत्वादिरुपेण दुष्कृतानां पापानां सुकृतानां च पुण्यानां यो विपाकोऽनुभवस्तदालोचनं तद्विचारणं हेतुफलभावद्वारेणाथानन्तरं मूलं कारणमस्यापि गुरुविनयस्य सर्वमेतत्समुदितं, एतदर्थसिद्धेर्गुरुविनयमूलत्वात् ॥ १५ ॥

**ગુરુવિનયનું મૂળ શું છે તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** આગમમાં પ્રવૃત્તિ, સત્સંગમ, મૃત્યુની પરિભાવના, દુષ્કૃત સુકૃતના વિપાકની વિચારણા, આ ગુરુ વિનયનું મૂળ કારણ છે....

**વિશેષાર્થ :-** આગમમાં પ્રવૃત્તિ કરવાથી; ઉત્તમ પુરુષના ચરિત્રના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માધ્યમથી ગુરુ વિનયનો મહિમા જાણવા મળે. સંતના સમાગમ પણ તથા પ્રકારના ગુરુવિનયને શિખવાડે છે. મરણતો એક દિવસ ચોક્કસ આવવાનું છે, તેના ડરથી ગુરુવિનય કરવાનું મન થાય. દુષ્કૃતનો વિપાક દુર્ગતિમાં રીબાવે છે. અને સુકૃત સ્વર્ગના સુખ ચખાડે છે. તેની વિચારણાથી ગુરુવિનય કરવા આત્મા તત્પર બને છે. વળી આ બધાનો સમુદાય ગુરુવિનયનું કારણ છે. તેમજ ગુરુ વિનય આ અર્થોની સિદ્ધિનું મૂળ છે. ॥ ૧૫ ॥

अस्यैव सर्वस्यादेयतामुपदर्शयन्नाह ।

**एतस्मिन् खलु यत्नो विदुषा सम्यक् सदैव कर्त्तव्यः ।**

**आमूलमिदं परमं सर्वस्य हि योगमार्ग्गस्य ॥ १६ ॥**

एतस्मिन् खल्वस्मिन्नेव प्रागुक्ते सिद्धान्तकथादौ यत्न आदरो विदुषा-सुधिया सम्यक्-समीचनः सदैव कर्त्तव्य आमूलमभिव्याप्त्या कारणमिदं सिद्धान्तकथादि परमं प्रधानं सर्वस्य हि यतो योगमार्गस्य ॥ १६ ॥१३ ॥

जैन साईट JAINSITE

**આ સર્વનો (સ્વીકાર) આદર કરવો જ જોઈએ તે બતાવે છે....**

**ગાથાર્થ** :- પૂર્વે કહેલ સિદ્ધાંતાદિમાં આદર વિદ્વાનોએ સારી રીતે કરવો જોઈએ; કારણ કે આ સિદ્ધાંત કથાદિ સર્વ યોગમાર્ગનું મૂળ = પ્રધાન કારણ છે. ॥ ૧૬ ॥

***॥ ઈતિ ત્રયોદશં ષોડશકમ્ ॥***



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# चतुर्दशं योगभेद षोडशकम्

आमूलमिदं योगमार्गस्येत्युक्तं, तत्र कतिविधि योग इत्याह ॥

**सालम्बनो निरालम्बनश्च योगः परो द्विधा ज्ञेयः ।**

**जिनरूपध्यानं खल्वाद्यस्तत्तत्त्वगस्त्वपरः ॥ १ ॥**

सहालम्बनेन चक्षुरादिज्ञानविषयेण प्रतिमादिना वर्त्तत इति सालम्बनो, निरालम्बनश्चालम्बनाद्विषयभावापत्तिरूपान्निष्क्रान्तो यो हि छद्मस्थेन ध्यायते न च स्वरूपेण दृश्यते योगो ध्यानविशेषः परः प्रधानो द्विधा ज्ञेयः; जिनरूपस्य समवसरणस्थस्य ध्यानं चिन्तनं, खलुशब्दो वाक्यालङ्कारे आद्यः प्रथमो योगः सालम्बनः; तस्यैव जिनस्य तत्त्वं केवलजीवप्रदेशसङ्घातरूपं केवलज्ञानादि- स्वभावं तस्मिन् गच्छतीति तत्तत्त्वगः तुरेवकारार्थेऽपरो द्वितीयः; शुद्ध- परमात्मगुणध्यानं निरालम्बनमित्यर्थः ॥ १ ॥

**યોગ માર્ગનું આ મૂળ છે એમ કહ્યું. તેમાં યોગ કેટલા પ્રકારનો તે જણાવે છે...**

**ગાથાર્થ** :- સાલંબન અને નિરાલંબન એમ યોગ બે પ્રકારનો છે; જિનેશ્વરનાં રૂપનું ચિંતન તે પહેલો યોગ છે અને માત્ર આત્મસ્વભાવના વિષયવાળો તે બીજો યોગ છે.

**વિશેષાર્થ** :- આંખ વગેરેના જ્ઞાનના વિષયભૂત પ્રતિમાદિરૂપ આલંબન સાથે વર્તનારો યોગ સાલંબન યોગ. સમવસરણમાં બિરાજમાન અતિશયોથી શોભતા એવા પરમાત્માના રૂપની વિચારણા કરવી તે. ઈન્દ્રિયોના વિષયોથી દૂર રહેલ માત્ર જીવ પ્રદેશના સંઘાતરૂપ કેવલજ્ઞાનાદિ સ્વભાવ તરફ જ જે ધ્યાન ઢળતું હોય; જે સ્વરૂપથી દેખાતું ન હોય એવું છદ્મસ્થો જે ધ્યાન ધરે છે તે નિરાલંબન યોગ જાણવો. એટલે શુદ્ધ પરમાત્મગુણનું ધ્યાન તે નિરાલંબન યોગ છે. ॥ ૧ ॥

कथं पुनः जिनरूपं ध्यातव्यमित्याह ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अष्टपृथग्जनचित्तत्यागाद्योगिकुलचित्तयोगेन ।
जिनरूपं ध्यातव्यं योगविधावन्यथा दोषः ॥ २ ॥

अष्ट च तानि पृथग्जनचित्तान्ययोगिमनांसि तेषां त्यागात् योगिकुलस्य योगिपारम्पर्य्यस्य चित्तं-मनस्तद्योगेन तदभ्युपगमेन परमात्मस्वरूपं ध्यातव्यं योगविधौ ध्यानाचरेऽन्यथा दोषोऽपराधो, निरपेक्षवृत्तौ मानसातिचारस्यापि भङ्गरूपत्वात् ॥ २ ॥

**જિનેશ્વરના રૂપનું ચિંતન કેવી રીતે કરવું તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** આઠ પ્રકારના અયોગી મનનો ત્યાગ કરી, યોગી કુલના ચિત્તને સ્વીકારી પરમાત્મ સ્વરૂપ વિચારવું જોઈએ. નહિં તો ઉલ્ટો ધ્યાન વિધિમાં દોષ લાગે છે. કારણકે નિરપેક્ષ વૃત્તિમાં માનસિક અતિચાર પણ ભંગ રૂપ માનેલ છે. ॥ ૨ ॥

तान्येव त्याज्यान्याष्टौ चित्तान्याह ।

खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गैः ।
युक्तानि हि चित्तानि प्रबन्धतो वर्जयेन्मतिमान् ॥ ३ ॥

खेदः पथिपरिश्रान्तवत्पूर्वक्रियाप्रवृत्तिजनितमुत्तरक्रियाप्रवृत्तिप्रतिबन्धकं दुःखं । उद्वेगः कष्टसाध्यताज्ञानजनितमालस्यं यद्वशात्कायखेदाभावेऽपि स्थान-स्थितस्यैव क्रियां कर्तुमनुत्साहो जायते, कुर्वाणोऽपि ततो न सुखं लभत इति ।

**તજવાયોગ્ય આઠ ચિત્ત દર્શાવે છે...**

**ગાથાર્થ :-** ખેદ ઉદ્વેગ ક્ષેપ, ઉત્થાન ભ્રાન્તિ અન્યમુદ્ રુગ્ અને આસંગથી યુક્ત ચિત્તોને બુદ્ધિશાળીએ કમરકસીને વર્જવા જોઈએ.

**વિશેષાર્થ : ખેદ :-** જેમ માર્ગમાં થાકેલો આગળ જવાનું મન કરતો નથી. તેમ પૂર્વ ક્રિયાની પ્રવૃત્તિથી જન્મેલ આગળની ક્રિયામાં પ્રવૃત્તિને રોકનાર એવું જે માનસિક દુઃખ..(થાક).

**ઉદ્વેગ :-** આ કામ કરતાં ઘણી મહેનત પડશે આવા જ્ઞાનથી ઉભી થયેલી આળસના લીધે કાયાના ખેદનો અભાવ હોવા છતાં પણ સ્થાને જ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેલાને ક્રિયા કરવાનો ઉત્સાહ જ ન જાગે, કંટાળો આવે કામ કરવા છતાં પણ તેમાં આનંદ ન આવે.

**ક્ષેપ** :- વચ્ચે વચ્ચે મન બીજે જતું રહે છે તે....

क्षेपोऽन्तरान्तरान्यत्र चित्तन्यासः । उत्थानं चित्तस्याप्रशान्तवाहिता मदनप्रभृतीनामुद्रेकान्मदा- वष्टब्धपुरुषवत् । भ्रान्तिरतस्मिंस्तदग्रहरूपा शुक्तौ रजताध्यारोपवत् । 'अन्य- मुत् प्रकृतकार्यान्यकार्यप्रीतिः । रुग्-रोगः पीडा भङ्गो वाऽसङ्गः प्रकृतानुष्ठाने विहितेतरानुष्ठानप्रीत्यतिशयितप्रीतिः, एतैर्युक्तानि हि सम्बद्धानि हि चित्ता- न्यष्ट प्रबन्धतः प्रवाहेन वर्ज्जयेत्परिहरेन्मतिमान् बुद्धिमान् ॥ ३ ॥

**ઉત્થાન** :- અભિમાનથી અક્કડ બનેલ પુરુષની જેમ કામ-મદન વિ. ના ઉદ્રેકથી મન અપ્રશાંત રહે તે....

**ભ્રાન્તિ** :- શુક્તિમાં (છીપમાં) ચાંદીના ભ્રમની જેમ જે વસ્તુ જે રૂપે નથી તેમાં તે રૂપનું જ્ઞાન કરવું...

**અન્યમુદ્** :- પ્રસ્તુત કાર્યથી અન્ય કાર્યમાં પ્રીતિ રાખવી. એટલે લોગસ્સ બોલતો હોય તે વખતે સ્તવનની વિચારણા કરી ખુશ થવું કે વારંવાર તે સ્તવના તરફ જ મન જાય તે...

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**રુગ્** :- રોગ પીડા કે ભંગ....

**આસંગ** :- પ્રકૃત અનુષ્ઠાનમાં વિધાન કરાયેલ અન્ય અનુષ્ઠાનમાં જેટલી પ્રીતિ હોય તેથી અતિશય પ્રીતિ રાખવી. જેમકે મને પ્રભુ પૂજા બહુ ગમે છે. આપણને તો સામાયિક સ્વાધ્યાય વિ.માં આટલી બધી મજા આવતી નથી. એટલે કે સામાયિક કરતાં પૂજામાં વધારે રચ્યો પચ્યો રહે. આ દોષોથી યુક્ત ચિત્તને પ્રયત્ન પૂર્વક તજવા જોઈએ, એટલે કે આવા દોષોને પાસે જ આવવા ન દેવા ॥ ૩ ॥

उक्तानेव खेदादींश्चित्तदोषान् फलद्वारेणोपदर्शयन्नाह ॥

**खेदे दाढर्याभावान्न प्रणिधानमिह सुन्दरं भवति ।**

**एतच्चेह प्रवरं कृषिकर्मणि सलिलवज्ज्ञेयम् ॥ ४ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

खेदे चित्तदोषे सति दार्ढ्याभावात् क्रियासमाप्तिव्यापिस्थैर्याभावान्न प्रणिधानमैकाग्र्यमिह प्रस्तुते योगे सुन्दरं प्रधानं भवति । एतच्च प्रणिधानमिह योगे प्रवरं प्रधानं फलासाधारणकारणमित्यर्थः; कृषिकर्मणि धान्यनिष्पत्तिफले सलिलवज्जलवद् ज्ञेयम् ॥ ४ ॥

**ખેદાદિ ચિત્ત દોષોને ફળ દ્વારા વિવરણ કરતા કહે છે. એટલે કયો દોષ કેવું ફળ આપનાર છે તે દર્શાવે છે....**

**ગાથાર્થ :-** ખેદ આવ્યે છતે દ્રઢતાનો અભાવ થવાથી યોગમાં પ્રધાન એવી જે એકાગ્રતા તે આવતી નથી. ખેતી કામમાં પાણીની જેમ યોગમાં પ્રણિધાન ઘણું મહત્ત્વનું જાણવું.

**વિશેષાર્થ :-** દાર્ઢ્યાભાવ-ક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્થિરતા રાખવી તે દાઢર્ય તેનો અભાવ. પ્રધાન- આસાધારણ કારણ - એટલે કે તેના વિના તે કાર્ય થઈ જ ન શકે. કૃષિકર્મણિ - ધાન્યની પેદાશ રૂપ ફળમાં. ॥ ૪ ॥

**उद्वेगे विद्वेषाद्विष्टिसमं करणमस्य पापेन ।**

**योगिकुलजन्मबाधकमलमेतत्तद्विदामिष्टम् ॥ ५ ॥**

उद्वेगे चित्तदोषे जाते विद्वेषाद्योगविषयादस्य योगस्य कथञ्चित्करणं विष्टिसमं राजविष्टिकल्पं पापेन दासप्रायत्वहेतुभूतेन एतच्चैवंविधं करणं योगिनां कुले यज्जन्म तस्य बाधकम् । उद्विग्नः क्रियाकर्त्ता योगिकुलजन्मापि जन्मान्तरे न लभ्यत इति कृत्वाऽलमत्यर्थं तद्विदां योगविदामिष्टमभिमतम् ॥५॥

**ગાથાર્થ :-** ઉદ્વેગ જાગ્યે છતે યોગ પ્રત્યે દ્વેષ થવાથી વેઠિયાની માફક જેમ તેમ યોગને કરે ખરો; પણ ઉલ્ટા તે પાપથી-દાસને છાજે તેવા કાર્યથી યોગિ કુળમાં ફરી જન્મ મળતો નથી. પણ યોગને જાણનારાઓને તે ઘણું જ ઈષ્ટ છે. કારણકે આવા ઉદ્વિગ્ન માણસો યોગિકુળનું નામ બગાડે તેના કરતા તે કુલમાં ન જન્મે તે સારું જ છે.

**વિશેષાર્થ :** રાજાની સેવા માટે રાખેલ નોકર પૈસા ખાતર જેમ તેમ કરવા પુરતું કામ કરે ખરો પણ વ્યવસ્થિત કરવાની લાગણી હોતી નથી તે રાજવિષ્ટિ. ॥ ૫ ॥



जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**क्षेपेऽपि चाप्रबन्धादिष्टफलसमृद्धये न जात्वेतत् ।**

**नासकृदुत्पाटनतः शालिरपि फलावहः पुंसः ॥ ६ ॥**

क्षेपेऽपि चित्तदोषेऽप्रबन्धाच्चित्तस्य शिथिलमूलत्वादिष्टफलस्य योगनिष्पत्तिरूपस्य समृद्धयेऽभ्युदयाय न जातु कदाचिदेतत्करणं भवति । अत्र दृष्टान्तमाह । न असकृदनेकश उत्पाटनात् उत्खननाच्छालिरपि धान्यविशेषः फलावहः फलप्रदः पुंस पुरुषस्य भवति ॥ ६ ॥

**ગાથાર્થ :-** ક્ષેપ દોષમાં ચિત્તનું મૂળ ઢીલું રહેવાથી આ યોગની પ્રવૃત્તિ ક્યારેય પણ ધાર્યા ફળની સમૃદ્ધિ માટે બની શકતી નથી. જેમ - વારંવાર ઉખેડવાથી ડાંગરનો છોડ-શાલિ/ધાન્ય પણ પુરુષને ફળ (પૂર્ણ પાક) આપનારો બનતો નથી. ॥ ૬ ॥

**उत्थाने निर्वेदात्करणमकरणोदयं सदैवास्य ।**

**अत्यागत्यागोचितमेतत्तु स्वसमयेऽपि मतम् ॥ ७ ॥**

उत्थाने चित्तदोषे सत्यप्रशान्तवाहितया निर्वेदाद्धेतोःकरणं ? निष्पादनमायतिमाश्रित्याऽकरणस्यैवोदयो यस्मिंस्तत्तथा, सदैवास्य योगस्य, किदृशं तत्करणं ? अत्यागमशक्यत्यागं बाह्यप्रतिज्ञाभङ्गस्य लोकापवादहेतुत्वात्तस्य च दुःसहत्वात्तथा त्यागायोचितं योग्यमप्रशान्तवाहितादोषविषमिश्रितत्वादेतत्त्वेतत्पुनः करणं स्वसमयेऽपि स्वसिद्धान्तेपि मतमभीष्टम्,

**ગાથાર્થ :-** ઉત્થાન દોષ હોતે છતે નિર્વેદના લીધે હંમેશા યોગનું કરવું પણ ભવિષ્યમાં ન કરવાના વિપાકને જગાડનાર છે. આવું કરવું તે "ત્યાગ ન કરી શકાય છતાં ત્યાગ કરવા યોગ્ય છે." એવું આપણા શાસ્ત્રમાં પણ માનેલું છે.

**વિશેષાર્થ :-** મગજ કામ વિ. ના વિચારોમાં મસ્ત હોવાથી અશાંત - અસ્વસ્થ બને એથી જે કાંઈ પોતે અત્યારે પ્રવૃત્તિ કરે તેનાથી પોતે એટલો ઉબકી જાય છે કે જેથી ભવિષ્યમાં તે બિલ્કુલ કરવાનું છોડી દે છે. એટલે ભાવિમાં ચારિત્રજ ન મળે, જેમ ભવદેવના ભવમાં નિર્વેદથી સંયમ પાળવાથી શિવભૂતિના ભવમાં ચારિત્ર પ્રાપ્ત ન થયું. આ કરણને ગ્રંથકારે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે અત્યાગ ત્યાગોચિત વિશેષણ આપ્યું છે તે બરાબર છે. કારણકે પોતે જે પ્રતિજ્ઞાવહન કરવાનો ભાર ઉપાડ્યો છે તે પ્રતિજ્ઞા તોડે તો લોકમાં હલકાઈ દેખાય તેવો લોક-અપવાદ સહન કરવો મુશ્કેલ છે. એટલે વ્રત પાળે તો ખરો અર્થાત્ તે છોડી દેવું શક્ય નથી. અને તે વ્રત (પ્રતિજ્ઞા) દુઃખે સહન કરી શકાતું હોવાથી તેમજ અપ્રશાન્તવાહિતા દોષ રૂપ વિષથી મિશ્રીત હોવાથી તે વ્રતનો ત્યાગ કરવો (યોગ્ય છે), એવું આપણા પ્રવચનમાં પણ અભીષ્ટ છે.

अत एव गृहीतदीक्षस्य सर्वथा मूलोत्तरगुण- निर्वहणाभावे विधिना सुश्रावकाचारग्रहणमुपदिश्यते, अत्यागं कथञ्चिदुपादे- यत्वात् त्यागोचितं च दोषत्वादिति व्याख्यायां तु भावविशेषकृतगुणदोष- तुल्यभावो द्रष्टव्य, इत्थमेव संविग्नपाक्षिकादिव्यवस्थासिद्धेरिति दिग् ॥७ ॥

એથી જ તો જે દીક્ષિત સર્વ પ્રકારે કોઈ પણ હિસાબે મૂલોત્તર ગુણનું પાલન કરે નહિં તેણે વિધિપૂર્વક સુશ્રાવકના આચાર ગ્રહણ કરવા જોઈએ એવી ભલામણ કરેલ છે 'કથંચિત ઉપાદેય હોવાથી ત્યાગ ન કરવો, દોષ હોવાથી ત્યાગ ને ઉચિત છે' આવી વ્યાખ્યા કરીએ તો ભાવ વિશેષથી ગુણ દોષનો તુલ્યભાવ જાણવો એટલે સંવિગ્ન પાક્ષિક પોતે આચારનું પાલન ન કરે તે દોષ છે, પણ તેનો ભારોભાર બળાપો હોય તે ગુણ....આવો પશ્ચાતાપનો ભાવ દોષને તુલ્ય ગુણની પ્રાપ્તિ કરાવી આપે છે અને આજ વ્યાખ્યા પ્રમાણે જ તો સંવિગ્ન પાક્ષિક વિ.ની વ્યવસ્થા સંભવી શકે છે. એટલે આચરણ ન કરવા છતાં તેનું દુઃખ હોય તે સંવિગ્ન પાક્ષિક. જેણે આવું (દુઃખ) બળાપો પણ ના હોય તે અસંવિગ્ન પાક્ષિક - પાર્શ્વસ્થ વિ. દુષ્ટ સાધુ જાણવા; આવી વ્યવસ્થા થઈ શકે. નહિં તો સંવિગ્ન પાક્ષિક પણ પાર્શ્વસ્થ વિ. માં ખપી જવાથી સંવિગ્ન પાક્ષિક ભેદ જ પ્રવચનમાં ન રહેત.... ॥ ૭ ॥

**भ्रान्तौ विभ्रमयोगान्न हि संस्कारः कृतेतरादिगतः ।**

**तदभावे तत्करणं प्रक्रान्तविरोध्यनिष्टफलम् ॥ ८ ॥**

भ्रान्तौ चित्तदोषे सति विभ्रमस्य मनोवैकल्यस्य योगात्सम्बन्धान्नहि नैव संस्कारो वासनाविशेषः कृतेतरादिगतः 'इदं मया कृतमितरदकृतमादि-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

शब्दादिदं मयोच्चरितमिदमनुच्चरितमेतद्गत एतद्विषयः विपरीतसंस्कारेण सत्यसंस्कारनाशात् । तदभावे कृतेतरादिसंस्काराभावे तस्य प्रस्तुतस्य योगस्य करणं प्रक्रान्तस्य योगस्य विरोध्यनिष्टफलमिष्टफलरहितं, कृतेतरादिसङ्कलन-सहितक्रियाया एवेष्टफलहेतुत्वात् । अथ यत्रोपेक्षयैव कृताकृतसंस्काराभावो न तु भ्रान्त्या तत्र कोऽयं दोष इति चेन्न भ्रान्तेरुपेक्षाया अप्युपलक्षण-त्वात् ॥ ८ ॥

**ગાથાર્થ :-** ભ્રાન્તિનું ભૂત મગજ ઉપર સવાર થયે છતે વહેમના લીધે કરેલા કે નહિં કરેલા આચરણના સંસ્કાર પડતા નથી. અને સંસ્કારના અભાવે તે યોગનું આચરણ પ્રસ્તુત યોગનું વિરોધી તેમજ ઈષ્ટ ફળ આપનારું બનતું નથી....

**વિશેષાર્થ :-** આદિપદથી મન ઠેકાણે રાખ્યા વગર બોલવાથી પોતે શું બોલ્યું અને શું બોલવાનું બાકી છે, એનો પણ ખ્યાલ રહેતો નથી, કારણ કે મગજ બીજે ભમતું હોય ત્યારે જે નથી કર્યું તેના વિશે મેં તો આ કરી લીધું છે અને જે કર્યું છે તેના વિશે આતો નથી કર્યું એવો વહેમ જાગતો હોવાથી તે વિષયના સંસ્કારથી સત્ય સંસ્કાર નાશ પામી જાય છે. આવા સત્ય સંસ્કારના અભાવે યોગનું શુદ્ધ આચરણ ન થવાથી, તેનું આચરણ પ્રસ્તુત યોગનું વિરોધી બને અને મેં આ પ્રમાણે કરી લીધું હવે મારે આ કરવાનું બાકી છે આવાં સત્ય સંસ્કાર યુક્ત ક્રિયાજ ઈષ્ટફળ આપનારી છે માટે. તેમજ આતો ધ્યાનની વાત છે તેમાંતો સહેજ પણ બીજે મન ગયુ કે લિંગ = અંખડ વહેણ ટૂટી જવાથી ધ્યાનનું ફળ મળી શકતું નથી. અને વળી મનની એકાગ્રતા = જે સંબંધી પ્રવૃત્તિ થતી હોય તેનો પૂરે પૂરો ખ્યાલ એ **ધ્યાન** છે. અને જે સંબંધી પ્રવૃત્તિ થતી હોય છતા તેમાં વહેમ રહે તે **ભ્રાન્તિ** છે. એમ બન્ને પરસ્પર વિરોધી છે. કહ્યું છે કે "ધ્યાન યોગ ત્રિલોકમાં નિજસમ આત્મ જાણ, નિશ્ચયથી જિનવર કહે તેમાં ભ્રાન્તિ ન આણ." જો કે ઉપેક્ષાથી જ કર્યું ના કર્યું ના સંસ્કારનો અભાવ શક્ય છે. એટલે તેમાં ભ્રાન્તિનો કંઈ દોષ નથી, એ વાત સાચી પણ ભ્રાન્તિ ઉપેક્ષાનું ઉપલક્ષણ હોવાથી ભ્રાન્તિ દ્વારા તેનું ગ્રહણ કરી શકાય છે. ॥ ૮ ॥

**अन्यमुदि तत्र रागात्तदनादरताऽर्थतो महापाया ।**

**सर्वानर्थनिमित्तं मुद्विषयाङ्गारवृष्ट्याभा ॥ ९ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अनुष्ठियमानादन्यत्र मुत्प्रमोदस्तस्यां सत्यां तत्रान्यस्मिन् रागादभिलाषातिरेकात्तदनादरऽनुष्ठीयमानानाद्रियमाणताऽर्थतः सामर्थ्यात्तत्क्रियाकालेऽन्यरागस्य तद्रागाक्षेपकत्वात्सा च तदनादरता महापाया महाधर्मविघ्नवती, तथा सर्वेषामनर्थानां निमित्तं,

**ગાથાર્થ** :- આચરણ કરાતા અનુષ્ઠાનથી બીજા અનુષ્ઠાનમાં હર્ષ જાગતા તેનો જ રાગ થવાથી અનુષ્ઠીયમાન અનુષ્ઠાનનો અનાદર થયો કહેવાય; સામર્થ્યથી તે અનાદરતા સર્વ અનર્થના નિમિત્ત ભૂત તેમજ ભારેખમ વિઘ્નને જગાડનારી છે અને હર્ષના વિષયભૂત જે ઈતર અનુષ્ઠાનોમાં અંગારાની વૃષ્ટિ સરખી છે.

**વિશેષાર્થ** :- બીજામાં હર્ષ જાગતા તેના ઉપર રાગનો અતિરેક થવાથી મૂળ ક્રિયાનો અનાદર થાય છે. સામર્થ્યથી તે ક્રિયા કાળે અન્ય ક્રિયાનો રાગ જાગે તે રાગ મૂળ ક્રિયાસંબંધી રાગને દૂર હટાવનાર હોવાથી અનાદર થયો કહેવાય. તે અનુષ્ઠાનની અનાદરતા ધર્મમાં મહાન વિઘ્નને ઉભા કરનારી છે. તથા સર્વ અનર્થોનું નિમિત્ત છે. થોડો માત્ર પણ વિહિત અનુષ્ઠાનનો અનાદર દુરન્ત સંસારનો હેતુ છે. માટે અનુષ્ઠીયમાન = કરાતા અનુષ્ઠાનનો અનાદર દોષ રૂપ છે.

लेशतोऽपि विहितानुष्ठानाना- दरस्य दुरन्तसंसारहेतु- त्वात्तदनादरदोषेऽप्यन्यादरगुणात्तुल्यायव्ययत्वमित्या- शङ्कायामाह । मुद्विषये इतरानुष्ठानऽङ्गारवृष्ट्याभाङ्गारवृष्टिसदृशी । अकाल- रागस्य तत्फलोपघातकत्वादितिभावः । इयं चान्यमुत्सुन्दरेष्वपि शास्त्रोक्तेषु चैत्यवन्दनस्वाध्यायादिषु श्रुतानुरागाच्चैत्यवन्दनादिकरणवेलायामपि तदनाद्रियमाणस्य तदुपयोगाभावेनेतरासक्तचित्तवृत्तेः सदोषा । नहि शास्त्रोक्तयोरनुष्ठानयोरयं विशेषोऽस्ति यदेकमादरणीयमन्यत्तु नेति ॥ ९ ॥

**(શંકા :-)** છતાં અન્ય અનુષ્ઠાનનો આદર ગુણરૂપ હોવાથી લાભહાનિ સરખા છે એટલે મોટું નુકશાન દેખાતું નથી. એવી કોઈને ભ્રમણા હોય તો દૂર કરવા ગ્રંથકાર જ કહે છે.

**સમાધાન** :- તે અનાદરતા હર્ષના વિષયભૂત ઈતર અનુષ્ઠાન ઉપર અંગારની વૃષ્ટિ સમાન છે. એટલે તે અનુષ્ઠાનથી મળનારું ફળ પ્રાપ્ત થતું



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. કારણ કે સમય પાકતા પૂર્વનો રાગ તેના ફળનો નાશ કરનાર છે. જેમ પાક્યા પહેલાનું ધાન્ય લણી લેતા ફળ પ્રાપ્ત થતું નથી. અહીં પણ ઈતર અનુષ્ઠાનનો રાગ કરવાનો સમય નથી છતાં કર્યો માટે. શાસ્ત્રોક્ત ચૈત્યવંદન સ્વાધ્યાય વિ. માં શ્રુતના અનુરાગથી ચૈત્યવંદન વગેરે કરવાના સમયે તે ચૈત્યવંદનનો અનાદર કરી સ્વાધ્યાયમાં પ્રીતિ કરનારને તત્-ચૈત્યવંદન સબંધી ઉપયોગ ન રહેવાના કારણે ઈતરમાં ચિત્ત આસકત થવાથી આ અન્યમુદ્દને દોષવાળું કહ્યું છે. શાસ્ત્રમાં કહેલા બે અનુષ્ઠાનમાં આ આદરવા યોગ્ય છે અને બીજું આદરણીય નથી એવો વિશેષ/તફાવત નથી ॥ ૯ ॥

**रुजि निजजात्युच्छेदात् करणमपि हि नेष्टसिद्धये नियमात् ।**

**अस्येत्यननुष्ठानं तेनैतद्वन्ध्यफलमेव ॥ १० ॥**

रुजि-रोगे चित्तदोषे सति निजजातेरनुष्ठानसामान्यस्योच्छेदात्करणमपि ह्यस्य प्रस्तुतार्थस्य नियमान्नेष्टसिद्धये नाभिमतसम्पादनाय, इति हेतोरननुष्ठान-मकरणं, तेन कारणेनैतत्करणं वन्ध्यफलमेवेष्टफलाभावादियं हि रुग् भङ्गरूपा पीडारूपा

**ગાથાર્થ :-** રોગચિત્તદોષ આવ્યે છતે અનુષ્ઠાન સામાન્યનો ઉચ્છેદ થવાથી અનુષ્ઠાનનું આચરણ પણ નિયમથી ઈષ્ટ સિદ્ધિ માટે થતું નથી. આ હેતુથી તે અનનુષ્ઠાન જ છે. તે કારણે આ અનુષ્ઠાનનું આચરણ વંધ્યફળવાળુ જ રહે છે. (વ્યર્થ બને છે)

**વિશેષાર્થ :-** રોગ રૂપી ચિત્ત દોષ હોતે છતે અનુષ્ઠાન માત્રનો ઉચ્છેદ થઈ જાય છે તેથી તે વખતે કંઈપણ કરવું તે ઈચ્છિત સંપાદન માટે થતું નથી. એટલે તે આચરણને અનુષ્ઠાન ન કહેવાય. માટે જ તે ફળ આપનાર બનતું નથી. ભંગ રૂપ કે પીડા રૂપ આ રોગ અનુષ્ઠાન જાતિનો ઉચ્છેદક હોવાથી કોઈ પણ અનુષ્ઠાનને ફળદ્રુપ બનવા દેતો નથી. માટે વિવેકીએ તેને દૂરથી સલામ કરવા જોઈએ (દૂર કરવો જોઈએ)

वाऽनुष्ठानजात्युच्छेदकत्वात्सर्व- कृतानुष्ठानवन्ध्यत्वापादिकेति विवेकिना परिहर्त्तव्या । अथ भङ्गरूपाया पीडारूपाया वा रुजः शक्तौ सत्यामपरिहारः



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पुरुषस्य स्वतन्त्रं दोषान्तरं तत्राव्यापृतानामनुष्ठानानां तु कोऽपराध इति चेन्न यदनुष्ठानव्यासङ्गेन पुरुषस्य रुक्परिहारोपायानुपयोगस्तत्र रुग्दोषस्य न्यायप्राप्तत्वात् ॥ १० ॥

**શંકા** :- હવે ભંગ રૂપ કે પીડા રૂપ રોગને શક્તિ હોવા છતા દૂર ન કરવો તે પુરુષનો સ્વતંત્ર અન્ય દોષ થયો તેની વિદ્યમાનતામાં નહિ આચરેલ અનુષ્ઠાનનો શો દોષ ?

**સમાધાન** :- જે અનુષ્ઠાનની એકનિષ્ઠતાથી પુરુષને રોગ દૂર કરવાના ઉપાય પ્રત્યે બેદરકારી જાગે ત્યાં રુગ્દોષ ન્યાયયુક્ત જ છે. અર્થાત એકનિષ્ઠતાના કારણે પોતાને રોગ દૂર કરવાનું મન ન થાય તેથી રોગનો વધારો થાય અને તેના લીધે સર્વથા અનુષ્ઠાન કરવાનું અટકી જાય જેમ કે શરીરમાં રોગ છતાં અઠ્ઠમની આસક્તિ (ધૂન) થી અઠ્ઠમ કર્યો પણ (તેથી ઔષધનું સેવન ન થવાથી) રોગ આટલો બધો વધી ગયો કે એકાસણું કરવાની પણ શક્તિ ન રહીં. ॥ ૧૦ ॥

आसङ्गेऽप्यविधानादसङ्गसक्त्युचितमित्यफलमेतत् ।
भवतीष्टफलदमुच्चैस्तदप्यसङ्गं यतः परमम् ॥ ११ ॥

आसङ्गेऽपि चित्तदोषे सति विधीयमानेऽनुष्ठाने 'इदमेव सुन्दरमि' त्येवंरूपेऽविधानात्तद्भावपुरस्कारेण शास्त्रविध्यभावात्प्रत्युतानासङ्गभावं पुरस्कृत्य विधिप्रवृत्तेरसङ्गा सङ्गरहिता सक्तिरनवरतप्रवृत्तिस्तस्या उचितं योग्यमिति कृत्वाऽफलमिष्टफलरहितमेतदनुष्ठानं भवति; यतो यस्मात्तदपि शास्त्रोक्तत्वेन प्रसिद्धमप्यनुष्ठानं परमं प्रधानसङ्गमभिष्वङ्गरहितं उच्चैरतिशयेनेष्टफलदमिष्टफलसम्पादकं भवति । आसङ्गयुक्तं ह्यनुष्ठानं गौतमगुरुभक्तिदृष्टान्तेन तन्मात्रगुणस्थानकस्थितिकार्येव न मोहोन्मूलनद्वारेण केवलज्ञानोत्पत्तये प्रभवति, तस्मात्तदर्थिनाऽऽसङ्गस्य दोषता ज्ञेयेति ॥ ११ ॥

**ગાથાર્થ** :- આચરણ કરાતા અનુષ્ઠાનમાં આજ અનુષ્ઠાન સારૂં છે, આવો આસંગ દોષ ચિત્તમાં સવાર થયે છતે અવિધિ થવાથી ( વિધિ ન સચવાવાથી) તો અનુષ્ઠાન ઈષ્ટ ફળદ્રુપ બનતું નથી. કારણ કે આસક્તિ વિના જ સતત પ્રવૃત્તિ કરવી જ યોગ્ય છે. માટે શાસ્ત્ર પ્રસિદ્ધ પ્રધાન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આસક્તિ વગરનું અનુષ્ઠાન અતિશય ઈષ્ટ ફળ આપનાર બને છે.

**વિશેષાર્થ** :- હકીકતમાં ઉલ્ટો અસંગભાવ આગળ કરીને વિધિની પ્રવૃત્તિ થતી હોવાથી આજ સારું એવી ગાઢ આસક્તિ રાખ્યા વિના સતત પ્રવૃત્તિ કરવી જોઈએ. એથી કરીને આસક્તિવાળું અનુષ્ઠાન નિષ્ફળ નીવડે છે અને તેથી જ તો શાસ્ત્રમાં કહેલું પ્રધાન અનુષ્ઠાન પણ અભિષ્વંગ વિનાનું હોય તો ઈષ્ટ ફળ આપનારું બને, અન્યથા નહિં. આસંગ અનુષ્ઠાન ખરેખર ગૌતમસ્વામીની વીર પ્રભુ પ્રત્યેની હાડોહાડ ભક્તિ/પ્રીતિ ના દૃષ્ટાન્ત વડે વિચારીએ તો તે જ ગુણસ્થાનક ઉપર જ રાખનાર બને છે. પણ મોહના મૂળીયા ઉખેડી કેવલ જ્ઞાનની ઉત્પત્તિ માટે ઉપયોગી વસ્તુ નથી. તેથી કેવલજ્ઞાનના અર્થીઓએ આસંગને દોષરૂપ જાણવો જોઈએ. ॥ ૧૧ ॥

एवमष्ट चित्तदोषानुक्त्वा तत्त्यागिचित्तस्वरूपमाह ।

**एतद्दोषविमुक्तं शान्तोदात्तादिभावसंयुक्तम् ।**
**सततं परार्थनियतं सङ्क्लेशविवर्जितं चैव ॥ १२ ॥**
**सुस्वप्नदर्शनपरं समुल्लसद्गुण- गणौघमत्यन्तम् ।**
**कल्पतरुबीजकल्पं शुभोदयं योगिनां चित्तम् ॥ १३ ॥**

जैन साईट JAINSITE .com

एतैरष्टभिश्चैत्तैर्दोषैर्वियुक्तं रहितं शान्तः क्रोधाद्यभाववान् उदात्तो-निजपर-गणनारूपलघुचित्ताभावेनोदारः; 'तदादिभावेनोदार'स्तदादिभावेन संयुक्तं समन्वितमादिशब्दाद्गम्भीरधीरादिभावपरिग्रहः । सततमनवरतं परार्थनियतं परोपकारनियतवृत्ति सङ्क्लेशेन कालुष्येन विवर्जितं चैव ॥ १२ ॥

**એ પ્રમાણે આઠ ચિત્તના દોષ કહી, હવે તેના ત્યાગીનું ચિત્ત કહેવું હોય તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- આ દોષ વગરનું શાન્ત ઉદાત્ત વિ. ભાવથી યુક્ત, સતત પરોપકાર કરવાની વૃત્તિવાળું સંક્લેશ વગરનું સારા શુભ સ્વપ્ન દેખવાવાળું ઉલ્લસતા ગુણ સમૂહવાળું કલ્પવૃક્ષના બીજ સરખું શુભોદયવાળું યોગીઓનું ચિત્ત હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષાર્થ** :- આઠ દોષની ગંદકી દૂર થયેલી હોવાથી ક્રોધાદિ કોઈપણ દોષની દુર્ગંધ આવતી નથી. આ મારૂ અને આ તારૂ એવો તુચ્છ વૃત્તિનો અભાવ થાય તે ઉદાર, આદિ શબ્દથી ગંભીર ધીર વિ. ભાવોથી યુક્ત, (નિર્મલ ભાવોનું ઝરણું વહેતું હોવાથી)

सुष्ठु शोभनाः श्वेतसुरभि- पुष्पवस्त्रातपत्रचामरादयो ये स्वप्नाः स्वापज्ञेयास्तद्द- र्शनपरं तद्दर्शनप्रवृत्तं, समुल्लसन् गुणगणौघो-गुणनिकरप्रवाहो यस्मिंस्तत्तथात्यन्तमतिशयेन कल्पत- रोर्यद्बीजं तत्कल्पं तत्तुल्यं शुभ उदयो यस्य तत्तथा योगिनां चित्तं भवति ॥ १३ ॥

ધોળા સુગંધી પુષ્પ વસ્ત્ર છત્ર ચામર વિ. શુભ ભાવના સૂચક એવા સ્વપ્નો ચિતમાં દેખાય છે. અને મન નીકમાં તો ગુણોનો ધોધ વહે છે તેમજ (કલ્પવૃક્ષનું બીજ જેમ કલ્પવૃક્ષનું કારણ છે) તેમ ઈચ્છિત ફળદ્રુપવૃક્ષના બીજ સમાન શુભોદયાવાળું યોગિઓનું ચિત્ત હોય છે. ॥ ૧૨/૧૩ ॥

कस्यपुनर्विशेषेणेदृग् चित्तं स्यादित्याह ।

**एवंविधमिह चित्तं भवति प्रायः प्रवृत्तचक्रस्य ।**

**ध्यानमपि शस्तमस्य त्वधिकृतमित्याहुराचार्याः ॥ १४ ॥**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

एवंविधमेवंस्वरूपमिह प्रक्रमे चित्तं मनो भवति प्रायो बाहुल्येन प्रवृत्तचक्रस्य प्रवृत्तरात्रिन्दिवानुष्ठानसमूहस्य योगिनः शस्तं-प्रशस्तं ध्यानमपि प्रागुक्तमस्य त्वस्यैवाधिकृतं सम्पन्नाधिकारमित्याहुराचार्या योगाचार्याः ॥ १४ ॥

**આવુ ચિત્ત વિશેષથી કોને હોય છે તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- આવા પ્રકારનું ચિત્ત પ્રાયઃ કરીને પ્રવૃતચક્રના સતત અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહેનારને હોય છે. પૂર્વે કહેલું પ્રશસ્ત ધ્યાનનો આ જ અધિકારી છે, એવું યોગાચાર્યો કહે છે... ॥ ૧૪ ॥

कथं पुनस्तद्ध्यानं देशाद्यपेक्षया भवतीत्याह ॥

**शुद्धे विविक्तदेशे सम्यक्संयमितकाययोगस्य ।**

**कायोत्सर्गेण दृढं यद्वा पर्यङ्कबन्धेन ॥ १५ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

शुद्धे-शुचौ विविक्ते जनानाकीर्णे देशे सम्यगवैपरीत्येन संयमितकाययोगस्य नियमितसर्वकायचेष्टस्य कायेत्सर्गेणोर्ध्वस्थानरूपेण दृढं अत्यर्थं यद्वा पर्यङ्कबन्धेन आसनविशेषरूपेण ॥ १५ ॥

**साध्वागमानुसाराच्चेतो विन्यस्य भगवति विशुद्धम् ।**

**स्पर्शावेधात्तत्सिद्धयोगिसंस्मरणयोगेन ॥ १६ ॥ १४ ॥**

साधु यथाभवत्येवमागमानुसारात् सिद्धान्तं पुरस्कृत्य चेतश्चित्तं विन्यस्य-संस्थाप्य भगवति जिने विशुद्धं निर्दोषं स्पर्शस्य तत्त्वज्ञानस्य वेधात् दृढतरसंस्कारात्तस्मिन् ध्याने सिद्धा लब्धात्मलाभा ये योगिनस्तेषां संस्मरण-योगेन सामस्त्येन स्मरणव्यापारेण तद्ध्यानमिष्टफलदं भवति यो हि यत्र कर्मणि सिद्धस्तदनुस्मरणस्य तत्रेष्टफलदत्वात् ॥ १६ ॥ १४ ॥

**વળી દેશાદિની અપેક્ષાએ તે ધ્યાન કેવી રીતે થાય તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- શુદ્ધ નિર્જનદેશમાં સારી રીતે સર્વકાયચેષ્ટાને નિયંત્રિત કરનારને કાઉસગ્ગ વડે ઉભા રહી કે દૃઢ પલાઠી પૂર્વક કે પદ્માસને બેસી સારી રીતે આગમને આગળ કરી ચિત્તને પ્રભુ ઉપર ચોટાડી વિશુદ્ધ તત્ત્વજ્ઞાનના સંસ્કારથી સિદ્ધયોગીઓના સ્મરણ દ્વારા ધ્યાન થાય છે.

**વિશેષાર્થ** :- જે (વ્યક્તિ) જે કર્મમાં સિદ્ધ થયેલ હોય તેનું = તેવાં સિદ્ધયોગીઓનું સ્મરણ તે કર્મમાં ઈષ્ટ ફળ આપનાર બને છે. માટે સર્વ પ્રકારે યોગીઓને સ્મરણ વેલડીથી વીંટી લેવા જોઈએ. ॥ ૧૫/૧૬ ॥

***॥ ઈતિ ચતુર્દશમું ષોડશકમ્ ॥***



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# पञ्चदशं ध्येयस्वरूपषोडशकम्

किं पुनस्तत्र ध्याने ध्येयमित्याह ॥

सर्वजगद्धितमनुपममतिशयसन्दोहमृद्धिसंयुक्तम् ।

ध्येयं जिनेन्द्ररूपं सदसि गदत्तत्परं चैव ॥ १ ॥

सर्वस्मै जगते-प्राणिलोकाय हितं हितकारि सदुपदेशनात्, नास्त्युपमा सौन्दर्यादिगुणैर्यस्य तत्तथाऽतिशयान् सन्दुग्धे - प्रपूरयति यत्तदऽतिशयसन्दोहमतिशयसन्दोहवद्वा; ऋद्धयो-नानाविधआमर्षौषध्यादिलब्धयस्ताभिः संयुक्तं जिनेन्द्ररूपं ध्येयं सदसि सभायां गदत् सर्वसत्त्वस्वभाषापरिणामिन्या भाषाया व्याकुर्वाणं; तस्मादुक्तलक्षणाज्जिनेन्द्ररूपात्परं मुक्तिस्थं धर्मकायावस्थानन्तरभावि तत्त्वकायावस्थास्वभावं चैव ध्येयं भवति ॥ १ ॥

**વળી તે ધ્યાનમાં ધ્યાવા યોગ્ય શું છે ? તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** સર્વ જગતના હિતકારી અનુપમ અતિશયના સમૂહવાળું ઋદ્ધિયુક્ત સમવસરણમાં ધર્મ દેશના આપતા હોય એવું જિનેશ્વરનું રૂપ અને તેનાથી વ્યતિરિક્ત મુક્તિમાં બિરાજમાન અરૂપીપણું ધ્યાન કરવા યોગ્ય છે.

**વિશેષાર્થ :-** સદ્ ઉપદેશ આપતા હોવાથી સંપૂર્ણ વિશ્વના પ્રાણીઓનું હિત કરનારા છે. વિશ્વમાં એક પણ એવી વસ્તુ નથી જેની સાથે પ્રભુના સૌન્દર્ય વિ. ગુણોની ઉપમા આપી શકાય માટે અનુપમ, અતિશયથી ભરપૂર આમર્ષૌષધિ વિ. લબ્ધિરૂપ ઋદ્ધિઓથી યુક્ત છે. ઝાકઝમાલ ત્રણ ગઢમાં પ્રભુ પોતપોતાની ભાષામાં પરિણમે એવી અતિશયવાળી વાણીથી દેશના આપે છે, એવું જિનેશ્વરનું રૂપ છે. તેનાથી બીજું મુક્તિમાં બિરાજમાન ધર્મકાય અવસ્થા પછી થનારી તત્ત્વકાયાવસ્થાનો સ્વભાવ એટલે માત્ર આત્મપ્રદેશનો પિંડ પોતાના સ્વભાવભૂત દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ ત્રણ રત્નોથી ઝગમગી રહ્યો છે, તે ધ્યેય છે. ॥ ૧ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तत्र जिनेन्द्ररूपमीदृशं ध्येयमित्याह ।

**सिंहासनोपविष्टं छत्रत्रयकल्पपादपस्याधः ।**

**सत्त्वार्थसम्प्रवृत्तं देशनया कान्तमत्यन्तम् ॥ २ ॥**

सिंहासने देवनिर्मितसिंहोपलक्षितासने छत्रत्रयसहितकल्पपादपस्याधोऽधस्तान्निषण्णं सत्त्वानां-प्राणिनामर्थ उपकारस्तस्मिन् सम्यक्प्रवृत्तं देशनया-धर्मकथया कान्तं कमनीयमत्यन्तमतिशयेन ॥ २ ॥

**ત્યાં જિનેશ્વરનું રૂપ આવું ધ્યાવું જોઈએ તે દર્શાવે છે...**

**ગાથાર્થ :-** દેવ નિર્મિત સિંહથી ઉપલક્ષિત આસન ઉપર બિરાજમાન, ત્રણ છત્ર યુક્ત કલ્પવૃક્ષની નીચે રહેલા, પ્રાણીઓનાં ઉપકાર માટે દેશનામાં સારી રીતે પ્રવૃત્ત થયેલ અત્યંતમનોહર એવાં જિનેશ્વરના સ્વરૂપને ધ્યાવું ॥ ૨ ॥

**आधीनां परमौषधमव्याहतमखिलसम्पदां बीजम् ।**

**चक्रादिलक्षणयुतं सर्वोत्तमपुण्यनिर्म्माणम् ॥ ३ ॥**

आधीनां मानसीनां पीडानां परमौषधं तदपनेतृत्वेनाव्याहतमनुपहतमखिलसम्पदां सर्वसम्पत्तीनां बीजं-कारणं चक्रादीनि यानि लक्षणानि चक्रस्वस्तिककमलकुलिशादीनि तैर्युतं सहितं निर्म्मीयतेऽनेनेति निर्म्माणं सर्वोत्तमं पुण्यनिर्म्माणं यस्य स तथा तं सर्वातिशयितादृष्टाकृष्टपरमाणुनिर्मितमित्यर्थः ॥ ३ ॥

**निर्वाणसाधनं भुवि भव्यानामग्र्यमतुलमाहात्म्यम् ।**

**सुरसिद्धयोगिवन्द्यं वरेण्यशब्दाभिधेयं च ॥ ४ ॥**

निर्वाणसाधनं परमपदप्रापकं भुवि-पृथिव्यां भव्यानां योग्यानामग्र्यं प्रधानमतुलमाहात्म्यमसाधारणप्रभावं सुरा देवा सिद्धा विद्यामन्त्रसिद्धादयो योगिनो योगबलसम्पन्नास्तैर्वन्द्यं वन्दनीयं वरेण्यशब्दैः अर्हच्छम्भुबुद्धपरमेश्वरादिभिरभिधेयं वाच्यं च जिनेन्द्ररूपं ध्येयमिति महावाक्यसम्बन्धः ॥ ४ ॥

**વળી વિશેષ સ્વરૂપ દર્શાવતા કહે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- વળી માનસિક પીડાના શ્રેષ્ઠ ઓસડ સમાન, સર્વ સંપદાનું શક્તિ સંપન્ન (સફળ) બીજ (કારણ), ચક્રાદિ લક્ષણોથી યુક્ત, સર્વોત્તમ પુણ્યથી નિર્મિત, તેમજ પરમપદ અપાવનાર; પૃથ્વી ઉપર ભવ્યોમાં અગ્રેસર, અતુલ મહાત્મ્યવાળું દેવ અને સિદ્ધપુરુષ અને યોગીઓથી વંદનીય; પૂજ્યતમ શબ્દોથી બોલવા યોગ્ય એવું જિનેશ્વરનું રૂપ ધ્યાન ધરવા યોગ્ય છે.

**વિશેષાર્થ** :- માનસિક પીડા તે આધિ છે. તેને દૂર કરવામાં પ્રભુ શ્રેષ્ઠ ઔષધ રૂપ છે. આંબાનું બીજ મળ્યું પણ તેની ઉગવાની શક્તિ નાશ પામેલી હોય તો નકામું, જ્યારે પ્રભુ સર્વ સંપદાનું અનુપહત બીજ છે એટ-લે સર્વ સંપદાનું ઝાડ ઉગાડવા માટે પ્રભુ શક્તિ સ્ત્રોત વહાવામાં સંપૂર્ણ સમર્થ છે. પ્રભુના હાથ પગ વિ. અંગો ચક્ર, સ્વસ્તિક, કમલ વજ્ર વિ. શુભ લક્ષણોથી યુક્ત હોય છે. પ્રભુનું અનુપમશરીર સર્વાતિશયશાળી પુણ્યથી ખેંચાયેલા અજોડ પરમાણુઓથી નિર્મિત થયેલું છે. અભવ્યોથી તો ભવ્ય પણ પ્રધાન છે. તેમાં મોટી વાત નથી, જ્યારે પ્રભુતો આસન્નભવ્યોમાં પણ મોખરે છે, અસાધારણ પ્રભાવવાળા છે, દેવ તથા વિદ્યાસિદ્ધ અને મંત્રસિદ્ધ તેમજ યોગબળથી સંપન્ન એવા યોગીપુરુષોથી પણ વંદનીય અરિહંત, શમ્ભુ, બુદ્ધ, પરમેશ્વર વિ. પૂજ્યતમ શબ્દોથી સંબોધવા યોગ્ય છે. એવું જિનેશ્વરનું રૂપ હોય છે. ॥ ૩/૪॥

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

एवमाद्यं सालम्बनध्यानमभिधाय तत्फलमभिधित्सुराह ॥

**परिणमत एतस्मिन् सति सद्ध्याने क्षीणकिल्बिषो जीवः ।**

**निर्वाणपदासन्नः शुक्लाभोगो विगतमोहः ॥ ५ ॥**

परिणते-प्राप्तप्रकर्षे एतस्मिन् प्रस्तुते सद्ध्याने शोभनध्याने सति क्षीण-किल्बिषः क्षीणपापो जीव आत्मा निर्वाणपदस्यासन्नो निकटवर्त्ती शुक्लाभोगः शुक्लज्ञानोपयोगः विगतमोहोऽपगतमोहनीयः ॥ ५ ॥

**तथा चरमावञ्चकयोगात्प्रातिभसञ्जाततत्त्वसंदृष्टिः ।**

**इदमपरं तत्त्वं तद्यद्वशतस्त्वस्त्यतोऽप्यन्यत् ॥ ६ ॥**

चरमावञ्चकयोगात्फलावञ्चकयोगात्प्रागुक्तात् प्रतिभैव प्रातिभमदृष्टार्थविषयो



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मतिज्ञानविशेषस्तेन सञ्जाता तत्त्वदृष्टिर्यस्य स तथा । भवतीति सर्वविशेषणसङ्गता क्रियाध्याहार्या इदमनुपदोक्तफलं सालम्बनध्यानद्वारा प्रत्यक्षीकृतं जिनेन्द्ररूपमपरं परस्मादन्यदर्वाग्भागवर्ति तत्त्वं परमार्थरूपं ध्येयं; तद्वर्त्तते यद्वशतस्तु यदपरतत्त्वसामर्थ्यादतोप्यस्ति जायतेऽतोप्यपरतत्त्वादप्यन्यत्परतत्त्व मुक्तिस्थम् । इदमुक्तं भवति । सर्वस्यापि ध्यानपरस्य योगिनोऽपरतत्त्ववशात्परतत्त्वमाविर्भवति ॥ ६ ॥

**એ પ્રમાણે સાલંબન ધ્યાન ધ્યાવીને તેનું ફળ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર આ ગાથા કહે છે...**

**ગાથાર્થ :-** આ સાલંબન ધ્યાન પ્રકર્ષ પામ્યે છતે જીવાત્મા પાપના ક્ષયવાળો; મોક્ષપદની નજીક; મોહ વગરનો અને શુકલજ્ઞાનના ઉપયોગવાળો બને છે. તથા ફળાવંચક યોગથી પ્રતિભા-મતિજ્ઞાન વિશેષથી પેદા થયેલી તત્ત્વસંદૃષ્ટિવાળો જીવાત્મા બને છે. સર્વ વિશેષણો સાથે સંગત થતી આ 'ભવતિ' ક્રિયાનો અધ્યાહાર કરવો (પરિણતે તસ્મિન્ શ્લોકમાં કહેલા 'નષ્ટ સર્વ પાપવાળો' આદિસર્વ વિશેષણોમાં ભવતિનો અધ્યાહાર લેવો.)

આ પદોમાં વર્ણવેલ ફળવાળું સાલંબન ધ્યાન દ્વારા પ્રત્યક્ષ કરેલું જિનેશ્વરનું રૂપ અપરતત્ત્વ છે.

આ અપરતત્ત્વ છે તેના વશથી બીજું પરતત્ત્વ મુક્તિસ્થરૂપ પરમાર્થરૂપે જે ધ્યેય છે, તે તત્ત્વ પ્રગટ થાય છે. ॥ ૫/૬ ॥

कुतः पुनः परतत्त्वमेवं प्रशस्यत इत्यत आह ।

**तस्मिन् दृष्टे दृष्टं तद्भूतं तत्परं मतं ब्रह्म ।**

**तद्योगादस्यापि ह्येषा त्रैलोक्यसुन्दरता ॥ ७ ॥**

तस्मिन् परतत्त्वे सिद्धस्वरूपे दृष्टे दृष्टं सर्वमेव वस्तु भवतीतिशेषः । जीवाद्यमूर्त्तवस्त्वालम्बनस्य सर्वविषयत्वात्तद्भूतं तदेव सिद्धस्वरूपं भूतं सत्यं संसारिजीवस्वरूपस्य ज्ञानावरणादिकर्मविकारोपद्रुतस्य सद्भूतत्ववियोगात्, तत्तदेव परमात्मस्वरूपं परं प्रकृष्टं ब्रह्म मतं, ततोऽन्यस्य बृहत्तमस्यायोगात्; तद्योगात्परतत्त्वविषयकत्वसम्बन्धादस्याप्यनालम्बनयोगस्याप्येषा लोकलो-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कोत्तरप्रसिद्धा त्रैलोक्ये सर्वस्मिन्नपि जगति सुन्दरता । शेषवस्तुभ्य शोभनता ॥ ७ ॥

**કયા હેતુથી પરતત્ત્વની પ્રશંસા કરો છો ? સમાધાન માટે કહે છે...**

**ગાથાર્થ** :- સિદ્ધ સ્વરૂપ દેખાયે છતે = નિરાલંબન ધ્યાન પ્રગટ થયે છતે સંસારી જીવનું સત્ય રૂપ દેખાઈ જાય છે; તે જ પરમાત્મ સ્વરૂપ પ્રકૃષ્ટ બ્રહ્મતરીકે માનેલ છે. તેના યોગથી (તેથી) નિરાલંબનની આ ત્રણલોકમાં સુંદરતા-મહત્તા છે.

**વિશેષાર્થ** :- સિદ્ધ સ્વરૂપનો ઉપલમ્ભ થયે છતે બધી વસ્તુનો ઉપલમ્ભ (પ્રત્યક્ષ) થઈ જાય છે. કારણ કે જીવાદિ અમૂર્ત વસ્તુનું આલંબન સર્વ વિષયવાળું હોય છે. તદ્ = સિદ્ધસ્વરૂપ જ જ્ઞાનાવરણાદિ કર્મોથી ઉપદ્રુત થયેલ સાંસારિક જીવનું સ્વરૂપ જ સદ્ભૂતકર્મોના વિયોગથી સત્ય રૂપ સિદ્ધ રૂપે જ બને છે. માટે તદ્ભૂત / રૂપે સિદ્ધ સ્વરૂપ છે, એ બરાબર છે. વળી પરમાત્મ સ્વરૂપ પ્રકૃષ્ટ બ્રહ્મ તરીકે ઈષ્ટ છે. કારણકે પરમાત્માથી મોટુ ત્રણે જગતમાં કોઈ નથી. આવા પરતત્ત્વ વિષયવાળું અનાલંબન ધ્યાન હોવાથી આ યોગની ત્રણે લોકમાં આવી સુંદરતાની સુગંધ પ્રસરી રહી છે. ॥ ૭ ॥

जैन साईट JAINSITE .com जिनं ज्योति शासनम्

कः पुनर्निरालम्बनयोगः कियन्त कालं भवतीत्याह ॥

**सामर्थ्ययोगतो या तत्र दिदृक्षेत्यसङ्गशक्त्याढ्या ।**

**सानालम्बनयोगः प्रोक्तस्तद्दर्शनं यावत् ॥ ८ ॥**

सामर्थ्ययोगतः "शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः । शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तम" इत्येवमुक्तलक्षणात् क्षपकश्रेणीद्वितीयापूर्वकरणभाविनः सकाशात् या तत्र परतत्त्वे दिदृक्षा द्रष्टुमिच्छा इत्येवंस्वरूपाऽसङ्गा निरभिष्वङ्गा शक्तिरनवरतप्रवृत्तिस्तयाढ्या परिपूर्णा सा परमात्मविषयदर्शनेच्छाऽनालम्बनयोगः प्रोक्तः तद्वेदिभिः; तस्य परतत्त्वस्यादर्शनमनुपलम्भस्तद् यावत्परमात्मस्वरूपदर्शने तु केवलज्ञानेऽनालम्बनयोगो न भवति, दृष्टस्य तस्य तदालम्बनीभावात् ॥ ८ ॥

**આ નિરાલંબન યોગ વળી શું છે ? અને તે કેટલો કાળ ટકે છે તે દર્શાવે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- સામર્થ્ય યોગથી જે પરતત્ત્વમાં આસક્તિ વિનાની સતત પ્રવૃત્તિથી ભરપૂર એવી જોવાની ઈચ્છા તે અનાલંબન યોગ છે. તે યોગ પરતત્ત્વનું પ્રત્યક્ષ દર્શન (કેવલજ્ઞાન) ન થાય ત્યાં સુધી કહેલો છે.

**વિશેષાર્થ** :- સામર્થ્ય યોગત :- શાસ્ત્રમાં બતાવેલ ઉપાયોને ઓળંગી શક્તિના ઉદ્રેકથી વિશેષ સામર્થ્યની પ્રાપ્તિ.

એટલે ક્ષપક શ્રેણીમાં આવનારા બીજા કરણરૂપ - અપૂર્વકરણરૂપ સામર્થ્યયોગ જાણવો; તત્ત્વસંબંધી આત્મ અધ્યવસાયના પ્રભાવથી પરતત્ત્વમાં જોવાની જે ઈચ્છા જાગે; આવી ઈચ્છા હોય એટલે તેના માટે આપણે સતત પ્રવૃત્તિ કરવાની એમાં ઉણપ ન લાવવી. હાં પણ સાથોસાથ (પેલો) આસંગચિત્ત દોષનું ભૂતડું ચિત્તમાં સવાર ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું. આવી રીતે પરમાત્મસ્વરૂપ નિરખવાની જે ઈચ્છા છે તે જ અનાલંબ યોગ છે. પરતત્ત્વ પ્રત્યક્ષ ન થાય ત્યાં સુધી જ આ યોગ હોય છે. પરંતુ પરમાત્મ દર્શન થયું એટલે કેવલજ્ઞાન થયું તે વખતે તો આ યોગ ન હોય કારણકે પરમાત્મ સ્વરૂપ દેખાઈ જાય છે. અને તે દેખેલાનું આલંબન આવવાથી નિરાલંબન યોગ ન રહ્યો. તેમજ દેખવાનું કાર્ય સિદ્ધ થઈ ગયું હોવાથી દિદૃક્ષા શાંત થઈ જાય છે માટે ॥ ૮॥

JAINSITE.com
जैनम् जयति शासनम्

परतत्त्वदिदृक्षाया अनालम्बनयोगत्वे उपपत्तिमाह ।

**तत्राप्रतिष्ठितोऽयं यतः प्रवृत्तश्च तत्त्वतस्तत्र ।**

**सर्वोत्तमानुजः खलु तेनानालम्बनो गीतः ॥ ९ ॥**

तत्र परतत्त्वेऽप्रतिष्ठितोऽलब्धप्रतिष्ठोऽयं परमात्मदिदृक्षाख्यो योगो यतो यस्मात् प्रवृत्तश्च ध्यानरूपेण तत्त्वतो वस्तुतस्तत्र परतत्त्वे तदाभिमुख्याप्रच्यवात् सर्वोत्तमस्य योगनिरोधाख्यनिखिलातिशायियोगस्याऽनुजः प्रागनन्तरवर्ती खलु तेन कारणेनानालम्बनोऽनालम्बनयोगो गीतः कथितः पुरा विद्वद्भिः ।

**પરતત્ત્વની દિદૃક્ષા અનાલંબન યોગ રૂપે છે તેમાં યુક્તિ બતાવે છે...**

**ગાથાર્થ** :- પરતત્ત્વમાં અપ્રતિષ્ઠિત આ યોગ વાસ્તવિક રીતે પરતત્ત્વમાં પ્રવૃત્ત થયેલ છે અને સર્વોત્તમ યોગની પૂર્વમાં વર્તનાર હોવાથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અનાલંબન યોગ કહેવાય છે.

**વિશેષાર્થ** :- પરમાત્મદિદૃશા રૂપ આ યોગે પરતત્ત્વમાં પ્રતિષ્ઠા મેળવી નથી. કારણ હજી આ યોગમાં આત્મા પરમાત્મા બની નથી જતો. પણ વાસ્તવિક રીતે આ યોગ ધ્યાન રૂપે પરતત્ત્વમાં જ પ્રવૃત્ત થયેલ છે કારણકે પરતત્ત્વ પ્રત્યેની દૃષ્ટિ છૂટી નથી. સર્વોત્તમસ્ય - યોગનિરોધ નામના સર્વઅતિશવાળા યોગની પૂર્વમાં આ યોગ હોય છે. તે કારણથી આને યોગજ્ઞાતાઓએ અનાલંબન યોગ કહેલ છે.

स्यादेतत्परतत्त्वदिदृक्षाया अप्यपरतत्त्वदर्शनं यावदनालम्बनत्वापत्तिरपरतत्त्वस्य दृष्टत्वाभ्युपगमे च ध्यानानुपपत्तिरिति, मैवं । अपरतत्त्वे प्रतिमाद्यालम्बनद्वारा सामान्यतो दृष्टेऽपि विशेषदर्शनाय ध्यानोपपत्तेः परम्परयालम्बनवत्त्वेन च सालम्बनत्व- व्यपदेशात्परतत्त्वे तु केनापि द्वारेण दर्शनाभावादनालम्ब-नत्वोपपत्तेः ॥ ९ ॥

**શંકા** :- અપરતત્ત્વના દર્શન સુધી અપરતત્ત્વની દિદૃક્ષાને પણ અનાલંબન માનવાની આપત્તિ આવશે. કારણકે તે ધ્યાન પણ અપરતત્ત્વમાં પ્રતિષ્ઠિત નથી, અને અપરતત્ત્વને દૃષ્ટ માનશો તો ધ્યાન સંભવી શકશે નહિ ? સામે સાક્ષાત દેખાતું હોય તો પછી ધ્યાન કરવાનું શું રહે ?

**સમાધાન** :- એવું નથી. અપરતત્ત્વમાં પ્રતિમાદિના આલંબન દ્વારા સામાન્યથી અપરતત્ત્વ દેખાવા છતાં પણ વિશેષ દર્શન માટે ધ્યાન ઉપયોગી જ છે. અને પ્રતિમામાં જિનેન્દ્ર દેહાકૃતિ રૂપ અપરતત્ત્વની સદૃશતા હોવાથી પ્રતિમા દ્વારા પરંપરાએ આલંબનવાળું હોવાથી અપરતત્ત્વમાં સાલંબનનો વ્યપદેશ કરી શકાય છે. જ્યારે રૂપી પ્રતિમામાં અરૂપી જ્ઞાનાદિની કંઈપણ સદૃશતા નથી માટે પરતત્ત્વમાં કોઈપણ રીતે પરંપરાએ પણ દર્શન થતું ન હોવાથી તેને અનાલંબન જ માનવું; વિચરતા પ્રભુનું દર્શન સંભવી શકે છે પરંતુ અરૂપી આત્મપ્રદેશનું દર્શનતો કેવલજ્ઞાનની પહેલા અશક્ય જ છે. ॥ ૯ ॥

किं पुनरनालम्बनाद्भवतीत्याह ॥

**द्रागस्मात्तद्दर्शनमिषुपातज्ञातमात्रतो ज्ञेयम् ।**
**एतच्च केवलं तज् ज्ञानं यत्तत्परं ज्योतिः ॥ १० ॥**



JAINSITE.com जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्राक् शीघ्रमस्मादनालम्बनयोगात्तद्दर्शनं परतत्त्वदर्शनमिषुपातस्य बाणपतनस्य ज्ञातमुदाहरणं तन्मात्रतो ज्ञेयम् । एतच्च परतत्त्वदर्शनं केवलं सम्पूर्ण तत्प्रसिद्धं ज्ञानं यत्केवलज्ञानं परं प्रकृष्टं ज्योतिः प्रकाशरूपम् । इषुपातोदाहरणं चैतद् । यथा केनचिद्धनुर्द्धरेण लक्ष्याभिमुख्येन तदऽविसं-वादितया च बाणो व्यापारितो यावत्तस्य बाणस्य न विमोचनं तावत्तत्प्र-गुणतामात्रेण तदविसंवादित्वेन च समोऽनालम्बनयोगः ।

**આલંબનથી શું થાય તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- અનાલંબન યોગથી જલ્દી પરતત્ત્વનું દર્શન થાય છે. જેમ બાણ પડતાવેંત જ લક્ષ્ય વીંધાય; આ પરતત્ત્વ દર્શન કેવલજ્ઞાન છે; જે પ્રકૃષ્ટ પ્રકાશ રૂપ છે.

**વિશેષાર્થ** :- જેમ કોઈ ધનુધરિ લક્ષ્ય સમક્ષ અસંગત ન થાય/ વ્યર્થ ન જાય તે રીતે બાણનો ઉપયોગ કર્યો. તેમાં જ્યાં સુધી બાણ છોડે નહિં ત્યાં સુધી તેના સંબંધી તૈયારીના લીધે અને અવિસંવાદિપણાના લીધે તેની સમાન અનાલંબન યોગ જાણવો અને જ્યારે બાણ અવિસંવાદી રીતે લક્ષ્ય ઉપર પડી જવાથી સહજ રીતે લક્ષ્ય વીંધાયી જાય છે. આ પ્રમાણે જે અનાલંબન ધ્યાનને મૂકવું તે જ (શુકલ ધ્યાનના બીજા પાયાનું ધ્યાન) તે ધ્યાનની વેળાએ પરતત્ત્વના વેધ સમાન કેવલ પ્રકાશ છે.

यदा तु तस्य बाणस्य मोचनलक्ष्याऽविसंवादिपतनमात्रादेव (सुतरां) स तदा लक्ष्यवेध एवं यदानालम्बनध्यानमोचनं ध्यानान्तरिकाख्यं तदैव परतत्त्ववेधकल्पः केवल- प्रकाश इति ॥ १० ॥

**કેવલજ્ઞાન કેવું છે ? તે દર્શાવે છે..**

ક્ષપકશ્રેણીમાં સામર્થ્યયોગી તે ધનુર્ધારી/ક્ષપકશ્રેણી તે ધનુષ્ય; લક્ષ્ય વીંધવા યોજેલ અનાલંબન યોગની પ્રવૃત્તિ રૂપ બાણ ચોક્કસ લક્ષ્યાભિમુખ રાખવું તે અને તે અનાલંબન યોગની પ્રવૃત્તિ રૂપબાણ ના પડવાથી જ ઘાતી કર્મના ક્ષય બાદ કેવલજ્ઞાન સ્વરૂપ સાલંબન (સર્વવિષયક) પ્રકાશ થાય છે તે લક્ષ્યવેધ. ॥ ૧૦ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कीदृशं पुनस्तत्केवलज्ञानमित्याह

**आत्मस्थं त्रैलोक्यप्रकाशकं निष्क्रियं परानन्दम् ।**

**तीतादिपरिच्छेदकमलं ध्रुवं चेति समयज्ञाः ॥ ११ ॥**

आत्मस्थं - जीवस्थं सत्त्रैलोक्यस्य - त्रिलोकीव्यवस्थितस्य ज्ञेयस्य प्रकाशकं निष्क्रियं - गमनादिक्रियारहितं पर आनन्दोऽस्मादस्मिन्वेति परानन्दम् । परानन्घमिति पाठान्तरम् । तत्र परैरुत्कृष्टैरानन्घं प्रार्थनीयमित्यर्थः । अतीतार्थे तीतशब्दः **सिद्धिविनिश्चयादि**ग्रन्थेषु दृश्यते, ततः तीतादीनाम् - अतीतवर्त्तमानानागतकालत्रयवर्त्तिपदार्थानां परिच्छेदकं यथावद्ज्ञातृस्व-भावमलं समर्थं-ध्रुवं शाश्वतं चेति समयज्ञा-आगमज्ञा अभिदधति ॥११॥

**ગાથાર્થ** :- કેવલજ્ઞાન આત્મામાં રહેલું. ત્રણે લોકના પદાર્થને પ્રકાશિત કરનાર, ક્રિયા વગરનું, શ્રેષ્ઠ આનંદના હેતુભૂત, ત્રણે કાલના ભાવોને જણાવનારું અને શાશ્વત છે.એમ આગમજ્ઞ પુરુષો કહે છે.

**વિશેષાર્થ** :- આ કેવલજ્ઞાન કોઈ બાહ્ય પદાર્થ નથી પણ આત્માનો ગુણ છે માટે તેમાં જ રહે છે. પરાનંદ જેનાથી આનંદ પ્રાપ્ત થાય કે જેમાં આનંદ આવે એટલે તે પરમાનંદનું કારણ છે પાઠાન્તરમાં પરાનન્ઘ છે. પરૈઃ- તેના અર્થીઓ વડે - ઉત્કૃષ્ટ ગુણધારીઓ વડે પ્રાર્થવા યોગ્ય કે પ્રશંસવા યોગ્ય. **સિદ્ધિનિશ્ચય** વિ. ગ્રંથોમાં તીત શબ્દ અતીત અર્થમાં છે અને આદિ પદથી વર્તમાન અને ભવિષ્ય એટલે ત્રણે કાલમાં વર્તનારા જે ભાવો છે તે સઘળાય ભાવોને વ્યવસ્થિત રીતે જાણવાનો જેનો સમર્થ સ્વભાવ છે તથા તે ક્યારેય નાશ ન પામે એવું છે.

---

कथं पुनरतीतादिपरिच्छेदकत्वं केवलज्ञानस्य यावतातीतानागतयोर्विचार्यमाणयोर्वस्तु - स्वमेव न घटां प्राञ्चति विनष्टानुत्पन्नत्वेनासत्त्वादऽ सतश्च ज्ञानविषयत्वविरोधा-दित्यत्रोच्यते-नवर्त्तमानकालविषयैकपर्यायप्रतिबद्धस्वभावं वस्तु, तस्य क्षणमात्रवृत्तित्वाद्वस्तु-नस्तु सकलातीतानागताऽनाद्यऽनन्तपर्यायराशिसमनुगतैकाकाररूपत्वात्, तत्र च वर्त्तमान-पर्यायवत्स्वलक्षणभाविनामतीतानागतपर्यायाणामपि प्रमाणेनोपलब्धेर्वस्तुसत्त्वादन्यथा स्मृत्या-विज्ञानविषयत्वमतीतादिपर्याणां न भवेत् दृश्यते च, तस्मात्तेऽपि वस्तुसन्तस्तैर्विना वस्तुन एवाखण्डरूपस्यासम्भवात्त स्मात्तेषां सद्रूपत्वात्तद्विषयं ज्ञानं परिच्छेत्तृत्वेन सम्भवतीति निरवद्यम् ॥ ११ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શંકા** :- કેવલજ્ઞાનને ભૂત ભાવી ભાવોને જાણવાના સ્વભાવાવાળું કેવી રીતે કહી શકાય ? કારણ કે વિચારવા જઈએ તો ભૂત ભાવિ વસ્તુને વસ્તુ તરીકે માની શકાય એમ નથી; કેમકે તે તો નાશ પામેલ છે અને હજી ઉત્પન્ન થયેલ નથી. એટલે કે અસત્ છે અને અસત્ કોઈ દિવસ જ્ઞાનનો વિષય બની શકે નહિં એટલે તે અસત્નું જ્ઞાન થઈ શકતું નથી.

**સમાધાન** :- વસ્તુનો સ્વભાવ વર્તમાન કાળના એક પર્યાયથી જોડાઈ રહેવાનો નથી, કેમકે તે પર્યાય તો ક્ષણ માત્ર રહેવા વાળો છે. જ્યારે વસ્તુતો સઘળાય ભૂત ભાવિ અનાદિ અનંત પર્યાય સમૂહથી જોડાયેલ (માટીના દરેક પર્યાયમાં 'આ માટી છે' 'આ માટી છે' ...એવા) સમાન આકાર રૂપે છે અને તેમાં વર્તમાન પર્યાયની જેમ સ્વલક્ષણ પ્રમાણે થનારા ભૂતભાવિ કાર્યોની પણ પ્રત્યક્ષાદિ પ્રમાણથી ઉપલબ્ધિ થાય છે માટે ભૂત ભાવિ કાલમાં પણ વસ્તુ વિદ્યમાન છે જ. નહિંતર અતીતાદિ પર્યાયો સ્મૃતિ પ્રત્યભિજ્ઞા વિ. જ્ઞાનના વિષય જ બની શકશે નહિં; ત્યારે યાદ તો ભૂતકાલના ભાવોની જ આવે છે. એ વાત તો સાચી જ છે. તેથી તે પર્યાયો પણ વસ્તુમાં રહેલા જ છે. તેના વિના વસ્તુ અખંડ રૂપે સંભવે નહી. કોઈ પણ વસ્તુનો સદાકાળ ટકી રહેવાનો સ્વભાવ છે. એટલે વચ્ચે એવો ગાળો નથી આવતો કે ત્યારે પોતે વિદ્યમાન ન હોય અર્થાત વસ્તુની વિદ્યમાનતામાં ક્ષણ માત્રનું આંતરુ (ખંડ) પડતું નથી માટે અખંડ કહેવાય. માટે પર્યાયો સદ્રૂપ હોવાથી તેઓનું જ્ઞાન સંભવી શકે છે. ॥ ૧૧ ॥

एवं केवलज्ञानस्वरूपमिधाय तत्र परतत्त्वयोजनामाह ॥

**एतद्योगफलं तत्परापरं दृश्यते परमनेन ।**

**तत्तत्त्वं यद्दृष्ट्वा निवर्त्तते दर्शनाकाङ्क्षा ॥ १२ ॥**

तदेतत्प्रस्तुतं केवलज्ञानं परापरयोगफलं परयोगस्यापरयोगस्य च फलभूतं नान्यस्वतन्त्रव्यापारभूतमनेन-केवलज्ञानेन तत्-परं तत्त्वं-परमात्मस्वरूपं दृश्यते तत्किं यद्दृष्ट्वा (दर्शनेच्छा) दर्शनाकाङ्क्षा निवर्त्तते, सिद्धस्वरूप-दर्शने सर्वस्य वस्तुनो दृष्टत्वात् ॥ १२ ॥

**એ પ્રમાણે કેવલજ્ઞાનનું સ્વરૂપ કહી તેમાં પરતત્વની યોજના કરી આપે છે...**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ :-** આ કેવલજ્ઞાન પરાપર યોગનું ફળ છે - આનાથી પરં-પરમાત્મ સ્વરૂપ દેખાય છે. પરમાત્મસ્વરૂપ સિદ્ધસ્વરૂપને જોયા પછી કાંઈ પણ જોવાની તમન્ના રહેતી નથી.

**વિશેષાર્થ :-** પરાપર યોગનું ફળ કેવલજ્ઞાન છે, એટલે કેવલજ્ઞાન કાંઈ સ્વતંત્ર વ્યાપાર નથી પણ તેને મેળવવા માટે તેના કારણ ભૂત પરાપર યોગ આદરવા જ પડે. ॥ ૧૨ ॥

परतत्त्वस्वरूपमेव कारिकाचतुष्टयेनाह ।

**तनुकरणादिविरहितं तच्चाचिन्त्यगुणसमुदयं सूक्ष्मम् ।**

**त्रैलोक्यमस्तकस्थं निवृत्तजन्मादिसङ्क्लेशम् ॥ १३ ॥**

तनुः शरीरं करणमन्तर्बहिर्भेदाद्द्विधा तत्रान्तःकरणं मनो बहिष्करणं च पञ्चेन्द्रियाण्यादिशब्दाद् योगाध्यवसायस्थानपरिग्रहः तैर्विरहितं-वियुक्तं तच्च परतत्त्वमचिन्त्यगुणानां ज्ञानादीनां समुदयो यस्य तत्तथा, सूक्ष्म-केवलविरहेणादृश्यत्वात् सूक्ष्मस्वभावं त्रैलोक्यमस्तकं-सर्वोपरिवर्ती सिद्धक्षेत्रविभागस्तस्मिंस्तिष्ठति यत् तत्तथा, निवृत्ता जन्मादयः सङ्क्लेशा यस्मात्तत्तथा ॥ १३ ॥

**પરતત્ત્વના સ્વરૂપને ચારગાથા દ્વારા ગ્રંથકાર જણાવી રહ્યા છે...**

**ગાથાર્થ :-** જે પરતત્ત્વ ઈન્દ્રિય વિ. થી રહિત અચિન્ત્ય ગુણ સમૂહવાળું સૂક્ષ્મ - અરૂપી ત્રણે લોકના મસ્તકે રહેલ તેમજ જન્માદિ સંક્લેશથી પર થયેલ છે.

**વિશેષાર્થ :-** શરીર, અંતઃકરણ મન અને બહિષ્કરણ પાંચ ઈન્દ્રિયો એમ કરણના બે પ્રકાર છે અને આદિ શબ્દથી યોગ અધ્યવસાય સ્થાનનો પરિગ્રહ કરવો આ બધાથી પરતત્ત્વ વેગળું રહેલ છે; અચિન્ત્ય અનંત ગુણો જેમાં ભરેલા છે; કેવલજ્ઞાન વિના તેના સ્વરૂપને જોવું શક્ય નથી; માટે તે સૂક્ષ્મસ્વભાવવાળું કહેવાય છે. સિદ્ધો પુરુષાકારવાળા ચૌદ રાજના મસ્તકે સિદ્ધશીલા છે તેમાં બિરાજમાન છે; તેમજ જન્મ મરણ વિ. કોઈ જાતના સંક્લેશો જેમને હવે રહ્યા નથી. ॥ ૧૩ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ज्योतिः परं परस्तात्तमसो यद्गीयते महामुनिभिः ।

आदित्यवर्णममलं ब्रह्माद्यैरक्षरं ब्रह्म ॥ १४ ॥

परं - प्रकृष्टं ज्योतिः तमसो भावद्रव्यरूपादन्धकारात्परस्तात्परभागवर्त्ति, अत एवादित्यवर्णं सूर्यसदृशममलं रागादिमलरहितं, न क्षरति-न प्रच्यवते स्वभावात्कदाचिदित्यक्षरं ब्रह्म, बृहत्त्वाद्बृंहकत्वाच्च, यद् ब्रह्माद्यैर्महामुनिभिर्गीयते ॥ १४ ॥

**ગાથાર્થ** :- પરમજ્યોતિ સ્વરૂપ એટલે જ દ્રવ્ય ભાવ અંધકારથી પર; સૂર્યસમાન રાગાદિમળ વગરનું; અક્ષર અને બ્રહ્મરૂપ પરતત્ત્વ છે. એમ બ્રહ્માદિ મહામુનિ કહે છે.

**વિશેષાર્થ** :- આત્મપ્રદેશો પ્રકાશમયજ છે, તે પ્રકાશ આવરણ હટી જતા પ્રગટ થાય છે અને આવો પ્રકાશ પ્રસરતો હોય ત્યારે અંધારું ક્યાંય બાધક બનતું નથી. એટલે આવરણ દૂર થતા અંધકારથી આવૃત પદાર્થ પણ જણાઈ આવે છે "અને આત્મા છે જ નહિ. "આત્મા નિત્ય જ છે." ઈત્યાદિ ભ્રમણા રૂપ જે ભાવ અંધકાર હતો તે ઓસરી જાય છે. ઝાંખો પ્રકાશ હોય તો વસ્તુ વ્યવસ્થિત ન પણ દેખાય માટે વસ્તુના સાચા સચોટ સ્વરૂપને જોવા તો સૂર્ય જ કામ આવે તેમ આંતરિક સાચા સ્વરૂપ જોવામાં કેવલજ્ઞાન (સૂર્યની ગરજ સારે છે) માટે પરતત્વ સૂર્યસમાન કહ્યું; બેટરીના કાચ ઉપર કચરો કે ચીકાશ હોય તો પ્રકાશ ઝાંખો પડે છે, તેમ રાગાદિ આત્મપ્રકાશને ઝાંખો પાડતા હોવાથી મળ રૂપે છે. સિદ્ધોને તે ન હોવાથી અમળ કહેવાય છે. સિદ્ધો પોતાના સ્વભાવથી ક્યારેય છૂટા પડતા નથી માટે અક્ષર, મહાન તેમજ આત્માનું પોષણ કરનાર હોવાથી બ્રહ્મ રૂપ, બ્રહ્માદિ મહામુનિએ પરતત્ત્વનું આવું સ્વરૂપ કહ્યું છે. ॥ ૧૪ ॥

नित्यं प्रकृतिवियुक्तं लोकालोकावलोकनाभोगम् ।

स्तिमिततरङ्गोदधिसममवर्णमस्पर्शमगुरुलघु ॥ १५ ॥

नित्यं-ध्रुवं प्रकृतिभिर्मूलोत्तरभेदभिन्नकर्मस्वभावरूपाभिर्वियुक्तं स्वतन्त्रपरिभाषया, परतन्त्रपरिभाषया च सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिस्तया वियुक्तं लोकालोकयोरालोकने आभोगो-विस्तारोऽनन्तकालोपयोगाविच्छेदरूपो



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यस्य तत्तथा, स्तिमिततरङ्गो निश्चलोर्मिर्य उदधिस्तत्समं अवृ (नुद्ध) त्तिपूर्णकलशस्वभावत्वादवर्णं वर्णरहितमस्पर्शं स्पर्शरहितमगुरुलघु - अमूर्त्त द्रव्यत्वादगुरुलघुपरिणामोपेतम् ॥ १५ ॥

**ગાથાર્થ** :- નિત્ય કર્મ પ્રકૃતિથી રહિત લોકાલોક જોવાને વિસ્તૃત ઉપયોગવાળું શાંત સમુદ્ર સમાન વર્ણ અને સ્પર્શ વગરનું તેમજ અગુરુલઘુ પર્યાયવાળું પરતત્ત્વ છે.

**વિશેષાર્થ** :- નિત્ય - સદાકાલ રહેનારું છે, અક્ષર એટલે જ્યાં સુધી તે પદાર્થ = તત્ત્વ વિદ્યમાન હોય ત્યાં સુધી તેમાં કશો ફેરફાર ન થાય, ત્યારે ધ્રુવ ( નિત્ય ) એટલે અનંતકાલ સુધી તે તત્ત્વ ટકનારું છે એવો અર્થ છે. એમ અક્ષર અને નિત્યમાં ભેદ જાણવો. આપણા શાસ્ત્ર પ્રમાણે કર્મને પ્રકૃતિ કહેવાય તે આઠે કર્મોથી રહિત અને અન્ય શાસ્ત્ર પ્રમાણે સત્વરજસ્તમો ગુણની સામ્યાવસ્થાને પ્રકૃતિ કહેવાય, તેનાથી રહિત, લોકાલોક જોવામાં આભોગ વિસ્તાર એટલે અનંતકાલ સુધી સતત ઉપયોગ હોવો એટલે સર્વકાલ વ્યાપિ અને સર્વદેશ વ્યાપિ જેમનો ઉપયોગ છે. કર્મ હોય ત્યાં સુધી આત્મપ્રદેશો ઉકળતા પાણીની જેમ ઉછલતા હોય તે ખરી જવાથી આત્મપ્રદેશો એકદમ શાંત-સ્થિર બની જાય છે. માટે શાંત સમુદ્ર સમાન અથવા ભરેલો ઘડો છલકાય નહિ તેમ સર્વગુણોથી પૂર્ણ હોવાથી શાંત સ્થિર રહે છે. વર્ણ અને સ્પર્શથી રહિત ઉપલક્ષણથી રસ ગંધ વગરનું, મૂર્ત્ત દ્રવ્યમાંજ ગુરુલઘુ પર્યાય હોય ત્યારે આત્મા તો અમૂર્ત દ્રવ્ય હોવાથી અગુરુલઘુ પર્યાયવાળું પરતત્ત્વ છે. ॥ ૧૫ ॥

सर्वाबाधारहितं परमानन्दसुखसङ्गतमसङ्गम् ।

निःशेषकलातीतं सदाशिवाद्यादिपदवाच्यम् ॥ १६ ॥

सर्वाभिराबाधाभिः पीडाभी रहितं, परमानन्दसुखेन-मोक्षसुखेन सर्वसांसारिकसुखातिशायिसुखेनेत्यर्थः सङ्गतं युक्तं, सङ्गरहितं, निःशेषाः याःकलास्तथाभव्यत्वासिद्धत्वयोगसहवर्त्तिक्षायिकचारित्राद्यात्मस्वभावभूतांशलक्षणास्ताभ्योऽतीतं, सिद्धिसमये तन्निवृत्त्यभिधानात्, सदा शिवमत्रेति सदाशिवमादौ भवमाद्यं प्रधानप्रवाहापेक्षयादिभावेनावस्थितं वा एतदादिपदवाच्यम् ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आदिना निरञ्जनादिग्रहः परतत्त्वमिति सर्वत्र सम्बन्धनीयम् ॥ १६ ॥१५॥

**પુષ્ટિ શુદ્ધિના લક્ષણ અને ફળને કહે છે..**

**ગાથાર્થ** :- સર્વ જાતની પીડા વિનાનું પરમાનંદથી યુક્ત સંગરહિત સર્વ કાળથી પર સદાશિવ આદ્ય ઈત્યાદી પદથી સંબોધવા યોગ્ય પરતત્ત્વ છે.

**વિશેષાર્થ** :- શારીરિક માનસિક પીડા વગરનું તન મન બન્નેનો અભાવ હોવાથી, બાહ્ય સામગ્રીની અપેક્ષા ન હોવાથી સાંસારિક સુખ કરતા અનંત ગુણ સુખને ભોગવનારું/તથાભવ્યત્વ; અસિદ્ધત્વ; યોગ સહવર્તી જે ક્ષાયિક ચારિત્ર વિ. આત્મસ્વભાવના અંશરૂપ જે કલાઓ છે તે કલાઓથી પર થયેલ હોવાથી નિઃશેષ કલાતીત, (કારણકે સિદ્ધ થતાં ક્ષાયિક ચારિત્ર વિ. હોતું નથી) **સદા શિવ આદ્ય** - જ્યાં સદા કલ્યાણ રહેલ છે; પ્રધાન પ્રવાહની અપેક્ષાએ આદિભાવ રૂપ અવસ્થિત, આદિપદથી નિરંજન નિરાકર વિ. પદોથી જે સંબોધ્ય છે એવું પરતત્ત્વ છે. ॥ ૧૬ ॥

**॥ ઈતિ પંચદશમ્ ષોડશકમ્ ॥**

JAINSITE.com
जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# षोडशं समरसषोडशकम्

एवं परतत्त्वमभिधाय तद्दर्शनानन्तरं यद्भवति तदाह ॥

एतद्दृष्ट्वा तत्त्वं परममनेनैव समरसापत्तिः ।

सञ्जायतेऽस्य परमा परमानन्द इति यामाहुः ॥ १ ॥

एतत्प्रस्तुतं परमतत्त्वं दृष्ट्वाऽनेनैव-परतत्त्वेन समरसापत्तिरेकता सञ्जायतेऽस्य-द्रष्टुः केवलिनः, परमा-प्रधान, परमानन्द इति यां समरसापत्तिमाहुर्वेदान्तवादिनः ॥ १ ॥

**એ પ્રમાણે પરતત્ત્વ કહી તેના દર્શન પછી જે થાય તે દર્શાવે છે..**

**ગાથાર્થ :-** આ પ્રમાણે પરમતત્ત્વ સિદ્ધ સ્વરૂપ (મોક્ષ) ને દેખીને આજ પરતત્ત્વની સાથે કેવલી આત્મા સમરસાપત્તિ એટલે એકતા પામે છે, જેને વેદાન્તિઓ પરમાનન્દ કહે છે.

**વિશેષાર્થ :-** અંતકૃત કેવલી પણ અંતમુહૂર્ત રહીને જ મોક્ષે જાય છે. એટલે કેવલજ્ઞાનથી સિદ્ધ સ્વરૂપને જોયા પછી જ કેવલીઆત્મા સિદ્ધ સ્વરૂપ બને છે. પરતત્ત્વ જે બ્રહ્મથી વાચ્ય છે અને આવા બ્રહ્મમાં એકમેક (લીન) થઈ જવું તેને વેદાન્તીઓ પરમાનન્દ કહે છે. ॥ ૧ ॥

परतत्त्वस्यैव शब्दान्तराभिधेयतामाह ॥

सैषाऽविद्यारहितावस्थापरमात्मशब्दवाच्येति ।

एषैव च विज्ञेया रागादिविवर्जिता तथ्यता ॥ २ ॥

अविद्यया-परतन्त्रप्रसिद्धाज्ञानरूपया रहिताऽवस्था सा एषा या परतत्त्वरूपा परमात्मशब्देन वाच्येतिशब्दः स्वरूपदर्शने, एषैव चावस्था विज्ञेया रागादिभिर्विवर्जिता तथ्यं-सत्यं रूपमात्मनस्तत्ता ॥ २ ॥

**પરતત્ત્વને બીજા શબ્દથી દર્શાવે છે.**

**ગાથાર્થ :-** આ પરતત્ત્વ રૂપ અવિદ્યા વગરની અવસ્થા પરમાત્મ



जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ્દથી વાચ્ય છે. (બોલાય છે) આજ અવસ્થા રાગાદિ વગરની તેમજ આત્માના સત્યસ્વરૂપરૂપે જાણવી. અવિદ્યા - અન્ય શાસ્ત્રમાં જે અજ્ઞાન અર્થમાં પ્રસિદ્ધ છે. ॥ ૨ ॥

अस्यामेवावस्थायां तन्त्रान्तरोक्तमन्यदपि संवादयन्नाह ॥

**वैशेषिकगुणरहितः पुरुषोऽस्यामेव भवति तत्त्वेन ।**

**विध्यातदीपकल्पस्य हन्त जात्यन्तराप्राप्तेः ॥ ३ ॥**

विशेषे भवा वैशेषिकास्ते च ते गुणाश्च बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नास्तै रहितः पुरुषोऽस्यामेवावस्थायां भवति तत्त्वेन-परमार्थेन, तेनाखण्ड-शुद्धज्ञानसुखाद्यन्वय्यात्मद्रव्यरूपाप्यशुद्धज्ञानाद्यभावरूपा मुक्तिः सिद्धा, न तु सर्वथाभावरूपा बौद्धाभिमता, विध्यातदीपेन कल्पस्य सर्वथा तुच्छरूप-स्यात्मनो हन्तेति प्रत्यवधारणे जात्यन्तरस्य - 'दोषवतः सतोऽदोषवत्त्वस्या-प्राप्तेः ।

**આ અવસ્થા વિષે અન્ય દર્શનના શાસ્ત્રમાં જે બીજું કહ્યું છે તેનો સમન્વય કરતાં ગ્રંથકાર કહે છે....**

**ગાથાર્થ :-** આ જ અવસ્થામાં પુરુષ (આત્મા) પરમાર્થથી વૈશેષિકે માનેલા ગુણો (બુધ્ધિ સુખ દુઃખ ઈચ્છા દ્વેષ પ્રયત્ન) વગરનો થાય છે. પરંતુ આ અવસ્થામાં આત્મા બુઝાઈ ગયેલા દીવા સરખો સર્વથા અસત બનતો નથી. કારણકે અસતમાં દોષવાળાથી ભિન્ન "અદોષવત્ત્વ" રૂપ અન્ય જાતિની પ્રાપ્તિ સંભવી શકતી નથી.

**વિશેષાર્થ :-** આ અવસ્થામાં આત્મા અશુદ્ધ જ્ઞાનાદિ ગુણોથી રહિત બને છે. તેથી અખંડ શુદ્ધ સુખ વિ. માં અન્વય પામનાર આત્મદ્રવ્યરૂપ મોક્ષ અશુદ્ધજ્ઞાનાદિના અભાવવાળો છે એ સિદ્ધ થયું.

પરંતુ દીવો બુઝાઈ જતાં કશે પણ જતો નથી પરંતુ સર્વથા અસત બને છે, તેમ રાગાદિથી છૂટો પડેલો દોષ વગરનો શુદ્ધ આત્મા સર્વથા તુચ્છ બની જાય છે. તેજ મુક્તિ છે. એવું જે બૌદ્ધો માને છે. તે વાત બરાબર નથી. કારણ કે ગધેડાના શિંગડામાં કોઈપણ જાતની જાતિ સંભવી શકતી નથી. તેમ સંસારી આત્મા દોષવાળો હોવાથી તેમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોષવત્ત્વ જાતિ હતી. શુદ્ધ મુક્ત થતાં તેમાં અદોષવત્ત્વ જાતિ આવે, પણ તુચ્છ હોવાથી તેમાં પણ આવી અદોષવત્ત્વ જાતિ સંભવી શકે નહિં અને પોતાના અભાવ માટે (ધ્વંસ માટે) કોઈ પ્રવૃત્તિ કરે એ વાત સંભવે નહિં. જ્યારે મુક્તિ માટે બધા પુરુષાર્થ તો કરે જ છે., માટે અન્વયિઆત્મદ્રવ્યની ઉપરોક્ત અવસ્થાને જ મુક્તિ માનવી ઠીક છે. नहि खरविषाणादिवत्तुच्छरूपतामापन्नोऽविद्यारहितावस्थां वस्तुसत्तां भजत इति जात्यन्तराप्राप्तिः । नच स्वाभावार्थं कस्यचित्प्रवृत्तिः सम्भवतीति पुरुषार्थत्वादन्वय्यात्मद्रव्यस्योक्तावस्थैव मुक्तिर्घटते । एतेन सर्वथा सन्तानोच्छेद इत्येकेषां बौद्धानां, शुद्धक्षणोत्पाद इत्यन्येषां च मतं निरस्तं भवति । अनन्वितशुद्धक्षणानां मुक्तित्वेऽन्यान्यमुक्तिसाङ्कर्यप्रसङ्गात् । वैशेषिकगुणरहित इति वागूभङ्ग्या कथञ्चिन्निर्गुणमुक्तिपक्ष आदृतः; सर्वथा निर्गुणमुक्तिपक्षस्तु वेदान्त्यादीनामपास्तः ॥ ३ ॥

આના દ્વારા "સર્વથા સંતાનના ઉચ્છેદ રૂપ મુક્તિ છે." એવા કેટલાક બૌદ્ધોનો જે મત છે. તેનો અને બીજા કેટલાકનો "શુદ્ધ ક્ષણનો ઉત્પાદ રૂપ મુક્તિ છે" એવો મત છે, તેનો નિરાસ થઈ જાય છે. સર્વથા સંતાનનો નાશ થતા આત્મદ્રવ્યનો અન્વય ન ઘટે અને શુદ્ધ ક્ષણનાં ઉત્પાદનમાં આત્મદ્રવ્યનો અન્વય ન થતો હોય તો આ જ આત્માની મુક્તિ અવસ્થા છે, એવો નિર્ણય શક્ય ન હોવાથી એક બીજાની મુક્તિનું સાંકર્ય થવાની આપત્તિ આવશે અને વૈશેષિક ગુણ રહિત વિશેષ એટલે ક્ષયોપશમભાવ તત્ર ભવાઃ ક્ષાયોપશમિકગુણા એ પ્રમાણેની વચન ભંગીથી કથંચિત/કોઈક રીતે/એક અપેક્ષાએ નિર્ગુણ મુક્તિ પક્ષ (મુક્તિ નિર્ગુણરૂપ છે. એવો પક્ષ) અમને માન્ય છે. કારણ કે મોક્ષમાં ક્ષાયોપશમિક ગુણોનો અભાવ માન્ય જ છે. પરંતુ સર્વ અપેક્ષાએ મુક્તિ ગુણ વગરની છે. એવો વેદાન્તી વિ. ના પક્ષનો નિરાસ થઈ જાય છે. કારણકે કોઈપણ દ્રવ્ય હંમેશા ગુણવાળું હોય છે. અને 'ગુણગુણિનોરભેદ' આ નિયમ હોવાથી ગુણનો નાશ થતાં અન્વયી આત્મદ્રવ્યનો નાશ થવાની આપત્તિ આવે; જે ઈષ્ટ નથી. ॥ ૩ ॥

अस्यां वस्तुसत्यामवस्थायां तन्त्रान्तरोक्तं सम्भवित्वेन दर्शयन्नाह ।

एवं पशुत्वविगिमो दुःखान्तो भूतविगम इत्यादि ।
अन्यदपि तन्त्रसिद्धं सर्वमस्यान्तरेऽत्रैव ॥ ४ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एवमुक्तनीत्या पशुत्वमज्ञत्वं तस्य विगमोऽपुनर्भावेन नाशः, दुःखानामन्तो, भूतानां पृथिव्यादीनां विगम-आत्यन्तिको वियोग इत्यादि । अन्यदपि उक्तावशिष्टमपि 'तन्त्रसिद्धं'-तत्तत्समयप्रसिद्धं सर्वं-निरवशेषमवस्थान्तरे - दोषरहितशुद्धगुणावस्थारूपेऽत्रैव-परतत्त्वस्वरूपे युज्यते नान्यत्र ॥ ४ ॥

**હકીકતમાં વિદ્યમાન સત આ અવસ્થામાં એટલે પરમાર્થથી વિદ્યમાન આ અવસ્થામાં અન્ય દર્શનમાં કહેલી વાતો સંભવી શકે છે. તે રીતે દર્શાવતા ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- ઉપરોક્ત ન્યાયથી અજ્ઞાનતાનો નાશ, દુઃખોનો અંતઃ ભૂતો-પૃથ્વી વિ. નો વિયોગ ઈત્યાદિ બીજું પણ જે શાસ્ત્ર પ્રસિદ્ધ છે. તે બધુ જ આ અવસ્થાન્તરરૂપ પરતત્ત્વરૂપમાં જ સંભવે છે, બીજે ક્યાં નહિં.

**વિશેષાર્થ** :- અજ્ઞ-જડ બતાવા માણસને પશું તરીકે સંબોધાય છે. તેથી પશુત્વ - અજ્ઞત્વ અને વિગમ એટલે એવો નાશ થાય કે ફરી પાછો તે દોષ ન આવે; અવસ્થાન્તરે - દોષ રહિત શુદ્ધગુણની જે અવસ્થા તે પરતત્ત્વ સ્વરૂપ જ છે. તે અવસ્થાન્તરમાંજ આ બધું ઘટી શકે છે. પણ બીજી અવસ્થામાં નહિં ॥ ૪ ॥

एतच्च सर्वमपि तन्त्रान्तरसिद्धं यथाविधवस्तुतत्त्वाभ्युपगमे युज्यते तादृशं वस्तु परीक्षयन्नाह ।

**परिणामिन्यात्मनि सति तत्तद्ध्वनिवाच्यमेतदखिलं स्यात् ।**

**अर्थान्तरे च तत्त्वेऽविद्यादौ वस्तुसत्येव ॥ ५ ॥**

'केनचिद्रूपेणान्वयित्वे सति केनचिद्रूपेण व्यतिरेकित्वं' परिणामः; स विद्यते यस्य स परिणामी, तस्मिन्नात्मनि-जीवे सत्यभ्युपगम्यमाने सति, मुक्तिवादिनामात्मसत्तायामविप्रतिपत्तेस्तस्मिन्नित्यत्वक्षणिकत्वादावेव विप्रतिपत्तेस्तन्निरासायेदं विशेषणं, तैस्तैर्ध्वनिभिः शब्दैर्वाच्यमभिधेयमेतत्प्रागुक्तमविद्यारहिताऽवस्थावैशेषिकगुणरहितपुरुषपशुत्वविगमादि । अथवा तैस्तैर्ध्वनिभिर्वाच्यं सम्यग्दर्शनज्ञानसदनुष्ठानादिप्रकरणोक्तमेतदखिलं स्यात् सम्भवेत् । अर्थान्तरे चात्मभिन्ने च तत्त्वे पदार्थेऽविद्यादावविद्यादृष्टसंस्कारादिपदवाच्ये वस्तुसत्येव-परमार्थतो विद्यमान एव नतु सांवृतसत्त्वेनाभ्युपगम्यमाने, तस्य कल्पितरूपत्वेन तत्त्वतोऽसत्त्वात् ॥ ५ ॥



जैन साईट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અન્ય શાસ્ત્રમાં પ્રસિદ્ધ આ સર્વ પણ; વસ્તુ જે રૂપે છે તે પ્રમાણે સ્વીકારીએ તો જ ઘટી શકે. તેવી વસ્તુની પરીક્ષા કરતા કહે છે...**

**ગાથાર્થ** :- આત્માને પરિણામી માનવામાં આવે તો અને આત્મ-ભિન્ન અવિદ્યા વિ. પદાર્થો પરમાર્થથી વિદ્યમાન હોય તો અવિદ્યારહિતાવસ્થા પશુત્વવિગમ ઈત્યાદિ તે તે શબ્દથી વાચ્ય આ બધુ ઘટી શકે છે.

**વિશેષાર્થ** :- કોઈક રૂપે અન્વય થયો હોય કે અને સાથોસાથ કોઈક રૂપે અભાવ થાય તેને **પરિણામ** કહેવાય. આવા પરિણામવાળાને પરિણામી કહેવાય. આવો પરિણામી આત્મા માનવો પડે. મુક્તિ માનનારા બધા વાદિઓ આત્માની સત્તાને માને છે. તેમાં કોઈને વિરોધ નથી. પણ કોઈક આત્માને સર્વથા નિત્ય કોઈક આત્માને ક્ષણિક માને ઈત્યાદિ જે વિરોધ છે, તેનો નિરાસ કરવા પરિણામી વિશેષણ મૂક્યું છે. જેથી બન્ને વાતોનો કથંચિત સ્વીકાર થઈ જાય છે. દ્રવ્ય રૂપે આત્મા નિત્ય છે અને પર્યાય રૂપે (ક્ષણે ક્ષણે બદલાતા હોવાથી) ક્ષણિક છે. અને અવિદ્યા, અદૃષ્ટ, સંસ્કાર વિ. પદથી વાચ્ય આત્મા સિવાયના પદાર્થ હકીકતમાં વિદ્યમાન માનવા પડે. કર્મ અને બીજા પણ જડ પદાર્થો સત્ય હોય તો તેમની આત્મા ઉપર અસર થઈ શકે. પણ જો આત્મા નિત્ય હોય તો તેમાં કાંઈપણ ફેરફાર સંભવી ન શકે અને ક્ષણિક હોય તો કર્મ સંયોગ થતાં આત્મા બદલાઈ જવાથી તેજ આત્માના બંધ મોક્ષ ઘટી શકે નહિ, અને કાલ્પનિક પદાર્થની આત્મા ઉપર અસર સંભવે નહિં, કારણ કે તે કાલ્પનિક હોવાથી હકીકતમાં અસત છે. બીજ વિના બીજની કલ્પના માત્રથી ઝાડ ઉગી શકતું નથી. માટે આ બે વાત માનવામાં આવે તો જ વૈશેષિકગુણરહિત પશુત્વવિગમ ઈત્યાદિ પદથી વાચ્ય પરતત્ત્વ સ્વરૂપ (મોક્ષ) સંભવી શકે. અથવા તે તે શબ્દથી વાચ્ય સમ્યગદર્શન સમ્યગજ્ઞાન સદનુષ્ઠાન ઈત્યાદિ ષોડશક પ્રકરણમાં કહેલું બધુ સંભવી શકે. ॥ ૫ ॥

**तथा तद्योगयोग्यतायां चित्रायां चैव नान्यथा नियमात् ।**

**परिभावनीयमेतद्विद्वद्भिस्तत्त्वदृष्ट्योच्चैः ॥ ६ ॥**

तेनार्थान्तरभूतेन तत्त्वेनाविद्यादिना योगः सम्बन्धः - आत्मनः कर्मबन्ध



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इत्यर्थः; तस्मिन् योग्यता-जीवस्य कर्मपुद्गलग्राहकस्वभावत्वमनादिपारिणामिकभव्यभावलक्षणं सहजमलरूपं मुक्तिसमये विनिवृत्तिमत्तस्यां चित्रायां चैव-नानाप्रकारायामेव सत्यां नान्यथा, एकस्वभावायां योग्यतायां फलभेदासिद्धेः । दृश्यते च द्रव्यक्षेत्रकालभावप्रक्रमेण तीर्थकरातीर्थकर-प्रत्येकबुद्धस्वयंबुद्धादिरूपः फलभेदस्तस्मात्तन्नियामकं योग्यतावैचित्र्यमवश्य-माश्रयणीयमिति ।

**આ બે જ વાત માનવાથી કામ ચાલી જાય કે બીજું પણ કોઈ મુક્ત અમુક્ત અવસ્થાનો ભેદ પાડવામાં કારણ છે ? આ શંકાનું સમાધાન કરતા કહે છે.**

**ગાથાર્થ** :- વિચિત્ર તથાભવ્યતા જ અહીં ભેદ પાડનાર છે. અન્યથા ફળ ભેદ ઘટી શકે નહિં. આ વાત નિયમા વિદ્વાન પુરુષોએ તત્ત્વદૃષ્ટિથી વિચારવી.

**વિશેષાર્થ** :- તદ્ - કર્મ તેનો સંબંધ, તેના વિશેની યોગ્યતા એટલે કર્મને ગ્રહણ કરવાનો સ્વભાવ જીવને અનાદિ પારિણામિક ભવ્યત્વ રૂપ છે. જે સહજમળ કહેવાય છે. તે નિર્વાણ સમયે ટળી જાય છે. આ સહજ મળની નિવૃત્તિ થવામાં જે ભિન્નતા છે તે જ વિચિત્ર તથાભવ્યતા કહેવાય છે. આના આધારે કોઈક વ્હેલું અને કોઈક મોડું મોક્ષે જાય છે. ઈત્યાદિ ભેદ દેખાય છે. નહિં તો આવો ભેદ ન પડી શકે એટલે કે બધા એક જ સાથે મોક્ષ જતા રહે.

नियमान्नियमेन परिभावनीयं सर्वप्रकारैश्चिन्तनीयमेतत्त्रयं जीवकर्म (तथा)भव्यत्वरूपं विद्वद्भिः सूरिभिस्तत्त्वदृष्ट्यागमापनीतविपर्यय- मलया प्रज्ञयोच्चैरत्यर्थम् । ननु तीर्थकरसिद्धत्वादिकं नीलघटत्वादिवदर्थ-समाजसिद्धमिति तत्प्रयोजकतया योग्यताभेदो न सिध्येदिति चेन्न । कार्ये तावद्धर्मकत्वस्य योग्यताविशेषप्रयोज्यत्वात्, तत्र तथाविधसामग्रीसमाजस्य प्रयोजकत्वे तत्रापि तथाविधप्रयोजकान्तराश्रयणेऽनवस्थानात्, यदि चेयमन-वस्था प्रामाणिकानां न दोषाय तदायं नियतधर्म्मककार्यनियामकस्तथा-विधसामग्रीसमाज एव कथञ्चिदेकत्वेन भासमानः परिणामिभव्यत्वरूपः स्वीक्रियतामित्थमपि स्याद्वादप्रक्रियया दोषाभावादित्यधिकमस्मत्कृतस्याद्वाद-कल्पलतायाम् ॥ ६ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવની અપેક્ષાએ તીર્થંકર, અતીર્થંકર, પ્રત્યેકબુદ્ધ સ્વયંબુદ્ધ ઈત્યાદિ રૂપ ફળ દેખાય છે. માટે તેનાં ભેદના નિયામક તરીકે યોગ્યતાની વિચિત્રતા માનવી જ જોઈએ.

વિદ્વાનોએ આત્મા, કર્મ; તથાભવ્યત્વના સ્વરૂપને પ્રજ્ઞાથી (આગમથી વિપર્યય મૂળ દૂર થવાથી નિર્મળ બનેલી બુદ્ધિથી) ચોક્કસ સર્વ રીતે ઘણું જ વિચારવું જોઈએ.

**શંકાકાર** :- લીલા વર્ણની માટી વિ. સામગ્રી રૂપ પદાર્થ સમૂહથી જેમ લીલો ઘડો વિ. બને છે; તેમ તાદૃશ સામગ્રી રૂપ પદાર્થ સમૂહથી કોઈ તીર્થંકર બને. કોઈ સામાન્ય કેવલી બની સિદ્ધ થાય ઈત્યાદિ ઘટી શકે છે; માટે તીર્થંકર વિ. ના પ્રયોજક તરીકે યોગ્યતા ભેદ સિદ્ધ થઈ શકતો નથી.

**સમાધાન** :- દરેક કાર્યોમાં જેટલા ધર્મો છે. તે યોગ્યતાં વિશેષ દ્વારા પેદા થઈ શકે. તેમાં તથાવિધ સામગ્રીસમૂહને પ્રયોજક માનવા જશો તો તેવી સામગ્રી સમુદાય કેવી રીતે ત્યાં આવ્યો અને બન્યો ? તેનાં પ્રયોજક તરીકે કહેવું પડશે કે તેવા પ્રકારની સામગ્રી અહીં ભેગી થઈ એટલે એમ અન્ય પ્રયોજકનો આશ્રય લેવો પડતો હોવાથી અનવસ્થા દોષ ગળે વળગી પડશે.

**શંકાકાર** :- પ્રામાણિક પદાર્થો માટે અનવસ્થા દોષ રૂપે બનતી નથી.

**સમાધાન** :- તો નિયત ધર્મવાળા કાર્યના નિયામક તરીકે તથાવિધ સામગ્રી સમુદાય છે તેને જ કથંચિત એક રૂપે ભાસતા પારિણામિક ભવ્યત્વ રૂપે માની લો. આ રીતે માનવામાં પણ સ્યાદ્વાદની પરિભાષાથી બાધ આવતો નથી. આ સંબંધી વિશેષ વિવેચન ઉપાધ્યાય મહારાજે સ્યાદ્વાદ કલ્પલતામાં ગુંચવણ દૂર કરવા ગુંથ્યું છે. એટલે તેવી સામગ્રી પરિણામીભવ્યત્વ છે. ॥ ૬ ॥

एतत्त्रयानाश्रयणे संसारमोक्षयोरनुपचरितयोरभावमापादयन्नाह ।

**पुरुषाद्वैतं तु यदा भवति विशिष्टमथ च बोधमात्रं वा ।**

**भवभवविगमविभेदस्तदा कथं युज्यते मुख्यः ॥ ७ ॥**

द्वयोर्भावो द्विता, तस्यां भवं सैव वा द्वैतम् । न द्वैतमद्वैतं पुरुषस्याद्वैतं



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पुरूषाद्वैतम् । तत्तु यदा भवति परतत्त्वमभ्युपगतं वेदान्तवादिभिः; अथवा विशिष्टं रागादिवासनारहितं बोधमात्रं बोधस्वलक्षणं परतत्त्वमभ्युपगतं भवति बौद्धैः; तदा भवभवविगमयोः संसारमोक्षयोर्विभेदो मुख्यः निरुपचरितः कथं युज्यते ? अर्थान्तरे ह्यविद्यावासनादौ तत्त्वे भेदके सति तद्भेदः स्यात्तदसत्त्वे तु न कथञ्चिदित्यर्थः ।। ७ ।।

**જીવ, કર્મ અને તથાભવ્યત્વનો આશ્રય ન લઈએ તો મુખ્ય રીતે સંસાર મોક્ષનો અભાવ થવાની આપત્તિ આવશે. તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- જ્યારે જીવ પુરુષાદ્વૈત કે રાગાદિ રહિત બોધ માત્ર રૂપ બને તે પરતત્ત્વ છે; એવું માનવામાં આવે ત્યારે મુખ્ય રીતે સંસાર અને સંસારનો નિકાલ = મોક્ષનો ભેદ કેવી રીતે ઘટી શકશે ?

**વિશેષાર્થ** :- એક પુરુષ માત્ર-આત્માજ સત્ છે તેનો જ અંશ બ્રહ્મ = પુરુષમાં લીન થતા મુક્તિ થાય છે. એવું વેદાન્તીઓ માને છે. રાગાદિવાસના વગરનો બોધ માત્ર જ પરતત્ત્વ છે. એવું બૌદ્ધો માને; બૌદ્ધ માત્ર જ્ઞાનને જ માને છે. બીજું કોઈ બાહ્ય તત્ત્વ નથી. એમ માત્ર બ્રહ્મ કે માત્ર જ્ઞાન જ સત્ હોય તો સંસાર શેના કારણે અને મુક્તિ શેનાથી થાય ? એમના મતે તો કોઈ બીજું કારણ જ નથી. એટલે ઉપચાર વગરનો સંસાર કે મોક્ષ ન ઘટી શકે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ભલે કાલ્પનિક અંશનુ બ્રહ્મમાં લીન થવાથી કાલ્પનિક વાસના છૂટી જવાથી ઔપચારિક મોક્ષ માનો; તે વગરની અવસ્થાને કાલ્પનિક સંસાર માનો પણ તે વાસ્તવિક નથી. ।। ૭ ।।

पुरुषाद्वैते विशिष्टबोधमात्रे वा तत्त्वे प्रत्यक्षबाधापीत्याह ।

**अग्निजलभूमयो यत्परितापकरा भवेऽनुभवसिद्धाः ।**

**रागादयश्च रौद्रा असत्प्रवृत्त्यास्पदं लोके ।। ८ ।।**

अग्निजलभूमयो वैषयिकसुखस्यापि दुःखरूपत्वात्परितापकरास्तत्त्वतो दुःखदा भवे संसारे यद् यस्मादनुभवसिद्धाः प्रत्यक्षप्रतीताः; रागादयो रागद्वेषमोहाश्च रौद्रा दारुणा असत्प्रवृत्तीनामसुन्दरचेष्टानामास्पदं मूलप्रतिष्ठा लोके सर्वत्रैवानुभवसिद्धास्ततः पुरुषाद्वैते ज्ञानाद्वैते वा प्रत्यक्षबाध इत्यर्थः; अयं चायुक्त



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इति । बाह्यार्थानां पुरुष इति ज्ञानमिति च नामान्तरमेव कृतं स्याद् वादिभिरितिभावः ॥ ८ ॥

**પુરુષાદ્વૈત અને વિશિષ્ટબોધ માત્ર માનવામાં પ્રત્યક્ષ બાધ છે તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- કારણ કે અગ્નિ પાણી ભૂમિ સંસારમાં દુઃખ આપનારા છે. એવું અનુભવ સિદ્ધ છે અને દારુણ રાગ દ્વેષ વિ. લોકમાં નિંદનીય પ્રવૃત્તિનું મૂળ છે. તે પણ અનુભવ સિદ્ધ જ છે.

**વિશેષાર્થ** :- જ્વલન જલ જમીન અને વૈષયિક સુખો પણ દુઃખ રૂપ હોવાથી તાપ ઉપજાવનારા છે. દારુણ રાગ દ્વેષ મોહ કુચેષ્ટાના મૂળ છે; આ સર્વ લોકમાં પ્રત્યક્ષ સિદ્ધ છે. તેનાથી પુરુષાદ્વૈત કે જ્ઞાનાદ્વૈતનો પ્રત્યક્ષ બાધ થાય છે. માટે [illegible] યત્ન ન કરેવાય બાહ્ય અર્થો છે તો ખરા પણ અમે એમને પુરુષ/જ્ઞાન જ કહીએ છીએ. એમ માનો તો [illegible] માત્ર નામ ફેરવ્યું કહેવાય, તેનાથી અદ્વૈતની સિદ્ધિ ન થાય. ॥ ૮ ॥

अथ सर्व्वेऽप्येते बाह्या आन्तराश्च परिकल्पितरूपा एवेत्याशङ्कायामिद-माह ॥

**परिकल्पिता यदि ततो न सन्ति तत्त्वेन कथममी स्युरिति ।**
**तन्मात्र एव तत्त्वे भवभवविगमौ कथं युक्तौ ॥ ९ ॥**

परिकल्पिता अवस्तुसन्तः कल्पनामात्रनिर्म्मितशरीरा बाह्या आन्तराश्च यदि भवताभ्युपगम्यन्ते ततः परिकल्पितत्वादेव न सन्ति न विद्यन्ते तत्त्वेन परमार्थेन । तथा च कथममी पदार्थाः स्युर्भवेयुर्न कथञ्चिद्भवताप्य-नभ्युपगमात् । इत्येवं 'तन्मात्र एव' पुरुषमात्र एव तत्त्वे परमार्थेऽभ्युपगम्य-माने भवभवविगमौ - संसारमोक्षौ कथं केन प्रकारेण युक्तौ ? न कथञ्चिदित्यर्थः ॥ ९ ॥

**બાહ્ય કે આંતરિક ભાવો બધા કલ્પના માત્ર જ છે. એવી શંકાનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- જો બધા ભાવો કલ્પિત જ છે તો હકીકતમાં તેમની હયાતીજ ન રહી; તો પછી આ વિવિધ પદાર્થો દેખાય છે કેવી રીતે ? એ પ્રમાણે પુરુષ માત્રને જ વાસ્તવિક માનતા સંસાર મોક્ષ કેવી રીતે ઘટી



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકશે ?

**વિશેષાર્થ** :- કલ્પના શિલ્પથી ઘડાયેલા શરીરવાળા આ બધા બાહ્ય અને આંતરિક પદાર્થો છે. એટલે હકીકતમાં તે પદાર્થજ આ વિશ્વમાં વિદ્યમાન નથી. પણ આ વિવિધ પદાર્થોની અનુભૂતિ આખાય જગતને થાય છે અને તમે પણ માનો જ છો. તે વાત કેવી રીતે સંભવે ? કેમકે અવિદ્યમાન ગધેડાના શિંગડાનું કોઈને ક્યારેય જ્ઞાન થતું નથી. તેમ તમારે મતે બધા જ પદાર્થો અવિદ્યમાન જ છે માટે અને એકજ પુરુષ માત્ર હોય તો તેને બંધાવાનું શેનાથી કે જેથી તેને સંસારી કહેવાય. શેનાથી છૂટો પડે કે જેથી મુક્ત કહેવાય, કારણ કે બંધનથી છૂટવું તેનું નામ મુક્તિ કહેવાય. ॥ ૯ ॥

परिकल्पनाया असंभवादपि परिकल्पिताऽसम्भव इत्याह ।

**परिकल्पनापि चैषा हन्त विकल्पात्मिका न सम्भवति ।**

**तन्मात्र एव तत्त्वे यदि वाऽभावो न जात्वस्याः ॥ १० ॥**

परिकल्पिता परिकल्पनेत्यर्थः सापि चैषा बाह्यान्तराणामर्थानां हन्त *विकल्पात्मिका* वस्तुशून्यनिश्चयात्मिका न सम्भवति न युज्यते तन्मात्र एव पुरुषमात्र एव ज्ञानमात्र एव च तत्त्वेऽभ्युपगम्यमाने, तदतिरेकेणेतर-परिकल्पनाबीजपदार्थाभावादित्यर्थः ।

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**પરિકલ્પનાનો સંભવ ન હોવાથી પરિકલ્પિત પદાર્થો સંભવી શકતા નથી તે દર્શાવે છે...**

**ગાથાર્થ** :- પુરુષ કે જ્ઞાનને જ પરમાર્થ રૂપ સ્વીકારતા વિકલ્પરૂપ પરિકલ્પના સંભવી શકતી નથી, જો નિર્નિમિત્ત આ પરિકલ્પનાને માનશો તો ક્યારેય પણ તેનો અભાવ થઈ શકશે નહિં.

**વિશેષાર્થ** :- પરિકલ્પના એટલે બાહ્ય અને આંતરિક પદાર્થો નથી એવો વસ્તુ શૂન્યનો નિશ્ચય તે સ્વરૂપ આ પરિકલ્પના ઘટી શકે એમ નથી; કારણકે નિશ્ચય-તે જ્ઞાન રૂપ છે માટે પુરુષ કે જ્ઞાનથી ભિન્ન પરિકલ્પનાના કારણભૂત તો કોઈક વિષય અવશ્ય હોય જ તેનો વિષય પુરુષ કે જ્ઞાન તો બની ન શકે, કારણ કે અહીં તેમનાથી ભિન્ન પદાર્થની શૂન્યતાનો નિશ્ચય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, માટે તત્પ્રતિયોગી તરીકે અન્ય પદાર્થ જ લેવા પડે. પછી તે જ્ઞાન ભાવ કે અભાવનું અવગાહન કરે તેમાં વાંધો નથી. જેમ ઘટ જ્ઞાન માટે ઘટની હાજરી જગતમાં જરૂરી છે તેમ ઘટાભાવના જ્ઞાન માટે પણ ઘટ હાજરી જગતમાં હોવી જરૂરી છે.

अभ्युपगम्य परिकल्पितां दूषणान्तरमाह - यदिवाऽभावोऽसम्भवो न नैव जातु कदाचिदप्यस्याः परिकल्पनायाः स्यात्, यदि निर्बीजापीयं बाह्यान्तरपदार्थपरिकल्पनेष्यते तदा संसारदशायामिव मुक्तावपीयं भवेदितिभावस्ततश्च संसारमोक्षभेदानुपपत्तिः; परिकल्पनाबीज-सद्भावाभ्युपगमे तु पुरुषबोधस्वलक्षणव्यतिरिक्तवस्त्वन्तरसिद्धा प्रस्तुताऽ-द्वैतपक्षद्वयहानिः ।। १० ।।

કારણકે પ્રતિયોગીના સ્મરણ (જ્ઞાન) વિના તત્પ્રતિયોગિતાક અભાવનું જ્ઞાન સંભવી શકતું નથી. પણ તમારા મતે તો તેવા પદાર્થોનો અભાવ છે. છતાં પણ જો નિર્નિમિત્ત પરિકલ્પના માનશો તો સંસાર દશાની જેમ મુક્તિમાં પણ તેવી નિબીજ પરિકલ્પના માનવી પડશે. કારણ કે આ પરિકલ્પના સંસાર દશામાં જ હોય છે. પણ મોક્ષમાં નથી તે માટેનું કોઈ હેતુ તો છે નહિં અને જે નિર્નિમિત્ત ભાવ હોય તો સર્વદા હોય, નહિતો ક્યારેય પણ ન હોય એવો નિયમ છે. અને બન્ને દશામાં બાહ્યાન્તર પદાર્થની પરિકલ્પના ઈચ્છતા સંસાર અને મોક્ષમાં કશો પણ ફેર રહેશે નહિં. હવે પરિકલ્પનાના બીજ (હેતુ) નો સદ્ભાવ માનો તો પુરુષ કે બોધરૂપ સ્વલક્ષણ અતિરિક્ત વસ્તુની સિદ્ધિ થવાથી પ્રસ્તુત બન્ને અદ્વૈત પક્ષની હાનિ થશે. ।। ૧૦ ।।

एवं परपक्षं निरस्य स्वोक्तत्रयसमर्थनायाह

**तस्माद्यथोक्तमेतत्त्रितयं नियमेन धीधनैः पुम्भिः ।**

**भवभवविगमनिबन्धनमालोच्यं शान्तचेतोभिः ।। ११ ।।**

तस्माद्यथोक्तमेतत्त्रितयं - जीवकर्मतथाभव्यत्वरूपं नियमेन नियोगेन धीध-नैर्बुद्धिधनैः पुम्भिः पुरुषैः भवभवविगमनिबन्धनं संसारमोक्षकारणमालोच्यं सम्यग्भावनीयं, शान्तचेतोभिररक्तद्विष्टचित्तैः ।। ११ ।।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**એ પ્રમાણે પરપક્ષનો નિરાસ કરી સ્વશાસ્ત્ર પ્રણીત ત્રણ પદનું સમર્થન કરવા સારુ કહે છે.**

**ગાથાર્થ** :- પરપક્ષ પ્રમાણે કોઈ પણ રીતે તાંતણા ભેગા ન થતાં હોવાથી જીવ, કર્મ અને તથાભવ્યત્વ આ ત્રણને સંસાર મોક્ષના કારણ તરીકે બુદ્ધિશાળી પુરુષોએ શાન્તચિત્તથી ચોક્કસ સારી રીતે વિચારવા જોઈએ.

**વિશેષાર્થ** :- શાન્તચિત્ત : રાગ દ્વેષથી મન મેલું કર્યા વિના એટલે આ મારું શાસ્ત્ર છે, એમ માની તેનાં પ્રત્યે રાગ રાખી અને શેષ દાર્શનિક શાસ્ત્ર મારા નથી, માટે તેનાં પ્રત્યે દ્વેષ ભાવ રાખીને જો વિચારવા જઈએ તો ક્યારેય સત્ય અર્થ હાથ આવી ના શકે. માટે તટસ્થભાવથી આપેલો ફેંસલો જ માન્ય થાય છે. જેમાં સત્યનો જ જય થાય છે. અન્યથા નિર્દોષના ગળે ફાંસો બાધવાનો અવસર આવે. તેમ દોષિત પદાર્થ પણ બુદ્ધિની કરામતથી સામાન્ય જનોના ગળે લટકાવી શકાય છે. આવો દોષ ઉભો ન થાય માટે "શાન્તચેતોભિ :" વિશેષણ મૂક્યું છે... ॥ ૧૧ ॥

जैन साइट JAINSITE.com

ननु चागमप्रामाण्यमवलम्बमानैः पुरुषाद्वैतं ज्ञानाद्वैतं वा यदेष्यते तदा को दोष । आगमानुसारेणैव युक्तिप्रवर्त्तनस्य न्यायत्वादत आह -

जैनम् जयति शासनम्

ऐदम्पर्यं शुद्धयति यत्रासावागमः सुपरिशुद्धः ।

तदभावे तद्देशः कश्चित्स्यादन्यथाग्रहणात् ॥ १२ ॥

ऐदम्पर्य्यं - प्रकृतार्थोपपत्तितात्पर्य्यं यत्रागमे शुद्धयति निर्वहति असावागमः सुपरिशुद्धः, प्रमाणभूतस्तात्पर्य्यार्थपर्यन्तं प्रमाणशब्दव्यापारात्तदभावे ऐदम्पर्य-शुद्धयभावे तद्देशः परिशुद्धागमैकदेशार्थगर्भः कश्चिदन्य आगमः स्यान्नतु मूलागम एव;

**શંકા :- જો આગમનું આલંબન લઈને પુરુષાદ્વૈત કે જ્ઞાનાદ્વૈત માનવામાં આવે તો તેમાં શું દોષ ? કારણકે આગમના અનુસારે જ યુક્તિને દોડાવવી ઉચિત કહેવાય, તે શંકાને જડમૂળથી ઉખેડવા સારું ગ્રંથકાર તીક્ષ્ણ કુહાડી રૂપી ગાથા દર્શાવે છે...**

**ગાથાર્થ** :- જે આગમમાં ઐદમ્પર્ય સ્ફુટ થાય છે તે જ પરિશુદ્ધ આગમ છે. તેના અભાવે વિપરીત પદાર્થનું ગ્રહણ થતું હોવાથી તે શુદ્ધ આગમના એક દેશવાળું કોઈક અન્ય આગમ જાણવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષાર્થ** :- ઐદમ્પર્ય = પ્રકૃત અર્થ ઘટી શકે તેવો તાત્પર્ય જે આગમમાં નિર્વાહ પામી શકે તે શુદ્ધ આગમ પ્રમાણભૂત જાણવું. તે આગમના કેટલાક પદાર્થ બીજા આગમમાં હોય પણ તેમાં ઐદમ્પર્ય ન ઘટી શકે તો મૂળ આગમથી ભિન્ન જાણવું. अन्यथाग्रहणान्मूलागमैक-वाक्यस्य कस्यचिद्वचनस्य तदेक- वाक्यतानापन्नवाक्यान्तर मिश्रितत्वेन वैपरीत्येन ग्रहणादत एवैदम्पर्य्यार्थान्वेषिणः समतामवलम्बमाना अन्यतीर्थिका अपि तदर्थविरुद्धवाक्यार्थान- नुप्रवेशेन यावदुपपन्नमिच्छन्ति न तु मिथ्यैकान्तेन ॥१२॥

કારણ કે મૂળ આગમના સમાનવિષયવાળા એટલે એક બીજાને બાધ ન આવે એવા વાક્યના કોઈક વચનને અન્ય દર્શનીઓએ પણ કહ્યું અને પછી તેની સાથે બીજા પોતાનાં ઘરનાંએ વાક્યો જોડી દીધા કે મૂળ આગમના વાક્ય સાથે જેનો વિરોધ આવે; એમ વિરોધ રૂપી વિષથી મિશ્રીત થવા દ્વારા તે વચન પણ વિપરીત રીતે ગ્રહણ થવાથી વિપરીત જ્ઞાન કરાવે.

માટેજ તો ઐદમ્પર્ય અર્થની તલાશ કરનારા અન્ય દર્શનીઓ પણ સમતાને ધારણ કરતા તે ઐદમ્પર્ય અર્થની વિરુદ્ધ વાક્યાર્થને ગ્રહણ કર્યા વિના જેટલું ઘટી શકે - બંધ બેસતું હોય તેટલું જ સ્વીકારે છે. પરંતુ એકાંત મિથ્યાત્વથી બધુ ઉંધું ઘાલીને સ્વીકારી લેતા નથી. ॥ ૧૨ ॥

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

नन्वैवमन्यथाप्रतिपन्नमूलागमैकदेशगर्भपरतन्त्रे द्वेषः कार्यो नवेत्याशङ्कायामाह ।

**तत्रापि च न द्वेषः कार्यो यत्नतो मृग्यः ।**

**तस्यापि न सद्वचनं सर्वं यत्प्रवचनादन्यत् ॥ १३ ॥**

तत्रापि - तदेकदेशभूतागमान्तरेऽपि न द्वेषः कार्यः; तु पुनर्विषयो यत्नतो मृग्यस्तदर्थानुपपत्तिपरिहारो यत्नतः कर्त्तव्यः, गुणग्रहरसिकानां परवचनानुप-पत्तिपरिहारप्रवणस्वभावत्वात् ।

**વિપરીત પણે સ્વીકારેલ મૂળ આગમના એક દેશથી યુક્ત અન્ય મતના શાસ્ત્રમાં દ્વેષ કરવો કે નહિં એવી શંકાનું સમાધાન કરતા કહે છે...**

**ગાથાર્થ** :- અન્ય આગમમાં પણ દ્વેષ ન કરવો પરંતુ અનુપપત્તિ -



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંગતિનો યત્નથી પરિહાર કરવો. કારણ કે અન્ય આગમ વિ. બધુ જ દ્વાદશાંગીથી ભિન્ન ન હોવાથી તે આગમના પણ બધા વચનો સુંદર જ છે.

**વિશેષાર્થ** :- અન્ય દર્શનીય શાસ્ત્રમાં પણ દ્વેષ ન કરવો; પણ મૂળ આગમ સાથે તેનો અર્થ બંધ બેસતો ન હોય તેને યુક્તિ પૂર્વક પ્રયત્નથી બેસાડી દેવો કારણ કે ગુણાનુરાગી માણસોનો પરવચનની અનુપપત્તિને દૂર કરવાનો સ્વભાવ હોય છે.

ननु वस्तुत उपपन्नार्थवचनस्यानुपपत्तिशङ्का परिहार्या नतु सर्वथानुपपन्नस्येति निर्विषयोऽयमुपदेश इत्यत आह तस्या- प्यागमान्तरस्य सद्वचनं शोभनं वचनं सर्वे यद् यस्मात्प्रवचनान्मूलागमा- दन्यत्र किन्तु तदनुपात्येव, तथा च तस्य मूलागमेनैकवाक्यतामापाद्योप- पत्तिरेव कर्त्तव्येत्थमेव सम्यग्दृष्टिपरिगृहीतस्य मिथ्याश्रुतस्यापि सम्यक्श्रुतत्व- सिद्धेस्तदरुचिस्तु तत्त्वतो दृष्टिवादारुचिपर्य्यवसायिनीति सुप्रसिद्धमुपदेशप- **दादौ** ॥ १३ ॥

**શંકા** :- હકીકતમાં જે યુક્તિ પૂર્વકનું વચન હોય તે ન બેસતું હોય તો તેની આપત્તિ દૂર કરવી તો યોગ્ય કહેવાય. પણ જે સર્વથા અયુક્ત હોય તેની આપત્તિ દૂર કરવી જોઈએ એ વાત તો બરાબર નથી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સમાધાન** :- બધું જ મૂળપ્રવચનથી પ્રભવેલું હોવાથી તે સર્વે મૂળ આગમને અનુસરનારા જ છે. માટે અન્ય દર્શનીય આગમ ગ્રંથો પણ સદ્વચનવાળા છે અને તે અન્ય આગમના વચનોનો મૂળ આગમ સાથે વિરોધ દૂર કરી સંગતિ કરવી જોઈએ. આવી રીતે જ તો "સમકિતધારીએ ગ્રહણ કરેલું મિથ્યાશ્રુત પણ સમ્યક્ શ્રુત બને છે" એ વાત સિદ્ધ થાય છે અન્ય શાસ્ત્ર ઉપર અરુચિ રાખવી તે ખરેખર દ્વાદશાંગી ઉપર અરુચિ કરી કહેવાય. આ વાત **ઉપદેશપદ** વિ.માં સુપ્રસિદ્ધ છે. ॥ ૧૩ ॥

उक्ताद्वेषस्यैव तत्त्वज्ञानानुकूलतामभिधातुमाह ।

**अद्वेषो जिज्ञासा शुश्रूषा श्रावणबोधमीमांसाः ।**

**परिशुद्धा प्रतिपत्तिः प्रवृत्तिरष्टाङ्गिकी तत्त्वे ॥ १४ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अद्वेषः पक्षपातकृताप्रीतिपरिहारस्तत्त्वविषयः जिज्ञासा, तत्पूर्विका तत्त्वज्ञानेच्छा शुश्रूषा बोधश्रोतः सिराकल्पा तत्त्वजिज्ञासापूर्व्विका, श्रवणमाकर्णनं, बोधोऽवगमः, मीमांसा-तत्त्वविचाररूपा, ततः श्रवणादिपदानां द्वन्द्वः परिशुद्धा सर्वतो भावविशुद्धा प्रतिपत्तिमीमांसोत्तरकालभाविनीदमित्थमेवेति निश्चयाकारापरिच्छित्तिः तत्त्वविषयैव, प्रवृत्तिः परिशुद्धप्रतिपत्त्यनन्तरभाविनी तत्त्वविषया क्रिया प्रवृत्तिशब्दो द्विरावर्त्त्यते तेनायमर्थः तत्त्वे प्रवृत्तिराष्टाङ्गिकी अष्टभिरद्वेषादिभिरङ्गैर्निर्वृत्ता, तेन मूलागमैकदेशागमे न द्वेषः कार्य इति ।। १४ ।।

**અન્ય શાસ્ત્ર પ્રત્યેનો અદ્વેષ તત્ત્વજ્ઞાનને અનુકૂલ છે. તે દર્શાવવા સારુ ગ્રંથકાર કહે છે...**

**ગાથાર્થ** :- અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, સાંભલવું, જાણવું, વિચારવું, ભાવ પૂર્વક વિશુદ્ધિથી સ્વીકાર, તેમાં પ્રવૃત્તિ; આ આઠ તત્ત્વમાં પ્રવૃત્તિ માટેના કારણો છે.

**વિશેષાર્થ :- અદ્વેષ** - કોઈક તત્વ પ્રત્યે પક્ષપાતથી જાગેલી અપ્રીતિને દૂર કરવી તે, **જીજ્ઞાસા** - અદ્વેષપૂર્વકની તત્ત્વને જાણવાની ઈચ્છા તે. **શુશ્રૂષા** - બોધનો પ્રવાહ વહેતો રહે તે માટેની સિરાસમાન સાંભળવાની ઈચ્છા થવી તે. **શ્રવણ** - તત્ત્વને સાંભળવું તે **બોધ** - તત્ત્વને સાંભળી સમજવું તે **મીમાંસા** - તત્ત્વને વિષે વિચારણા કરવી તે (શ્રવણ - બોધ - મીમાંસા આ ત્રણે પદોનો દ્વન્દ્વ સમાસ છે) **પરિશુદ્ધ પ્રતિપત્તિ** - મીમાંસા પછી ભાવની શુદ્ધિથી 'આ આમજ છે', આવા પ્રકારનો તત્ત્વ સંબંધી નિશ્ચય (ચોતરફથી ભાવની વિશુદ્ધિ પૂર્વકનો સ્વીકાર તે) **પ્રવૃત્તિ** - પ્રતિપત્તિ પછી તત્ત્વસંબંધી ક્રિયામાં પ્રવર્ત્તવું તે.

પ્રવૃત્તિ શબ્દ બે વાર લેવાનો છે તેથી આવો અર્થ નીકળશે. તત્ત્વ વિશે પ્રવૃત્તિ અદ્વેષ આદિ આઠ અંગથી બને છે. તેથી મૂળ આગમના એક દેશ ભૂત આગમ ઉપર પણ દ્વેષ ન કરવો ।। ૧૪ ।।

एवं सद्धर्मपरीक्षकादिभावान् प्रतिपाद्य तत्फलोपदेशमाह ।

**गर्भार्थं खल्वेषां भावानां यत्नतः समालोच्य ।**

**पुंसा प्रवर्त्तितव्यं कुशले न्यायः सतामेषः ।। १५ ।।**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गर्भार्थं हृदयगतार्थं खलुशब्दोऽवधारणं, एषां प्राक्प्रक्तानां भावानां यत्नतः प्रयत्नात् समालोच्य सूक्ष्मप्रज्ञया विचार्य पुंसा पुरुषार्थप्रवृत्तेन कुशले सदनुष्ठाने प्रवर्त्तितव्यं, न्यायोऽविचलितमार्ग्गः सतां सत्पुरुषाणामेष वर्त्तते नान्यः ॥ १५ ॥

**એ પ્રમાણે સદ્ધર્મ પરીક્ષકાદિ ભાવોનું પ્રતિપાદન કરી તત્સંબંધી ફળનો ઉપદેશ દર્શાવે છે...**

**ગાથાર્થ** :- આ ભાવોના ગાથાર્થને પ્રયત્નથી વિચારીને પુરુષોએ કુશલ અનુષ્ઠાનમાં પ્રવર્તવું જોઈએ; આ સજ્જન પુરુષોની નીતિ છે.

**વિશેષાર્થ** :- આ સોળ પ્રકરણમાં જે પદાર્થો દર્શાવ્યા છે તે ઘણાં ગૂઢ અર્થ વાળા છે. તે અર્થને હૃદયની લાગણીથી જ પ્રગટ કરી શકાય એમ છે, માટે શુદ્ધ હૃદયથી સૂક્ષ્મ પ્રજ્ઞાથી પ્રયત્ન પૂર્વક સમાલોચના કરીને સદ્અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવી સત્પુરુષોનો આ જ ન્યાય-અવિચલિત માર્ગ છે. સૂક્ષ્મબુદ્ધિથી ન વિચારીએ તો ખોટા અનુષ્ઠાનમાં શ્રદ્ધા થતાં તેમાં પ્રવૃત્તિ કરવાથી ખોટી પરંપરા ઉભી થવાની આપત્તિ આવે ॥ ૧૫ ॥

अथैते भावाः कुतोऽभिहिताः किमर्थं वेत्याह ।

एते प्रवचनतः खलु समुद्धृता मन्दमतिहितार्थं तु ।
आत्मानुस्मरणाय च भावा भवविरहसिद्धिफलाः ॥ १६ ॥

एते प्रस्तुता भावाः प्रवचनतो - द्वादशाङ्गात् खलुशब्दो वाक्यालङ्कारे समुद्धृताः - एकवाक्यतया पृथक् स्थापिताः, मन्दमतीनां विस्तृतावगाहनाक्षमधियां हितार्थं तु हितायैव च; पुनः आत्मनोऽनुस्मरणाय, कीदृशा भावा ? आदित आरभ्य भवविरहो मोक्षस्तस्य सिद्धिर्निष्पत्तिः फलं येषां ते तथा ॥ १६ ॥

**આ ભાવો તમે ક્યાંથી કહ્યાં છે ? અને શા માટે કહ્યા છે ? એવો ગ્રંથકાર પ્રત્યે પ્રશ્ન થતાં ગ્રંથકાર તેનું સમાધાન કરતા કહે છે..**

**ગાથાર્થ** :- આ પદાર્થો દ્વાદશાંગી પ્રવચનમાંથી મંદ બુદ્ધિવાળાના હિત માટે અને પોતાને સ્મરણ કરવા માટે ઉદ્ધર્યા છે. અને આ ભાવો મોક્ષની સિદ્ધિરૂપ ફળને આપનારા છે.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષાર્થ** :- પ્રશસ્ત પ્રકૃષ્ટ વચન તે પ્રવચન. તે પ્રવચન રૂપ દ્વાદશાંગીથી આ ભાવો સમુદ્ધર્યા એટલે પ્રવચન સાથે વિરોધ ન આવે તે રીતે નાનકડા ગ્રંથમાં અલગ કરીને સ્થાપ્યા છે. વિશાળ સમુદ્ર સમાન આગમમાં અવગાહન કરવા જેમની બુદ્ધિ સમર્થ નથી તેના હિત માટે અને પોતાને તે ભાવો પુનઃયાદ કરવા માટે ઉદ્ધર્યા છે. તે શરૂઆતથી માંડી છેક સુધીનાં ભાવો ભવવિરહ-મોક્ષ તેની નિષ્પત્તિ રૂપ ફળવાળા છે. આમાંથી કોઈ પણ ભાવને બરાબર વિચારીને આદરો તો તે મોક્ષ આપ્યા વિના ના રહે. ॥ ૧૬ ॥

अथ ग्रन्थकृद्गर्भार्थपरिज्ञानाय बहुश्रुतभक्तिमुपदिशन्नाह ।

**धर्म्मश्रवणे यत्नः सततं कार्यो बहुश्रुतसमीपे ।**

**हितकाङ्क्षिभिर्नृसिंहैर्वचनं ननु हारिभद्रमिदम् ॥ १७ ॥**

धर्मस्य - श्रुतचारित्ररूपस्य श्रवणे यत्न आदरः सततमनवरतं कार्यो बहुश्रुतसमीपे हितकाङ्क्षिभिर्हितार्थिभिर्नृसिंहैः- पुरुषोत्तमैः, वचनं प्रार्थनारूपं नन्विति वितर्के हारिभद्रं हरिभद्रसम्बन्धीदं, यद्वा ननु-निश्चितं हारि मनोज्ञं भद्रमिदं वचो यद्बहुश्रुतेभ्य एव धर्मः श्रोतव्य इति; अबहुश्रुतेभ्यो धर्मश्रवणे प्रत्यपायसम्भवात् । शिष्यकर्तृकेयमार्येत्यन्ये ॥ १७ ॥

**હવે ગ્રંથકાર જ્ઞાનીના હૃદયગત રહસ્યમય પદાર્થને જાણવા માટે બહુશ્રુતની ભક્તિનો ઉપદેશ આપતા કહે છે...**

**ગાથાર્થ** :- હિતને ઈચ્છનારા પુરુષોત્તમ પુરુષોએ બહુશ્રુત પાસે ધર્મ સાંભળવા માટે સતત યત્ન કરવો જોઈએ. આ હરિભદ્રસૂરિનું વચન (ભલામણ) છે.

**વિશેષાર્થ** :- શ્રુતચારિત્ર રૂપ ધર્મ સાભળવામાં સતત આદર રાખવો પણ હિતને ઈચ્છનારા ઉત્તમ પુરુષોએ બહુશ્રુત પાસે જ સાંભળવો. આ પ્રાર્થના રૂપ વચન હરિભદ્રસૂરિનું છે અથવા નનુ-નિશ્ચિત મનોજ્ઞ ભદ્ર આ વચન છે. તે બહુશ્રુત પાસેથી સાંભળવા. અબહુશ્રુત પાસે સાંભળતા ઉલટી આપત્તિ આવવાનો સંભવ છે માટે. તેમના શિષ્યે આ ગાથા બનાવી છે. એમ અન્ય આચાર્યો માને છે. ॥ ૧૭ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इति महोपाध्यायश्री कल्याणविजयगणिशिष्यपण्डितश्रीलाभविजयग० शिष्यपण्डितश्री जीतविजयग० सतीर्थपण्डितश्री नयविजयगणिचरणकमल-चञ्चरीकपण्डितश्रीपद्मविजयगणिसहोदरोपाध्याय श्रीयशोविजयगणिविरचिता योगदीपिकानाम्नी षोडशकवृत्तिः सम्पूर्णा ॥

एषा षोडशकव्याख्या संक्षिप्तार्थावगाहिनी ।

सिद्धाऽक्षततृतीयायां भूयादक्षयसिद्धये ॥ १ ॥ १७ ॥

એ પ્રમાણે મહોપાધ્યાય શ્રી કલ્યાણ વિજય ગણિના પ્રધાન અન્તેવાસી પંડિત શ્રી લાભવિજયગણિ તેઓશ્રીના શિષ્યરત્ન પંડિત શ્રી જીતવિજય ગણિ તેમના ગુરુબંધુ શ્રી નયવિજયગણિના પદપંકજમાં ભ્રમરની જેમ લટ્ટુ બનનારા (શ્રુતપરાગને મેળવનારા) શ્રી પદ્મ વિજયગણિના લઘુબંધુ ઉપાધ્યાય શ્રી યશોવિજયગણિવર્યે રચેલી યોગદીપીકા નામની ષોડશકની ટીકા પૂર્ણ થઈ.

સંક્ષેપમાં અર્થનું અવગાહન કરાવનારી આ ષોડશકની વ્યાખ્યા આખાત્રીજે પૂરી થઈ તે અક્ષય સિદ્ધિ માટે થાઓ.

## ॥ इति षोडशकविवरणयुतं ॥

## श्री षोडशकप्रकरणं समाप्तम्

[મતિમાંદ્યના કારણે ગુઢાર્થથી ગહન આ ગ્રંથવનમાં હું ક્યાંય ભુલો પડ્યો હોઉં, તો વિદ્વદ્વર્ગ તેને સુધારીને વાંચે...।]

## દેવ ગુરૂની અસીમ કૃપાથી

## ષોડશક ગુર્જર ભાષાનુવાદ સમાપ્ત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## शतः शतः वंदन हो सत्यपुर के विरल विभूति कोः-

जिस तीर्थ की प्रशंसा अनंत लब्धि निधान श्री गौतमस्वामी ने अष्टापद तीर्थ पर जगचिंतामणी सूत्र के अन्तर्गत की थी । एसे महातीर्थ में अनेक प्रभावशाली महापुरूषोने जन्म लीया है ।

एसे सत्यपुर नगर में ओसवाल जातिवान **राजमल्ल** नाम का धन वैभव से युक्त श्रावक था । धर्मपत्नी **मूलीदेवी** जो स्वयं आराधक व धर्मनिष्ठ नारी थी । बहोत समय पसार होने के बाद परिवार में पुण्यशाली पुत्र का जन्म हुआ । सूर्य जैसा तेजस्वी होने के कारण उसका नाम **भानुराम** रखा । जो मातपिता के सुसंस्कारो के सिंचन से धर्माभिमुख हुआ । -अेकवार परमपुण्योदय से सत्यपुर नगरमें आचार्य देवसूरिजी का आगमन हुआ । उनके उपदेश से वैराग्य वासित बनकर भानुराम ने संयमग्रहण किया । उनका नाम **भावविजय** रखा । गुरु निश्रा को प्राप्त करके तप-जप ज्ञान क्रिया में आगे बढते योग्यता देखकर गुरुदेव ने जोधपुर नगरमें भावविजय को **गणिपद** से अलंकृत किया । -भावविजय गणि का पूर्वकृत कर्म के अनुसार आंखो का तेज नष्टहुआ । गुरुदेवने साधुओं को सेवा में रखकर पाटण में गणिवर को स्थिरवास रखा स्वकृत निंदा व परसुकृत की अनुमोदना के साथ अपनी आराधना में तल्लीन बन गये । - एकवार गणिवर को रात्रि में स्वप्न आया उसमें देवने अंतरिक्ष तीर्थ का इतिहास सुनाया । प्रातः संघ को इक्कट्ठा करके बात की मेरे शिरपुर जाने की इच्छा है संघ तैयार हो गया । चतुर्विध संघ के साथ शिरपुर गये । लेकिन आंखो का तेज न होने के कारण दर्शन नहि हुए । इसलिए बहोत पश्चाताप करने लगे - उस समय एकाग्रता के साथ निर्णय किया कि जब तक परमात्मा के दर्शन नहि होगे तब तक अन्नजल का त्याग । तीन दिन के बाद शासन देव की सहाय से पुनः आंखो का तेज प्राप्त हुआ । अत्यंत भाव विभोर होकर परमात्मा के दर्शन हुए । शासन देवने नया मंदिर बनाने का आदेश दिया । गणिवर ने संघ समक्ष उपदेश देकर मंदिर का जीर्णोद्धार कराया । वी.सं. - 1715 में गणिवर ने प्रतिष्ठा करायी. उस समय **अंतरीक्ष पार्श्वनाथ** की मूर्ति पवासण से एक अंगुल अद्धर थी ।

जगत्गुरु हीरसूरिजी के शिष्य विजयसेन सूरिजी के शिष्य देव सूरिजी के शिष्य **भावविजयजी** थे । कोटि कोटि वंदन हो सत्यपुर के महापुरुष को ।

TEJAS PRINTERS. (**HASMUKH SHAH**) PHONE : P.P. 5356476

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com